પ્રકરણ:૩

હિમાંશી શેલતનું નવલકથા/લઘુનવલક્ષેત્રે પ્રદાન







પ્રકરણ:૩

હિમાંશી શેલતનું નવલકથા/લઘુનવલક્ષેત્રે પ્રદાન

૩.૧. ભૂમિકા :

અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તા ક્ષેત્રે પોંખાયેલ એવાં સંવેદનશીલ વાર્તાકાર હિમાંશી શેલતે ટૂંકી વાર્તાઓની જેમ તેમની નવલકથાઓમાં પણ આઘાતગ્રસ્ત બાળકોની અકથ્ય વેદનાઓ, વ્યથિત નારીની પીડાઓ, રેડ લાઈટ એરિયામાં સબડતું જીવન જીવતી સ્ત્રીઓની સંવેદનાઓ આલેખી છે. તેમણે પ્રસિદ્ધ ચિત્રકાર અમૃતા શેરગિલના જીવન પર આધારિત 'આઠમો રંગ' અને આઘાતગ્રસ્ત બાળકોની અકથ્ય વેદનાને વાચા આપતી 'સપ્તધારા' એમ બે નવલકથા તથા 'ક્યારીમાં આકાશ પુષ્પ' અને 'કાળા પતંગિયા' જેવી બે લઘુનવલો આપી છે. હિમાંશી શેલતે સમાજ દ્વારા ધિક્કારાયેલ, તરછોડાયેલ, શોષિત, વંચિત માનવ સમૂહ સાથે વર્ષો સુધી કામ કર્યું છે જેનો તેમને થયેલ પ્રત્યક્ષ અનુભવ તેમના આ કથા સાહિત્યમાં કળાત્મક રૂપ પામ્યો છે. લાઘવ એ હિમાંશી શેલતનું સાહિત્ય સર્જન માટેનું એક મહત્ત્વનું લક્ષણ છે જે તેમની આ નવલકથાઓમાં પણ જોવા મળે છે. તેમણે પાત્રો અને પ્રસંગોના તાતણાં ગૂંથીને ખપ પૂરતા ભાષા પ્રયોગ દ્વારા પાત્રોના જીવનસંઘર્ષને કળાત્મક રૂપ આપ્યું છે. વળી, કોઈના જીવનચરિત્રના આધારે નવલકથા લખવાનો એક સાહસ કહી શકાય એવો પ્રયોગ પણ તેમણે કર્યો છે. તેમની 'આઠમો રંગ' આ પ્રકારની નવલકથા છે. અહીં આ પ્રકરણમાં હિમાંશી શેલતના લઘુનવલ-નવલકથા ક્ષેત્રે થયેલા પ્રદાનને વિવિધ વલણો સહિત વિગતે ચર્ચવાનો પ્રયાસ કર્યો છે.

૩.૨. અનુઆધુનિક ગુજરાતી નવલકથાના વલણો :

સ્થાપત્ય, કલા, સંસ્કૃતિ અને સાહિત્યમાં વ્યાપેલ વિશિષ્ટ વિચારધારા તેમજ જગત પ્રત્યેના મનુષ્યના બદલાયેલા વલણને નિર્દેશવા માટે વપરાયેલી 'અનુઆધુનિક' સંજ્ઞાનો પ્રારંભ ગુજરાતી સાહિત્યમાં નવમા દાયકાથી થયો ગણાય છે. આપણે ત્યાં વીસમી સદીના છઠ્ઠા દાયકાના અંતે શરૂ થયેલ સુરેશ જોષી પ્રેરિત આધુનિકતાવાદનો પ્રભાવ આઠમા દાયકાના અંત સુધી પહોંચતા ઓસરવા માંડે છે ત્યારે આધુનિકતાની કેટલીક મર્યાદાઓને ધ્યાનમાં રાખી સાહિત્ય સર્જન ક્ષેત્રે એક નવી પેઢી તૈયાર થઈ અને જે નવી સાહિત્યધારા શરૂ થઈ તેને ગુજરાતીમાં અનુઆધુનિક કે આધુનિકોત્તર ધારા તરીકે ઓળખાવાઈ છે. આ અનુઆધુનિકતાવાદની સંજ્ઞા, વિભાવના અને તેના ઉદ્ભવ વિશે અગાઉના પ્રકરણમાં વિગતે ચર્ચા કરી હોવાથી તેની અહીં ફરીથી ચર્ચા કરી નથી, પરંતુ અનુઆધુનિક ગુજરાતી નવલકથાને તેના વલણો સમેત ચર્ચવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

આપણે ત્યાં ગુજરાતી કથાસાહિત્યમાં અનુઆધુનિક વલણો ચોકકસપણે કયા સમયે પ્રગટ થયા તે વિશે કહેવું મુશ્કેલ છે, છતાં તે આઠમા દાયકામાં પ્રગટ થયા હોવાનું કહેવાય છે. છઠ્ઠા દાયકાની આસપાસ ગુજરાતી પરંપરાગત નવલકથા રૂઢ નવલકથાના બંધનોમાં ફસાયને ક્ષીણપ્રાણ બની હતી ત્યારે રઘુવીર ચૌધરી આઠમા દાયકાને આરંભે ‘ઉપરવાસ કથાત્રયી’ લઈને આવે છે. જેમાં થયેલું બદલાતા જતાં ગ્રામજીવનનું આલેખન નોંધપાત્ર છે. અનુઆધુનિક ગુજરાતી નવલકથામાં ક્યારે, શું અને શા માટે બને છે, તેના કરતાં તે ક્યાં બને છે એ વિશેષ મહત્ત્વનું બન્યું જેના પરિણામ સ્વરૂપ જે તે સ્થળ મહત્ત્વનું બન્યું. આ સ્થળ વિશેષ દાખલ થવાને લીધે તેની સાથે સાથે બોલી વિશેષ, ત્યાંના લોકોના રીતરિવાજ, ત્યાંના લોકોની પ્રાદેશિકતા દાખલ થઈ. આમ પણ, કથા સાહિત્ય મુખ્યત્વે સમાજનું દર્પણ છે તેથી તેમાં સમાજમાં બનતી નાની-મોટી ઘટનાઓનું આલેખન થવું સહજ છે. અનુઆધુનિક નવલકથાની સ્વરૂપગત સંરચના વિશે ડૉ. કલ્પના દવે નોંધે છે કે, “અનુઆધુનિક નવલકથામાં મુખ્યત્વે માનવમનની ત્રસ્તતા-તનાવ, નવા પડકારો સામે બૌદ્ધિક અભિગમથી ઉકેલ દેખાય પણ સામાજિક ઉદાસીનતા જોવા મળે. દલિત સાહિત્ય તથા નારીકેન્દ્રી નવલકથામાં ‘સહ અસ્તિત્ત્વ’ માટેની મથામણ છે તો આધુનિક માનવીના ચિત્રણમાં પણ ‘અસ્તિત્ત્વ’ને નવાં મૂલ્યોથી પામવાની મથામણ છે. રૂઢ નવલકથાના બંધનો ફગાવી મૂલ્યનિરપેક્ષ કૃતિ રચવી - માનવમનના નગ્ન સત્યનું ખુલ્લું આલેખન - ચોરી - ખૂન, બળાત્કાર, જાતીય આવેગો, માનવમનના કૃત્સિત ભાવો, આતંકવાદની દહેશત કોઈપણ છોછ વિના સર્જક આલેખી શકે છે… આજનો નવલકથાકાર મોટે ભાગે જીવનલક્ષી અભિગમ કેળવીને કથન અને રૂપરચનામાં વૈવિધ્ય આણે છે.

સાંપ્રત નવલકથાના કથારસમાં ‘ઘટના’ સાથે પાત્રોની સંવેદનાનું એક આગવું મહત્ત્વ જણાય છે. અનુઆધુનિક નવલકથામાં નક્કર વસ્તુકથન સમાજાભિમુખતા તથા ચૈતસિક સતરે પાત્ર - પ્રસંગનું નિરૂપણ વેધક રૂપે કરવામાં આવે છે. રૂઢ નવલકથાના બંધનો ફગાવી દઈને જીવનનાં મૂલ્યોથી પર જઈને વાસ્તવિકતાની પછીતે રહેલા ગૂઢ સત્યને લેખક નિરૂપે છે.”[૧] આમ, ડૉ. કલ્પના દવેના મતાનુસાર અનુઆધુનિક નવલકથાના સ્વરૂપમાં રૂઢ નવલકથાના બંધનો ફગાવી દઈને વાસ્તવિકતાની પછીતે રહેલા ગૂઢ સત્યને આલેખવામાં આવ્યું છે.

ગુજરાતીમાં લખાયેલ કેટલીક અનુઆધુનિક નવલકથાઓ જોઈએ તો - વીનેશ અંતાણીએ સાંપ્રત માનવચેતના - યુગસ્થિતિનું પ્રતીકાત્મક આલેખન કરતી નવલકથા ‘કાફલો’ તેમજ

'અનુરવ' (૧૯૮૩), 'સૂરજની પાર દરિયો' (૧૯૮૪), 'રણની વચ્ચે' (૧૯૮૭), 'સર્પદંશ' (૧૯૮૯), 'પાતાળગઢ' અને 'બીજું કોઈ નથી' જેવી કૃતિઓ આપી છે. વર્ષા અડાલજાએ રક્તપિત્તથી પીડાતા દરદીની મૂક વેદના તથા સમાજ તરફથી થતી ક્રૂર ઉપેક્ષાનું આલેખન કરતી 'અણસાર', તો મોહન પરમારે દલિત સમાજના સંઘર્ષ તથા પ્રેમની ઝંખનાનો ભાવ વ્યક્ત કરતી 'ડાયા પશાની વાડી' ઉપરાંત 'ભેખડ' (૧૯૮૨), 'કાલગ્રસ્ત' (૧૯૯૦), 'નેળિયું' (૧૯૯૨) જેવી નવલકથાઓ આપી છે. પ્રતિષ્ઠિત નવલકથાકાર દર્શકે 'સોક્રેટિસ' (૧૯૭૫) અને 'ઝેર તો પીધાં છે જાણી જાણી' - ભાગ-૩, (૧૯૮૫), કાનજી પટેલે 'કોતરની ધાર પર' (૧૯૮૨), 'ડહેલું' (૧૯૮૨), 'ડુંગર દેવ' (૨૦૦૬) જેવી નવલકથાઓ આપી છે. મધુરાયે અનુઆધુનિકતાના મહત્ત્વના વિજાણુંયંત્ર દ્વારા રચાયેલી સર્વપ્રથમ ગુજરાતી નવલકથા 'કલ્પતરુ' (૧૯૮૭) અને 'કિમ્બલ રેવન્સવુડ' (૧૯૮૧), તો અનુઆધુનિક મિશ્રકૃતિ જેવી બાબુ સુથારની 'કાચંડો અને દર્પણ' (૧૯૯૧) નવલકથા તેમજ વિનોદ જોશીએ અનુઆધુનિક પદ્ય વાર્તા તરીકે ધ્યાન ખેંચતી કૃતિ 'તુણ્ડિલ તુણ્ડિકા' (૧૯૮૭) આપી છે.

સર્‌રિયલ ટેક્‌નિકને કેન્દ્રમાં રાખી રચાયેલ કિશોર જાદવની 'નિશાચક્ર' (૧૯૭૯) અને 'રિક્તરાગ'(૧૯૮૯), દિગીશ મહેતાની 'આપણો ઘડીક સંગ' અને 'શત્રુઘ્નની પહેલી સફર', ધ્રુવ ભટ્ટની 'સમુદ્રાન્તિકે' (૧૯૯૩) અને 'તત્ત્વમસિ' (૧૯૯૮), હસમુખ બારાડીની 'ગાંધારી', વર્ષા અડાલજાની 'બંદીવાન' અને 'અણસાર' જ્યારે રઘુવીર ચૌધરીએ 'પ્રેમ અંશ' (૧૯૮૧), 'અંતર' (૧૯૮૪), 'મનોરથ' અને 'લાવણ્ય' (૧૯૮૯) જેવી સામાજિક નવલકથાઓ આપી છે. ધીરેન્દ્ર મહેતાએ પાત્રોની આંતરિક સ્તરે ચાલતી માનસિક ક્રિયાઓનું નિરૂપણ કરતી 'દિશાન્તર' (૧૯૮૩) ઉપરાંત 'આપણે લોકો' (૧૯૮૫), 'કાવેરી', 'દર્પણલોક' (૧૯૮૮) અને 'અદશ્ય' જેવી નવલકથાઓ આપી છે. ભગવતીકુમાર શર્માએ અનુઆધુનિકતાના વિશિષ્ટ લક્ષણ એવા પાત્રને થતી મૂળચ્છેદની વેદનાનું વર્ણન કરતી 'ઊર્ધ્વમૂલ' (૧૯૮૧) અને કુટુંબકથા નિમિત્તે સંસ્કૃતિકથા આલેખતી 'અસૂર્યલોક' (૧૯૮૭) જેવી વખણાયેલી નવલકથાઓ આપી છે. આ ઉપરાંત રજનીકુમાર પંડયાની 'કુન્તી', પ્રિયકાંત પરીખની 'કર્મ', દિલીપ રાણપુરાની 'આંસુ ભીનો ઉજાસ', મીરાંની 'રહી મ્હેંક', મોહમ્મદ માંકડની 'બંધનગર', મફત ઓઝાની 'જાતર', રામચંદ્ર પટેલની 'અમૃતકુંભ', 'પૃથ્વીની એક બારી', પિનાકિન દવેની 'સાત લોકનું અંતર', હસુ યાજ્ઞિકની 'સોળ પછી', ગુણવંત શાહની 'મોટેલ', મણિલાલ હ.પટેલની 'ઘેરો', 'કિલ્લો', 'અંધારું' અને

'અંજળ', યોગેશ જોશીની 'સમુડી', 'જીવતર', પ્રકાશ ત્રિવેદીની 'જેકશન-સિમ્ફની' વગેરે અનુઆધુનિક ધારાની મહત્ત્વની નવલકથાઓ છે.

અનુઆધુનિક ધારાની કેટલીક ચરિત્રાત્મક નવલકથાઓ જોઈએ તો - માનવ રામાનુજે 'પિંજરાની આરપાર' (૧૯૯૦)માં ઝૂ મેન રૂબિન ડેવિડના ચરિત્રને આલેખ્યું છે, તો 'સૂર્ય પુરુષ' ભાગ-૧ (૧૯૯૭) અને ભાગ-૨ (૧૯૯૯)માં ચીમનભાઈ પટેલના જીવનને કેન્દ્રસ્થ કર્યું છે. શ્રી દિનકર જોશીએ 'આકાશનો એક ટુકડો' (૧૯૮૪)માં નર્મદના ચરિત્રને, 'પ્રકાશનો પડછાયો'માં ગાંધીજીના પુત્ર હરિલાલ ગાંધીના ચરિત્રને, 'અમૃતપંથનો યાત્રી'માં કવિવર રવીન્દ્રનાથ ટાગોરના ચરિત્રને તથા 'પ્રતિનાયક'માં વિવાદાસ્પદ નેતા મહમ્મદઅલી ઝીણાના ચરિત્રને કેન્દ્રમાં રાખીને ચરિત્રાત્મક નવલકથાઓ આપી છે. વર્ષા અડાલજાએ 'ગાંઠ છૂટયાની વેળા'માં ચુનીલાલ મહારાજ જેવા આદિવાસી વિસ્તારના કર્મશીલને, તો રજનીકુમાર પંડયાએ 'પરભવના પિતરાઈ'માં સાબરકાંઠાના આદિવાસી વિસ્તારમાં ખૂબ કામ કરનાર મોટાભાઈ તરીકે ઓળખાતા નરસિંહ ભાવસારને કેન્દ્રસ્થ કર્યા છે. આ ઉપરાંત રજનીકુમાર પંડયાએ મહાભારતની કથાને કેન્દ્રમાં રાખી 'કુન્તી' જેવી નવલકથા પણ આપી છે. વળી, પન્નાલાલ પટેલે વાસ્તવિક જીવનની હકીકત પર આધારિત નવલકથાઓ આપી છે. જેમાં નરસિંહ મહેતાના જીવન આધારિત 'પરમ વૈષ્ણવ નરસિંહ મહેતા' (૧૯૮૩), રવિશંકર મહારાજના જીવન આધારિત 'જેણે જીવી જાણ્યું' (૧૯૮૫) જ્યારે 'જિંદગી સંજીવની' ભાગ:૧-૭ (૧૯૮૬)માં પન્નાલાલે પોતાના જીવનને કેન્દ્રમાં રાખી નવલકથાઓ લખી છે. આ ઉપરાંત મોહનલાલ પટેલે ગુજરાતના છેલ્લા રાજા કર્ણદેવને કેન્દ્રમાં રાખીને 'લાંછન' (૧૯૯૭) નામની ચરિત્રાત્મક નવલકથા લખી છે.

અહીં ઉપર આપણે જોઈ શકીએ છીએ કે, અનુઆધુનિક ગુજરાતી નવલકથાક્ષેત્રે આપણે ત્યાં વિપુલ ખેડાણ થયેલું છે. અહીં આગળ તેને નારીચેતના, દલિતચેતના અને ગ્રામચેતના જેવા વિવિધ વલણોને આધારે વિગતે સમજવાનો પ્રયાસ કર્યો છે.

૩.૨.૧. અનુઆધુનિક ગુજરાતી નવલકથામાં નારીચેતના

આપણાં પુરુષપ્રધાન સમાજમાં નારીનું સ્થાન નગણ્ય ગણાતું, પુરુષની સરખામણીમાં સ્ત્રીને ઉતરતા દરજ્જાની માનવામાં આવતી, સાથે સાથે એની બુદ્ધિશક્તિને પણ પુરુષની સરખામણીમાં ઓછી આંકવામાં આવતી. સમાજમાં આવાં રૂઢ થયેલા ખ્યાલથી પોતે અપમાનિત થતી હોવાનું લાગતા નારીએ છઠ્ઠા દાયકાની આસપાસ તેની સામે ઉહાપોહ જગાવ્યો - પોતાને થતા અન્યાય

સામે અવાજ ઉઠાવ્યો અને નારીચેતનાનો ઉદ્ભવ થયો. નારીચેતનાનો પ્રથમ અને ધ્યાનાર્હ પ્રભાવ આપણને સાહિત્યમાં જોવા મળે છે. સ્ત્રી પુરુષ સમોવડી જ છે એ સિદ્ધ કરવા તેણે સાહિત્યનો સહારો લીધો. વિવિધ સાહિત્ય રચનાઓ દ્વારા પોતાના વિચારો તેમજ સમસ્યાઓને બહુજન સમુદાય સમક્ષ પ્રગટ કરી તેને વિચારવા મજબૂર કર્યો. નારીની આ લડાઈમાં લેખિકાઓ સાથે લેખકો પણ જોડાયા અને ધીરે ધીરે પુરુષોની માનસિકતા બદલાઈ, એ રીતે નારીને સમાજમાં સન્માનજનક સ્થાન મળવા લાગ્યું. જોકે, ભારતીય અને પાશ્ચાત્ય નારીવાદની લડતમાં મૂળ ભેદ એ છે કે, ભારતીય નારી પુરુષોનો ત્યાગ કરીને મુક્તિ નથી ઝંખતી, તેને તો પુરુષપ્રધાન સમાજની નીતિ-રીતિની સાથે તેમના દ્વારા થતા સ્ત્રીઓના શોષણથી મુક્તિ જોઈએ છે. ભારતીય નારીવાદની આ લડતમાં કમલાદાસ, ઈસ્મત ચુગતાઈ, અમૃતા પ્રીતમ, નયનતારા સહગલ, ડોરીસ લેસિંગ અને શશી દેશપાંડે વગેરે જેવી ઘણી લેખિકાઓના ભારતીય સાહિત્યનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

ગુજરાતી સાહિત્યમાં છેક નર્મદના સમયથી સ્ત્રીઓની સમસ્યાઓનું આલેખન થતું આવ્યું છે. તો નારીપાત્રોને કેન્દ્રમાં રાખીને ગોવર્ધનરામ ત્રિપાઠી, ર.વ.દેસાઈ, કનૈયાલાલ મુનશી તથા ઝવેરચંદ મેઘાણીએ નવલકથાલેખન કર્યું છે. અનુઆધુનિક નારીવાદી કથા સાહિત્યમાં પણ લેખકોએ નારીજીવનની સમસ્યાને મુખ્ય વિષય તરીકે આકારી છે. જેમકે, કુન્દનિકા કાપડિયાએ એમની પ્રતિષ્ઠિત 'સાત પગલા આકાશમાં' નવલકથામાં નાયિકાને પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવા મથતી બતાવી છે.

નારીની સમસ્યાઓને કેન્દ્રસ્થ કરી હવે સ્ત્રી સર્જકો દ્વારા પણ નવલકથાઓ લખાઈ રહી છે એ વિશે મહિપતસિંહ રાઉલજી નોંધે છે કે, "આધુનિકોત્તર યુગની ગુજરાતી નવલકથાઓમાં સ્ત્રી પુરુષ કરતાં અલગ વિષય તરીકે આલેખાઈ હતી. હવે સ્ત્રી સર્જકોની એક નવી પરંપરા ઊભી થઈ છે. આ સ્ત્રી લેખિકામાં કથા સાહિત્ય દ્વારા સ્ત્રીના સ્વાયત્ત અસ્તિત્ત્વ વિશે, સ્ત્રીઓની વેદના - સંવેદનાઓ વિશે, સ્ત્રી શારીરિક, માનસિક, આર્થિક સ્તરે જે રીતે શોષાઈ રહી છે એ વિશે નવલકથાઓ લખી રહી છે. ૧૯૬૦ થી ૧૯૭૦ ના સમયગાળામાં નારીવાદનું મોજું ઊઠ્યું ત્યારથી સ્ત્રી સર્જકોની ચેતનાને અને એ નિમિત્તે સ્ત્રી જગતની સમસ્યાઓને વાંચવા, સમજવાં, સ્વીકારવા માટેનું એક નવ્ય પરિમાણ સાંપડ્યું છે."[૨]

આગળ જોયું તેમ નારી સંવેદનાનું આલેખન આપણે ત્યાં થતું જ રહ્યું છે પરંતુ તેનો સ્પષ્ટ ઉઘાડ લગભગ ૧૯૬૫ની આસપાસ થાય છે. ૧૯૬૫માં રઘુવીર ચૌધરીએ 'અમૃતા' નામની

નવલકથા આપી હતી. જેમાં નાયિકા અમૃતાને પોતાની જાતે કોને પરણવું એનો નિર્ણય-પસંદગી કરી શકે એવી સક્ષમ આધુનિક નારી તરીકે પ્રસ્થાપિત કરી છે. તો સરોજ પાઠકે 'નાઈટમેર' નામની નવલકથામાં નારીના પ્રશ્નોને આલેખ્યા છે. તો કુન્દનિકા કાપડિયા સ્ત્રીના સમાજમાં થતાં શોષણને નવલકથાનો મુખ્ય વિષય બનાવીને 'સાત પગલા આકાશમાં' નામની ખૂબજ વખણાયેલી નવલકથા આપે છે. જેમાં સમાજમાં પ્રવર્તતી વિષમતા પ્રત્યે લેખિકાએ આક્રોશ વ્યક્ત કર્યો છે. ધીરૂબહેન પટેલની 'કાદંબરીની મા' (૧૯૮૮)માં સાસુ-વહુના ઝગડાળું સંબંધને બદલે બે સ્ત્રીઓ વચ્ચેના લાગણીસભર સંબંધનું ચિત્ર આલેખાયું છે. તો 'એક ડાળ મીઠી' (૧૯૯૨)માં પતિનેય છોડી સ્વમાનભેર નોકરી કરતી સવિતાના પાત્રને ઉપસાવી આપ્યું છે. 'શીમળાના ફૂલ' (૧૯૭૬) નવલકથા નારી-રત્નાની આંતરખોજની એક વિશિષ્ટ કથા છે. જેમાં રન્ના ઘર છોડીને ચાલી નીકળે છે એ ઘટના જ પરિસ્થિતિ સાથે સતત સમાધાન ન કરવાનું અને પોતાને યોગ્ય લાગે એવું પગલું ભરવાનું નાયિકાનું મનોબળ દર્શાવાયું છે. આ ઉપરાંત 'આંધળી ગલી', (૧૯૮૩) 'અતીતરાગ' (૨૦૦૦), 'હુતાશન' (૧૯૯૩), 'વડવાનલ' (૧૯૬૩) અને 'વાંસનો અંકુર' (૧૯૮૬) જેવી નવલકથા - લઘુનવલોમાં નારી સમસ્યાઓ આલેખાઈ છે. વર્ષા અડાલજાની 'તિમિરના પડછાયા', 'નીલિમા મૃત્યુ પામી છે', 'મારે પણ એક ઘર હોય' તથા 'નદીનો ત્રીજો કિનારો'માં નારીની સંવેદનાઓ આલેખાઈ છે. તો તેમની 'ખરી પડેલો ટહુકો' (૧૯૮૩)માં માતૃત્ત્વની સાથે સંકળાયેલી સમસ્યાઓને વિવિધ દષ્ટિકોણથી અવલોકવાનો પ્રયત્ન છે. વળી 'માટીનું ઘર' (૧૯૯૧)માં દામ્પત્યજીવનના અનેક અરમાનો લઈને નવા ઘરમાં દાખલ થતી કમનસીબ સ્ત્રીઓને કેટકેટલી યાતનાઓમાંથી પસાર થવું પડે છે એનો ચિતાર આપ્યો છે.

આ ઉપરાંત ઈલા આરબ મહેતા 'બત્રીસ પૂતળીની વેદના', 'રાધા' અને 'પરપોટાની પાંખ' આપે છે. તો પોતાના કોઢને કારણે એકલતા અને વિચ્છેદનો ભાવ અનુભવતી નાયિકા-મીરાંની સજાતીયતાની વાત બિન્દુ ભટ્ટ 'મીરા યાજ્ઞિક્ની ડાયરી' (૧૯૯૨)માં અને જીવનના અનેક ઝંઝાવાતોને અતિક્રમી અશ્રદ્ધાઓ ઉપરથી શ્રદ્ધા ઉપર આવીને વિરમતી એક સ્ત્રીની સંવેદનાને 'અખેપાતર'(૨૦૦૩)માં આલેખે છે. સોરાયસીઝના અસાધ્ય રોગથી પીડાતી અને પોતાના મા-બાપના પ્રેમને ઝંખતી આદિવાસી કન્યા દેવકીની વ્યથાને કલ્પના દવે 'પાનખરે બાળી વસંત' લઘુનવલમાં આકાર આપે છે. તો તેમની 'મૃગજળ' નવલકથામાં ત્યક્તા સ્ત્રીનો સંઘર્ષ નિરૂપાયો છે. આ ઉપરાંત રજનીકુમાર પંડયાની 'કુંતી' અને 'પુષ્પદા'માં, સરોજ પાઠકની 'નાઈટમેર',

'ટાઈમ બોમ્બ' અને 'નિઃશેષ'માં, રઘુવીર ચૌધરીની 'ઈચ્છાવર'માં, ચંદ્રકાન્ત બક્ષીની 'પડઘા ડૂબી ગયા' અને અશોકપુરી ગોસ્વામીની 'કૂવો' જેવી નવલકથાઓમાં નારીની સંવેદનાઓનું આલેખન થયું છે.

ટૂંકમાં, નારીવાદ કે નારીજાગૃતિનો વિષય આપણે ત્યાં ભલે ગાંધીયુગથી ચાલ્યો આવે છે, પરંતુ સંપૂર્ણપણે નારીવાદી કહી શકાય એવી કૃતિઓ આપણને અનુઆધુનિક યુગમાં જ વિશેષ મળે છે એ નોંધવું રહ્યું.

૩.૨.૨. અનુઆધુનિક ગુજરાતી નવલકથામાં દલિતચેતના

ગુજરાતી દલિત સાહિત્યમાં નવલકથા ઉપરાંત કવિતા, વાર્તા, આત્મકથા, નાટક, રેખાચિત્રો અને સંસ્મરણો જેવા અનેક સાહિત્યસ્વરૂપોમાં નોંધપાત્ર કાર્ય થયું છે. દબાયેલા, કચડાયેલા સમાજની સંવેદના અને તેમની સમસ્યાઓનું નિરૂપણ આપણને છેક ગાંધીયુગમાં જોવા મળે છે. ગાંધીજીની વિચારધારામાં અસ્પૃશ્યતા-નિવારણ, દલિતવર્ગ-અનુકંપા, ગ્રામોદ્ધાર અને શ્રમમહિમા જેવા મૂળ મુદ્દા હતા. ગાંધીજીની આ વિચારધારાનો જબરદસ્ત પ્રભાવ આપણા તત્કાલીન સાહિત્યકારો પર પડયો. ઝવેરચંદ મેઘાણી, સુંદરમ્, ઉમાશંકર જોષી અને પ્રિયકાન્ત મણિયાર જેવા અનેક કવિઓએ તેમની કવિતાઓમાં આવાં શોષિત લોકોની પીડાને વાચા આપી. સ્નેહરશ્મિએ તેમની 'અંતરપટ' નવલકથામાં લગ્નસંબંધોની અનિવાર્યતા સંબંધે હરિજનકન્યા પનીના પાત્રને ઉપસાવ્યું છે. ર.વ.દેસાઈએ તેમની નવલકથાઓમાં અસ્પૃશ્યતાનું નિરૂપણ કર્યું છે. તેમણે 'દિવ્યચક્ષુ'માં હિન્દુસમાજમાં ઘર કરી ગયેલી અસ્પૃશ્યતાનું વેધક અને દારુણચિત્ર ઉપસાવ્યું છે, તો 'ગ્રામલક્ષ્મી'માં કાનજીના પાત્ર દ્વારા દલિતોની કફોડી સ્થિતિ વર્ણવી છે. વળી, ગુણવંતરાય આચાર્યએ તેમની 'કરાલ કાલ જાગે'માં અંત્યંજની શૌર્યગાથા વર્ણવી છે, તો 'દરિયાલાલ'માં અસ્પૃશ્યોની પરિસ્થિતિનું નિરૂપણ કર્યું છે. ઝવેરચંદ મેઘાણીની અંતિમ નવલકથા 'કાળચક્ર'માં દલિત-પીડિતની સંવેદનાના ઘણા સંકેતો છે. આ ઉપરાંત ઈશ્વર પેટલીકર અને જયંતી દલાલ જેવા અનેક સર્જકોએ સમાજમાં ફેલાયેલ દૂષણોરૂપી બદીને પ્રકાશમાં લાવવાનો સન્નિષ્ઠ પ્રયાસ કર્યો છે. છતાં એ નોંધવું રહ્યું કે, ગાંધીયુગમાં રચાયેલ સાહિત્યમાં છૂટા છવાયા બનાવો આલેખાયા હોવાથી તે પ્રતિબદ્ધ દલિતસાહિત્ય નહોતું. જેને આપણે પ્રતિબદ્ધ દલિત સાહિત્ય કહીએ છીએ તેવું સાહિત્ય આપણને ઈ.સ.૧૯૭૫ની આસપાસ મળે છે, જેના મૂળ આપણને ઉપર મુજબ ગાંધીજીની વિચારધારામાં જોવા મળે છે.

આપણે ત્યાં ઈ.સ.૧૯૭૫ની આસપાસ દલિત સાહિત્યનો ઉદ્ભવ થયો એ સાચું પરંતુ તેની ખરી શરૂઆત ઈ.સ.૧૯૮૧ અને ઈ.સ.૧૯૮૫ના બે અનામત વિરોધી આંદોલનોથી થઈ હોવાનું કેટલાક વિદ્વાનો માને છે. કારણ, 'દબાયેલા, કચડાયેલા લોકો વિશે લખાયેલું સાહિત્ય એટલે દલિતસાહિત્ય' એવી વિભાવના આ સાહિત્યમાં જોવા મળે છે. બીજું, દલિતોની વાણી-વ્યવહાર સમેત તેમનું અસલ જીવન કવિતા-વાર્તા-નવલકથામાં અસરકારક રીતે તો આ સમયગાળામાં જ નિરૂપાવા લાગ્યું અને એ રીતે દલિતધારાનો પ્રવેશ થયો. આપણે ત્યાં ગુજરાતી દલિત નવલકથા દલિત સર્જકોએ જ લખી તેવું નથી, પણ અદલિત સર્જકોએ પણ દલિત નવલકથાઓ લખીને પોતાનું યોગદાન આપ્યું છે. અનુઆધુનિક સમયમાં ગુજરાતી દલિત સર્જકો દ્વારા લખાયેલ કેટલીક દલિત નવલકથાઓ વિશે જોઈએ.

ગુજરાતી નવલકથાક્ષેત્રે દલિત સર્જક દ્વારા દલિત નવલકથાનો પ્રારંભ જોસેફ મેકવાનની 'આંગળિયાત'(૧૯૮૬) નવલકથાથી થયો ગણાય છે. દલિત સમાજના ખરા પ્રશ્નોને વાચા આપવાનું જે કામ કવિતા વગેરેમાં નહોતું થયું એ કામ 'આંગળિયાત'માં જોસેફ મેકવાને કરી બતાવ્યું. 'આંગળિયાત'(૧૯૮૬)માં દલિતોને થતા અન્યાયની વ્યથા અને વેદનાને વાચા આપી છે. ટીહારામ જેને ચાહતો હતો તે મેઠીની છેડતી ટીહાને ઉગ્ર કરે છે તેથી તે સવર્ણો સાથે સંઘર્ષ છેડી બેસે છે. ક્ષત્રિયો-પટેલો-હરિજનોની આખી સામાજિકતા આ પડકારથી જે રીતે હચમચી ઊઠે છે તેનું નિરૂપણ આ નવલકથામાં થયું છે. 'મારી પરણેતર'(૧૯૮૮)માં નાયિકા ગૌરી સર્વગુણ સંપન્ન હોવાની સાથે ખોટું સહન કરનારી નથી, એ નિમિત્તે સામાજિક પરિવેશની કથા રચાય છે. તેમની 'મનખાની મિરાંત'(૧૯૯૧)માં નીચલા થરના સમાજમાં ઊછરેલી સર્વગુણ સંપન્ન ગુણવંતીને કશાય વાંકગુના વગર વિવિધ સંજોગોમાં કરુણ પરિસ્થિતિમાં મુકાઈને છેવટે ગામ છોડવું પડે છે તેની વાત કહી છે. તો, 'માવતર અને દાદાનો દેશ'માં નારીજીવનની કરુણસ્થિતિનું હૃદયસ્પર્શી વર્ણન છે. 'દરિયા', 'અમર ચાંદલો', 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા'(૧૯૮૬), 'બીજ-ત્રીજનાં તેજ' (૧૯૯૫), અને 'કમાવત' તેમની મહત્ત્વની નવલકથાઓ છે. દલપત ચૌહાણની 'મલક' (૧૯૯૧)માં હઠા ચૌધરીને ત્યાં કામે રહેલા વણકર ભગાથી હઠાની પરણેતર સંતોકને દીકરો થતાં વકરતા વિવાદના કારણે હરિજનવાસને જે હિજરત કરવી પડી તે કેન્દ્રમાં છે. 'ભળભાંખળું' (૨૦૦૪)માં દલિતસ્ત્રીના શિક્ષણનો સંઘર્ષ આલેખાયો છે. તો 'ગીધ' (૧૯૯૯)માં ઈસા અને માવજીભા ચૌધરીની દીકરી દીવાળીના સંબંધો અને દલિતોની આજીવિકાના સાધનરૂપે મરેલી ભેંસ

ચીતરવાનો પ્રસંગ - આ બંને ઘટનામાં દલિતોની દારુણ સ્થિતિનો ચિતાર આલેખાયો છે. હરિશ મંગલમ્‌ની ‘તિરાડ’(૧૯૯૨)માં નાયિકા જોઈતી કૃતિના કેન્દ્રમાં છે. તો ‘ચોકી’(૧૯૯૨)માં અખુસિંહ નામનો ઠાકોર ગામના દલિતવાસની ચોકી કરતાં કરતાં ચોરીના રવાડે ચડયો અને તેની ચોકી બંધ કરવામાં આવે છે તેનું આલેખન છે. ‘અગનઝાળ’(૨૦૦૭) તેમની મહત્ત્વની કૃતિ છે. મોહન પરમારની ‘પ્રાપ્તિ’(૧૯૯૦)ની નાયિકા પ્રાપ્તિ દલિતવર્ગમાંથી આવે છે અને નોકરીયાત છે જ્યારે તેનો પતિ રમણ જૂની પરંપરા, કુરિવાજોમાં એનાથી તરડાતો જાય છે તેનું આલેખન છે. ‘પ્રિયતમા’(૧૯૯૫)માં દલિતોના આંતરકલહ અને તેમના ધબકતા જનજીવનના આલેખનની સાથે સાથે એક દલિત નારીની સંવેદના પ્રગટી છે. તેમની ‘નેળિયું’ (૧૯૯૨)માં હરિજન કોમને સવર્ણો તરફથી થતી કનડગતની વેદનાની સાથે અકસ્માતને કારણે સ્મૃતિ ખોઈ બેઠેલ પાત્રની વીતકકથા છે. તો ‘ડાયા પશાની વાડી’ (૨૦૦૩)માં દલિતોની વાડાબંધી દૂર થાય અને જાતિ-જાતિ વચ્ચે અને માનવ-માનવ વચ્ચે સંવાદિતા સધાય તે માટે આ નવલકથાનો નાયક ડાયા પશા ઝઝૂમે છે તેનું આલેખન છે. આ ઉપરાંત ‘ભેખડ’ (૧૯૮૨), ‘વિક્રિયા’ (૧૯૯૦) અને ‘કાલગ્રસ્ત’ (૧૯૯૦) તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. પ્રાગજીભાઈ ભાંભીની ‘દિવાળીના દિવસો’ (૨૦૦૨) એ લઘુનવલમાં એકબાજુ ઉત્તર ગુજરાતના છેવાડાના એક ગામ છબીલાના ટીંબા પર રહેતાં સાત દલિતશ્રમજીવી કુટુંબોની દિવાળીના ચાર દિવસની જીવનચર્યાનું જીવંત આલેખન છે, તો બીજીબાજુ દલિત-અદલિત અને દલિત-દલિત બંને પ્રકારના સ્ત્રી-પુરુષના અવૈધ સંબંધોનું આલેખન છે. બી.કેશરશિવમ્‌ની ‘શૂળ’ નવલકથામાં દલિત વ્યક્તિ જજ હોય, ધારાસભ્ય હોય, અધિકારી હોય કે મજૂર પરંતુ દલિત હોવાને નાતે એને મુશ્કેલીઓ તો વેઠવી જ પડતી હોય છે તેનું નિરૂપણ થયું છે. ‘મૂળ અને ધૂળ’ (૧૯૯૯)માં મગન-નવલકથાનો નાયક રામલી કાજે પોતાની ધૂળ જેવી જિંદગીને હોડમાં મૂકીને રામલીને ખૂનના આરોપમાંથી બચાવે છે તેનું આલેખન છે. કાન્તિલાલ પરમારની ‘ગેબીટીંબો’માં દલિતનાયક આકાશ અને સવર્ણનાયિકા સ્વાતિનો પ્રણય આલેખાયો છે. તેમાં દલિત સમાજની વેદનામય સ્થિતિની સાથે સાથે સવર્ણ અને દલિતો વચ્ચે વર્ષોથી ચાલ્યા આવતા વૈમનસ્યની ખાઈ પુરાય તેવા પ્રયત્નોનું આલેખન છે. વિઠ્ઠલરાય શ્રીમાળીની ‘શૈલબાળા આઈ.એ.એસ.’માં શહેરી વાતાવરણમાં દલિતોને વેઠવી પડતી મુશ્કેલીઓનું આલેખન કલેકટર બન્યા પછી શૈલીને વેઠવી પડતી યાતનાઓની પડછે નિરૂપાયુ છે. તો દક્ષા દામોદરાની ‘શોષ’(૨૦૦૩)નવલકથામાં નાયિકા માધવીના કૌટુંબિક જીવનની સમસ્યાઓ આલેખાઈ છે.

તેમની 'સાવિત્રી' (૨૦૦૮) નવલકથા દલિતોના ઉધ્ધારક જ્યોતિબા ફૂલેની પત્ની સાવિત્રીના પાત્રને લક્ષમાં રાખીને લખાઈ છે. આમ, દલિત સર્જકોએ ઉપરોક્ત નવલકથાઓમાં પોતે જે સમાજ-જ્ઞાતિમાં જન્મ્યા છે તે સમાજની ખૂબીઓ અને ખામીઓની સાથે સાથે સ્વાનુભવમૂલક રોજબરોજની સમસ્યાઓને શબ્દબદ્ધ કરી છે. સવર્ણ સમાજ તરફથી દલિત સમાજને વર્ષોથી વેઠવી પડતી હાડમારીઓ, તેમનું થતું શોષણ, અસ્પૃશ્યતા-આભડછેદ જેવા સામાજિક દૂષણોને તેમની બોલી સમેત આલેખવામાં આ સર્જકો સફળ રહ્યાં છે.

અનુઆધુનિક ગુજરાતી નવલકથાઓમાં દલિત સર્જકોની જેમ કેટલાંક અદલિત સર્જકોએ પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે જેમાં દલિતતત્ત્વનો વણાટ થયો છે. દિલીપ રાણપુરાની 'આંસુ ભીનો ઉજાસ'માં પાંચાળ પંથકના નપાણિયા વિસ્તારની પ્રજા અને તેની વેદનાની કળાત્મક રજૂઆત થઈ છે. તેમની 'સૂકી ધરતી, સૂકા હોઠ' માં ચોરી-ચપાટી અને દાદાગીરી કરીને જીવતા સમાજની વચ્ચે એક શિક્ષિત યુવકને મૂકવામાં આવ્યો છે. જે અંતે એમને 'સુધારવા'ના બદલે પોતે એમનામાંનો એક થઈને રહી જાય છે તેનું સચોટ આલેખન થયું છે. પ્રદીપ પંડયાની 'મંઝિલ હજી દૂર' (૨૦૦૬)માં એક દલિત પોલીસ અધિકારી પોતાની ઓળખ ભૂલીને સામાન્ય જનની જેમ જ ફરજ બજાવે છે છતાં એક બળાત્કાર કેસમાં દલિત સ્ત્રી હોવાથી આ અધિકારી સહાય કરી રહ્યા છે તેવો તેના પર આક્ષેપ થાય છે. પુરાવાઓ ઊભા કરી એની હેરાનગતિ થાય છે તેનું વર્ણન છે. જયંત ગાડીતની 'બદલાતી ક્ષિતિજ' (૧૯૮૬)નો નાયક જીવો વાઘરી જાતિમાંથી આવે છે. 'પ્રશાંમુ' (૨૦૦૨)માં શોષણ, પીડા, વેદના, અન્યાય અને અપમાન જેવી દલિત સમસ્યાઓ છે. દલિત હોવાને નાતે નવલકથાના નાયક મફત પરમારને વેઠવી પડેલી મુશ્કેલીઓનું સચોટ આલેખન થયું છે. ચિનુ મોદીની 'કાળો અંગ્રેજ' (૧૯૯૨)ના કેન્દ્રમાં કેસરડી ગામનો ભલો હરિજન કેન્દ્રમાં છે. અંત્યજોની સાંપ્રત પરિસ્થિતિને આ નવલકથામાં ઉજાગર કરી છે. તો મણિલાલ હ. પટેલની 'અંધારું'માં નાયક આદિવાસી રૂમાલના રેશમ સાથેના એક દાયકાના દામ્પત્યજીવનનું નિરૂપણ છે. આ નવલકથામાં રૂમાલની પડછે આદિવાસી સમાજનું થયેલું શોષણ આલેખાયું છે. રઘુવીર ચૌધરીની 'ઈચ્છાવર' (૧૯૮૨)માં મનુષ્યના સ્વભાવગત અને જાતિગત વલણોનો પ્રશ્ન મૂળભૂત રીતે સંકળાયેલો છે. આ ઉપરાંત 'મનોરથ' તેમની મહત્ત્વની કૃતિ છે. રામચંદ્ર પટેલ 'વરાળ' (૧૯૭૯)માં દુકાળમાં સપડાયેલા ગામને મહામુશ્કેલીથી રળિયામણું કરવા મથતા યુવાન સાકેતની ભાવના અને અસ્પૃશ્યતા નિવારણ જેવા આદર્શોનું નિરૂપણ છે. પિનાકિન દવેની 'પ્રલંબપંથ'

(૧૯૭૯)માં હરિજન મા અને સવર્ણ પિતાના સંતાન એવા નાયક રવિ વર્માની વાત છે. કિશોરસિંહ સોલંકીની 'મશારી'માં ભગત તરીકે ઓળખાતા હરિજનકાકાની ક્રિયાઓ અને સર્જાતી પરિસ્થિતિઓમાં દલિતતત્ત્વનો સંસ્પર્શ આલેખાયો છે. તો કનુ આચાર્યની 'સખી બદલો શમણા'(૨૦૦૮)માં વેશ્યાવૃત્તિ પર નભતા એક ગામનું આલેખન છે. આ ઉપરાંત ઈલા આરબ મહેતાની 'રાધા' અને દર્શકની 'કુરુક્ષેત્ર' જેવી નવલકથાઓમાં દલિતચેતનાનું આલેખન થયેલું જોવા મળે છે.

ટૂંકમાં, આ ધારાના દલિત તેમજ અદલિત સર્જકોમાં દલિતજીવન તરફની પ્રતિબદ્ધતા વિશેષ જોવા મળે છે. તેમણે રોજિંદા જીવનવ્યવહારની ઘટમાળ અને પાત્ર-પરિસ્થિતિને કળાગત સૂઝબૂઝ સાથે પોતાની નવલકથાઓમાં આલેખી છે.

૩.૨.૩. અનુઆધુનિક ગુજરાતી નવલકથામાં ગ્રામચેતના

આપણે ત્યાં ગુજરાતી સાહિત્યમાં અનુઆધુનિક વલણો પ્રગટ થયાનો સમયગાળો લગભગ આઠમા દાયકાની આસપાસનો મનાય છે. આ ગાળામાં પ્રગટેલ દલિત અને નારીચેતનાની સાથે સાથે ગ્રામજીવન તરફનું આકર્ષણ પણ સવિશેષ જોવા મળે છે. ગ્રામજીવન તરફના પ્રબળ આકર્ષણનું કારણ આપતા કેસર એમ.મકવાણા જણાવે છે કે, "ગુજરાતી નવલકથાના આધુનિકોત્તર ગાળામાં ગ્રામજીવન તરફનું પ્રબળ આકર્ષણ - નગરજીવન સામેની સૂગ, હવાઈ અને સ્વપ્નીલ સૃષ્ટિની સામે નક્કર વાસ્તવિકતાના આલેખનની સ્થાનિક આવશ્યકતા અને એમાં મદદે આવેલાં સર્જકનો અતીત - જેવા કારણો પર નિર્ભર છે."[3] આવાં જ અન્ય કારણોની ચર્ચા કરતા તેઓ તેમના અભ્યાસલેખમાં જણાંવે છે કે, "આધુનિકોત્તર ગુજરાતી નવલકથામાં ગ્રામજીવન આલેખનના બળવત્તર આલેખન પાછળ બીજી એક શકવર્તી ઘટનાને પણ કારણભૂત ગણાવી શકાય અને તે દેશને મળેલી આઝાદી. જેને લીધે શિક્ષણની ક્ષિતિજો છેક આપણા ગામડાં સુધી વિસ્તરીને પરિણામે ગ્રામવાસી પણ શિક્ષિત થયા ને નોકરી-ધંધા અર્થે શહેરમાં સ્થિર થયા. એમાંથી કેટલાક સર્જકો આપણને મળ્યા. જોકે એમની સ્થિતિ વિચિત્ર હતી. એક બાજુ વતન-ગ્રામ છોડયાનો ઝૂરાપો અને બીજી બાજુ સાવ અજાણી એવી શહેરી જીવનરીતિ. એમાં સ્થિર થતાં કે ગોઠવાતાં એને ભારે પડયું. એક બાજુ વતનવિચ્છેદ અને બીજી બાજુ શહેરી વિટંબણાથી ત્રસ્ત સર્જક 'સ્વ'થી પણ વિચ્છેદ પામે એ પહેલાં એણે અતીતનો આશ્રય લીધો, એટલે કે અતીતરાગી વલણ પૂર્વે જીવેલાં ગ્રામજીવનને વાગોળીને એને સાહિત્યમાં-નવલકથામાં આલેખવા પ્રવૃત્ત થયો."[૪]

જોકે ગ્રામજીવન તરફના આ પ્રબળ આકર્ષણના મૂળમાં આઝાદી અને સર્જકનો અતીત જેવાં કારણો તો ખરા જ પરંતુ તે પહેલા પણ ગ્રામજીવનની સમસ્યાઓને કેન્દ્રમાં રાખી નવલકથા સર્જનની પ્રવૃત્તિ તો છેક ૧૯૩૨-૩૩ના સમયગાળામાં શરૂ થઈ ચૂકી હતી. આ સમયગાળા દરમિયાન ગાંધીજીની જીવનભાવના અને તેમના જીવનકાર્યથી પ્રેરાઈને કેટલાંક સર્જકો ગ્રામજીવનનાં રીતિ-રિવાજ, તેમની રહેણી-કરણી, સુખ-દુ:ખ, વહેમ અને અંધશ્રદ્ધા જેવા ભાવોની સાથે સાથે સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય સમસ્યાઓને નવલકથાના માધ્યમ દ્વારા અભિવ્યક્ત કરવા લાગ્યા હતા. ર. વ. દેસાઈએ ગ્રામજીવનની સમસ્યાઓને 'ગ્રામલક્ષ્મી' ભાગઃ ૧ થી ૪માં આલેખી છે. તો, ઝવેરચંદ મેઘાણી સૌરાષ્ટ્રના લોકખમીરને પ્રાદેશિકતાને આધારે નવા રંગે-રૂપે પ્રગટ કરે છે. તેમની 'સત્યની શોધમાં' (૧૯૩૨), 'નિરંજન' (૧૯૩૬), 'વેવિશાળ' (૧૯૩૯), 'તુલસી ક્યારો' (૧૯૪૦) અને 'સોરઠ, તારાં વહેતા પાણી' (૧૯૩૭) જેવી જાણીતી પ્રાદેશિક નવલકથાઓમાં ધબકતા ગ્રામજીવનને કલાત્મક રીતે આલેખે છે. મેઘાણી પછી ગ્રામજીવનને નવલકથામાં ધબકતું કરવા, ગ્રામજીવનના પ્રાણપ્રશ્નોને વાચા આપવા પન્નાલાલ પટેલ સક્રિય થાય છે. પન્નાલાલ પટેલ પોતે જે પ્રદેશમાં જન્મ્યા અને ઉછર્યા તે ઈશાનિયા પ્રદેશના ગ્રામીણ જીવનનું તેમની 'વળામણાં', 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ'માં જીવંત આલેખન કરે છે. ત્યાર પછી, ઈશ્વર પેટલીકરે 'જનમટીપ' (૧૯૪૪), 'લખ્યા લેખ' (૧૯૪૫), 'ધરતીનો અવતાર' (૧૯૪૬), 'પંખીનો મેળો' (૧૯૪૮), 'પાતાળ કૂવો' (૧૯૪૮) અને 'ભવસાગર' (૧૯૫૧)માં ચરોતરના ગામડામાં વસતા સમાજની મૂળ લાક્ષણિકતાઓને આલેખી છે. તો પીતાંબર પટેલે ઉત્તર ગુજરાતના ગ્રામજીવનને 'રસિયો જીવ' (૧૯૪૨), 'પરિવર્તન' (૧૯૪૪), 'ખેતરને ખોળે' (૧૯૫૨), 'ઉગ્યું પ્રભાત' (૧૯૫૦) અને 'ધરતીના અમી' (૧૯૬૨) જેવી નવલકથાઓમાં નિરૂપ્યું છે. પુષ્કર ચંદરવાકરે ભાલપ્રદેશના પઢાર અને માલધારી કોમના જીવનને 'ભવની કમાણી' (૧૯૫૪), 'બાવડાના બળે' (૧૯૫૪), 'ગીર તો અમારી છે!' (૧૯૭૫) માં અસરકારક રીતે આલેખ્યું છે. તો 'વ્યાજનો વારસ' (૧૯૪૬), 'વેળાવેળાની છાંયડી' (૧૯૫૬), 'લીલુડી ધરતી' ભાગઃ ૧-૨ (૧૯૫૭), 'શેવાળનાં શતદલ' (૧૯૬૦) અને 'આલા ધાંધલનું ઝીંઝાવદર' (૧૯૬૮)માં ચુનીલાલ મડિયા સૌરાષ્ટ્રના તળજીવનને આલેખે છે.

આમ, આધુનિકોત્તર સમયગાળા પૂર્વે નવલકથામાં ગ્રામજીવનનું આલેખન પૂરજોશમાં થયું હતું. જોકે, પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' પછી તેનું વહેણ થંભી ગયાનું અનુભવાય છે.

થંભી ગયેલા ગ્રામજીવનના આલેખનના આ વહેણનો આરંભ ફરી પાછો રઘુવીર ચૌધરીની ૧૯૭૫માં આવેલી 'ઉપરવાસ' કથાત્રયીથી થાય છે. આ નવલકથામાં લોકજીવનને સમયની સાથે કરવટ બદલતું રજૂ કરવાનો પ્રશસ્ય પ્રયાસ થયો છે. નવલકથામાં થંભી ગયેલા ગ્રામજીવનને આલેખવા સર્જક આ રીતે ફરી પાછો શા માટે પ્રવૃત્ત થાય છે? એની પાછળ કયા પરિબળો કારણભૂત છે ? એ વિશે જણાંવતા પ્રવીણ દરજી કહે છે, "ગ્રામજીવનની કથા પાછળ મૂળભૂત રીતે માનવીએ, જે કાંઈક સાચું અને સારું હતું, જે કંઈક સ્મરણીય હતું, સૌંદર્ય સભર હતું એને ગુમાવી દીધાનો અવસાદ ઉભો છે. વળી વળીને એવા ગ્રામપરિસરનો એક ભવ્યોન્નત અતીત પ્રબળરૂપે ઊંડે મૂળ નાખીને બેઠેલું આદિમતત્ત્વ એને વર્તમાનની ક્ષણમાંથી હડસેલી દઈ ભૂતકાળમાં લઈ જાય છે ને ભૂતકાળની કથા લખવા એને ઉત્તેજે છે."[૫] ટૂંકમાં, સર્જકે પોતાનો મોટાભાગનો સમય જ્યાં વ્યતીત કર્યો છે એવા ગ્રામ્ય પરિસરના ભવ્ય ભૂતકાળને અર્થાત્ તેના અતીતને નવલકથામાં આલેખી તે શાતા મેળવે છે. તેમાંના કેટલાક સર્જક ગ્રામ્યજીવનના પોતાના આ અનુભવને જૂનાં પુરાણાં રંગ-રૂપમાં રજૂ કરે છે તો કેટલાક સર્જક સાંપ્રત સમયના ગામડાની ઝાંખીને નિરૂપવાનો પ્રયત્ન કરે છે.

ગ્રામચેતનાને કેન્દ્રમાં રાખી લખાયેલી અનુઆધુનિક ગુજરાતી નવલકથાઓની વાત કરીએ તો આઠમા દાયકાને આરંભે આવેલી રઘુવીર ચૌધરીની 'ઉપરવાસ' કથાત્રયી - 'ઉપરવાસ', 'સહવાસ' અને 'અંતરવાસ' ગુજરાતી ગ્રામજીવનની પ્રાદેશિક નવલકથાઓમાં એક મોટા સીમાચિહ્ન જેવી બની રહી. આ નવલકથામાં તેમણે ઉત્તર ગુજરાતના પોતાના વતન અને તેની આસપાસના વિસ્તારનું આલેખન, આઝાદીનાં આંદોલનો વેળાનાં અને આઝાદી મળ્યા પછી, બદલાતા જતાં ગામડાને કેન્દ્રમાં રાખીને કર્યું છે. રઘુવીર ચૌધરીની 'લાગણી' લઘુનવલ તળની ઝંખના અને ગ્રામજીવનની નૂતન સમસ્યાઓની વચ્ચે રહીને જીવવા માગતા લોકોની મથામણને વ્યક્ત કરે છે. 'વચલું ફળિયું' પણ ગ્રામજીવનને કેન્દ્રમાં રાખીને લખાયેલી રઘુવીર ચૌધરીની અન્ય એક નવલકથા છે. રામચન્દ્ર પટેલે 'અમૃતકુંભ', 'વરાળ', 'સ્વર્ગનો અગ્નિ', 'પૃથ્વીની એક બારી' અને 'રાજગઢી' જેવી ગ્રામજીવનને આલેખતી પ્રાદેશિક નવલકથાઓ આપી છે. તો યોગેશ જોષી પાસેથી આપણને 'સમૂડી' તથા 'જીવતર'; કિશોરસિંહ સોલંકી પાસેથી 'વીરવાડા', 'ભાઈચારો', 'વસવસો' ઉપરાંત જમીનદાર વીરા મુખીને ત્યાં મશારું કરતા એક ચમાર કોમના ભગતની સાદી પણ મર્માળી કથાનું આલેખન કરતી નવલકથા 'મશારી' મળે છે. તો કાનજી પટેલ પાસેથી ઈશાની

સરહદના જનપદની કથાવસ્તુ ધરાવતી નવલકથા 'કોતરની ધાર પર' તથા 'ડહેલું' જેવી મહત્ત્વની નવલકથાઓ મળે છે.

વળી, દલિત નવલકથાઓમાં જેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે એવા સર્જક દલપત ચૌહાણ પાસેથી આપણને 'મલક' અને 'ગીધ' જેવી મહત્ત્વની નવલકથાઓ મળે છે. જેમાં 'મલક'માં દલિત સમાજનો આગવો પ્રશ્ન અને આગવો પરિવેશ રજૂ થયો છે. મોહન પરમાર પાસેથી 'વિક્રિયા', 'નેળિયું' અને વણકર સમાજના આંતરિકજીવનને વ્યક્ત કરતી નવલકથા 'પ્રિયતમા' મળે છે. મફત ઓઝાની 'આસો સુદ આઠમ' અને 'જાતર'માં ઉત્તર ગુજરાતના સમાજમાં પ્રચલિત બાધા, માનતા, ભુવાઓનું આધિપત્ય અને તેમના દ્વારા થતા વિધિવિધાન મુખ્ય વિષય તરીકે આલેખાયો છે. જયંત ગાડીત પાસેથી જાનપદી નવલકથા 'બદલાતી ક્ષિતિજ' મળે છે. જેમાં સમાજના દલિતપીડિત, અસ્પૃશ્ય કે પછાતવર્ગના લોકોની કથાવસ્તુ નિરૂપાઈ છે. હરિશ મંગલમ્ પાસેથી 'તિરાડ' અને 'ચોકી'; ચિનુ મોદી પાસેથી 'લીલા નાગ' (લિસોટો) અને 'કાળો અંગ્રેજ'; સુમન શાહ પાસેથી 'ખડકી'; કેશુભાઈ દેસાઈ પાસેથી 'વન વનનાં પારેવાં' અને 'જોબનવન' મળે છે. કેશુભાઈ દેસાઈની આ બંને કથાઓમાં આદિવાસીઓનાં સુખ-દુઃખની અને ઉજળિયાતો દ્વારા થતા તેમના શોષણની કથાઓ કહેવાઈ છે. અશોકપુરી ગોસ્વામી પાસેથી 'કૂવો', 'નીંભાડો' અને 'મૂળ' જેવી ગ્રામિણ પરિવેશ આલેખતી નવલકથાઓ મળી છે. 'મૂળ' નવલકથામાં સંતાનવિહોણા દંપતીની ઘેરી નિરાશા વર્ણવવામાં આવી છે. તો, 'કૂવો' (૧૯૯૪) એ પન્નાલાલ પછીની જાનપદી નવલોમાં અગ્રહરોળમાં સ્થાન પામે તેવી છે. દિલીપ રાણપુરા પાસેથી 'આંસુ ભીનો ઉજાસ'; ધ્રુવ ભટ્ટ પાસેથી 'સમુદ્રાન્તિકે'; વર્ષા અડાલજા પાસેથી ગ્રામીણ પ્રજાની નોંધપાત્ર કહી શકાય તેવી નવલકથા 'ગાંઠ છૂટયાની વેળા' મળી છે. તો મણિલાલ હ.પટેલ પાસેથી 'અંધારું' અને 'કિલ્લો' મળે છે.'અંધારું'માં પંચમહાલના પૂર્વીય સીમાડાના પ્રદેશની પછાત નાયકા કોમનું અહીંના ઠાકોર દરબાર અને જમીન માલિક પાટીદારો દ્વારા જે રીતે શોષણ થતું રહ્યું છે તેની કથા છે. જોસેફ મેકવાન પાસેથી 'દાદાના દેશ', 'માવતર' તેમજ વણકર સમાજનું વર્ણન કરતી 'આંગળિયાત', 'મારી પરણેતર' અને 'લક્ષ્મણની અગ્નિ પરીક્ષા' જેવી કથાઓ મળે છે. આ બધી કળાકૃતિઓ એક પ્રવાહ રચે છે જેમાં સાહિત્યિક સ્તર જાળવીને ગ્રામિણપ્રજાની ચેતનાને વર્ણવવાનો પ્રયાસ થયો છે.

આમ, ઉપર મુજબ ગ્રામાભિમુખ થયેલી ગુજરાતી નવલકથાઓની સમૃદ્ધિ જોતા ચોક્કસપણે એને અનુઆધુનિક ગુજરાતી નવલકથાની ઉપલબ્ધિ ગણાવી શકાય. અંતે, ગ્રામજીવન તરફનું

સર્જકનું આકર્ષણ એ અનુઆધુનિક ગુજરાતી કથા સાહિત્યનું એક વલણ પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે એ પ્રકારના પ્રો. ભરત મહેતાના વિધાન સાથે આ વાત પૂર્ણ કરીએ. પ્રો. ભરત મહેતા નોંધે છે કે, "સાતમા-આઠમા દાયકાની વિવેચનામાં આધુનિક અને પ્રયોગશીલ નવલકથાઓનો ખાસ્સો મહિમા થયો હતો. જ્યારે નવમા દાયકાની નવલકથાની ચર્ચામાં 'સમુડી', 'અંધારું', 'ડહેલું', 'શેષપાત્ર', 'બદલાતી ક્ષિતિજ', 'આંગળિયાત', 'મશારી' જેવી નવલકથાઓની ચર્ચા સવિશેષ થઈ રહી છે. નોંધપાત્ર એ છે કે આ નવલકથાઓનો પરિવેશ નગર નથી ગ્રામજીવન છે. ગ્રામજીવન તરફનું સર્જકનું આ પુનઃઆકર્ષણ એ આધુનિકોત્તર ગુજરાતી કથાસાહિત્યનું એક વલણ છે, એ હવે સ્પષ્ટ થઈ ચૂક્યું છે."[૬]

૩.૩. હિમાંશી શેલતની નવલકથા / લઘુનવલો

"હિમાંશી શેલત એવાં સર્જક છે કે જેમને માનવમનનો સીધો અને ઊંડો પરિચય છે. તેઓ સમાજના અનેક સ્તરના, જાતિના, ઉંમરના લોકો સાથે કામ કરે છે. તેમનો વિશ્વસાહિત્યનો સઘન અભ્યાસ છે. આથી તેમના કથાસાહિત્યમાં વિશ્વસનીયતા અને સ્પર્શક્ષમતા અનુભવાય છે. કયાંય કશુંક ખૂંચે એવું, કશુંક પીડે એવું તેમને જોવા મળે છે ત્યારે તેઓ તીવ્ર સંવેદન અનુભવે છે અને શબ્દો દ્વારા વ્યક્ત કરે છે."[૭]

"આધુનિકતાના દાબ અને પ્રભાવથી મુક્ત રહીને, સમજાય અને સ્પર્શે એવી રીતેભાતે એ પોતાની કથાકૃતિ રચતાં હોય છે. હિમાંશી શેલત એમનાં કથાસાહિત્યમાં પરંપરાથી ઉફરાં ચાલે છે અને આધુનિક બનવાનાં કે કહેવરાવવાનાં વળગણો વિના, પોતાનું એક નવલું ને તાજપભર્યું કથાવિશ્વ ભાવકોને ભેટ ધરે છે."[૮]

પ્રતિબદ્ધ સર્જક હિમાંશી શેલતે ટૂંકી વાર્તા, લઘુનવલ, નવલકથા, બાળસાહિત્ય, સ્મરણકથા, નિબંધ, અનુવાદ, સંપાદન અને વિવેચન એમ સાહિત્યના અનેક સ્વરૂપોમાં પોતાનું યોગદાન આપ્યું છે. તેમાંય કથાસાહિત્ય ક્ષેત્રે તેમણે નોંધપાત્ર સર્જન કર્યું છે. અનુઆધુનિક ટૂંકી વાર્તા ક્ષેત્રે તેમને બહોળી પ્રસિદ્ધિ મળી છે. જો કે, ટૂંકી વાર્તાની સરખામણીએ નવલકથા ક્ષેત્રે તેમનું પ્રદાન અલ્પ કહી શકાય. તેમણે 'આઠમો રંગ', 'ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં' તેમજ 'સપ્તધારા' જેવી ચાર નવલકથા / લઘુનવલ આપી છે.

હિમાંશી શેલત સંવેદનશીલ સર્જક છે. તેઓ અન્યની પીડાને પોતાની કરી શબ્દોમાં ઢાળે છે. તેથી જ તેમની ચારેય નવલકથાઓના પાત્રો સમાજના જુદાં-જુદાં વર્ગ-સમુદાયમાંથી આવે છે. જે રીતે તેમની વાર્તાઓમાં અનાથ બાળકો, રૂપજીવિની - લાચાર સ્ત્રીઓ, રહિત-વંચિત સમાજની પીડા, વૃદ્ધોની લાચારી, ભદ્ર સમાજનો વંચિતો પ્રત્યેનો અણગમો, તંત્ર દ્વારા તેમને થતી હેરાનગતિ જેવા વિષયો કલાત્મક રીતે આલેખાયા છે તે રીતે તેમની આ નવલકથાઓમાં પણ જુદાં-જુદાં વિષયો કલાત્મક આલેખાયા છે.

હિમાંશી શેલતે તેમની પ્રથમ નવલકથા 'આઠમો રંગ' પ્રખ્યાત ચિત્રકાર અમૃતા શેરગિલના જીવનને આધારે લખી છે. સાહિત્યમાં કોઈના ચરિત્રને આધારે નવલકથા લખવી એ એક સાહસ ગણાયું છે. છતાં, હિમાંશી શેલતે આ સાહસ કર્યું છે. જો કે આ સાહસ કરવા પાછળનું કારણ આપતા તેઓ નવલકથાના આમુખ 'આ સાહસ અંગે કેફિયત'માં નોંધે છે કે, "અમૃતા શેરગિલ માટે મને ભારે ખેંચાણ. નવમા-દસમા ધોરણમાં ભણતી હતી ત્યારે અમારી શાળા 'જીવન ભારતી'ના કલાભવનની લાઈબ્રેરીના એક દળદાર પુસ્તકનાં સુંવાળાં પાનાં પર અમૃતાનાં ચિત્રો પહેલીવાર ધ્યાનથી જોયાં હશે. એ ચિત્રપાટોની મોટી વિષાદગ્રસ્ત આંખોએ ત્યારનો પીછો પકડેલો."[૯] આ વાતને વિગતે સમજાવતા તેઓ જણાંવે છે કે, "અમૃતાને નજીકથી ઓળખવાની અને જોવાની મારી તીવ્ર ઇચ્છાએ જ આ કથા લખવાનું સાહસ મારી પાસે કરાવ્યું છે. એમાં ચિત્રકલા માટેની મારી ચાહના પણ એક કારણ કદાચ હોઈ શકે."[૧૦]

હિમાંશી શેલત પોતે એક ચિત્રકાર જીવ હોવાને નાતે પણ ચિત્રકાર અમૃતા શેરગિલના જીવનરંગોને નવલકથાના માધ્યમથી આલેખવાનો પ્રયાસ કર્યો છે. અમૃતાના જીવનસંવેદનો તથા તેના જીવનસંઘર્ષને કલાત્મક રીતે નવલકથામાં આલેખવા માટે આત્મકથનાત્મક શૈલી પસંદ કરી અને એ રીતે અમૃતાના ચિત્રો અને તેના જીવનના સપ્તરંગી ઈન્દ્રધનુષ્યોની વાત કરતાં-કરતાં આઠમો રંગ - ઉદાસીનો - ભૂખરો રાખોડી રંગ આલેખ્યો. આ નવલકથા લખવા પાછળના સાહસ વિશે રાધેશ્યામ શર્મા પોતાનો મત આપતા માર્સેલ દુચાં નામના ફ્રેન્ચ કળાકારે ચિત્રકૃતિ અને ચિત્રકાર વિશે ૧૯૭૧માં આપેલા નિરીક્ષણને ટાંકે છે, "I think painting dies...After 40 or 50 years a picture dies because its freshness disappears...like the man who painted it. Afterwards it's called the history of art."

"પાંચ-પચાસ વર્ષ પછી કળાકાર અને એની ચિત્રકૃતિઓ વાસી ગણાઈ મરી પરવારે છે અને એને 'કળાના ઈતિહાસ'ની ઓળખપટ્ટી ચોંટી જાય છે! પ્રિય પ્રતિ-રૂપ જેવી અમૃતાને શબ્દાંજલિ અર્પવા, શેરગિલ-સ્મૃતિને તરોતાજા રાખવા લેખિકાએ નવલ લખવાનું સાહસ કર્યું. 'હિસ્ટરી ઓફ આર્ટ' ને બદલે 'હર સ્ટોરી' આલેખી. જીવનનાયિકાના સપ્તરંગી ઈન્દ્રધનુષ્યો ઉપરાંત એક દષ્ટિએ 'આઠમો રંગ' લેખિકાના હૃદયનો ગણી શકાય.(બાકી અમૃતાનો ૮મો રંગ તો ઉદાસીનો-ભૂખરો રાખોડી છે.)"[૧૧] ટૂંકમાં, એક અદનો કલાકાર કાળરૂપી થપેડાના પડ નીચે દબાઈને એક ઈતિહાસ ન બની જાય તેમજ કળાકારની પોતાની પણ કેવી તરહ-તરહની અવસ્થાઓ અર્થાત્ જીવનનો ચઢાવ ઉતાર હોય છે એ આલેખવા માટે પણ લેખિકાએ આ સાહસ કર્યાનું કહી શકાય.

હિમાંશી શેલતે 'ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં' એ બંને લઘુનવલમાં નારી સંવેદનાને કેન્દ્રમાં રાખી છે. તેમણે જુદાં-જુદાં વિષય ધરાવતી આ બંને કથાઓનો એક જ પુસ્તકમાં સમાવેશ કર્યો છે. 'ક્યારીમાં આકાશપુષ્પ' એ લઘુનવલમાં હિમાંશી શેલત નારીને આત્મનિર્ભર કરવાના સ્વપ્નને મૂર્તિમંત કરવાની દિશામાં પ્રયત્નો કરતાં જોવાં મળે છે. સમાજમાં હંમેશા સ્ત્રીને જ શા માટે ભોગવવું પડે? પુરુષને કેમ નહીં ? એ પ્રશ્ન તેમને હંમેશા પીડતો રહ્યો છે. સુખી લગ્નજીવન ભોગવતો પોતાનો પુત્ર અન્ય સ્ત્રીના પ્રેમમાં પડે અને કારણ વગર પોતાની પત્નીનો ત્યાગ કરે છે ત્યારે માનું હૃદય દ્રવી ઉઠે છે. ત્યારે તે મા વહુને વિશ્વાસમાં લઈ પોતાના જ પુત્રને-પુરુષને મહાત કરે છે એ રીતનું આલેખન કર્યું છે.

સામાજિક નિસબત ધરાવતાં હિમાંશી શેલતે વર્ષો સુધી રૂપજીવિનીઓને તેમની નર્ક જેવી દુનિયામાંથી બહાર લાવવા માટે કામ કર્યું છે. તેમણે આ દોજખભરી જિંદગીમાં સબડતી સ્ત્રીઓને જોઈ છે, તેમની પારાવાર વેદનાને અનુભવી છે. તેથી જ આપણાં ગુજરાતી સાહિત્યમાં રેડલાઈટ એરિયા વિશે કે વેશ્યાઓના લાચાર જીવન વિશે જો કોઈએ સચ્ચાઈપૂર્વક લખ્યું હોય તો તે હિમાંશી શેલત છે. હિમાંશી શેલતે તેમની પ્રતિબદ્ધ લઘુનવલ 'કાળાં પતંગિયા'માં રૂપજીવિનીઓ અને તેમના બાળકોના લાચાર, અસહાય છતાં પ્રેમ અને સચ્ચાઈથી તરબોળ જીવનને કલાત્મક રીતે આલેખ્યું છે.

આપણે આગળ જોયું તેમ હિમાંશી શેલત એક સંવેદનશીલ લેખિકા છે. સમાજમાં કેટલીક ઘટનાઓ-બનાવો એવાં બને છે કે જેના કારણે તેમનું સંવેદનશીલ હૃદય હચમચી ઉઠે છે. લાચાર

સ્ત્રીઓ, અનાથ-નિર્દોષ-અસહાય બાળકો અંગે તેઓ સરકારી તંત્ર સાથે સંકલન સાધી તેમને આ નર્કભર્યા જીવનમાંથી ઉગારવાનો પ્રયત્ન કરે છે. પરંતુ ક્યારેક નઘરોળ તંત્ર કે સમાજના બહેરા કાને આવાં કુમળા બાળકો કે લાચાર સ્ત્રીઓની ચીસ સંભળાતી નથી અને અથડાઈને પાછી પડે છે ત્યારે તેમનું મન દ્રવી ઉઠે છે. હિમાંશી શેલતે 'સપ્તધારા' લઘુનવલમાં આવાં ઉપેક્ષિત, પીડિત અને છિન્નભિન્ન બાળકોને કેન્દ્રમાં રાખી તેમની કરુણાસભર ક્રિયા-પ્રતિક્રિયાઓનું આલેખન કર્યું છે. તેમણે શા માટે આ કથા લખી એ અંગે ફોડ પાડતું તેમનું આ નિવેદન તેમના સર્જકકર્મને સમજવા આપણને વધુ ઉપયોગી થશે. તેઓ 'સપ્તધારા'ના પ્રાક્કથનમાં નોંધે છે, "યુદ્ધગ્રસ્ત દેશો અને અશાંતિગ્રસ્ત રાજ્યો, જ્ઞાતિપ્રથાનાં વેરઝેર અને કોમી રમખાણો, ગેરકાનૂની કામો અને માનસિક વિકૃતિઓ, નશાખોરી અને બેકારીએ સર્જેલી કૌટુંબિક સમસ્યાઓ - બધું જ બાળપણને છિન્નભિન્ન કરી નાખે છે. આપણાં અવિચારી અને મૂર્ખતાભર્યાં કાર્યોનાં પરિણામો વેંઢારીને જીવતાં બાળકો કેટલે અંશે મૃત્યુ પામ્યાં છે એ તો સહુ સમય કાઢીને વિચારે તો કદાચ સમજાય.

કાચી વયે જોયેલું-અનુભવેલું ભયાવહ વાતાવરણ કેટલાં બાળકોને તૂટયાં અને તરડાયાં વિનાનાં, આખેઆખાં રાખી શકે ? માનવસર્જિત ઉપદ્રવ અને ઉત્પાત ટાળવાનું, કંઈ નહીં તો એનું દબાણ ઓછું કરવાનો નિર્ણય લેવાનુંયે માણસની જાતને ક્યાં ફાવ્યું છે ? ભોળી આંખોએ દીઠેલાં બળતાં ઘર, ઉછળતી તલવારો, સામુહિક બળાત્કારો, ટોળાનાં બેફામ અત્યાચારો કૂણાં ચિત્તમાં કેવો આતંક ફેલાવી શકે એનો અંદાજ મેળવવામાં કોઠે પડી ગયેલી પીડાની સમજ ઓછી પડવાની. આ વિષય શાસ્ત્રીય ચર્ચા અને આંકડાની ગૂંચગરબડ કરતાં ઊંડી કરુણા અને વ્યાપક સંવેદનાનો છે...આઘાતથી મૂઢ બનેલાં બાળકોની કથા વાર્તારૂપે વેરવિખેર રહી જતી હોય એમ લાગતાં પ્રસ્તુત નવલકથાનું સાહસ કર્યું છે."[૧૨]

હિમાંશી શેલતની આ ચારેય નવલકથા / લઘુનવલમાં સમાજના સાચુકલાં પાત્રો, પ્રસંગો અને ઘટનાઓ કલાત્મક રીતે આલેખાયાં છે. તેમની એ ખૂબી છે કે તેમણે આલેખેલાં પાત્રો અને તેમનો જીવનસંઘર્ષ ભાવકને અજંપ કરી મૂકે છે. અહીં તેમની 'આઠમો રંગ', 'ક્યારીમાં આકાશપુષ્પ', 'કાળાં પતંગિયા' અને 'સપ્તધારા' એ ચારેય નવલકથા / લઘુનવલમાં આલેખાયેલ વિષય અને ઘટકોનો વિસ્તારથી અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે.

૩.૩.૧. 'આઠમો રંગ'

"અહીં એક વેગીલું, બે કાંઠે છલોછલ વહેતું જીવન છે, એક વિવાદાસ્પદ, ઉન્મુક્ત જીવનશૈલી છે, નીતિનિરપેક્ષ, પણ તંતોતંત પ્રામાણિક. આ એક એવી સ્ત્રીની કથા છે જે પોતાની શરત અનુસાર, ક્યાંયે બાંધછોડ કર્યા વિના જીવવાની હઠ પકડીને, ટટ્ટાર ઊભી રહી. એ હજી જીવે જ છે, એનાં ચિત્રપાત્રોની મોટી, વિષાદગ્રસ્ત આંખોમાં, એ ઉદાસ, થાકેલા ચહેરાઓમાં અને એ વિલક્ષણ રંગસંયોજનમાં."[૧૩]

અમૃતા શેરગિલના જીવન પર આધારિત 'આઠમો રંગ'એ હિમાંશી શેલતની પ્રથમ નવલકથા છે. ૨૦૦૧માં લખાયેલ આ નવલકથામાં જાણીતાં ચિત્રકાર અને ભારતીય આધુનિક ચિત્રકળા ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનાર અમૃતા શેરગિલનું જીવન અને કાર્ય આલેખાયું છે. માત્ર ૨૯ વર્ષનું ટૂંકું આયુષ્ય ભોગવનાર 'એક પ્રતિભાસંપન્ન, મેધાવી, જીવનરસથી તરબતર, પારદર્શક, સ્પષ્ટવક્તા અને વિદ્રોહી નારી'ના જીવનચરિત્રને આધારે નવલકથા આલેખી હિમાંશી શેલતે એક નૂતન સાહસ કર્યું છે. હિમાંશી શેલત તેમણે કરેલા આ સાહસ વિશે આ નવલકથાના આમુખ 'આ સાહસ અંગે કેફિયત'માં નોંધે છે, "અમૃતા શેરગિલ માટે મને ભારે ખેંચાણ, નવમા-દસમા ધોરણમાં ભણતી હતી ત્યારે અમારી શાળા 'જીવન ભારતી'ના કલાભવનની લાઈબ્રેરીના એક દળદાર પુસ્તકનાં સુવાળાં પાનાં પર અમૃતાનાં ચિત્રો પહેલીવાર ધ્યાનથી જોયાં હશે. એ ચિત્રપાટોની મોટી વિષાદગ્રસ્ત આંખોએ ત્યારનો પીછો પકડેલો."[૧૪] તેઓ આગળ નોંધે છે, "અમૃતાને નજીકથી ઓળખવાની અને જોવાની મારી તીવ્ર ઈચ્છાએ જ આ કથા લખાવવાનું સાહસ મારી પાસે કરાવ્યું છે. એમાં ચિત્રકલા માટેની મારી ચાહના પણ એક કારણ કદાચ હોઈ શકે."[૧૫]

શીખ પિતા ઉમરાવસિંહ અને હંગેરિયન માતા મારીએ આન્તોઈનેત્તેની સુપુત્રી અમૃતા શેરગિલ પ્રત્યે બાળપણથી જ થયેલું આકર્ષણ, અમૃતાના પાત્રની ભીતર જવાની તીવ્ર મથામણ અને પોતે ચિત્રકળાના એક શોખીન હોવાને નાતે હિમાંશી શેલતે નવલકથાના માધ્યમથી અમૃતાનું શેલ્ફ પોર્ટ્રેઈટ આલેખવાનું સાહસ કર્યું છે. વળી, આગવું વ્યક્તિત્ત્વ ધરાવતા અને સ્વતંત્ર રીતે જીવન જીવવાના આગ્રહી અમૃતાના પાત્રનું સમગ્રલક્ષી આલેખન થાય એ હેતુથી આ નવલકથાની રચના આત્મકથનાત્મક શૈલીમાં કરી છે. આ પ્રકરણમાં 'આઠમો રંગ' નવલકથાનો વિષય અને સ્વરૂપ એમ ઉભય દ્દષ્ટિએ અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે.

૩.૩.૧.૧. 'આઠમો રંગ'માં વિષય આલેખન:

'આઠમો રંગ'એ અમૃતાના જીવન પર આધારિત નવલકથા હોવાને કારણે તેના કેન્દ્રમાં અમૃતા શેરગિલ જ હોય એ સ્વાભાવિક છે. અહીં અમૃતાના જીવનમાં બનેલી જુદી-જુદી ઘટનાઓ, બનાવો અને પ્રસંગો આલેખાયા છે. જેમાં અમૃતાનું બાળપણ, કુટુંબ, મિત્ર વર્તુળ, અમૃતાનું વ્યક્તિત્ત્વ, ભારત-હંગેરીનો પ્રવાસ, વિવિધ-પ્રખ્યાત સ્થળોની મુલાકાત, ચિત્રો, પ્રદર્શનો, ચિત્રકારો-વિવેચકો અને પ્રખ્યાત વ્યક્તિઓ સાથેની મુલાકાત, અમૃતાના જીવનમાં વ્યાપેલ અશાંતિ-ઉદ્વેગ-હતાશા ઉપરાંત તેમના અંગત અનુભવો અને માંદગીના સમયની અંતિમ ક્ષણો આલેખાઈ છે.

માત્ર ૨૯ વર્ષની ટૂંકી વયે અવસાન પામનાર **અમૃતાનો જન્મ, બાળપણ અને તેના માતા-પિતા વિશે** જોઈએ તો...હંગેરિયન માતા મારીએ આન્તોઈનેત્તે અને ભારતીય-શીખ પિતા ઉમરાવસિંહને ત્યાં અમૃતાનો જન્મ ૧૯૧૩માં હંગેરીના બુડાપેસ્ટ શહેરમાં થયો હતો. અમૃતાના જન્મ દિવસનું સુંદર વર્ણન નવલકથામાં આ રીતે થયું છે, "અરે, તે દહાડે તો કંઈ બરફ, કંઈ બરફ...એક તો જાન્યુઆરી મહિનો ને વળી એ સાલ ઠંડીયે કંઈક વધારે પડેલી. નદી તો સાવ થીજી ગયેલી, બરફની પાટ જ જોઈ લો, ચલાય એવી ઠરીને રહેલી! અને નદી તરફથી જે પવન ફૂંકાય એ તો એવો કાતિલ કે બારીક વાળ જેટલી ફાટમાંથી ઘરમાં દાખલ થાય એમાંયે થથરાવી કાઢે, વીંધી નાખે આરપાર...આ બુડાની પર્વતહાર તો આખેઆખી બરફની ઢગલીઓ...ગલીઓમાં ઢીંચણપૂર બરફ, બધુંયે ધોળું ધબ્બ અને તે પર સતત ઝરમર ઝરમર બરફ..."[૧૬] આવાં ભરશિયાળાના બરફછાયા રમણીય દિવસે જન્મનાર અમૃતાને મન આ સ્થળ પરીઓના દેશથી ઓછું નહોતું. અમૃતાનું બાળપણ ડેન્યુબ નદીના કિનારે આવેલા રમણીય શહેર બુડાપેસ્ટમાં વીત્યું. આ બુડાપેસ્ટ એટલે સપનામાં અને પરીકથાઓમાં જ સંભવી શકે એવા સુંદર કિલ્લાઓ, પવનચક્કીઓ, બતકના ટોળેટોળાંથી કલબલતાં તળાવો તેમજ સુંદર ભરતકામ અને રંગોવાળા લાંબા કોટથી સજેલા ખેડૂતોના મનોરમ દૃશ્યથી હર્યુંભર્યું સ્થળ.

અમૃતામાં બાળપણથી જ સાહિત્ય અને કલા પ્રત્યેની રુચિ દૃઢ થઈ હતી. અમૃતાની માતા દરરોજ રંગીન ચિત્રોવાળી ઢગલો ચોપડીઓ લઈને બેસતા અને અમૃતા તેમજ તેમની બહેન ઈન્દુ-એ બંનેને પરીકથાઓ સંભળાવતાં. જેને સાંભળતા-સાંભળતાં તેઓ બંને ગજબના તરંગનો અનુભવ કરતાં અને જાણે પરીઓની રાણીની જેમ રંગબેરંગી ફૂલોમાં અને ફૂલવેલના હીંચકા પર લહેરતાં.

આમ, બાળપણથી જ એક તરફ અવનવી કથા સાંભળતાં તો બીજી તરફ અવનવા રંગીન ચિત્રોમાં ખોવાઈ જતાં. અમૃતા બાળપણથી જ પોતાના રમવાના રમકડા પરથી ચિત્રો બનાવતાં. ઢીંગલીઓ, બતક અને એનાં બચ્ચાં, રીંછ, કૂતરાઓ વગેરેને એક હરોળમાં ગોઠવી તેમનાં જેવા ચિત્રો બનાવવાનો પ્રયત્ન કરતાં. અમૃતાનો આ ચિત્રશોખ પૂરો કરવા માટે તેની માતા રંગીન પેન્સિલ અને કાગળનો મોટો જથ્થો લાવી આપતાં. વળી રાત્રે તેમનાં મમ્મી વાર્તાઓ કહેતાં તો અમૃતા એ પરથી ચિત્રો બનાવતાં. આમ, અમૃતાના ચિત્રશોખને પોષવામાં તેમની માતાનો અનન્ય ફાળો ગણી શકાય.

અમૃતાની માતા - મારીએ આન્તોઈનેત્તે એક શ્રીમંત કુટુંબની કન્યા હતાં, જેમનો ઠાઠમાઠ રાજકન્યાથી ઓછો નહોતો. તેમનાં નાના લૂઈ ગોત્તીસમાન એક વીમાકંપનીમાં કામ કરતા હતા, તો તેમનાં વડનાના ઓસ્ટ્રિયન અશ્વદળમાં અફસર. વળી, ખૂબજ રૂપાળાં અને રસિક એવાં અમૃતાના નાનીએ એ જમાનામાં સંગીતનું સારું એવું જ્ઞાન મેળવ્યું હતું. તેમને પિયાનો વગાડવાનો, મુક્તકંઠે ગાવાનો અને નવાંનવાં સ્થળો જોવાનો ગાંડો શોખ હતો. અમૃતાના નાનીમાએ જ તેમની મમ્મીને ગાનવાદનનું શિક્ષણ આપેલું. ગાયિકા બની જાહેર કાર્યક્રમો આપવાની હોંશ પૂરી કરવા માટે પુત્રી- મારીએ આન્તોઈનેત્તેને ઠેઠ રોમ મોકલીને જાણીતા સંગીતજ્ઞો પાસેથી સંગીતશિક્ષણની તાલીમ લેવડાવી હતી. ટૂંકમાં, અમૃતામાં સંગીતનો પ્રભાવ તેની મમ્મી તરફથી તો પુસ્તક / સાહિત્ય પ્રેમ તેમનાં પિતા પાસેથી વારસામાં મળ્યો હતો.

અમૃતાના પિતાને ફિલસૂફી અને સાહિત્ય પ્રત્યે ઊંડો લગાવ હતો. તેઓ સંસ્કૃત, પર્શિયન અને ઉર્દૂના વિદ્વાન હતા. નિયમિત યોગાસન, કુદરતી સંગીતને માણવું, ફોટોગ્રાફી કરવી અને આકાશદર્શન કરવું એ તેમની મનગમતી પ્રવૃત્તિઓ હતી. તોલ્સ્તોય તેમના પ્રિય લેખક હતા. તોલ્સ્તોય પ્રત્યેના અતિપ્રેમને કારણે તેઓ તેમના જેવા વસ્ત્રો પહેરતા અને માંસાહાર અને દારૂ છોડીને તેમના જેવું જીવન જીવવાનો પ્રયત્ન કરતા. આવા સાહિત્યપ્રેમી પિતા પાસેથી અમૃતાને સાહિત્ય / વાંચનશોખ મળ્યો. જોકે પિતાને તોલ્સ્તોય ગમતા તો અમૃતાને દોસ્તોયેવસ્કી, છતાં પિતા સાથે જુદાંજુદાં વિષયો પર ચર્ચા કરવાની તેમને ખૂબજ મજા આવતી. આ રીતે, અમૃતાને માતા પાસેથી સંગીતકલા તો પિતા પાસેથી સાહિત્યકલા વારસામાં મળી હતી.

અમૃતાનું મોટાભાગનું બાળપણ બુડાપેસ્ટમાં પસાર થયું, તો બાળપણનો કેટલોક સમય તેમણે ભારતમાં પણ ગાળ્યો. અમૃતા લગભગ ૧૬ વર્ષની ઉંમરે કળાનો અભ્યાસ કરવા કળાશિક્ષણ

માટે ઉત્તમ એવા પેરિસ શહેરમાં જાય છે. આમ, અમૃતા હંગેરી-બુડાપેસ્ટ, ભારત અને પેરિસ એમ દુનિયાના જુદાં-જુદાં સ્થળોએ પોતાનું બાળપણ વિતાવે છે. અમૃતાના મનમાં બાળપણથી જ ભારતીય ચિત્રકલા પ્રત્યે વિશેષ લગાવ જોવા મળે છે, એ વિશે જ્યોતિ ભટ્ટ પોતાના 'આઠમો રંગ અને ચિત્રકાર અમૃતા શેરગિલ' નામના લેખમાં નોંધે છે કે, "બાલ્યાવસ્થા દરમિયાન ગળથૂથીમાં મેળવેલા પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવને પેરિસના અભ્યાસકાળનાં પાંચ વર્ષ દરમ્યાન મળેલા પોષણના પરિણામે થયેલા બૌદ્ધિક ઘડતર અને તત્કાલીન આધુનિક કળા પરંપરાઓનો નિકટનો પરિચય, પ્રભાવ અને ઊંડો અભ્યાસ હોવા છતાં ભારતીય કળા તરફ સન્માનની ભાવના સાથે કોઈ અજબ ખેંચાણ તે અનુભવવા લાગેલાં."[૧૭]

સ્વતંત્રપણે જીવન જીવવાના આગ્રહી અમૃતાનું નવલકથામાં આગવું **વ્યક્તિત્ત્વ** આલેખાયું છે. 'એક પ્રતિભાસંપન્ન, મેધાવી, જીવનરસથી તરબતર, પારદર્શક, સ્પષ્ટવક્તા અને વિદ્રોહી નારી'[૧૮] તરીકે પ્રખ્યાત અમૃતા પોતાના વિચારો સાથે સાચે જ મક્કમતાથી વળગી રહેતાં હતાં. જેમકે - અમૃતાના વર્તનથી સંપૂર્ણ પરિચિત તેના પિતા શરૂઆતમાં તેને ભારત મોકલવાની ના પાડે છે. તેઓ ઈચ્છતા હતા કે અમૃતા કળાભ્યાસ પૂર્ણ કર્યા પછી પણ યુરોપમાં જ રહે. સ્વતંત્ર વિચારસરણી ધરાવતાં અને કોઈપણ પ્રકારના બંધનનો બેધડકપણે વિરોધ કરતાં અમૃતા પોતાના પિતાના આ પ્રકારના અભિગમથી નારાજ થાય છે, અમૃતા કોઈ રીતે માનતાં નથી અને ભારત જઈને જ જંપે છે.

અમૃતા પશ્ચિમના ઉન્મુક્ત વાતાવરણમાં તેમજ મોભાદાર પરિવારમાં જન્મેલી યુવતી હોવાથી સ્ત્રી-પુરુષના સંબંધ વિશે પોતાનો એક અલાયદો મત ધરાવે છે. અને એ કારણે જ ૧૭-૧૮ વર્ષની ઉંમરે જ યુસુફ નામના યુવાન સાથેના સંબંધથી ગર્ભવતી થાય છે અને એનું પરિણામ ગર્ભપાત સુધી પહોંચે છે. આ ઉપરાંત અમૃતા લગભગ પુરુષ જેવી, કપડાંયે એવાં અને પુરુષના જેવો જ ઠીકઠીક ભારે અવાજ ધરાવતી - એડીથ નામની યુવતી પ્રત્યે પણ આકર્ષાય છે, અને એ સંબંધ પણ થોડા મહિનાઓ સુધી ગાઢ રીતે આકાર પામે છે. અમૃતા એક સ્વતંત્ર મિજાજ ધરાવતી યુવતી હોવાથી તે ગમે તે પુરુષ સાથે મૈત્રી કેળવી લે છે. અમૃતાને કલાવિવેચક કાર્લ ખંડાલાવાલા અને માલ્કમ મગરિજ જેવા પુરુષો સાથે પણ મૈત્રી સંબંધ કેળવાય છે. અમૃતાના આ પ્રકારના વ્યક્તિત્ત્વને સ્પષ્ટ કરતા મોહન પરમાર નોંધે છે, "ચિત્રકળા નિમિત્તે અને સ્વતંત્ર મિજાજને લીધે તજજન્ય રચાતી પરિસ્થિતિઓ અમૃતાના વ્યક્તિત્ત્વની રેખાઓને વધુને વધુ સુરેખ બનાવે છે.

જીવન પ્રત્યે એમના એવા કોઈ દુરાગ્રહો પણ નથી કે જે એમના વ્યક્તિત્ત્વને ઝાંખપ આપે. માનવસહજ નબળાઈઓના લીધે જે કાંઈ બને છે, તે સાહજિક છે. જગતના દૂરિતો પ્રત્યે નાયિકાને છોછ નથી. સ્વતંત્રપણે જે કાંઈ બને તે કથાનાયિકાની માનસિક સ્થિતિને જ વધુ સુસ્પષ્ટ કરે છે."[૧૯]

તો નીલિમા શેખ અમૃતા શેરગિલના વ્યક્તિત્ત્વના મહત્ત્વના પાસાંને ઉજાગર કરતા કહે છે કે, "શેરગિલનો સુંદર પ્રત્યેનો અનુરાગ પ્રગલ્ભ અને નિર્બંધ કોટિનો છે. સ્વયં પોતાના અનંગરાગને અને કળામાં પ્રગટતાં ઇન્દ્રિયાનુરાગી તત્ત્વોના પ્રાબલ્યને એ ભાગીદાર રૂપે જુએ છે. એ (અમૃતા) કહે છે કે, મારું માનવું છે કે સઘળી કળા - ધાર્મિક કળા પણ એમાંથી બાદ નથી રહી - ઇન્દ્રિયવિલાસને કારણે જ અસ્તિત્ત્વમાં આવી છે...આકારનું સૌંદર્ય, એની ઉત્કટતા કે રંગની સૂક્ષ્મતા, રેખાઓના લયની ગુણવત્તા - આવાં આ તત્ત્વોને ઇન્દ્રિયવિલાસી બન્યા વગર માણી જ શી રીતે શકાય?"[૨૦]

અમૃતા ભલે સ્વતંત્ર વિચારસરણી ધરાવતાં હતાં, ભલે તેમનાં પર પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ વર્તાતો હતો કે તેઓ વિદ્રોહી સ્વભાવ ધરાવતાં હતાં પરંતુ તેમનામાં એક શાલીન અને લાગણીશીલ પુત્રી તરીકેનો સ્વભાવ જીવિત હતો. આ વિશે મોહન પરમાર નોંધે છે, "નાયિકા ભલે પરંપરાભંજક રહી, પણ કુટુંબીજનો કે સગા-સંબંધીઓ જોડે એની લાગણી કાયમ - સ્નેહાળ રહી છે. પાપા-મમ્માની નાયિકા પ્રત્યે નાખુશી-નારાજગી હોવા છતાં કથાનાયિકા પાપા-મમ્માને પોતાની સાથે લાહોરના ઘરમાં રહેવા આવવા પત્ર લખે છે. આ સંદર્ભે નાયિકાની અભિવ્યક્તિ જોવા જેવી છે : બંને જણે મને ખૂબ સાચવી છે, મારી બધી હઠ પૂરી કરી છે. હવે એમની પાસે કશી અપેક્ષા જ ન હોય. મારે તો એ બંનેને મારી સાથે ખુશખુશાલ જોવાં છે."[૨૧]

અમૃતાને જીવનમાં એવાં ઘણાં **મહાન વ્યક્તિઓ સાથે પરિચય** થયો કે જેમનો અમૃતાના જીવન ઘડતરમાં, તેમનાં વ્યક્તિત્ત્વને નિખારવામાં અને તેમની કારકિર્દી ઘડતરમાં અમૂલ્ય ફાળો ગણી શકાય. નવલકથામાં જે કેટલાક મહત્ત્વના વ્યક્તિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાં મુખ્યત્ત્વે જવાહરલાલ નહેરુ, સરોજિની નાયડુ, કલાગુરુ પ્રૉફેસર સિમોં, કાર્લ ખંડાલાવાલા, માર્ગરિટ ગાસ્પેર, વરદા ઉકીલ, વૉલ્ટર કોલીન્સ, માલ્કમ મગરીજ અને હેલન ચમનલાલ વગેરેનો સમાવેશ થાય છે. અમૃતાનો જવાહરલાલ નહેરુ સાથે પ્રથમવાર પરિચય દિલ્હીની ઇમ્પિરિયલ હોટેલમાં ગોઠવેલ ચિત્રપ્રદર્શનમાં થાય છે. ચિત્રકલા પોતાનો વિષય ન હોવા છતાં નહેરુનું પોતાના વ્યસ્ત કાર્યક્રમોમાંથી પણ સમય કાઢીને પ્રદર્શનમાં આવવું એ અમૃતાને સ્વપ્ન જેવું લાગે છે. તેમણે

અમૃતાના દરેક ચિત્રને ધ્યાનથી જોયું અને તેની પ્રસંશા કરતા બોલ્યા હતાઃ 'ધેર ઈઝ લાઈફ ઈન યોર પેઈન્ટિંગ્ઝ'. આવા પ્રથમ પરિચયથી જ અમૃતા તેમના વ્યક્તિત્ત્વથી અભિભૂત થાય છે. અમૃતા એ વિશે કહે છેઃ "એમની સ્ફૂર્તિ, એમનો ઓજસ્વી ચહેરો અને બુદ્ધિના ચમકારાવાળી આંખો - બધું ગમી જાય એવું. એમણે મારી સાથે એવા તો મૈત્રીભાવથી વાતચીત કરી કે મને એવું લાગ્યું જ નહિ કે આ અમારી પ્રથમ મુલાકાત છે. મારાં ચિત્રો એમને ગમ્યાં, ન ગમ્યાં હોત તોયે મને એમના વ્યક્તિત્ત્વમાં જે રસ પડયો તેની માત્રામાં કશો જ ઘટાડો ન થાત."[૨૨] પોતાને મળેલ ઉચ્ચ સ્થાનનો અને સતત મળતા મહત્ત્વનો બોજો ખંખેરી શકે એવા નહેરુજીના ઉત્સાહિત અને સરળ વ્યક્તિત્ત્વથી પ્રભાવિત અમૃતા અને નહેરુ વચ્ચે પત્રવ્યવહાર થાય છે. પ્રસંગોપાત એકવાર નહેરુ અમૃતાને પોતાની આત્મકથા પણ મોકલે છે. અમૃતાની નહેરુ સાથે બીજીવાર મુલાકાત લાહોરમાં થાય છે. આ વખતે પણ રાજકીય કામકાજનું પુષ્કળ ભારણ હોવા છતાં અમૃતાને મુલાકાતનો સમય આપે છે. પહેલાની જેમ જ આ વખતે પણ અમૃતા નહેરુની ઉત્સાહથી વાતો કરવાની શૈલી અને તરવરાટથી અભિભૂત થાય છે. નહેરુ સાથે અમૃતાની ત્રીજી મુલાકાત સરાયામાં થાય છે. આમ, નહેરુ સાથેની દરેક મુલાકાતોથી અમૃતામાં એક નવા જોમ-જુસ્સાનો ઉમેરો થાય છે. અમૃતાને જીવનમાં મળેલી બીજી કોઈ મહત્ત્વની વ્યક્તિ હોય તો તે છે સરોજિની નાયડુ. અમૃતાની સરોજિની નાયડુ સાથેની મુલાકાત હૈદરાબાદના ચિત્રપ્રદર્શનમાં થાય છે, જેને અમૃતા એક મહત્ત્વની ઘટના ગણે છે. તે કહે છે, "સરોજિનીજીનું વ્યક્તિત્ત્વ પસંદ પડી જાય તેવું છે. પાતળી કિનારવાળી પતખીરિયા રંગની સાડીમાં જાજરમાન દેખાતાં હતાં. આડા હોળેલા વાળમાં કાન ઢંકાઈ ગયેલા. બોલચાલમાં રમૂજની છાંટ અને એક આકર્ષક છટા. મને જે પ્રખરતા સ્ત્રીઓનાં વ્યક્તિત્ત્વમાં ખાસ ગમે છે તે એમનામાં છલકાતી જોઈ. અફસોસ રહી ગયો કે એમની સાથે ઓછો વખત મળ્યો અને ફરી મળી શકાયું નહિ."[૨૩]

કન્યાકુમારીમાં જેમને મળી શકાતું હતું એવા મહાત્મા ગાંધીનો પણ નવલકથામાં ઉલ્લેખ છે. ભલા વૃદ્ધને પરેશાન કરવાનું યોગ્ય ન લાગતા 'ભવિષ્યમાં ક્યારેક મેળ પડશે ત્યારે એમને મળવા જઈશ' એવું નક્કી કરી અમૃતા તેમને મળવાનું મુલતવી રાખે છે. આ ઉપરાંત જેમની સૂઝસમજ માટે અમૃતાને આદર છે એવા મિત્ર અને કલાવિવેચક કાર્લ ખંડાલાવાલાનો અમૃતાની કારકિર્દીનું ઘડતર કરવામાં મહત્ત્વનો ફાળો છે. અન્ય કલાવિવેચકો દ્વારા પોતાના કામની યોગ્ય કદર ન થાય ત્યારે અમૃતા નાસીપાસ થતાં અને પોતાના વિચારો પત્ર દ્વારા તેમની સમક્ષ પ્રગટ કરતાં. કાર્લ

ખંડાલાવાલા પોતાનું કામ ગંભીરતાપૂર્વક અમે નિષ્ઠાથી કરતા, તેઓ ક્યારેય ઉભડક મંતવ્યો કે ઉતાવળિયા વિધાનો કરતા નથી, અને તેથી જ અમૃતા તેમને એક સાચા મિત્રના રૂપમાં જોતાં. જ્યારે-જ્યારે પણ અમૃતાને પોતાના ચિત્રો વિષયક મંતવ્યની કે સહારાની જરૂર પડતી ત્યારે તે હાજર થઈ જતા. અન્ય વ્યક્તિઓમાં જાણીતા પોસ્ટ ઇમ્પ્રેશનિસ્ટ કલાગુરુ પ્રોફેસર સિમોંનો અમૃતાના કલાશિક્ષણમાં ખૂબ જ મહત્ત્વનો ફાળો ગણાય. પેરીસની નેશનલ સ્કૂલ ઓફ ફાઈન આર્ટ્સમાં ભણાવતા આ પ્રોફેસરે અમૃતાને કોઈપણ પ્રકારના દબાણ કે આગ્રહ વિના રંગોની કેવીરીતે પસંદગી કરવી, કયા રંગનો ઉપયોગ ક્યાં કરવો તેવું ખૂબ જ સહેલાઈથી શીખવતા. ઉપરાંત ટેકનિકની જરૂરી જાણકારી અને દરેક વિદ્યાર્થીની મૌલીક પ્રતિભા વિકસે એ તરફ જ વધુ ધ્યાન આપનાર આ કલાગુરુ પાસેથી અમૃતા કલાજીવનના ઘણા અગત્યના પાઠ શીખે છે. આ ઉપરાંત અમૃતાને બાળપણમાં જ રંગો પ્રત્યે સંમોહીત કરનાર - મનોવિજ્ઞાનના નિષ્ણાત એવા ડૉ. ઉઇહેયી, બાળપણમાં અમૃતાને ચિત્રકલા શિખવનાર - લંડનની આર્ટ સ્કૂલમાં ભણાવતા ચિત્રકાર પેટમાન, અમૃતાને લખવા માટે પ્રેરતાં લેખિકા માર્ગરિટ ગાસ્પેર, અમૃતાના ચિત્રોનાં ઉત્તમ લક્ષણોને ઓળખનાર પ્રથમ ભાવક અને પ્રશંસક એવા મિત્ર-વરદા ઉકીલ, ઈંગ્લેન્ડથી આવેલ અને સિમલાથી જ 'સ્ટેટસમેન' માટે પત્રો મોકલતા પત્રકાર માલ્કમ મગરીજ, જીવન-કલા-સાહિત્ય-તત્ત્વજ્ઞાન-પ્રકૃતિ-પશુપંખીઓ અને ઇતિહાસમાં ઊંડો રસ અને જાણકારી ધરાવનાર-પ્રતિભાસંપન્ન અને પરિપક્વ એવા વૉલ્ટર કોલીન્સ, ચિત્રકલામાં અમૃતાને યોગ્ય માર્ગદર્શન અને મુશ્કેલીના સમયમાં સધિયારો આપનાર ચિત્રકાર મિત્ર હેલન ચમનલાલ જેવાં ઘણાં મહાન વ્યક્તિઓ સાથે પરિચય થયો કે જેમનો અમૃતાના જીવન ઘડતરમાં, તેમનાં વ્યક્તિત્ત્વને નિખારવામાં અને તેમની કારકિર્દી ઘડતરમાં અમૂલ્ય ફાળો ગણી શકાય.

અમૃતા એક ચિત્રકાર હોવાથી નવલકથાનો મોટો ભાગ **તેમણે મેળવેલ કલાશિક્ષણ, તેમણે બનાવેલા ચિત્રો, ચિત્રપ્રદર્શન દરમ્યાન થયેલા અનુભવો, તેમને મળેલ પુરસ્કારો, વિવેચકોના મંતવ્યો અને ચિત્રોને લગતી વિવિધ ઘટનાઓ**ના આલેખનમાં રોકાય છે. અમૃતા છ-સાત વર્ષનાં હતાં ત્યારે નાતાલની ઉજવણી વખતે મહેમાન તરીકે આવેલા મનોવિજ્ઞાનના નિષ્ણાત ડૉ. ઉઇહેયીએ કરેલા હિપ્નોસિસના પ્રયોગમાં અમૃતાને એક અદ્‌ભૂત અનુભવ થયો હતો, તેમને થયું હતું કે, "મારી આંખ સામે રંગોનાં વર્તુળો રચાય અને અદશ્ય થાય...કેલિડોસ્કોપમાં થાય તે જ રીતે..."[૨૪] આ રીતે અમૃતા બાળપણથી જ રંગો પ્રત્યે સંમોહિત થઈ જાય છે. અમૃતા બાળપણમાં-

લગભગ આઠ વર્ષની ઉંમરે એક ચિત્રશિક્ષક - મેજર વ્હીટમાર્શ પાસે ચિત્રો શિખવાની શરૂઆત કરે છે પરંતુ અમૃતાને તેમની પાસે જરીકે ન ફાવ્યું. કારણ આપતા કહે છે, "એમના ભારે અને ખરબચડા અવાજે એ મને સતત એક સલાહ આપ્યા કરતાઃ 'સામેનો પદાર્થ બરાબર જુઓ અને પછી એ જેવો છે તેવો કાગળ પર આવવા દો...'[૨૫] આખરે તેમની ભણાવવાની રીત ન ગમતા અમૃતા તેમની પાસે ભણવાનું છોડી દે છે. થોડા સમય બાદ અમૃતા લંડનની આર્ટ સ્કૂલમાં ભણાવતા ડૉ.પૅટમાન પાસે ચિત્રકલાની ખાસ પદ્ધતિથી ચિત્રો શિખવાની શરૂઆત કરે છે. ત્યારપછી સોળ વર્ષની ઉંમરે અમૃતા પેરિસની 'નેશનલ સ્કૂલ ઑફ ફાઈન આર્ટ્સ'માં દાખલ થાય છે અને જાણીતા પ્રૉફેસર સિમોં પાસે છ વર્ષના કળાભ્યાસ દરમિયાન 'એકેડેમિક સ્ટાઈલ' પર ખૂબ જ સારી ફાવટ મેળવી લે છે. તેના પરિણામ સ્વરૂપે જે ચિત્ર દોરવા પાછળ ઓછામાં ઓછા વીસ વર્ષના અભ્યાસની જરૂર લાગે, તે ઈનામ વિજેતા ચિત્ર 'યંગ ગર્લ્સ'ને અમૃતાએ આટલા ટૂંકા સમયમાં કરી દેખાડયું હતું. પરંતુ અમૃતાને તો આ કરતા કંઈક ચડિયાતું કરવું હતું ! એને પોતાની શૈલી શોધવી હતી અને તે માટે તે ભારત આવે છે. હંગેરી-બુડાપેસ્ટમાં વિતાવેલું બાળપણ, પેરિસમાં અભ્યાસકાળમાં ગાળેલાં છ વર્ષ અને ગળથૂંથીમાંથી મળેલ પાશ્ચાત્ય સંસ્કૃતિનો પ્રભાવ - જેવાં મજબૂત પાસાં હોવા છતાં અમૃતા ભારતીય ચિત્રકલા પ્રત્યે અજબ આકર્ષણ અનુભવે છે. અજંતા-ઈલોરાની ગુફામાંના ચિત્રો જોઈને અમૃતા અભિભૂત થાય છે. તેમને લાગે છે કે, 'ભારતીય ચિત્રકલાના સર્વોત્તમ અંશોનો પરિચય અજંતાના ગુફાચિત્રો જોયા વિના ન મળે.'[૨૬] જોકે ભારતમાં આધુનિક કહેવાતી બંગાળ ચિત્રશૈલીથી અમૃતા નારાજ થાય છે. તેમનાં મતે "બંગાળ ચિત્રશૈલીનું બાહ્ય આવરણ અજંતા ઢબનું છે છતાં એમાં અજંતાનું સત્ત્વ નથી. એમાં ફોતરું અજંતાનું ખરું, પણ અંદર પોલાણ, ખાલીખમ! જો પેલાં સપાટી પરનાં રૂમણાંઝૂમણાં લઈ લો તો બંગાળ ચિત્રશૈલીમાં બાકી કશું જ નહિ રહે..."[૨૭] અને આખરે ગૃહીતોને પડકારવાનું જોખમ લઈને અને પોતાની પ્રશસ્તિની પરવા કર્યા વગર અમૃતા પોતાની શરતોએ કામ કરવાની શરૂઆત કરે છે. અમૃતાએ ભારતમાં આવ્યા પછી 'બ્રહ્મચારીઓ', 'સાઉથ ઈન્ડિયન વિલેજર્સ', 'લિટલ અનટચેબલ્સ', 'ઈન ધ લેડીઝ એન્ક્લોઝર', 'પાણીમાં ન્હાતા હાથીઓ' અને 'બ્રાઈડલ ટૉયલેટ' વગેરે જેવા અનેક સુંદર ચિત્રો બનાવ્યા હતા. આ બધા ચિત્રોને કારણે અમૃતાને પ્રસિદ્ધિ પણ ખૂબ મળે છે. અમૃતાના ચિત્રોના હૈદરાબાદ, ત્રિવેન્દ્રમ્, કન્યાકુમારી, અલાહાબાદ, દિલ્હી અને લાહોર જેવા અનેક સ્થળોએ ચિત્રપ્રદર્શનો યોજાય છે, સમાચારપત્રોમાં ચિત્રો વિશેની નોંધ લેવાય છે, તો અલાહાબાદના કિતાબિસ્તાન તરફથી પુસ્તક

લખવા માટે નિમંત્રણ પણ મળે છે. ૧૯૩૨માં અમૃતાને તેમના 'યંગ ગર્લ્સ' ચિત્ર માટે મોટી પ્રસિદ્ધિ મળી, તેમને 'ગ્રાન્ડ સલોં'ના સુવર્ણચંદ્રકથી પુરસ્કૃત કરવામાં આવે છે. 'સિમલા ફાઇન આર્ટ્સ સોસાયટી' દ્વારા 'યંગ ગર્લ્સ' ચિત્રને પારિતોષિક અપાય છે. તો દિલ્હીમાં 'ઓલ ઇન્ડિયા ફાઇન આર્ટ સોસાયટી' દ્વારા ભરાયેલ ચિત્રપ્રદર્શનમાં તેમનાં સેલ્ફ-પોર્ટ્રેઇટને બે ઇનામ મળે છે. લાહોરમાં યોજાયેલ તેમના ચિત્રપ્રદર્શનના પરિણામે 'પંજાબ યુનિવર્સિટીના વિદ્યાર્થીસંઘ' દ્વારા પ્રવચન માટે નિમંત્રણ મોકલાય છે. તો બીજું, 'પંજાબ મોશન પિક્ચર્સ એકેડેમી'નું હિન્દી ફિલ્મો ઉપર બોલવા માટેનું નિમંત્રણ મળે છે. આ ઉપરાંત દિલ્હીની 'ઓલ ઇન્ડિયા ફાઇન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ સોસાયટી' દ્વારા અમૃતાના એક ચિત્રને ચંદ્રક દ્વારા પુરસ્કૃત કરાય છે.

અમૃતાએ ઘણાં શ્રેષ્ઠ ચિત્રો આપ્યાં હતાં અને પોતાના ચિત્રોમાં જીવ રેડીને કામ કર્યું હતું છતાં મોટાભાગનાં વિવેચકોએ તેમનાં ચિત્રોની નોંધ લીધી નથી, તેમને નવોદિત ગણે છે. અમૃતાને વિવેચકોનું આ પ્રકારનું વિવેચન પૂર્વગ્રહયુક્ત લાગે છે. પોતે બધી રીતે પ્રશંસાના હકદાર હોવા છતાં 'અમૃતા શેરગિલ ભારતીય સ્ત્રીચિત્રકારોમાં પ્રથમ પંક્તિનું સ્થાન ધરાવે છે.'[૨૮] જેવા વિવેચકોના વલણથી તે દુઃખી થાય છે. દરેક કલાકારને પોતાની કળાની કદર થાય એ ગમતું હોય છે, આથી અમૃતા કહે છે, "જાણું છું કે કલાસર્જનની આખી પ્રવૃત્તિ સાવ અંગત અને એકાંતિક છે અને છતાં દુનિયાના શ્રેષ્ઠ કલાકારને પણ કોઈ એની કલા માણે છે, એનાથી પ્રભાવિત છે, એવી પ્રતીતિ થાય એવા બેચાર શબ્દની ગરજ તો રહે જ છે."[૨૯] જોકે જવાહરલાલ નહેરુએ અમૃતાના ચિત્રોની પ્રશંસા કરતા કહેલું કે, 'ધેર ઈઝ લાઈફ ઈન યોર પેઈન્ટિંગ્ઝ'. આ ઉપરાંત એક સારા વિવેચક કાર્લ ખંડાલાવાલાએ તેમના ચિત્રોની નોંધ લીધી હતી અને જ્યાં જ્યાં જરૂર જણાંઈ ત્યાં તેમણે યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું હતું. પોતાના ચિત્રોને કારણે અમૃતાને ખૂબ જ માન - સમ્માન, ઇનામ - અકરામ મળ્યા હોવા છતાં તે એક અજબ પ્રકારની ઉદાસીથી ઘેરાય છે. અમૃતાની આ ઉદાસી-વિષાદ વિશે રાકેશ દેસાઈ નોંધે છે, "અમૃતાની, એક ભારતીય સ્ત્રી ચિત્રકારની, શોધ એ ભારતીયતાની, સ્ત્રીત્વની, ચિત્રકળાની સાત રંગોમાં થતી શોધ એની પ્રામાણિક તીવ્રતાને કારણે ઉદાસી-વિષાદ-કંટાળાના આઠમા રંગને પામે છે. વક્રતા એ છે કે નાનપણથી રંગથી સંમોહિત, પૅરિસની એક અંધારી બપોરે 'ભારત'ને સાત રંગોમાં ઓળખતી-ધારતી, ચિત્રકળામાં જેને એક સાધન તરીકે રંગ સાથે સવિશેષ ફાવટ છે, એવી અમૃતા સાત રંગોથી નહિ, પણ આઠમા રંગથી ઘેરાય છે."[૩૦]

નવલકથામાં **અમૃતાએ વિવિધ સ્થળોએ કરેલા અનેકવારના પ્રવાસ**નો ઉલ્લેખ આવે છે. એમાં ભારત અને હંગેરી તથા પેરિસ વચ્ચે તેમજ ભારતના જ જુદાં-જુદાં સ્થળોએ કરેલા પ્રવાસનો સમાવેશ થાય છે. નવલકથામાં પ્રવાસની સાથોસાથ અમૃતાએ કરેલી જુદાં-જુદાં સ્થળોની મુલાકાતનો પણ ઉલ્લેખ આવે છે. ૧૯૨૦ના સમયગાળા દરમિયાન યુરોપમાં યુદ્ધનું વાતાવરણ હોવાથી જાન્યુઆરી ૧૯૨૧માં અમૃતાનો પરિવાર બુડાપેસ્ટ છોડે છે અને અમૃતા લગભગ આઠ વર્ષની ઉંમરે પ્રથમવાર ભારત આવે છે. સિમલા-ભારતમાં રહી અમૃતા નાની વયે જ ચિત્રો દોરવાનું શીખે છે. અમૃતા લગભગ અગીયાર વર્ષના હતાં ત્યારે તેમની મમ્મીને કોઈ ઈટાલિયન શિલ્પી સાથે થયેલા પ્રેમને કારણે અમૃતાના અભ્યાસના બહાને પોતાની બંને પુત્રીઓ - અમૃતા અને ઈન્દુને લઈ ફ્લોરેન્સ જાય છે, પરંતુ થોડા જ સમયમાં તેઓ સિમલા-ભારત પાછા ફરે છે. બાળપણના આ સમયમાં અમૃતા સિમલાના પહાડી વિસ્તારોમાં ભમવાનો અને નવી નવી જગ્યાઓ શોધીને ફરવાનો ભરપૂર આનંદ માણે છે.

૧૬ વર્ષની વયે કળાનો અભ્યાસ કરવા અમૃતા પેરિસ જાય છે. પેરિસના છ વર્ષના સમયગાળામાં ચિત્રો બનાવવાની વિવિધ કળામાં પારંગત થઈ ૧૯૩૬માં ભારત પાછાં ફરે છે. ભારતમાં ચિત્રકલાની ઊંડી સમજ મેળવવા અમૃતા સૌપ્રથમ અજંતા-ઈલોરાની ગુફાઓની મુલાકાત લે છે. ભારતીયકળાથી અભિભૂત થયેલાં અમૃતા પોતાના ચિત્રોના પ્રદર્શન અર્થે હૈદરાબાદ, ત્રિવેન્દ્રમ્ અને ત્યાર બાદ કન્યાકુમારીનો પ્રવાસ કરે છે. ચિત્રપ્રદર્શનો દરમિયાન દક્ષિણ ભારતમાં રામેશ્વરમ્ અને મદુરાઈમાં મંદિરો વચ્ચે ગાળેલો આનંદમય સમય અને કન્યાકુમારીમાં ગાળેલા દસ દિવસના રોકાણ દરમિયાન આહ્લાદક-કુદરતી વાતાવરણથી અમૃતા અભિભૂત થાય છે. તેઓ કહે છે, "અહીં મેં કથકલી નૃત્ય જોયું, કદીયે ન જોયું હોય એવું પ્રાણવાન નૃત્ય! આખું વાતાવરણ અલૌકિક, વાદ્યો, પોષાક, સજાવટ, સંગીત બધું જ આપણને અહીંથી ઉપાડીને કોઈ બીજા જ ગ્રહમાં ખેંચી જાય."[૩૧]

અમૃતા જાન્યુઆરી, ૧૯૩૭માં ચિત્રપ્રદર્શન અર્થે અલાહાબાદ જાય છે. અલાહાબાદનાં સફળ ચિત્રપ્રદર્શન બાદ દિલ્હી પરત ફરે છે. પરંતુ, દિલ્હી શહેર અમૃતાને એકદમ શુષ્ક અને ત્યાંના માણસો મુડદાં જેવા લાગે છે. આવાં શહેરથી તેઓ પાછા સિમલા પરત ફરે છે. સિમલામાં અમૃતા વિવિધ ચિત્રો બનાવે છે અને ઘણાં બધાં પ્રદર્શનોમાં ભાગ લે છે. આ ઉપરાંત સિમલાથી સરાયાનો પણ પ્રવાસ કરે છે, જ્યાં કુટુંબીજનો સાથેની તેમની મુલાકાત ફળદાયી રહે છે. નવેમ્બર, ૧૯૩૭માં

અમૃતા લાહોર આવે છે. જ્યાં બ્હોળા લોકો સાથેનો સંપર્ક, લાહોર મ્યુઝિયમની મુલાકાત, ચિત્રપ્રદર્શન અને લગભગ અઢી મહિનાનું રોકાણ ઘણાં આનંદમાં વિતાવે છે. લાહોરથી સિમલા આવી અમૃતા વિક્ટર સાથે લગ્ન કરવાનું વિચારે છે. આખરે, લગ્ન અર્થે અમૃતા મુંબઈથી સ્ટીમર દ્વારા બુડાપેસ્ટ-હંગેરી પહોંચી વિકટર સાથે લગ્ન કરે છે. લગ્નના થોડા સમયમાં જ અમૃતા-વિક્ટર ભારત પાછા આવે છે. સિમલા-સરાયાના ટૂંકા રોકાણ પછી અમૃતા વિકટર સાથે લાહોરમાં કાયમી વસવાટ કરે છે.

આમ, અમૃતાએ ભારત અને હંગેરીમાં જુદાં-જુદાં સ્થળે કરેલા પ્રવાસનું આલેખન નવલકથામાં થયું છે.

નવલકથામાં **અમૃતાના જીવનમાં વ્યાપેલ હતાશા, નિરાશા, ઉદ્વેગ, વિષાદ અને કંટાળાના ભાવ વિષયક આલેખન** થયું છે. અવસાદનો આ આઠમો રંગ અમૃતાના જીવનમાં અંત સુધી જોડાયેલો રહ્યો છે. જીવનમાં ખૂબ પ્રસિદ્ધિ મળી હોવા છતાં અમૃતા કશાક અજ્ઞાત કારણોસર જીવનભર પીડાતી દેખાય છે. અમૃતાની આ પીડા તેમનાં આ શબ્દોમાં વ્યક્ત થઈ છે, "મારી રંગોની તરસ મને હંમેશા પેલા સપ્તરંગી મેઘધનુષ પાસે લઈ જતી હોય છે, પણ આવા સમયે હું ઘેરાયેલી રહું છું આઠમા રંગથી. એ આઠમો રંગ પેલી ઉદાસીનો, વિષાદનો અને કંટાળાનો ભૂખરો-રાખોડી રંગ. આસપાસની કોઈ વાતમાં મને આ દિવસોમાં રસ પડતો નથી. બધું ખાલીખમ લાગે એ તો ઠીક, હું પોતેય જાણે એક ખાલી ખોખું હોઉં એમ લાગ્યા કરે. આવનારા સમયનો ડર લાગે છે."[૩૨] એકલતાનો અવસાદ અમૃતાને કેવી રીતે ચારે તરફથી ઘેરી વળે છે તે આ શબ્દોમાં જોઈ શકાય છે. આ અવસાદ, આ ડર જ અમૃતાના જીવનને નીરસ બનાવી દે છે. અમૃતાને આવનાર સમયનો ડર લાગે છે, તે કોઈ અસ્પષ્ટ ભયનો ઓથાર અનુભવે છે. સવાર પડે ને અમૃતાને ડર લાગવા માંડે છે. રાતે અડધીપડધી ઊંઘમાં કોઈના રડવાનો કે કોઈ ડૂસકાં દબાવવાનો નિરર્થક પ્રયાસ કરતું હોય તેમ તેમને સંભળાય છે. આખરે ઝબકીને જાગે અને બારી પાસે જઈ કાન માંડે તો તે એક ભ્રાંતિ પુરવાર થાય છે. અમૃતા એવી વિચિત્ર ભ્રાંતિથી પીડાય છે કે તે આ વિશે વિકટરને પણ કશું સમજાવી શકતી નથી. અમૃતાના જીવનમાં વ્યાપેલ આવી નીરસતા-ખાલીપણા વિશે મોહન પરમાર નોંધે છે, "ચિત્રકળામાં નિપુણતા પામ્યા પછી નાયિકાની જે ખ્યાતિ બંધાઈ, તેની સમાન્તરે નાયિકા કાંઈક ખાલીખમ હોવાનો અહેસાસ કરે છે. જે કામથી એ પ્રસન્ન હતી એ જ એને નિરાશ કરી મૂકે છે. એક જ ચિત્રને વધારે ને વધારે ધ્યાનથી જોતી રહે છે તેમ ભારે હતાશાનો બોજ આવી પડે છે.

આકારોની સૂઝ જાણે ઠેઠ અત્યારે જ આવી હોય તેમ લાગે છે. આગળનું કામ સંતોષકારક દેખાતું નથી. નાયિકાના મનની આ ગડમથલમાં પરિપક્વતા દેખાય છે. પણ ભીતરમાં પડેલા સૂનકારને લીધે કલ્પનાની એકાદ લહેરખી કે વિચારનો એકાદ પરપોટોયે એના માટે દુર્લભ બની ગયાં છે. નાયિકાને કેટકેટલા અનુભવોમાંથી પસાર થવાનું બન્યું. કેટકેટલા માણસોના પરિચયમાં આવવાનું થયું છતા હવે એ સંબંધો પણ નાયિકાને સાવ શુષ્ક લાગવા માંડયા છે."[૩૩]

અમૃતાના મનમાં જાગેલ હતાશાને કળવું મુશ્કેલ છે, પરંતુ એટલું તો ચોક્કસ કહી શકાય કે તેમણે દોરેલા ચિત્રોને યોગ્ય પ્રસિદ્ધિ મળી નહોતી. સાથોસાથ વિવેચકોએ પણ અમૃતાના ચિત્રો સાથે જાણે પક્ષપાતભર્યું વિવેચન કર્યું હતું. 'ભારતીય સ્ત્રીચિત્રકારોમાં અમૃતા મોખરાનું સ્થાન ધરાવે છે.' એવું પક્ષપાતભર્યું વિધાન અમૃતાને અજંપ બનાવી દે છે. બીજું, માસીના દીકરા વિકટર સાથે કરેલ લગ્નને કારણે પણ માતા-પિતા અમૃતાથી ખુશ નથી તેનો અજંપો પણ તેમને પીડે છે. આ ઉપરાંત પિતાજી વર્ષોથી સાચવેલા પોતાના પત્રો જ્યારે સળગાવી દે છે ત્યારે તો તેમને ભારે આઘાત લાગે છે. તો વળી, પોતાના જ સ્ટુડિયોનો રહેઠાણ તરીકે ઉપયોગ કરતી હોવા છતાં તેમની બહેન ઈન્દુ અમૃતા સાથે ઝગડો કરી સંબંધ બગાડે છે. આમ, અમૃતાના જીવનમાં એવાં ઘણાં બનાવો પણ બન્યા છે કે જેને કારણે તેમનાં જીવનમાં હતાશા-નિરાશા વ્યાપી ગઈ.

અમૃતાના આવા ઉદાસીભર્યા સમયમાં જૂના સંપર્કો જાણે છૂટતા જાય છે, જેથી આવેલ પત્રોને વાંચવામાં કે નવા પત્રો લખવામાં પણ હવે એમને મજા આવતી નથી. વળી વાતાવરણ પણ એટલું શુષ્ક લાગવા માંડયું છે કે પોતાના ચિત્રોને પૂરા કરવામાં પણ મન લાગતું નથી. તેઓ પોતાનાં જ ચિત્રો પરથી મોં ફેરવી લે છે. તેઓ કહે છે, "જરા વિચિત્ર લાગે એવું છે, પણ ચિત્રો પાસે જતાં મને બેવડી લાગણી થાય છે. જે કામથી હું પ્રસન્ન હતી એ જ મને નિરાશ કરી મૂકે છે. એક જ ચિત્રને જેમ વધારે ને વધારે ધ્યાનથી જોતી રહું છું તેમ ભારે હતાશાનો બોજ આવી પડે છે. આકારોની સૂઝ જાણે ઠેઠ અત્યારે જ આવી હોય એમ લાગે છે. આગળનું કામ એ સંદર્ભે સંતોષકારક દેખાતું નથી. અને એ સૂઝ પણ વારંવાર હાથતાળી દઈ ખોવાઈ જાય છે. ચિત્ર ચાલુ હોય એ સમય દરમિયાન જો આ સૂઝ મદદે આવે તો ચિત્રનો એટલો અંશ ખૂબ જ સંતોષકારક હોય અને બાકીના ચિત્રમાં મને પોતાને જ ખામીઓ દેખાયા કરે."[૩૪]

હતાશા અને વિષાદ અમૃતા પર એટલે સુધી હાવી થઈ જાય છે કે રાત્રે તેમને મોડે સુધી ઊંઘ નથી આવતી, તો સવારે વહેલા જાગી જવાય છે. જીવનને આનંદથી ચાહનારી અને માણનારી

અમૃતા હવે જાણે કે જીવનથી જ ભયભીત બને છે. જે કેન્વાસ અને રંગોને જોઈને ઉત્તેજીત થઈ જતાં તે હવે નીરસ બનવા માંડયું છે. પોતાની ભીતર ફેલાયેલ સૂનકારને લીધે નવું ચિત્ર બનાવવા માટે કલ્પનાની એકાદ લહેરખી કે વિચારનો એકાદ પરપોટોયે તેમનાં માટે દુર્લભ બની ગયાં છે. પોતાના જીવનને મશહૂર ચિત્રકાર વિન્સેન્ટના જીવન સાથે સરખાવતાં તેઓ વિચારે છે કે, "જે જીવનને આપણે પ્રાણપણે ચાહતાં હોઈએ તે આમ એકાએક ખાલી કેમ બની જતું હશે એ સમજી શકાય એવું નથી. પકડમાંથી બધું જ છટકી જતું હોય એવો પ્રબળ ભાવ ઘેરી વળ્યો છે. આપણો કાબૂ જેના પર ન હોય એવાં અનેક પરિબળો સક્રિય બન્યાં છે. સમતુલા ખોરવાઈ ગઈ છે, પૂરેપૂરી ખોરવાઈ ગઈ છે. અંદર કે બહાર, જ્યાં નજર નાખું ત્યાં કેવળ ઊથલપાથલ છે."[૩૫]

જોકે અમૃતા આ હતાશામાંથી નીકળવાના ઘણાં પ્રયત્નો પણ કરે છે. અનિચ્છા હોવા છતાં વિકટર સાથે મિત્રને ત્યાં પાર્ટીમાં જાય છે. ઘરનાં વ્યક્તિઓ સાથે ખરીદી કરવા સિમલા આંટો મારે છે. વાતાવરણ બદલાય અને સ્થિતિમાં ફેર પડે એ હેતુસર લાહોર જવાનુંય વિચારે છે. ઘણીય ના હોવા છતાં મિત્ર ઈકબાલસિંગે ઓલ ઈન્ડિયા રેડિયો, લાહોર કેન્દ્ર પરથી 'આજની ભારતીય ચિત્રકલા' પર બોલવાના નિમંત્રણનો સ્વીકાર કરે છે. ટૂંકમાં, અમૃતા પોતાના પર કોઈ અજ્ઞાત કારણોસર પડેલા હતાશા-વિષાદ-ઉદ્વેગના ભાવને દૂર કરવા પણ અનેક રીતે પ્રયત્નશીલ જોવા મળે છે.

નવલકથામાં **અમૃતાના અંગત વિચારો, જાતીય સંબંધો અને તેમની માંદગી સમયની માનસિક અવસ્થા**નું પણ ચિત્રણ થયું છે. અમૃતાનું વ્યક્તિત્વ સ્વતંત્ર વિચારસરણી ધરાવતું છે. સમગ્ર નવલકથામાં અમૃતા જાતીયતાનો પ્રામાણિક સ્વીકાર કરે છે. આપણે કદાચ તેને સ્વચ્છંદી કે અસામાજિક કહી શકીએ પરંતુ તેમને મન એ અંગે કોઈ ક્ષોભ નથી. અમૃતા તેના પુરુષમિત્રો સાથે બેધડક હરે-ફરે છે. કોઈની નુકચેતીની તેને કોઈ પડી નથી, તેને ગણકારતાં પણ નથી. જોકે, અમૃતાના પુરુષ કે સ્ત્રીમિત્રો પ્રત્યેના અતિખેંચાણથી તેના માતા-પિતા નારાજ છે. અમૃતા પોતાની જાતીય સ્ખલનની નબળાઈથી વાકેફ છે. તે ક્યારેય તેને છૂપાવવાનો પ્રયત્ન કરતાં નથી. અમૃતાને પુરુષો તરફના આકર્ષણમાં પ્રેમ કરતા તેના આંતરિક આવેગોનું જ વિશેષ મહત્ત્વ રહ્યું છે. સજાતીય સંબંધોની વાત કરીએ તો, અમૃતા તેની મિત્ર એડીથ સાથેના સજાતીય સંબંધમાં કાંઈક વધારે છૂટ લે છે. એકબીજા સાથે હરવું-ફરવું અને એકબીજાને ભેટવું એ તેમને મન સામાન્ય હતું. એડીથ સાથેનો સંબંધ કેટલો ગાઢ હતો એ દર્શાવતા અમૃતા કહે છે, "ક્યારેય છોડવાની ન હોય એમ જ એડીથ મને

ભેટેલી રહી, મારા ખભા પર, બરડા પર, ગળા પર એનો હાથ ફરવા લાગ્યો અને મારા ગાલ પર એના કંપતા હોઠનો સ્પર્શ મેં અનુભવ્યો. એમાં એટલી આરત હતી, એવો આગ્રહ હતો કે એનો અનાદર થઈ શકે જ નહિ. પછી ખૂબ કુમાશથી અને સ્નેહથી એણે મારી આંખોને ચૂમી લીધી. આવી કોમળ અભિવ્યક્તિનો મને આ પૂર્વે પરિચય નહોતો થયો."[૩૬]

અમૃતા વિજાતીય મૈત્રીસંબંધોમાં સૌપ્રથમ ઈન્ગસ્તાદના પરિચયમાં આવે છે. ઈન્ગસ્તાદ અમૃતાને પરણવા સંપૂર્ણ રીતે સજ્જ હતો પરંતુ અમૃતાને આવા સાવ અધ્ધર અને અસ્થિર વ્યક્તિ સાથે લગ્ન કરવા નથી. અમૃતાનો બીજો પરિચય ધનાઢ્ય ઘરના મુસ્લિમ યુવક યુસુફ સાથે થાય છે. યુસુફથી અમૃતા એટલી આકર્ષાય છે કે તેને તે પોતાની જાત સમર્પિત કરી દે છે. પરિણામ સ્વરૂપ તેને ગર્ભ રહી જાય છે. ગર્ભનો નિકાલ માસીના દીકરા-વિકટરની મદદથી કરાવે છે, છતાંય અમૃતાને કશું અસામાન્ય બની ગયાનો રંજ રહેતો નથી. તો માસીના છોકરા સાથે પરણવાના પોતાના નિર્ણય વિશે અમૃતા કહે છે, "ભારતીય સમાજની પ્રચલિત માન્યતા મુજબ આવું લગ્ન સ્વીકારી જ ન શકાય એમ એ કહે છે, પણ આમાં તો શું થઈ શકે ? મારે તો એવી વ્યક્તિને જ પરણવું છે, જેને મારા જીવનની અને મારી સાથે સંકળાયેલી તમામ બાબતોની જાણકારી હોય, જે મને ઓળખતી હોય, મારી મર્યાદાઓ અને મિજાજથી, અભિગમ અને લાગણીઓથી પરિચિત હોય. વિક્ટર મારો દોસ્ત છે, એવો દોસ્ત, જે મારા જીવનને નજીકથી જોતો આવ્યો છે."[૩૭] જીવન હોય, માનવસંબંધ હોય કે શારીરિક જરૂરીયાત હોય - આ દરેક વિશેના અમૃતાના ખ્યાલો સ્પષ્ટ છે. અમૃતાની લાગણી સૌ માટે સમાન રીતે વહે છે, પછી તે સજાતીય સંબંધ હોય કે વિજાતીય. અમૃતા તેના પ્રેમી માલ્કમથી છૂટા પડવાના સમયે વિહ્વળ બનતાં નથી તે છૂટા પડવાની ઘટનાને સહજતાથી સ્વીકારે છે. અમૃતા કહે છે, "માલ્કમની સ્મૃતિને વળગીને જીવન થંભાવી દેવાનું તો મને ક્યાં કબૂલ જ હતું ? હું જેને ચાહતી હોઉં એને મુક્ત રાખવાનું મને ગમે, જેમ મને પોતાનેયે મુક્ત રહેવાનું ગમે એવી જ રીતે. સ્નેહના સંબંધમાં કોઈને એવી રીતે જકડી રાખવામાં તો નરી નિર્બળતા જ દેખાય, અને જે જવાનું જ છે એને તો કોઈ ક્યારેય ક્યાં રોકી શકે છે?"[૩૮]

અમૃતા આધુનિક વિચારસરણી ધરાવતાં મહિલા છે. પોતાનું નામ ખરાબ કરશે એવું વિચારી જ્યારે અમૃતાના પિતા તેને ભારત મોકલવા તૈયાર નથી ત્યારે પિતાના આ અભિગમથી તે નારાજ થાય છે. શરીરની તમામ ઈચ્છાઓને સંતોષવા મથતાં અમૃતાનો પોતાનો ખ્યાલ સ્પષ્ટ છે. અમૃતા કહે છે, "કલા-સાહિત્ય અથવા સામાજિક પ્રવૃત્તિઓમાં જાતને ડૂબાડી દઈ કે પછી શરીર

સાથે સંકળાયેલું સઘળું તુચ્છ અને સ્થૂળ છે એમ જાહેર કરી, એની ઉપેક્ષા કરી, સેક્સ જેવી કોઈ ચીજનું અસ્તિત્ત્વ જ નથી એવો ડોળ કરવામાં તો નરી માંદલી મનોદશા જ છતી થાય છે. એવા ડોળનો મને ભયંકર અણગમો છે. જેમને એવો દંભ ફાવતો હોય એ તેમને મુબારક. શરીર છે, તો છે, એના વહેતા લોહીમાં આવેગો ભરેલા છે, તો છે. શરીરની આદિમ ઇચ્છાઓ સાથે આપણે પરાણે વળગાડેલાં શરમ અને કહેવાતી સભ્યતાના આવરણો ફગાવી મારે તો ઊભાં રહેવું છે. સ્ત્રીના શરીરમાં ઓતપ્રોત એવી તમામ ઇચ્છાઓને, એ શરીરના ઉત્કટ આવેગોને મારે ઓળખવા છે, એનાથી ગભરાઈને દૂર ભાગવું નથી. સ્પર્શની રોમહર્ષક સૃષ્ટિમાં કાયમ પુરુષ જ સાથીદાર હોય એવો નિયમ હશે ખરો?"[૩૯] વળી, પોતાનું જીવન કેવી રીતે જીવવું તે અંગે પણ અમૃતા સ્પષ્ટ છે. તેમને બાહ્ય ચંચૂપાત સહેજેય પસંદ નથી. તેઓ કહે છે, "મારું વર્તન અનૈતિક અને વિકૃત જ કહેવાય એમ છાતી ઠોકીને કહેનારાંઓને મારે કોઈ ખુલાસા કરવા નથી. એમની જે સમજ હોય તે, એમાં સુધારા કરવાનું કામ મારું નથી. ફ્રાન્સ હોય કે ભારત, પૂર્વગ્રહોથી અને પૂર્વધારણાઓથી બદ્ધ, થોડાં ડરપોક અને પરનિંદામાંથી જ પ્રાણવાયુ મેળવનારાંઓની દુનિયામાં કશે જ ખોટ નથી. એમનાં મંતવ્યોને આધારે મારે મારું જીવન ગોઠવવાનું ન હોય."[૪૦]

અમૃતાના પરંપરાભંજક હોવા વિશે મોહન પરમાર નોંધે છે, "ચિત્રકળાની દ્દષ્ટિએ જુઓ કે સામાજિક સંબંધોની દ્દષ્ટિએ જુઓ બધી રીતે નાયિકા પરંપરાભંજક છે. ભારતમાં ઠેર ઠેર એનાં ચિત્ર-પ્રદર્શનો થયાં, ચિત્રકળામાં કંઈક અંશે એનું નામ ગાજતું થયું ત્યારે એની પચ્ચીસ વર્ષની વયે એને લગ્ન કરવાનો વિચાર આવે છે. લગ્ન પણ કોની સાથે ? એની માસીના છોકરા વિકટર સાથે...જે હંગેરીમાં તબીબ હતો. ભારતીય સમાજમાં માસીના છોકરા સાથે લગ્ન કરવા માટે કોઈ સંમતિ આપી શકે નહિ. પાપા નારાજ હતા. નાયિકા સામાજિક રૂઢિઓ તોડવાના મતની હતી. એ અર્થમાં પણ પેલી પરપરાભંજક દ્દષ્ટિ દેખા દે છે."[૪૧] અમૃતા એટલાં નિખાલસ છે કે પોતાની મર્યાદાઓ સ્વીકારતા પણ અચકાતાં નથી. એક માદામ નામની છોકરી વિશેનો પોતાનો જલદ અભિપ્રાય આપતા સાંભળી વિક્ટર તેને જે કહેતો તે વિશે અમૃતા કહે છે, "વિક્ટર મને ઘણીવાર કહે છે કે હું અસહિષ્ણું છું અને અણગમતી કે વણજોઈતી વ્યક્તિ અંગેના મારાં વિધાનો બહુ ધારદાર અને જલદ હોય છે. જલદી અકળાઈ જવું અને એ ભાવ સંતાડયા વિના આકરું બોલી પડવું એ કોઈ સારું લક્ષણ નહિ જ હોય. એનાથી મને પોતાનેય ઘણું નુકશાન થયું છે. પહેલાં કરતાં હવે હું થોડી

બદલાઈ હોઈશ, પણ મનોભાવો સંતાડવાનું અને હોય એનાથી સાવ જુદું દેખાડવાનું મને માફક નથી આવતું અને હું હૃદયથી ઈચ્છું કે મને એ માફક ન જ આવે!"[૪૨]

જીવનના અંતિમ દિવસોમાં અમૃતા સાવ હતાશ થઈ જાય છે. તેમનું શરીર માત્ર એક ખાલી ખોખું રહી જાય છે. ચિત્ર બનાવવાની વાત હોય કે પાર્ટીમાં જવાની વાત હોય, અમૃતાને એ બધામાંથી રસ ઉડતો જાય છે. છેલ્લે થાય છે પણ એવું જ કે મિસીસ અબ્દુલકાદિરે આપેલી પાર્ટીમાં કંઈક એવી વસ્તુ ખવાઈ જાય છે જેના કારણે તેમની તબિયત લથડતી જાય છે. જીવનની આવી સંધ્યાએ તેમને મૃત્યુ વિષયક ખ્યાલો મનનો કબજો લઈ લે છે. પોતે વિચારે છે, "જો પસંદ કરવાનું કહે તો હું કેવું મોત માંગું? જરાયે અવાજ ન થાય અને અડોઅડ ઊભેલા કોઈને ખબર ન પડે એમ દબાયેલા પગલે જવું સારું કે પછી બધાંને મળીને, ભેટીને, છેલ્લી વાતો કરીને, મન હળવું કરીને જવું સારું ? વિચારું છું અને વિમાસણમાં છું. માત્ર એટલી ખબર છે કે મરતાં પહેલાં મારાં પ્રિય મિત્રોને મળવાનું અને પ્રિય ચિત્રોને જોઈ લેવાનું રહી ન જવું જોઈએ. એટલી આસક્તિ ન હોય તો જીવનનો જ શો અર્થ ?"[૪૩]

૩.૩.૧.૨. 'આઠમો રંગ'માં પાત્રાલેખનઃ

આત્મકથનાત્મક શૈલીએ લખાયેલ આ નવલકથામાં અમૃતા શેરગિલનું પાત્ર કેન્દ્રસ્થાને છે. માત્ર ઓગણત્રીસ વર્ષનું ટૂંકું આયુષ્ય ભોગવનાર પ્રસિદ્ધ ચિત્રકાર અમૃતા શેરગિલનું સેલ્ફ પોટ્રેઈટ દોરવાનો લેખિકાએ અહીં પ્રયાસ કર્યો છે. પ્રથમ પુરુષ એકવચન કથનકેન્દ્રથી લખાયેલ આ નવલકથામાં અમૃતા શેરગિલ પોતે જ પોતાના ચરિત્ર સંબંધી વિગતો આપે છે. વળી, નવલકથાનું ઉપશીર્ષક જ દર્શાવે છે કે આ નવલકથા અમૃતા શેરગિલના જીવન પર આધારિત છે. 'રજૂઆત માટે આત્મકથનાત્મક શૈલી પસંદ કરી છે એનું મુખ્ય કારણ અમૃતાના પાત્રની ભીતર જવાની મારી મથામણ અને ઈચ્છા લેખીશ.'[૪૪] લેખિકાનું આમ કહેવું એ વાતની પ્રતીતિ છે કે જેથી તેઓ અમૃતાના પાત્રની ભીતર રહેલા અનેક પડળોને ખોલી શકે.

ભારતીય આધુનિક ચિત્રકળા ક્ષેત્રે મહત્વનું પ્રદાન કરનાર, હંગેરિયન માતા અને શીખ પિતાની પુત્રી, અમૃતા શેરગિલનો જન્મ ૧૯૧૩ના જાન્યુઆરીની ૩૦મી તારીખે હંગેરીના બુડાપેસ્ટ શહેરમાં થયેલો. બાલ્યાવસ્થાનાં આઠ વર્ષ ત્યાં ગાળ્યાં પછી ૧૯૨૧ થી ૧૯૨૯ તેઓ ભારતમાં રહ્યાં. ત્યારબાદ ૧૬ વર્ષની વયે, એ સમયે કળા તથા કળાકારો માટે સ્વર્ગ મનાતા શહેર પૅરિસ ગયાં અને ત્યાં નેશનલ સ્કૂલ ઓફ ફાઈન આર્ટ્સમાં ચિત્રકલા વિશેની તેમણે તાલીમ મેળવી. ચૌદેક

વર્ષની વયે જ અમૃતા જાણી જાય છે કે તે એક ચિત્રકાર થવાની છે. તેના જ શબ્દોમાં જોઈએ તો, “મને તો પાકી ખબર હતી કે હું ચિત્રકાર જ થવાની, માત્ર ચિત્રકાર…જો કે પાપા-મમ્મીને ચિત્રકલા માટે આવો કોઈ લગાવ નહીં !”[૪૫] અમૃતાએ ચિત્રકળા ક્ષેત્રે મેળવેલ પાશ્ચાત્ય શૈલીના અભ્યાસનો ભરપુર ઉપયોગ ‘યંગ ગર્લ્સ’ નામના ચિત્ર પાછળ કરે છે, જો કે નવીનતમ અનુભવ મેળવવા તે ભારતમાં આવી ચડે છે. અજંતાની ચિત્રશૈલીથી અત્યંત પ્રભાવિત થયેલી અમૃતા ચિત્રકળા ક્ષેત્રે નોંધપાત્ર સર્જન કરે છે. ઈ.સ. ૧૯૪૧ના ડિસેમ્બરની ૬ઠ્ઠી તારીખે ફક્ત ૨૯ વર્ષની વયે અમૃતાનું અવસાન થયું.

અમૃતાના પાત્રની વિશેષતા એ છે કે, તેઓ રૂઢિગત સગવડોને સ્વીકારવાને બદલે તેની સામે પડે છે, તેમને સરળ અને હાથવગી શૈલી પસંદ નથી, તો તૈયાર શૈલીને વળગેલાં ચિત્રકારોને પડકારે પણ છે. અમૃતા કહે છે, “અત્યારના ચિત્રકારોમાં હું સ્થાન મેળવી શકું એ માટે મારે સમાધાનનો માર્ગ નથી સ્વીકારવો, મારે તો મારી શરતો એ જ કામ કરવું છે. ચાતરેલા ચીલા પર ચાલ્યા કરવાનું કંઈ અઘરું નથી. જેમ કે અત્યારે સુંદર ચિત્રોની જે વ્યાખ્યા છે તેને વળગીને જ ચિત્રો કરવાં, પ્રશસ્તિ અને વેચાણ, બેય સુલભ થાય. પણ મારે એવું નથી કરવું.”[૪૬]

અમૃતાની ચિત્રકળાની નોંધ જ્યારે નથી લેવાતી ત્યારે તે મનોમન દુઃખી થાય છે. તેના ચિત્રો વિશે થયેલું વિવેચન તેને પૂર્વગ્રહયુક્ત લાગે છે. અમૃતા પોતે પણ સ્વીકારે છે કે પોતાની કળાની કોઈ કદર કરે તો તે ગમતું જ હોય છે. તે કહે છે, “જાણું છું કે કલાસર્જનની આખી પ્રવૃત્તિ સાવ અંગત અને એકાંતિક છે અને છતાં દુનિયાના શ્રેષ્ઠ કલાકારને પણ કોઈ એની કલા માણે છે, એનાથી પ્રભાવિત છે, એવી પ્રતીતિ થાય એવા બે ચાર શબ્દની ગરજ તો રહે જ છે.”[૪૭]

અમૃતા એક મોટા ગજાની ચિત્રકાર તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકી હોવાં છતાં વિવેચકો તરફથી થતી તેની ઉપેક્ષાનો ભાર તે સહન કરી શક્તી નથી. આ ભારથી વ્યથિત અમૃતા ઉદાસી, વિષાદ અને કંટાળાથી ઘેરાય છે. તે કહે છે, “મારી રંગોની તરસ મને હંમેશા પેલા સપ્તરંગી મેઘધનુષ પાસે લઈ જતી હોય છે, પણ આવા સમયે હું ઘેરાયેલી રહું છું આઠમા રંગથી. એ આઠમો રંગ પેલી ઉદાસીનો, વિષાદનો અને કંટાળાનો ભૂખરો - રાખોડી રંગ.”[૪૮]

અમૃતાની ઉદાસીના આ આઠમા રંગ વિશે રાકેશ દેસાઈ નોંધે છે, “અમૃતાની, એક ભારતીય સ્ત્રી ચિત્રકારની, શોધ એ ભારતીયતાની સ્ત્રીત્વની, ચિત્રકળાની સાત રંગોમાં થતી શોધ એની પ્રામાણિક તીવ્રતાને કારણે ઉદાસી-વિષાદ-કંટાળાના આઠમા રંગને પામે છે. વક્રતા એ છે કે

નાનપણથી રંગથી સંમોહિત, પેરિસની એક અંધારી બપોરે 'ભારત'ને સાત રંગોમાં ઓળખતી-ધારતી, ચિત્રકળામાં જેને એક સાધન તરીકે રંગ સાથે સવિશેષ ફાવટ છે, એવી અમૃતા સાત રંગોથી નહિ, પણ આઠમા રંગથી ઘેરાય છે."[૪૯]

અમૃતા શેરગિલના વ્યક્તિત્ત્વ અને તેના પાત્રની રેખાઓને સમજવા આ નવલકથાની લેખિકા-હિમાંશી શેલતે 'કેફિયત'માં આપેલ શબ્દચિત્ર જોઈએ... હિમાંશી શેલત કહે છે, "અહીં એક વેગીલું, બે કાંઠે છલોછલ વહેતું જીવન છે. એક વિવાદાસ્પદ, ઉન્મુક્ત જીવનશૈલી છે. નીતિનિરપેક્ષ પણ તંતોતંત પ્રામાણિક. આ એક એવી સ્ત્રીની કથા છે, જે પોતાની શરત અનુસાર, કયાંય બાંધછોડ કર્યા વિના જીવનની હઠ પકડીને, ટટ્ટાર ઊભી રહી. એ હજી જીવે જ છે - એનાં ચિત્રપાટોની મોટી, વિષાદગ્રસ્ત આંખોમાં, એ ઉદાસ, થાકેલા ચહેરાઓમાં અને એ વિલક્ષણ રંગસંયોજનમાં"[૫૦]

અહીં નવલકથામાં કથક પોતે જ પોતાના વિશે વિવરણ કરતાં હોવાથી એક પ્રતિભાવંત ચિત્રકારના વ્યક્તિત્વ અને તેમનાં જીવનમૂલ્યો વિશે આપણે વિગતે જાણી શકીએ છીએ. અમૃતાના જીવનમાં આવેલ ઘણાં વ્યક્તિઓનો તેમના પર પ્રભાવ જોવા મળે છે. તે પછી જવાહરલાલ નહેરુ હોય કે કાર્લ ખંડાલાવાલા. નહેરુના પરિપક્વ, ઉષ્માસભર, ઊંડાણભર્યા છતાં તટસ્થ અને બંધનમુક્ત વ્યક્તિના હોય એવા અલિપ્ત ચહેરાથી અમૃતા અંજાય છે. તો વળી, તેને એક પીઢ, સૌહાર્દભર્યા કલાવિવેચક - કાર્લ ખંડાલાવાલા જેવા સન્નિષ્ઠ માર્ગદર્શક, પ્રેરણાદાયી અને મિત્રરૂપ વ્યક્તિનો ભારે સધિયારો પ્રાપ્ત થાય છે. અમૃતાના વ્યક્તિત્વને ઘડવામાં આવા વ્યક્તિઓનો અનન્ય ફાળો હતો.

રાધેશ્યામ શર્માએ 'નવલ સાહસ, પણ સરાહનીય'એ લેખમાં અમૃતા-નાયિકાના પાત્ર વિશે સંક્ષેપમાં કહ્યું છે, "ચુંબકીય નારીત્વથી ધ્યાનાર્હ બનેલી, પંચેન્દ્રિયથી જીવનરસ પી જવા તત્પર, પારદર્શક વાણી-વર્તનથી અપ્રિય થવાની બીક વિનાની નાયિકા"[૫૧] અહીં ખૂબ જ ટૂંકા શબ્દોથી અમૃતાના પાત્રની સમગ્રલક્ષી રેખાઓ અંકિત કરી દીધી છે.

અમૃતા આખાબોલાં અને પોતાનો મત ખુલીને વ્યક્ત કરવામાં માનતાં હતાં. ૧૯૩૫માં સિમલા ફાઈન આર્ટ્સ સોસાયટીએ યોજેલ પ્રદર્શનમાં પોતે જેને નબળી કૃતિ માનતા હતાં તેવી પોતાની કૃતિને મળેલા પુરસ્કારના ચેકને પરત મોકલે છે. અમૃતાનું માનવું હતું કે, "મારાં બીજાં ચિત્રો નિઃશંકપણે વધારે પરિપક્વ અને આધુનિકતાની ઓળખ આપતાં હોય તો એમને ટાળીને યંગ

ગર્લ્સને પુરસ્કાર આપવો એટલે જ પરંપરાને ચુસ્તપણે વળગી રહેવું."[૫૨] અને અંતે અમૃતા પોતાને મળેલો પુરસ્કાર જતો કરે છે.

કલાકાર તરીકે પ્રસિદ્ધ અમૃતા એક સાધારણ મનુષ્યજીવન જીવે છે. લાગણીશીલ પ્રેમસંબંધ ધરાવતી અમૃતા ધર્મ અને કર્મકાંડ વિશે પણ ખુલીને પોતાનો મત વ્યક્ત કરે છે. વળી, પ્રાચીન ભારતીય અને આધુનિક ચિત્રકારો, સાહિત્યકારો વિશે પોતાનો સ્પષ્ટ-નિર્ભીક અભિપ્રાય આપતા પણ તેઓ ડરતાં નથી. જ્યોતિ ભટ્ટ અમૃતા વિશે નોંધે છે, "માત્ર ચિત્રકાર જ નહીં, પરંતુ 'એક પ્રતિભા સંપન્ન, મેધાવી, જીવનરસથી તરબતર, પારદર્શક, સ્પષ્ટવક્તા અને વિદ્રોહી નારી' તરીકે અમૃતાનું વ્યક્તિત્વ આગવું, પ્રભાવશાળી અને તેમના જમાનાથી ઘણું આગળ હતું. સ્વતંત્રપણે જીવન જીવવાના પોતાના અધિકારના પૂર્ણ આગ્રહી અમૃતા દરેક બંધનનો સ્પષ્ટ અને બેધડક શબ્દોમાં વિરોધ કરતાં હતાં."[૫૩] જો કે, કલાક્ષેત્રે ખૂબ જ પ્રસિદ્ધિ મળી હોવા છતાં અમૃતા સતત અજંપો અનુભવે છે, કોઈક અવસાદથી પીડાય છે.

અમૃતાના પાત્ર વિશે રાકેશ દેસાઈ નોંધે છે, " 'આઠમો રંગ'માં અમૃતા શેરગિલના પાત્રની આત્મખોજ નારીવાદી અવકાશમાં નોંધનીય રીતે જાતીયતા અને કળા અંગેનાં વિનિમયોમાં પ્રગટ થાય છે. એક સ્ત્રી ચિત્રકાર તરીકે અમૃતા શેરગિલનો જાતીયતાનો પ્રામાણિક સ્વીકાર સહજ રીતે આધુનિક સમયમાં ભારતીય અંગ્રેજી કવયિત્રી કમલા દાસની યાદ અપાવે, જે એમનાં કાવ્યોમાં જાતીય સંબંધોના બેધડક કલામય પ્રાગટ્ય માટે જાણીતાં છે."[૫૪]

અમૃતા સ્વતંત્ર વિચારસરણી ધરાવતી એક આધુનિક નારી છે. તેને સજાતીય કે વિજાતીય સંબંધ વિશે કોઈ છોછ નથી, અને તેથી જ તો અમૃતા પેરિસમાં રહેતા ઊંચા મુસ્લિમ ખાનદાની યુસુફ સાથે અને સિમલામાં રહેતા ઈંગ્લેન્ડના 'સ્ટેટ્સમેન'ના પત્રકાર એવા માલ્કમ મગરીજ સાથે વિજાતીય સંબંધથી જોડાય છે. યુસુફ સાથેનો સંબંધ તો ગર્ભપાત સાથે અંતમાં પરિણમે છે, છતાં બેધડકપણે કહે છે, "દૈહિક અનુભવની તીવ્રતા મારે મારી રીતે પ્રમાણવી હતી અને જો આવી જ જીદ હોય તો એનું પરિણામ કંઈ પણ આવી શકે."[૫૫]

શરીર સ્પર્શના રોમાંચનું રહસ્ય જાણવાની ઉત્કંઠા ધરાવતી અમૃતા એડીથ નામની સ્ત્રીમિત્ર સાથે સજાતીય સંબંધથી જોડાય છે. તે કહે છે, "શરીરના આવેગો વિશેના મારા વિસ્મયનો કોઈ અંત નહોતો આવ્યો. યુસુફ સાથેના અનુભવ પછી પુરુષો જોડેના વહેવારમાં હું જરા પાછી પડી ગઈ."[૫૬] અમૃતા પોતાના જીવનમૂલ્યો વિશે સ્વયંસ્પષ્ટ છે, તેઓ તેને વફાદાર રહીને જ જીવનમાર્ગ કંડારે છે.

અમૃતા કહે છે, “શરીરની આદિમ ઈચ્છાઓ સાથે આપણે પરાણે વળગાડેલાં શરમ અને કહેવાતી સભ્યતાનાં આવરણો ફગાવી મારે તો ઊભા રહેવું છે. સ્ત્રીના શરીરમાં ઓતપ્રોત એવી તમામ ઇચ્છાઓને, એ શરીરના ઉત્કટ આવેગોને મારે ઓળખવા છે, એનાથી ગભરાઈને દૂર ભાગવું નથી. સ્પર્શની રોમહર્ષક સૃષ્ટિમાં કાયમ પુરુષ જ સાથીદાર હોય એવોનિયમ હશે ખરો ? ”[૫૭] ટૂંકમાં, અમૃતા બે સજાતીય વ્યક્તિઓ વચ્ચે રચાતા સંબંધને વિકૃતિ નહીં પરંતુ એક કુદરતી પ્રક્રિયા માને છે. અમૃતાનું પાત્ર મુક્ત વિચારસરણી ધરાવતી આધુનિક નારીનું પ્રતિનિધિત્વ કરે છે એ વાત સાચી પરંતુ, પ્રામાણિક જાતીયતા ધરાવતી અમૃતાનું આવું વર્તન તેના પિતા સ્વીકારતા નથી, તેમને ડર હતો કે અમૃતાનું આવું સ્વચ્છંદી વર્તન વર્ષોથી સાચવેલી તેમની ઇજ્જતને ધૂળધાણી કરી દેશે.

આત્મકથનાત્મક શૈલીએ લખાયેલ આ નવલકથામાં અમૃતાના મુખ્ય પાત્રની સાથે અન્ય ગૌણ પાત્રો પણ સંકળાયેલ છે. જેમાં...અમૃતાના પિતા ઉમરાવસિંહ, માતા-મારીએ આન્તોઈનેત્તે, બહેન-ઈન્દિરા(ઈન્દુ), મિત્રો-મારી લૂઈ, એડીથ, યુસુફ, ઈન્ગસ્તાદ, વરદા ઉકીલ, માલ્કમ મગરિજ, હેલન, વોલ્ટર કોલીન્સ અને જીવનસાથી-વિકટર ઉપરાંત કુટુંબીજનો અને સંબંધીઓમાં-અમૃતાના નાના લૂઈ ગોત્તીસમાન, વડનાના, નાની, દાદા સૂરતસિંહ, કાકા સુંદરસિંહ, મામા એરવિન બખ્તાય તો, કેટલીક શિક્ષણજગત કે ચિત્રજગતની પ્રખ્યાત વ્યક્તિઓ જેમાં...ડૉ. ઉઇહેયી, ચિત્રકાર પેટમાન, કાર્લ ખંડાલાવાલા ઉપરાંત, નામના પ્રાપ્ત હસ્તીઓ-જવાહરલાલ નહેરુ, સરોજિની નાયડુ અને નવાબ સાલારજંગનો સમાવેશ થાય છે કે જેઓ અમૃતાના જીવન સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલ હતાં.

‘આઠમો રંગ’માં આલેખાયેલ પાત્રો અંગેની વિસ્તૃત જાણકારી આપણને અમૃતા પાસેથી જ મળે છે. અમૃતાના પિતા ઉમરાવસિંહને સાહિત્ય અને ફિલસૂફીમાં ઊંડો શોખ હતો, તેઓ સંસ્કૃત, પર્શિયન અને ઉર્દૂના વિદ્વાન હોવાની સાથે નિયમિત યોગાસન અને કુદરત પ્રત્યેની અતૂટ શ્રદ્ધા ધરાવતા ખુશમિજાજી વ્યક્તિ હતા. સંગીત શીખવું, ફોટોગ્રાફી કરવી, બંધ પડેલી ઘડિયાળો દુરસ્ત કરવી અને આકાશનું કલાકો સુધી દર્શન કરવું એ એમના મનગમતા વિષયો હતા. મિલકતની જાળવણી કે તેની વૃદ્ધિમાં ખાસ રસ ન ધરાવતા ઉમરાવસિંહના લગ્ન નાની ઉંમરમાં થયાં હતાં. પ્રથમ પત્નીના અવસાન પછી હંગેરિયન મારીએ આન્તોઈનેત્તે સાથે ગાઢ પરિચયના અંતે લગ્ન કરી લે છે. અમૃતાના અભ્યાસ માટે ભારત અને પૅરિસ વચ્ચે વારંવારના પ્રવાસ છતાં પુત્રીના ભવિષ્ય માટે તેમને આ બધું જ કબૂલ-મંજૂર હતું. જો કે અમૃતા પુરુષમિત્રો સાથે બેધડક હરે ફરે કે સંબંધો

વધારે તે તેમને બિલકુલ ગમતું નહોતું. વળી અમૃતાની રહેણી કરણી, વાણી-વર્તન અને તેના બિન્ધાસ્ત કહી શકાય એવા સ્વભાવને કારણે એમનું નામ ભારતમાં ખરડાશે એવી એમને પાકી દહેશત હતી.

અમૃતાની મા-મારીએ આન્તોઈનેત્તે એક શ્રીમંત પરિવારમાં જન્મેલ રાજકન્યા જેવો ઠાઠમાઠ ધરાવતી કુંવરી હતી. તેમણે બાળપણમાં જ ઉત્તમ શિક્ષણ મેળવેલું જેમાં ગાનવાદન મુખ્ય હતા. મારીએ આન્તોઈનેત્તેને ગાયિકા બની જાહેર કાર્યક્રમો કરવાની ખૂબ જ હોંશ હોવાથી તેમને સંગીત શિક્ષણ માટે ઠેઠ રોમમાં મોકલી જાણીતા સંગીતજ્ઞો પાસેથી તાલીમ મેળવવામાં અમૃતાની નાનીમાનો અમૂલ્ય ફાળો રહ્યો હતો.

આકર્ષક વ્યક્તિત્ત્વ અને સંગીતની જાણકારીને કારણે ઉચ્ચ લોકોમાં બેઠક ધરાવતા મારીએ આન્તોઈનેત્તે જ્યારે પિયાનો વગાડવા બેઠાં હોય ત્યારે તે સુંદર લાગતાં. ઝૂકેલી ડોક, કપાળ અને ગાલ પર ઢળેલી લાલ ઝાંયવાળી સોનેરી લટ, ચમકતી આંખો અને કાળજીથી પહેરેલાં વસ્ત્રો તેમના વ્યક્તિત્ત્વને નીખારતા.

ઈન્દિરા-અમૃતાની નાની બહેન, જેને અમૃતા ઈન્દુ કહીને જ બોલાવતાં. અમૃતા જ્યાં જાય ત્યાં ઈન્દિરા તેમની સાથેને સાથે રહેતી, એવી તે પાકી દોસ્ત હતી. બંને એકબીજાની ક્યારેય ન ખૂટે એવી તમામ વાતો એકબીજા સાથે વહેંચતાં. બાળપણમાં એકબીજાને ખૂબ વહાલ કરતાં અને ખિલખિલાટ હસતાં એવાં આ બંને બહેનો વચ્ચે ઉમર વધતા સંબંધમાં તિરાડ જોવા મળે છે.

અમૃતાની જિંદગી સાથે વણાઈ ગયેલાં કેટલાક અન્ય પાત્રોની વાત કરીએ તો, ઈન્ગસ્તાદ- એક એવો છોકરો કે જેની સાથે અમૃતાને આઠ-દસ દિવસે એકવાર મળવાનું થતું. મોટાભાગે સ્ટુડિયોમાં કે બહાર ફરવા જવાનું થાય ત્યારે અન્ય મિત્રો સાથે તે પણ હોય. ઈન્ગસ્તાદ તો જાણે અમૃતાની સાથે જ પરણવાનો હોય એવા હકદાવા સાથે તેની બધી જ માહિતી રાખે. જો કે અમૃતાને તે સહેજેય પસંદ નહોતો.

મારી લૂઇ - અમૃતાને પહેલી જ નજરે ગમી ગયેલી એક ખૂશ મિજાજ છોકરી. વેધક નજર, અણિયાળું નાક, જરા મોટા અને વિલાસી જણાતાં હોઠ, ઊંચો પાતળો દેહ અને વસ્ત્રોની શોખીન. અમૃતાને મન કોઈ એકલવાયા, ઉદાસ અને હઠીલા બાળક જેવી લાગતી મારી લૂઈનું વર્તન અસામાન્ય અને વિચિત્ર લાગે એવું છે. એક સ્ત્રી મિત્ર તરીકે મારી લૂઈ બધાંની વચ્ચે એકાએક

ઊભી થઈને અમૃતાનો હાથ પકડી લઈ, ખભે હાથ દાબી ભેટી જતી અને એક અજબ પ્રકારની ઘેલછા સાથે અમૃતાની અમાપ પ્રશંસા કરતી.

મારી લૂઈની જેવી જ, પરંતુ કંઈક વિશિષ્ટ સંબંધ ધરાવતી અમૃતાની સ્ત્રી મિત્ર-એડીથ લાન્ગ. એડીથ લગભગ પુરુષ જેવી, પુરુષના જેવો જ ભારે અવાજ ધરાવતી અને કપડાંયે પુરુષના જેવા જ પહેરતી આકર્ષક અને આક્રમક હતી. રંગીન મિજાજ ધરાવતી એડીથ લાન્ગ એટલે મસ્તીથી ભરેલું સ્વતંત્ર અને ખુમારી ધરાવતું આકર્ષક વ્યક્તિત્ત્વ. મેધાવી, કલારસિક અને જીવનમાંથી આનંદ મેળવી લેવાની ગજબની ક્ષમતા ધરાવતી આ સ્ત્રીમિત્ર અમૃતાને પેરીસની આલ્ફ્રેદ કોર્તોત સ્કૂલમાં મળી હતી. જ્યાં તે સંગીતનું શિક્ષણ આપતી અને પોતેય શીખતી. અમૃતાની નિખાલસ કબૂલાત પ્રમાણે તે જ્યારે એડીથને મળી હતી ત્યાર બાદ પુરુષ મિત્રો સાથેની તેની દોસ્તીમાં ઓટ આવી ગઈ હતી. અમૃતા તેની સાથેના એક અનુભવ વિશે કહે છે, "ક્યારેય છોડવાની ન હોય એમ જ એડીથ મને ભેટેલી રહી, મારા ખભા પર, બરડા પર, ગળા પર એનો હાથ ફરવા લાગ્યો અને મારા ગાલ પર એના કંપતા હોઠનો સ્પર્શ મેં અનુભવ્યો...એ હૂંફ મને ગમી...થયું કે મારે કદાચ એવી હૂંફની જરૂર હતી."[૫૮]

યુસુફ-અમૃતાનો પુરુષમિત્ર. યુસુફ કોઈને પણ ગમી જાય એવો, ઊંચા મુસ્લિમ ખાનદાનની મુલાયમ, વિનમ્ર અને ખુશ્બુદાર રીતભાત ધરાવતો, ભારે સંસ્કારી અને વડીલો પ્રત્યે અત્યંત નમ્રતાથી ભરેલા વર્તનવાળો હતો. સમૃદ્ધ અને રાજવી ઠાઠ-માઠમાં જીવવા ટેવાયેલ યુસુફના પિતા-નવાબઅલી મોટા તાલુકદાર. ભારતીય સંગીતમાં ઊંડો રસ ધરાવતા હોવાથી મોટા મોટા સંગીતકારોની તેમના ઘરે બેઠકો થતી અને કલાકારો ભારે આદર સત્કાર પામતા. યુસુફના મા ઘણાં રૂપાળાં, શિક્ષિત અને જાજરમાન. અમૃતાની મા અમૃતાના લગ્ન આવા પ્રતિષ્ઠિત કુટુંબના સંસ્કારી છોકરા-યુસુફ સાથે થાય તેવું ઈચ્છતાં. અમૃતાને પણ પોતાને આવા એક સોહામણા અને મોભાદાર પુરુષ દ્વારા અપાતા મહત્ત્વ અને પોતાનો પડયો બોલ ઝીલવાની યુસુફની તૈયારી ગમવા લાગી. તેઓ બંને સારા મિત્રો બનવાને લીધે એક સાથે હરવા-ફરવા લાગે છે અને આખરે ન બનવાનું બને છે. અમૃતા એક અવિચારી પગલું ભરી બેસે છે, સત્તર-અઢારની ઉંમરે ગર્ભ રહી જાય છે. મુસ્લિમ યુવક સાથે લગ્ન ન જ કરવાનો નિર્ણય હોવાથી તે યુસુફથી દૂર રહેવા લાગે છે અને અંતે અમૃતા માસીના દીકરા વિકટરની મદદથી ગર્ભપાત કરાવે છે.

આ ઉપરાંત એવાં કેટલાંક પાત્રો આ નવલકથામાં આવે છે જે અમૃતાના જીવન સાથે જોડાયેલ છે. ડૉ. ઉઇહેયી - મનોવિજ્ઞાનના નિષ્ણાત. ડૉ. ઉઇહેયી હિપ્નોસિસના મોટા જાણકાર હતા અને એમણે અમૃતા પર હિપ્નોસિસનો પ્રયોગ કરેલો. તો, ચિત્રકાર પેટમાન કે જેઓ મોટા ઘરનાં બાળકોને ચિત્રકલા શિખવતા અને ફાજલ સમયમાં પોર્ટ્રેઈટ બનાવી કમાવી લેતા. પેટમાન લંડનની આર્ટ સ્કૂલમાં ભણાવતા હતા અને ચિત્રકલાની તાલીમની એમણે ખાસ પદ્ધતિ વિકસાવી હતી. શ્રી પેટમાનની શીખવવાની ખાસ પદ્ધતિને કારણે જ અમૃતા રેખાઓની સ્પષ્ટતા અને પ્રમાણ તથા સમતુલા અંગેનું જે શિક્ષણ મેળવ્યું તે લગભગ કોતરાઈ ગયું. અમૃતા પામી ગયાં હતાં કે રંગોનું મહત્ત્વ ખરું, પણ ચિત્રકલામાં રેખાંકન જ કેન્દ્રમાં હોય છે.

અમૃતાના મામા-એરવિન બખ્તાયનો અમૃતા પર ખૂબ જ પ્રભાવ જોવા મળે છે. પેરીસમાં અભ્યાસાર્થે જવાની પ્રેરણા આપનાર મામા એરવિન બખ્તાયની હાજરી માત્રથી અમૃતાની આસપાસના વાતાવરણમાં જીવંતતા આવી જતી. મૂળ ચિત્રકળાના જીવ એવા એરવિન બખ્તાય ભાષાઓના અભ્યાસમાં ઝંપલાવે છે અને લગભગ વીસેક જેટલી ભાષાઓ આરામથી બોલી શકે છે. તિબેટમાં પૂરા પાંચ વર્ષ રહી બૌદ્ધ તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યા પછી ફિલસૂફીમાં ઊંડો રસ ધરાવે છે.

કાર્લ ખંડાલાવાલા-એક એવું પાત્ર કે જેના વગર અમૃતાની ચિત્રકલાની કારકિર્દી અધૂરી ગણાય. કલાવિવેચક કાર્લ ખંડાલાવાલા પ્રત્યે અમૃતાને ખૂબ આદર છે. ચિત્રકલા માટે માર્ગદર્શક એવા કાર્લ ખંડાલાવાલા સાથે અમૃતા નિયમિતરૂપે પત્રસંપર્કમાં રહે છે. અમૃતાને પોતાના વિચારો તેમની સામે વ્યક્ત કરવાનું ગમે છે. તેઓ પોતાનું કામ ગંભીરતાપૂર્વક અને નિષ્ઠાથી કરે છે. ક્યારેય ઉભડક મંતવ્યો અને ઉતાવળિયાં વિધાનો કરતા નથી. આવા કલાવિવેચક, મિત્ર, માર્ગદર્શક પાસેથી અમૃતાને ઘણીવાર સધિયારો મળે છે.

આ ઉપરાંત મિત્ર અને જીવનસાથી એવા વિકટરનું પાત્ર પણ ખૂબ જ મહત્વનું છે. વિકટર અમૃતાની માસીનો દીકરો. વ્યવસાયે ડૉકટર જેમણે અમૃતાના જીવનને નજીકથી જોયું છે, ઘણી કાળજી લીધી છે, અંગત મુશ્કેલીભર્યા દિવસોમાં એમણે જ સાથ આપ્યો છે એવા વિકટર સાથે અમૃતા લગ્નસંબંધથી જોડાય છે. અમૃતાના જીવનમાં વિકટરનો પ્રવેશ થવાથી તે નિશ્ચિંત બની જાય છે. એક સારો દોસ્ત અને દરેક મુશ્કેલીમાં સાથે રહેનાર એવા વિકટરને પણ અંતે મૂકીને અમૃતા આ ફાની દુનિયા છોડીને ચાલી જાય છે.

અમૃતાના જીવનમાં આવેલ અન્ય પાત્રોની વાત કરીએ તો, વરદા ઉકીલ કે જેઓ અમૃતાના અજંતા અને દક્ષિણ ભારતના સમગ્ર પ્રવાસ દરમિયાન સાથીદાર રહ્યા હતા અને મદદરૂપ થવાની ઘણીયે કોશિશ કરી હતી. માલ્કમ મગરિજ કે જે ઈંગ્લેન્ડથી આવેલ પત્રકાર અને સિમલામાં રહી 'સ્ટેટ્સમેન' માટે અહેવાલો-લેખો વગેરે મોકલતો હતો. માલકમ સાથેના છ-સાત મહિના ટકેલા સંબંધમાં તેમના વ્યક્તિત્ત્વથી અમૃતા આકર્ષાયાં હતાં. અત્યાર સુધીના તમામ પુરુષ મિત્રોમાં તે અલગ તરી આવ્યા હતા. અમૃતાની બીજી મિત્ર હેલન. બંનેના રસના વિષયો સરખા હોવાથી હેલન અમૃતાની ખાસ મિત્ર બની હતી. બંને ખૂબ જ મોકળાશથી વાતો કરી શકતાં અને અંગત કહી શકાય એવું ઘણું એકબીજાને વહેંચવાનું ગમતું.

વળી વોલ્ટર કોલીન્સ નામના એક સરસ માણસ સાથે અમૃતાને પરિચય થાય છે. વોલ્ટર કોલીન્સ એકદમ પ્રતિભા સંપન્ન અને પરિપક્વ માણસ. જીવન, કલા, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, પ્રકૃતિ, પશુ-પંખીઓ અને ઇતિહાસ જેવા અનેક વિષયોમાં ઊંડો રસ અને જાણકારી ધરાવનાર મળવા જેવા માણસ હતા. તો માર્ગરિટ ગાસ્પેર કે જે લેખિકા છે જેણે અમૃતાને કંઈક લખવા માટે પ્રેરિત કરી હતી. અમૃતાને માર્ગરિટ તેના શાંત પ્રકૃતિવાળા માયાળુ સ્વભાવને લીધે પસંદ હતાં.

અમૃતાના કુટુંબીજનો વિશે જોઈએ તો, અમૃતાના નાના લૂઈ ગોત્તીસમાન એક વીમા કંપનીમાં કામ કરતા હતા, વડનાના ઓસ્ટ્રિયન અશ્વદળમાં અફસર તો અમૃતાના નાની રૂપાળાં અને રસિક. વળી એ જમાનામાં તેમણે સંગીતનું સારું એવું શિક્ષણ મેળવેલું. પિયાનો વગાડતાં વગાડતાં એ મોકળે કંઠે ગાતાં. અમૃતાના દાદા સૂરતસિંહ મૂળ રણજિતસિંહના લશ્કરમાં હતા. ૧૮૪૭માં શીખો અને અંગ્રેજો વચ્ચે જે સંઘર્ષ થયેલો તેમાં તેઓ ખૂબ બહાદૂરીથી શીખોના પક્ષમાં લડેલા. અમૃતાના કાકા સુંદરસિહ અંગ્રેજ સરકારની ઠીક ઠીક નજીકના વગદાર આસામી ગણાતા હતા. ઉપરાંત કાકાનો છોકરો કિરપાલ અને કાકાના દીકરાની દીકરી જોજીનો પણ ઉલ્લેખ આવે છે. જોજી એટલી ચંચળ અને રૂપાળી કે જ્યાં ઊભી રહે ત્યાં વાતાવરણ છલકાઈ ઉઠે એવી માયાળું છોકરી.

જાહેરજીવનના કેટલાક પ્રતિષ્ઠિત વ્યક્તિઓની વાત કરીએ તો જવાહરલાલ નહેરુ સાથેની પોતાની મુલાકાતને અમૃતા યાદગાર ગણે છે. ઇમ્પિરિયલ હોટલમાં ગોઠવેલ ચિત્રપ્રદર્શન જોવા નહેરુ પોતાના વ્યસ્ત રોકાણોમાંથી સમય કાઢીને આવે છે. અમૃતા નહેરુની સ્ફૂર્તિ, એમનો ઓજસ્વી ચહેરો અને બુદ્ધિના ચમકારાવાળી આંખો જોઈ પ્રભાવિત થાય છે. પ્રથમ મુલાકાત હોવા છતાં

મૈત્રીભાવે બંને સાથે જ ચિત્ર પ્રદર્શન જુએ છે. નહેરુને અમૃતાના ચિત્રો ગમે છે અને કહે પણ છે, 'ધેર ઈઝ લાઈફ ઈન યોર પેઈન્ટિંગ્ઝ'.

સરોજિની નાયડુ સાથેની મુલાકાતને અમૃતા એક સંભારણું ગણે છે. અમૃતા એમનાં વ્યક્તિત્વથી અંજાય છે. અમૃતાને જે પ્રખરતા સ્ત્રીઓનાં વ્યક્તિત્વમાં ખાસ ગમે છે તે સરોજિની નાયડુમાં છલકાતી જોઈ. પાતળી કિનારવાળી તપખીરિયા રંગની સાડીમાં જાજરમાન દેખાતાં, બોલચાલમાં રમૂજની છાંટ અને આકર્ષક છટા જોઈ અમૃતાને અફસોસ રહી જાય છે કે એમની સાથે ઓછો વખત મળ્યો અને ફરી કયારેય મળી શકાયું નહિ.

૩.૩.૧.૩. 'આઠમો રંગ'ની રચનારીતિ :

હિમાંશી શેલત રચિત 'આઠમો રંગ' કુલ આઠ પ્રકરણમાં વહેંચાયેલ અને આત્મકથનાત્મક શૈલીએ લખાયેલ નવલકથા છે. લેખિકાના કહ્યાનુસાર પ્રસ્તુત નવલકથા પ્રખ્યાત ભારતીય ચિત્રકાર અમૃતા શેરગિલના જીવન પર આધારિત હોવાથી તેમનાં જીવનનું સંપૂર્ણ આલેખન થાય તે હેતુથી આ નવલકથા આત્મકથનાત્મક શૈલીએ લખાઈ છે. અમૃતા શેરગિલ ફક્ત ૨૯ વર્ષની ટૂંકી આયુમાં પણ યાદગાર જીવન જીવી ગયાં - આવાં જીવનસંવેદનોને હિમાંશી શેલતે પોતાની વિશેષ રચનારીતિ દ્વારા સુંદર રીતે આલેખ્યા છે. લેખિકા નવલકથાની શરૂઆતમાં પોતાની 'કેફિયત'માં નોંધે છે, "- પણ નવલકથા માટે જરૂરી ઘટનાઓ અને પાત્રરેખાઓ સર્વથા કાલ્પનિક છે. હકીકતોને કલ્પનાનો પુટ આપવામાં ઘણું બદલાયું પણ છે. મારું લક્ષ્ય નવલકથા છે, જ્યાં અવકાશ મળ્યો ત્યાં કલ્પનાને વિસ્તરવા દીધી છે.

રજૂઆત માટે આત્મકથનાત્મક શૈલી પસંદ કરી છે એનું મુખ્ય કારણ અમૃતાના પાત્રની ભીતર જવાની મારી મથામણ અને ઈચ્છા લેખીશ. અમૃતાની નજરે બધું જોતાં એ રીતે અમૃતામય બની જવાયું કે એની દૃષ્ટિએ, એની ભાષામાં, એનાં અર્થઘટન અનુસાર જ આ સામગ્રી આવે તો ઠીક થાય એમ પ્રબળપણે લાગ્યું."[૫૯] અહીં નોંધવું રહ્યું કે આ નવલકથા ઇતરચરિત્રાત્મક કૃતિ છે જેમાં અમૃતા શેરગિલના જીવનની કેટલીક વિગતોને કલ્પનાના પુટ દ્વારા પ્રથમ પુરુષ એકવચન શૈલીમાં આલેખી છે.

આ નવલકથામાં નાર્સિસિસના રંગોથી લઈ ઉદાસીના આઠમા રંગ સુધીના સુંદર ચિત્રને આલેખવા માટે હિમાંશી શેલતે પ્રથમપુરુષ એકવચન શૈલીનો આધાર લીધો. આ આધાર લેવા પાછળનું લેખિકાનું ચોક્કસ ગણિત એ કે અમૃતાના પાત્રની ભીતર જવાની મથામણ અથવા કહો કે

તેમની ઈચ્છા. માત્ર ૨૯ વર્ષની ટૂંકી આયુમાં આ ફાની દુનિયા છોડી જનાર અમૃતા શેરગિલ ઉત્તમોત્તમ ચિત્રો દોરીને ભારતીય ચિત્રકળામાં અમર થઈ ગયાં. આવાં ચિત્રકાર પ્રત્યે જાણવાની ઈચ્છા અને તાલાવેલીના પરિણામ સ્વરૂપ પણ આ નવલકથા આલેખાઇ એ એક કારણ હોઈ શકે. આ વાતને સમજવા રાકેશ દેસાઈના શબ્દો અહીં ઉપયોગી થશે. તેઓ નોંધે છે, "એક સ્ત્રી સર્જકની બાળવયે અમૃતા શેરગિલના ચિત્રોના આકસ્મિક સાક્ષાત્કારની એક બડભાગી ક્ષણ ત્યારબાદ અમૃતા શેરગિલના વ્યક્તિત્વને, એમની કલાના હાર્દને પામવા દાયકાઓ સુધી વિસ્તરે છે, અને એમના અંગેના વાચન, સંશોધન દ્વારા ચિત્રકારને ચીતરવા મથે છે, અને શબ્દ દ્વારા આત્મખોજમાં રત એક સ્ત્રી સર્જક જાણે કે મનમાં વિકસેલા - વિકસતા 'અમૃતા શેરગિલ'ના પાત્રને મૂર્ત કરવાં, સેલ્ફ પોટ્રેઈટથી પોતીકી ઓળખને પામવા મથતાં ચિત્રકારની જેમ, નવલકથા આલેખે છે. આ સંદર્ભે 'આઠમો રંગ'નો પ્રથમ પુરુષ એકવચન અમૃતા શેરગિલ અને હિમાંશી શેલત બંને છે, અને કલાના ક્ષેત્ર તથા ઐતિહાસિક સમયના સંદર્ભે બે ભિન્ન સ્ત્રી કલાસાધકોની પિતૃસત્તાત્મક સમાજમાં પોતીકાં સંદર્ભોને શરતોએ થયેલી-થતી આત્મખોજ એકીકરણ પામે છે. હિમાંશી શેલતનો પ્રથમ પુરુષ એકવચન, એક કૃષિ રૂપક લઈએ તો, આંબાની કલમ રૂપે અમૃતા શેરગિલની ભોંયમાં રોપાઈને એક સ્ત્રી કલાકારના સંઘર્ષ અને જીવનદર્શનમાં ફળે છે. આઠમો રંગનો પ્રથમપુરુષ એકવચન અમૃતા એટલે કે હિમાંશી શેલત છે, કારણ કે એ પ્રથમ 'સ્ત્રી' એકવચન છે."[૬૦]

લેખિકાએ આ નવલકથાની રચના એ રીતે કરી છે કે, જેમાં જાતીય સ્ખલનોમાં વ્યક્ત થતી અંગત સંવેદનાઓ, ચિત્રકળા ક્ષેત્રે સ્ત્રી-પુરુષ કળાકાર વચ્ચે રખાતો ભેદભાવ, લગ્ન અને જીવન વિશેના અંગત મંતવ્યો, મૃત્યુ વિષયક ખ્યાલો વગેરે આકર્ષક રીતે રજૂ થયા છે. જોકે, કેટલીક જગ્યાએ લેખિકાએ સપાટ વિધાનો દ્વારા કથાને વિહરવા દીધી છે. જેના કારણે ક્યારેક કથામાં સ્થૂળતા પ્રવેશી છે, સૂક્ષ્મતાનો અભાવ દેખાય છે. આ સંદર્ભે મોહન પરમાર નોંધે છે, "આ નવલકથા અમૃતા શેરગિલના જીવન પર આધારિત છે. એટલે એ તો સ્પષ્ટ જ છે કે અમૃતાના જીવનમાં બનેલી મહત્ત્વની ઘટનાઓનો એમાં સમાવેશ થાય પણ આ ઘટનાઓનું સ્પર્શક્ષમ નિરૂપણ બધી જગ્યાએ થયું છે એમ કહી શકાશે નહિ. કેમકે લેખિકાએ ક્યાંક તો સાવ સપાટ ભાષામાં સીધે સીધાં વિધાનો દ્વારા કથાને વિહરવા દીધી છે."[૬૧] ટૂંકમાં, તેમના મતે નવલકથામાં નાયિકાની આંતર-બાહ્ય ક્રિયાઓ ખાસ કરીને નાયિકાના મૃત્યુ સમયની ક્ષણો સૂક્ષ્મરૂપે નિરૂપી શકાઈ હોત.

નવલકથાનું બીજું પ્રકરણ ફ્લેશબેક પદ્ધતિથી આલેખાયું છે. તો, અંતિમ પ્રકરણ ડાયરીશૈલીમાં લખાયું છે જેમાં કેટલીક ઘટનાઓ - ખાસ કરીને અમૃતાના જીવનની અંતિમ ઘટનાઓ ડાયરીના પૃષ્ઠો રૂપે લખાઈ છે. તો નવલકથામાં ઘણીવાર લેખિકાએ ચિત્રાત્મક શૈલીનો પ્રયોગ પણ કર્યો છે. નવલકથાના અંતભાગમાં નાયિકાની આંતરસંઘર્ષની તીવ્રતાની વાત હોય કે બોક્સમાંથી મળી આવેલ માલ્કમનો કાગળ હોય, જેમાં નાયિકાની મનઃસ્થિતિનું સચોટ રીતે નિરૂપણ થયું છે.

નવલકથાના શીર્ષક વિશે જોઈએ તો, પ્રસિદ્ધ ચિત્રકાર અમૃતા શેરગિલના જીવન પર આધારિત આ નવલકથામાં અમૃતાના જીવનના વિવિધ રંગો આલેખાયા છે. ઈન્દ્રધનુષના સાત રંગો ઉપરાંત અહીં અમૃતાની ઉદાસીનો - વિષાદગ્રસ્ત અવસ્થાનો આઠમો રંગ આલેખાયો છે. અમૃતા કહે છે, "મારી રંગોની તરસ મને હંમેશા પેલા સપ્તરંગી મેઘધનુષ પાસે લઈ જતી હોય છે, પણ આવા સમયે હું ઘેરાયેલી રહું છું આઠમા રંગથી. એ આઠમો રંગ પેલી ઉદાસીનો, વિષાદનો અને કંટાળાનો ભૂખરો-રાખોડી રંગ."[૬૨] અમૃતાના આ ઉદ્‌ગારોમાં જે વિષાદભાવ વ્યક્ત થયો છે તે નવલકથાના શીર્ષકને સાર્થક કરે છે.

૩.૩.૧.૪. 'આઠમો રંગ'ની ભાષાશૈલી અને વર્ણનો :

હિમાંશી શેલતે ટૂંકી વાર્તા ક્ષેત્રે ઉત્તમ કામ કર્યુ છે. સમાજના પીડિત, વંચિત, શોષિત, વૃદ્ધ અને અવગણાયેલ લોકોને કેન્દ્રમાં રાખી વાર્તાઓ લખી છે. જેમાં તેમણે માનવજીવનની વિવિધ સંકુલતાઓ અને વિવિધ ગતિવિધિઓને ભાષાકર્મના ભપકાથી આંજી દેવાના બદલે રોજ-બરોજ વપરાતી સામાન્ય ભાષા વડે આલેખી છે. ભાષાશૈલી જેમ ટૂંકી વાર્તાનું એક અનિવાર્ય ઘટકતત્ત્વ છે તેવી જ રીતે નવલકથામાં પણ સર્જક યથાયોગ્ય ભાષા દ્વારા પોતાના ઈચ્છીત ગંતવ્ય સુધી પહોંચી શકે છે. 'આઠમો રંગ' નવલકથામાં પણ લેખિકાએ સાદી-સરળ ભાષાનો ઉપયોગ કર્યો છે. આ નવલકથામાં હિમાંશી શેલતે ઉપયોગમાં લીધેલ ભાષા સંદર્ભે જ્યોતિ ભટ્ટ તેમના લેખ 'આઠમો રંગ અને ચિત્રકાર અમૃતા શેરગિલ'માં લખે છે, "સંવેદનશીલ, કળાપ્રેમી, કળામર્મી સર્જક તરીકે તથા આઝાદી મળ્યા પછી અર્ધી સદી વટાવી ચૂકેલા ભારતીય સમાજમાં આજ પર્યન્ત નારીનું જે સ્થાન અને દશા જોવા મળે છે તે અંગે સભાન અને ચિંતિત લેખિકા હોવાને નાતે અમૃતાની આંતરિક વ્યથા પણ તેમણે આત્મસાત્ કરી છે અને અમૃતાના પત્રો અને લખાણની વાણી પણ તેમણે જાળવી રાખ્યાં છે."[૬૩] આ નવલકથામાં પ્રયોજાયેલ ભાષાના કેટલાક દષ્ટાંત જોઈએ...

જ્યારે સિમલામાં મામાએ મૉડેલ પરથી પોટ્રેઈટ બનાવવાનું શીખવાડયું તે પ્રમાણે કુટુંબીજનો, નોકરચાકરો, મિત્રો અને ગ્રામજનોનાં ચિત્રો દોરતાં ત્યારે અમૃતા અનુભવે છે, ‘અહીંના શ્રમજીવીઓના ઉદાસ ચહેરાઓ અને અદીઠમાં તાકી રહેલી, સતત વાટ જોતી આંખોએ મારો કબજો લઈ લીધો છે.’[૬૪] આ રીતે અહીં નવલકથામાં અમૃતાના જીવનના અંત સુધી સાથે રહેનાર અવસાદનો રંગ વર્ણવાયો છે.

માલ્કમ સાથેની ગાઢ દોસ્તી બંધાયા પછી અમૃતાને છોડી માલ્કમને લંડન જવાનું થાય છે. જ્યારે માલ્કમ સિમલામાં નહિ હોય ત્યારે તેનો અવસાદ કેવો પીડશે એને વ્યક્ત કરતા અમૃતાના આ શબ્દો… “સિમલામાં માલ્કમ નહિ હોય એનો અવસાદ હતો, ખીણ તરફ ઊડી જતા પંખીની પાંખો હવામાં જે રંગછોળ ઉડાડે તે શ્વાસ રોકીને જોતી વખતે પડખે ઊભેલા માલ્કમનો હાથ પકડી લેવાનું હવે નહિ બને અને ત્યારે તેની ગેરહાજરી સાલશે, પણ આ તો આમ જ થવાનું હતું. આનંદભરી સફર કરતા બે પ્રવાસીઓ હોય તેયે પોતપોતાનું સ્થાન આવતા અલગ પડે છે. વિદાય વખતે હાથ પકડીએ, હાથને અડાડીએ, કદાચ આંખોમાં ઝળહળિયાં આવી જાય, પણ પછી ટ્રેન આગળ ચાલે ત્યારે બારીમાંથી હાથ ફરકાવવાનું જ રહે છે. છૂટા નથી પડવું, પ્રાણાન્તેય નહિ, એવી હઠ પકડીને આપણે ઉત્પાત નથી મચાવતાં…”[૬૫]

અમૃતા ડિસેમ્બર મહિના સાથે વિષાદના સંબંધ વિશે વિચારતાં તે કોઈ અસ્પષ્ટ ભયનો ઓથાર અનુભવે છે. રાતે અડધીપડધી ઊંઘમાં કોઈ રડતું હોય, ડૂસકાં દબાવવાનો નિરર્થક પ્રયાસ કરતું હોય એમ સંભળાય છે. બારી પાસે જતાં ભ્રાંતિ પુરવાર થાય છે. આવી વિચિત્ર પ્રકારની ભ્રાન્તિને અમૃતા આ રીતે વ્યક્ત કરે છે, “મારી રંગોની તરસ મને હંમેશા પેલા સપ્તરંગી મેઘધનુષ પાસે લઈ જતી હોય છે, પણ આવા સમયે હું ઘેરાયેલી રહું છું આઠમા રંગથી. એ આઠમો રંગ પેલી ઉદાસીનો, વિષાદનો અને કંટાળાનો ભૂખરો-રાખોડી રંગ. આસપાસની કોઈ વાતમાં મને આ દિવસોમાં રસ પડતો નથી. બધું ખાલીખમ લાગે એ તો ઠીક, હું પોતેય જાણે એક ખાલી ખોખું હોઉં એમ લાગ્યા કરે. આવનારા સમયનો ડર લાગે છે.”[૬૬]

એન્દ્રેનું ‘ધ હોર્સીસ ઓફ ડેથ’ અમૃતાનું અત્યંત પ્રિય કાવ્ય છે. તેનું વારંવાર વાચન કરતાં એક ચિત્ર એના માનસપટ પર આલેખાતું જાય છે. આ ચિત્રને વર્ણવતી ભાષા જોઈએ : “ચાંદનીના સફેદ રસ્તા પર મૃત્યુના અશ્વ દોડે છે. સૂસવતો પવન એમને દોડાવતો રહ્યો છે. આપણી તરફ

વેગથી ધસમસતા એ અશ્વો આવી રહ્યા છે. અહીં જ, આ પૃથ્વી પર એ ક્યારેય અહીં આવી પહોંચશે, અને કયા અશ્વની ખાલી પીઠ પર કોની સવારી હશે, ખબર નથી કોઈને."[૬૭]

તો, નાયિકાના આત્મચિંતનને વ્યક્ત કરતા સરળ પરંતુ મર્મસ્પર્શી આ શબ્દો જોઈએ…"જ્યાં સુધી પ્રકાશવર્તુળના કેન્દ્રમાં હોઈએ ત્યાં સુધી જ લોકો આગળપાછળ ફરતા રહે, આપણો અહમ્ આભને અડકતો રહે, વાહવાહ થતી રહે અને આપણે માનીએ કે દુનિયા પર છવાઈ ગયાં! પછી જરા ઝાંખાં પડયાં, જૂનાં થયાં અને કેન્દ્રમાં બીજું કોઈ આવી ગયું એટલે લોક બધું ત્યાં! આ અર્થહીનતા સમજાતાં ખાસ વાર ન લાગવી જોઈએ."[૬૮]

નાયિકાનો અંત હવે નજીક છે એવા કાળે… બારી ખોલાવી નાખે છે ત્યાં સોનેરી રંગનું મોટું મોજું આખા ઓરડામાં પ્રસરી વળતાં બદલાયેલા રંગોને કેન્વાસમાં ઉતારી દેવાની ઈચ્છા વ્યક્ત કરે છે. જુઓ -

"આંગળી જ જો પીંછી બની જાય તો વળી કદાચ -

બંધ આંખોયે આટઆટલા રંગો જોઈ શક્તી હશે ?

કોઈ નામ દઈને બોલાવે છે ફરી ફરીને, ઢંઢોળે છે, હચમચાવે છે, ખબર નહિ ક્યાં જવાનું હશે અત્યારે, કે આવી ઉતાવળ !"[૬૯]

પ્રસિદ્ધ ચિત્રકાર અમૃતા શેરગિલના જીવનનું દર્શન કરાવતી આ નવલકથામાં હિમાંશી શેલતે અત્યંત સરળ છતાં પ્રભાવશાળી ભાષાનો ઉપયોગ કર્યો છે. લેખિકાએ પ્રયોજેલી આ ભાષા સંદર્ભે રાધેશ્યામ શર્મા તેમના લેખ 'નવલ સાહસ, પણ સરાહનીય'માં નોંધે છે, "ચુંબકીય નારીત્વથી ધ્યાનાર્હ બનેલી, પંચેન્દ્રિયથી જીવનરસ પી જવા તત્પર, પારદર્શક વાણી-વર્તનથી અપ્રિય થવાની બીક વિનાની નાયિકાના આઠમા રંગનો વિષાદ ભાવકમાં સક્રાન્ત કરવામાં હિમાંશી શેલતનું સાહસ ઘણે અંશે સફળ રહ્યું છે. પૂર્ણ અંશે એટલા માટે નહીં કે નવલનું ભાષાકીય સ્તર અકબંધ લેખિકાના લયલહેકામાં જ સર્વત્ર પ્રવર્ત્યું છે."[૭૦]

સાદી, સરળ અને સુંદર ભાષાની સાથે નવલકથામાં કેટલાક આકર્ષક વર્ણનો પણ આલેખાયા છે, જે આ નવલકથાનું જમા પાસુ છે. આવા સુંદર વર્ણનો જોઈએ તો… પંજાબની ધરતી પર ડિસેમ્બર માસની ઠંડકભરી સવારનું નાયિકાએ કરેલું આ વર્ણન જુઓ : "ધુમ્મસછાયી સવારમાં ભારતના જે સૂર્યની મારી કલ્પના હતી એવો સૂર્ય તો ક્યાંથી જોવા મળે? પીળાશ પડતી રાખોડી ભૂમિ પર મેં ભારતનાં પોસ્ટર્સમાં જોયેલા એ તેજસ્વી મેઘધનુષી રંગોનો લેશમાત્ર અણસાર

નહિ. આખો પ્રદેશ સૂનો અને થોડો ઉજ્જડ લાગ્યો. બદામી, કથ્થઈ અને કાલાં કપડાંમાં ઢબૂરાયેલા સ્ત્રીપુરુષો ઓળાઓની જેમ પસાર થઈ જતાં હતાં, ખેતીના કામોમાં વ્યસ્ત, પોતાનામાં જ ડૂબેલાં હોય એવાં."[૭૧]

સ્વ/કલાના મૂળની શોધમાં ભારત આવતા પહેલા અમૃતા અંધારી ઘોર લાગે એવી પૅરિસની બપોરે એ ભારતના પોસ્ટરમાં જે જુએ છે તે આકર્ષક અને રંગીન દશ્યનું વર્ણન : "સજાવેલા હાથીઓ, મનોરમ શિલ્પો, કલાત્મક વસ્ત્રાલંકારોમાં શોભતી નૃત્યાંગનાઓ અને એવું બધું તો ઠીક, મને જે ખૂબ ગમી ગયેલું એ તો હતું કોઈ મેળાનું દશ્ય. ગામડાના કોઈ ઉત્સવની એ તસ્વીરમાં ઉલ્લાસમાં ચકચૂર સ્ત્રીઓના વસ્ત્રો હવામાં રંગોની છાલક મારતાં હતાં. આ દેશમાં લોકો શું આટઆટલા રંગો પહેરતા હશે? લાલ, પીળા, કેસરી, લીલા, ભૂરા, જાંબલી, કાળા...કલ્પી શકાય એટલા બધાયે રંગોની વિધવિધ છટાઓ અહીં હાજર. અસંખ્ય પગ હેઠળ પથરાયેલી પીળી-કથ્થઈ માટી, દૂર દેખાતી લીલી-પોપટી ઝાડી પાછળ ભૂરી-કાળી-લીલી ઝાંયવાળી ટેકરીઓ અને એનીયે પાછળ નીચે ઉતરી રહેલો નારંગી ગોળાકાર...આકાશના આછા ભૂરા રંગમાં ખેંચાયેલા એકાદ-બે સફેદ પટાઓ...એક નાની અમથી જગ્યામાં કેટલા બધા રંગો!"[૭૨]

ત્યાર પછી ભારતની ભૂમિ પર પગ મૂકતા જ નાયિકાને જે શૈલીની ખોજ હતી તેના માટે અનુકૂળ નવું સ્થળ, નવા વિષયો, નવા રંગો, નવીન અનુભવનું વર્ણન: "- અને અહીં આવતાંની સાથે જે જોવા મળ્યું એ મારી અપેક્ષાના ચિત્ર સાથે મેળ ખાય એવું નહોતું છતાં મને એ ગમી ગયું. પસંદ પડી ગયાં એ ઘઉંવર્ણા શામળાં શ્રમજીવીઓ, એમના ચહેરાઓ, એમની આંખો. મને જેવા મનુષ્યો ચીતરવા ગમે તેવા જ એ હતા. એમનામાં એવું કંઈક હતું જે મને ચુંબકની જેમ ખેંચતું હતું. અમૃતસરની એ કોઠીમાં, એનાં આંગણામાં, એના રસ્તાઓ પર, હું માણસોને જોતી રહી, એવા ઉત્સાહથી જાણે પારીસમાં મેં કદી માણસો દીઠા જ ન હોય!"[૭૩]

તો અમૃતાના જન્મદિવસનું તેની મમ્માએ કરેલું આકર્ષક વર્ણન : "અરે, તે દહાડે તો કંઈ બરફ, કંઈ બરફ... એક તો જાન્યુઆરી મહિનો ને વળી એ સાલ ઠંડીયે કંઈક વધારે પડેલી. નદી તો સાવ થીજી ગયેલી, બરફની પાટ જ જોઈ લો, ચલાય એવી ઠરીને રહેલી! અને નદી તરફથી જે પવન ફૂંકાય એ તો એવો કાતિલ કે બારીક વાળ જેટલી ફાટમાંથી ઘરમાં દાખલ થાય તેમાંયે થથરાવી કાઢે, વીંધી નાખે આરપાર... આ બુડાની પર્વતહાર તો આખેઆખી બરફની ઢગલીઓ... ગલીઓમાં ઢીંચણપૂર બરફ, બધુંયે ધોળું ધબ્બ અને તે પર સતત ઝરમર ઝરમર બરફ..."[૭૪]

અમૃતાનું બાળપણ જે ઘરે વ્યતીત થયું તે ઘર આટલા વર્ષોએ-અત્યારે પણ અમૃતાના મનમાં અંકિત થયેલું છે, તેનું વર્ણન…"હંગેરીમાં અમારું ઘર ડેન્યુબની બરાબર સામે. એ ઘરની ઘણી વિગતો વિસ્મરણમાં દટાઈ ગઈ છે, પણ મમ્માની ખાસ લેધર-ચેર મને યાદ છે. એનો રંગ મને બહુ ગમતો અને ઈન્દુ સાથે હું એના પર રમતી. પુસ્તકોનો એક ઊંચો, પહોળો ઘોડો અને તે પર ગોઠવેલાં થોકબંધ પુસ્તકો, એક રૂપાળી પર્શિયન કાર્પેટ અને કોતરણીવાળું લાકડાનું ટેબલ હજી સ્મૃતિમાં છે. એ ઘરમાં વારંવાર જોવી ગમે એવી ઘણી વસ્તુઓ મમ્માએ એકઠી કરેલી. ચિત્રોની બેનમૂન ફ્રેઈમ, (ચિત્રો યાદ નથી, પણ ફ્રેઈમ નથી ભુલાતી!) હાથીદાંતની ડબ્બીઓ, ચાંદીનું એક સાવ નાનકડું ફ્લાવરવાઝ, ભરતવાળું રેશમી ટેબલ-ક્લોથ… સુંદર વસ્તુઓ માટે મમ્માનો લગાવ મને ગમતો, હજીયે ગમે છે."[૭૫]

ભારતમાં આવ્યા પછી અમૃતા નવી શૈલીની શોધમાં ભારતના જુદાં-જુદાં સ્થળોની મુલાકાત લે છે. તેમાં ભારતીય ચિત્રકળાના સર્વોત્તમ અંશોનો પરિચય કરાવતી અજંતા-ઈલોરાની ગુફાઓનું અમૃતાએ કરેલું રમણીય વર્ણન…"ઈલોરાની ગુફાઓ એટલે અંધકારની શાંતિ, નીરવ શાંતિનો આ અનુભવ અપૂર્વ કહીશ. ગુફામંદિરોની વિશાળતા, ક્યાંકક્યાંક ખડકમાંથી ઝરતું પાણી અને ભવ્ય શિલ્પવિધાન. પથ્થરમાંથી કોતરી કાઢેલાં એ બરફ જેવાં પગથિયાં પર બેસીને લેશ પણ ચિંતા વિના સમયને વહેવા દેવો જોઈએ અથવા તો થીજેલા સમયમાં થીજી જવું જોઈએ.

અહીંનો અંધકાર પણ જુદો છે. પૃથ્વીના આરંભ પછીની પહેલી સાંજ કલ્પી જુઓ. સંધ્યાકાળ એટલે શું તેનો પ્રથમ પરિચય. દિવસનો ઉજાસ પૂરેપૂરો ગયો નથી પણ જવાની તૈયારીમાં છે અને એ ઉજાસમાં અંધકાર ભળતો જાય છે. એમાં ઉમેરાય છે અસ્ત થતા સૂર્યની કેસરી આભા. આ મિશ્રણનો રંગ કેવો થશે? એનું કોઈ નામ તો નથી, પણ એ રંગ એટલે પેલી સાંજ, અને એ સાંજ એટલે આ ગુફાનો અંધકાર."[૭૬]

તો, દક્ષિણ ભારતના પ્રવાસ દરમિયાન કુદરતની સુંદરતાનો થયેલો આહ્લાદક અનુભવ તેમણે આ રીતે વર્ણવ્યો છે… "મદુરાઈથી ત્રિવેન્દ્રમનો રસ્તો બેહદ રમણીય. ભોંયની પીળી ઝાંયવાળી કથ્થઈ માટી, એ પર લીલા રંગની અગણિત છટાઓ - વૃક્ષોમાં, ઝાડીમાં, કેળના લીલાંછમ લીસાં ચળકતાં પાનમાં અને ઝૂલતી નાળિયેરીમાં. ઝુંડમાં - નારિયેળી કે કેળનાં - સંતાયેલી નાનીનાની સુઘડ ઝૂંપડીઓ રૂપકડી લાગે. આટલા રંગઉછાળ વચ્ચે ફરતાં સ્ત્રીપુરુષોનાં વસ્ત્રોમાં સફેદ રંગનું જ પ્રાધાન્ય. મદુરાઈમાં તો જેટલા કલ્પી શકાય તેટલા રંગો આંખ સામે લહેરાતા હતા,

ને એ પાછા ભભકદાર, જાંબલી, લાલ, શ્યામગુલાબી, ભૂરો, લીલો, મોરપિચ્છ, કેસરી, પીળો... જે નામ લો તે હાજર! એકેય સ્ત્રીના વાળ ફૂલોના શણગાર વિનાના નહિ. કેવી રસિક પ્રજા હશે જે આટલા રંગો વચ્ચે જીવવાનું પસંદ કરે છે ! આ રંગો મેં નજરે જોયા ન હોત તો હું માનત જ નહિ કે આ પ્રકારનું રંગમિશ્રણ સંભવે !"[૭૭]

જીવનના અંતિમ તબક્કે અમૃતાને વિષાદ ચારેબાજુથી ઘેરી વળે છે. આવા વિષાદમય દિવસોમાં તે એન્દ્રેનું 'ધ હોર્સીસ ઓફ ડેથ' કાવ્યનું વારંવાર વાચન કરે છે. આ સમયે એના માનસપટ પર આલેખાતા ચિત્રપટનું વર્ણન : "ચાંદનીના સફેદ રસ્તા પર મૃત્યુના અશ્વ દોડે છે. સૂસવતો પવન એમને દોડાવતો રહ્યો છે. આપણી તરફ વેગથી ધસમસતા એ અશ્વો આવી રહ્યા છે. અહીં જ, આ પૃથ્વી પર એ ક્યારેય અહીં આવી પહોંચશે, અને કયા અશ્વની ખાલી પીઠ પર કોની સવારી હશે, ખબર નથી કોઈને."[૭૮]

આમ, નવલકથામાં ઘણી જગ્યાએ લેખિકાએ સુંદર, સરળ અને આકર્ષક ભાષા પ્રયોજી છે. તો જ્યાં જરૂર જણાઈ ત્યાં સુંદર વર્ણનો પણ આલેખાયા છે.

૩.૩.૧.૫. 'આઠમો રંગ'માં નિરૂપાયેલ જીવનદર્શન :

'આઠમો રંગ' નવલકથામાં ભારતીય શીખ પિતા ઉમરાવસિંહ અને હંગેરિયન માતા મારીએ આન્તોઈનેત્તેના સુપુત્રી અમૃતાનું આત્મચરિત્ર આલેખાયેલ છે. જેથી મોટાભાગે અહીં આપણને અમૃતાનું વ્યક્તિગત જીવન અને સમાજ સંલગ્ન તેમનાં વ્યવહાર વિશે જ વધુ વિગતો મળે છે. વળી, આ નવલકથા અમૃતા શેરગિલના જીવનમાં વ્યાપેલ વિષાદને આલેખતી હોવા ઉપરાંત એમની વૈકલ્પિક જીવનકથા પણ બની રહે છે.

જીવન વિશેના અમૃતાના વિચારો જોઈએ તો, તેને મન જાતીયતા એ માત્ર શારીરિક આવેગ છે. પુરુષો તરફનું ખેંચાણ એ તેની એક શારીરિક નબળાઈ છે, છતાં તે અંગે તેને કોઈ ક્ષોભ નથી. અમૃતાના જાતીય અનુભવોમાં સજાતીય અને વિજાતીય સંબંધોનો સમાવેશ થાય છે. ધાર્મિક અને સામાજિક રીતે નિષિદ્ધ હોવા છતાં તે પોતાની માસીના છોકરા સાથે લગ્ન કરે છે. લગ્ન પહેલા અમૃતાનો યુસુફ નામના મુસ્લીમ યુવક સાથે તેમજ અંગ્રેજ પત્રકાર માલ્કમ મગરિજ સાથે સંબંધ બંધાય છે. માલ્કમ સાથેનો અમૃતાનો સંબંધ તો છ મહિના ચાલે છે, છતાં તેમાં ક્યાંય ઉન્મત્તતા કે લાગણીનો ઉભરો દેખાતો નથી. તો યુસુફ સાથેનો સંબંધ તો છેક ગર્ભપાત સુધી પહોંચે છે, છતાં શરીર-સ્પર્શના રોમાંચ અંગેની તેની શોધ અટકતી નથી. તે કહે છે, "શરીરના આવેગો વિશેના

મારા વિસ્મયનો કોઈ અંત નહોતો આવ્યો. યુસુફ સાથેના અનુભવ પછી પુરુષો જોડેના વહેવારમાં હું જરા પાછી પડી ગઈ, પણ સ્પર્શના રોમાંચનું રહસ્ય જાણવાની મારી તાલાવેલી ક્યાં ઓછી થઈ હતી ? એ જ મને છેવટે એડીથ સુધી લઈ ગઈ."[૭૯] તે આગળ કહે છે, "સ્પર્શની રોમહર્ષક સૃષ્ટિમાં કાયમ પુરુષ જ સાથીદાર હોય એવો નિયમ હશે ખરો ? આવા વિસ્મયમાંથી જ મારો અને એડીથનો સંબંધ જન્મ્યો."[૮૦] પેરિસ વસવાટ દરમિયાન મારી લૂઈનું અમૃતા માટેનું આકર્ષણ શારીરિક તો ખરું જ પરંતુ સજાતીય પણ હતું. આ ઉપરાંત એડીથ લાન્ગ સાથેનો અમૃતાનો સંબંધ બંને પક્ષે સજાતીય હતો.

અમૃતા પોતાના મૂળને ઓળખવા પેરિસ છોડી ભારતમાં આવવા ઉત્સુક છે, પરંતુ જાતીયતા અંગેના તેના સ્વતંત્ર વિચાર અને 'બિન્દાસ' સ્વભાવથી વ્યથિત તેના પિતા પોતાની ઈજ્જતના ભોગે અમૃતાને મોકલવા તૈયાર નથી. તે વિશે અમૃતા કહે છે, "બસ આ કારણે પાપા-મમ્મીને હું ભારત જાઉં એ સામે વિરોધ, કુમારી અમૃતા શેરગિલ - મજીઠિયા ખાનદાનની દીકરી - ભારત જઈને કુળની આબરૂના કાંકરા કરવાની. કોઈ પૂછે કે ભાઈ, આ કઈ અમૃતા, તો કહેવાનું આવે કે ઉમરાવસિંહની દીકરી. પૂછપરછ આગળ વધે કે કયા ઉમરાવસિંહ, તો બોલવું પડે કે મહારાજા રણજિતસિંહના માનીતા અત્તારસિંહના એવા જ બહાદુર દીકરા સૂરતસિંહના સુપુત્ર ઉમરાવસિંહ. ઊંચા ઘરાનાની દીકરી આવી નફ્ફટ અને લાજ વિનાની ? બાપે આવા સંસ્કાર આપ્યા ?"[૮૧] પિતાના આ અભિગમથી અમૃતા ખૂબ જ નારાજ હતાં. જો કે સિક્કાની બીજીબાજુ એ હતી કે માતાપિતા અમૃતાની સફળતાથી ખુશ હતાં પરંતુ તેનાં જાતીય સ્ખલનો પ્રત્યે તેઓ સખત નારાજ હતાં. હંગેરીથી ભારત આવ્યા છતાં માતા-પિતાથી અત્યંત દુઃખી અમૃતા સિમલાને બદલે સરાયા જવાનું પસંદ કરે છે. જેમાં અમૃતાના હૃદયમાં અંકાયેલી નારાજગીની રેખાઓ સ્પષ્ટ દેખાય છે.

અમૃતાને પરંપરાનો ભંગ થાય એની સહેજ પણ પરવા નથી. તે ૨૫ વર્ષની વયે એની માસીના છોકરા સાથે લગ્ન કરવા તૈયાર થાય છે. ભારતીય સમાજમાં માસીના છોકરા સાથે લગ્ન કરવા માટે કોઈ સંમતિ આપી શકે નહિ, છતાં તે પરંપરાનો ભંગ કરીને અને પિતાને નારાજ કરીને પણ લગ્ન કરવા તૈયાર થાય છે. આ લગ્ન પછી અમૃતામાં ઠરેલપણું તો જોવા મળે છે, પરંતુ તેમાં પ્રેમ અને રોમાંચનો અભાવ સ્પષ્ટ દેખાય છે.

સ્વતંત્ર વિચાર ધરાવતી પરંપરાભંજક હોવા છતાં અમૃતાએ પોતાના માતા-પિતા અને સગા-સંબંધીઓ સાથે લાગણીભર્યા સંબંધો જાળવી રાખ્યા છે. લગ્ન પછી કીનકુનહાલાશમાં વિકટર

સાથે રહેતાં હતાં તે સમયે અમૃતાથી નારાજ તેના માતા-પિતાએ સિમલામાં તેમના અગત્યના પત્રો બાળીને રાખ કરી નાખ્યા હતા જેને લઈને અમૃતાને ખૂબ જ દુઃખ થયું હતું. આ માટે માતા-પિતાથી નારાજ હોવા છતાં તેમને પોતાની સાથે લાહોર રહેવા માટે પત્ર લખે છે. માતા-પિતા પ્રત્યેની લાગણી અમૃતાના આ શબ્દોમાં જોઈ શકે છે. તે કહે છે, "બંને જણે મને ખૂબ સાચવી છે, મારી બધી હઠ પૂરી કરી છે. હવે એમની પાસે કશી અપેક્ષા જ ન હોય. મારેતો એ બંનેને મારી સાથે ખુશખુશાલ જોવાં છે."[૮૨]

અમૃતા જીવનના અંતિમ સમયે વિચાર વંટોળે ચડે છે. મૃત્યુ વિશેના તેના આ વિચારો જુઓ: "જો પસંદ કરવાનું કહે તો હું કેવું મોત માંગું? જરાયે અવાજ ન થાય અને અડોઅડ ઊભેલા કોઈને ખબર ન પડે એમ દબાયેલા પગલે જવું સારું કે પછી બધાંને મળીને, ભેટીને, છેલ્લી વાતો કરીને, મન હળવું કરીને જવું સારું ? વિચારું છું અને વિમાસણમાં છું. માત્ર એટલી ખબર છે કે મરતાં પહેલાં મારાં પ્રિય મિત્રોને મળવાનું અને પ્રિયમિત્રોને જોઈ લેવાનું રહી ન જવું જોઈએ. એટલી આસક્તિ ન હોય તો જીવનનો જ શો અર્થ ?"[૮૩] અમૃતા જીવનના અંતિમ સમયે વિષાદમય અવસ્થાથી ઘેરાય છે.

જોકે, કેટલીક બાબતો પ્રત્યે આપણને પ્રશ્ન થાય કે, અમૃતા પોતાને રહી ગયેલ ગર્ભનું માસીના દીકરા વિક્ટરની મદદથી ગર્ભપાત કરાવે છે. અહીં અમૃતાની માતા હંગેરિયન હોવાથી જાણે સહજતાથી બધુ પતી જાય છે, પાશ્ચાત્ય રહેણીકરણીને લીધે તેમને મન બધું જ સ્વીકાર્ય છે, પરંતુ એક ભારતીય પિતા આ બધુ સ્વીકારી લે એવી વાત માન્યમાં આવતી નથી. બીજું, અમૃતાના દરેક પુરુષ સાથેના સંબંધમાં લાગણીનો સદંતર અભાવ દેખાય છે. પુરુષમિત્રો સાથે બેધડક દોસ્તી, મજાક-મસ્તી, ટીકા-ટીપ્પણીની કોઈ અસર તેનામાં દેખાતી નથી. આ રીતે જોઈએ તો નાયિકાનું વ્યક્તિત્વ ભલે સ્વતંત્ર છે પણ સ્વચ્છંદી નથી. આ ઉપરાંત, માતૃત્ત્વ માટેની સ્ત્રીસહજ ઝંખના પણ અમૃતામાં ક્યાંય દષ્ટિગોચર થતી નથી. અમૃતાએ માત્ર સૌદર્યાનુભવ કરાવવા માટે જ લાગણીઓ, ઊર્મિઓ અને સંવેદનોને જાણે મેઘધનુષના સાત રંગોમાં ઓગાળીને આપણી સમક્ષ રજૂ કરી છે.

ટૂંકમાં, આ નવલકથામાં અમૃતાના સમગ્ર જીવનનું દર્શન આલેખાયું છે. જેમાં સૌપ્રથમ બહેન ઈન્દુ સાથે વ્યતીત થયેલું બાળપણ, માતા-પિતા સાથેની અમૃતાની નારાજગી, અમૃતાનો વહાલી મિત્ર મારી લૂઈ સાથેનો લગાવ, એડીથ સાથેના શરીર-સ્પર્શનો રોમાંચ, ઉચ્ચ મુસ્લીમ ખાનદાની યુસુફ સાથેનો પ્રેમ અને તેમાં થતી હેરાની, માલ્કમ મગરિજ સાથેનો પરિપક્વ પ્રેમ, અને

અંતે સમાજ અને માતા-પિતા દ્વારા અમાન્ય એવો માસીના છોકરા વિક્ટર સાથેનું લગ્ન. આમ, જીવનમાં આવતી ઉતાર-ચઢાવની અનેક સ્થિતિનું અહીં નિરૂપણ થયું છે.

૩.૩.૨. ‘ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયા’

"‘ક્યારીમાં આકાશપુષ્પ’ કથામાં નારીજીવનની એક અઘરી સમસ્યાને, કેવી ને કેટલી સહજ રીતે હાથ પર લઈને છેક સ્વીકૃત સમાધાન બલ્કે ઉકેલ સુધી લઈ જઈ શકાય - એનું રસપ્રદ નિરૂપણ મળે છે.

‘કાળા પતંગિયા’ : માંડ બાસઠ પાનાંમાં લખાયેલી રૂપજીવિનીઓના મજબૂર, કઠોર, છતાં પ્રેમ અને માણસાઈથી ભરેલા જીવનને આલેખે છે."[૮૪]

હિમાંશી શેલત દ્વારા ૨૦૦૬માં લખાયેલ ‘ક્યારીમાં આકાશપુષ્પ’ અને ‘કાળાં પતંગિયા’ એ બંને લઘુનવલોનો એક જ પુસ્તકમાં સમાવેશ થયેલો છે. આ બંને કથાઓના કેન્દ્રમાં નારી સંવેદના આલેખાઈ છે. હિમાંશી શેલત સામાજિક નિસબત ધરાવતાં પ્રતિબદ્ધ સર્જક છે. તેમણે જેમ વાર્તાઓમાં સ્ત્રીસહજ સંવેદના, સ્ત્રીની એકલતા, હતાશા, વિચ્છિન્નતા, તેમની વેદનાગ્રસ્ત સ્થિતિ, શોષણ તેમજ અન્યાય જેવી સામાજિક સમસ્યાઓને ઉજાગર કરી છે તેવી જ રીતે ‘ક્યારીમાં આકાશપુષ્પ’ લઘુનવલમાં લગ્નેતર સંબંધ જેવી સામાજિક સમસ્યાનું કલાત્મક આલેખન થયું છે. આ લઘુનવલ સંદર્ભે મણિલાલ હ. પટેલ નોંધે છે, "‘ક્યારીમાં આકાશપુષ્પ’ની કથામાં એક એવી લગ્નેતર પ્રેમની સમસ્યાનું આલેખન છે, જે સમાજમાં, જાહેર કે ખાનગીમાં ચર્ચાતી, પ્રમાણમાં ઘણી સામાન્ય સમસ્યા છે. અલબત્ત, વ્યવહારજીવનમાં એના ઉકેલો એટલે નારીએ સહન કરવાનું ને એણે જ સમાધાન કરી લઈને પીડાને વ્હાલી કરીને જીવી લેવાનું. ઘણીવાર એનું પરિણામ લગ્નવિચ્છેદમાં ને ક્યારેક કોર્ટ કચેરી કે ખૂનમાં પણ આવે. પણ આ કથામાં હિમાંશી શેલતે સમસ્યાને નોખી રીતે ઉકેલ તરફ લઈ જઈને અશક્યને સંભવની સરહદમાં લાવી મૂકવામાં સફળતા મેળવી છે."[૮૫]

અતિ સંવેદનશીલ સર્જક એવાં હિમાંશી શેલતે શોષિત, વંચિત અને અનાથ બાળકો તેમજ રેડ એરિયા સાથે સંકળાયેલ સ્ત્રીઓ માટે લાંબા સમય સુધી કામ કર્યું હતું. સમાજના આવાં વંચિત લોકો સાથે કરેલા કામને લીધે તેમને જે પીડા થાય છે તે પીડાને વિષય બનાવી તેમણે ઘણી કલાત્મક વાર્તાઓ લખી છે. તેમની લઘુનવલ ‘કાળાં પતંગિયા’ પણ આ જ પ્રકારના અનુભવમાંથી લખાયેલ

કૃતિ હોવાનું પ્રતીત થાય છે. તેમની આ લઘુનવલ વિશે બિપિન પટેલ નોંધે છે, “ ‘કાળાં પતંગિયાં’ નવલકથામાં જ્યાં ગંદી ગલીઓ અને કચરાપેટી વળોટીને જવાય એવા બેહૂદા રંગોવાળા ‘નેપાલી-હાઉસ’માં રહેતાં સહુને સરકારી તંત્ર અને સમાજ વિકાસનો ભાગ ગણે, અકાળે વૃદ્ધ થઇ ગયેલી સ્ત્રીઓને જેટલાં વરસ જાત તોડી એટલાં વરસ પગ વાળીને જીવવા મળે, એમનાં સંતાનોને પણ મોટાં થાય ત્યારે રોજી-રોટી મળે, પર્દા પર કાળાં પતંગિયાં જોયા કરવાં પડે તેને બદલે સાચાં, રંગબેરંગી પતંગિયાં નસીબ થાય અને નાયિકા સારંગાને જેમ ભણવા મળ્યું તેમ બધાં બાળકોને મળે એવો સમાજ કલ્પ્યો છે.”[૮૬]

‘ક્યારીમાં આકાશપુષ્પ’ અને ‘કાળાં પતંગિયા’ આ બંને લઘુનવલોમાં નિરૂપાયેલ વિષયવૈવિધ્ય, પાત્રાલેખન, ભાષાશૈલી, રચનારીતિ અને સંવાદ વિશે અહીં વિગતે અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે.

૩.૩.૨.૧. ‘ક્યારીમાં આકાશપુષ્પ’માં વિષય આલેખન

‘ક્યારીમાં આકાશપુષ્પ’ લઘુનવલમાં લગ્નેતર સંબંધ નિમિત્તે ઉદ્‌ભવતી સમસ્યા અને તેના સુખદ ઉકેલનું આલેખન છે. આ લઘુનવલની કથા મુખ્યત્વે ચાર પાત્રોની આસપાસ જ સ્થિર થઈ છે. શિક્ષકા તરીકેનો દસ વર્ષનો અનુભવ ધરાવતાં માલવિકા ‘નારીનિકેતન’ નામની સંસ્થામાં સમાજસેવાનું કામ કરે છે. તેમના પતિ ચિત્તરંજનનું અવસાન થયું છે. પુત્ર પ્રણવ ભણીને પોતાના વ્યવસાયમાં સ્થિર થયો છે, તેને કિન્નરી નામની સુશીલ અને સંસ્કારી પત્ની તથા નીલ નામનો એક પુત્ર છે. એક વાર આવાં સુખી અને સમૃદ્ધ પરિવારમાં અણધાર્યું તુફાન પ્રવેશે છે. પ્રણવ સંગીતા નામની ઈતર સ્ત્રીના પ્રેમમાં પડે છે, જેથી કિન્નરી કશો પણ હોબાળો કર્યા વગર તેના પિયર ચાલી જાય છે. અચાનક ઉદ્‌ભવેલી આ સમસ્યાથી કિન્નરી-પ્રણવનું તૂટતું ઘર બચાવવા માલવિકા પ્રયત્ન આદરે છે. પ્રસ્તુત લઘુનવલમાં નિરૂપાયેલ આ આખી વાતની તેના વિષયવૈવિધ્યને આધારે અહીં ચર્ચા કરી છે.

આ લઘુનવલની કથાના મૂળમાં **લગ્નેતર સંબંધની સમસ્યા** છે. કિન્નરીના આઠ-નવ વર્ષના સુખી લગ્નજીવનમાં જ્યારે અન્ય સ્ત્રી - સંગીતા પ્રવેશે છે ત્યારે તેને જે પીડા થાય છે તેવી પીડા કોઈ પણ સ્ત્રી સહન ન કરી શકે. જે પતિ સાથે પ્રેમલગ્ન થયા હોય એ પતિ જ કોઈ અન્ય સ્ત્રીનો થઈ જાય ત્યારે તેની લાગણીઓ અને તેનાં સપનાઓ ચકનાચૂર થઈ જતાં હોય છે, કિન્નરીના જીવનમાં પણ આવું જ બન્યું છે. કિન્નરીના જીવનમાં ઉદ્‌ભવેલ આ સમસ્યાની ગંભીરતાને વ્યક્ત કરતું આ

કથન - "દાવાનળ ક્યારે ફાટી નીકળ્યો એની કોઈને શરત ન રહી. ખબર પડી ત્યારે તો ભીષણ આગમાં કંઈ કેટલુંયે જાળવવા જેવું બળીને રાખ થઈ ગયું. કિન્નરીએ રાખનું પોટકું લઈને માલવિકા પાસે આવી ત્યારે માલવિકા ભયથી થથરી ગઈ."[૮૭] પ્રસ્તુત કથનથી સમસ્યાની ગંભીરતાનો ખ્યાલ આવે છે. કિન્નરી સુશીલ અને સંસ્કારી હોવાની સાથે તે એક ભારતીય પત્ની છે, આ કારણે જ પતિને પરમેશ્વર માનતી કિન્નરી કશો પણ હોબાળો કર્યા વિના, પતિ સાથે કે સામેવાળી સ્ત્રી સાથે ઝગડો કરવાને બદલે પોતાના પુત્રને લઈને પિયર ચાલી જાય છે.

પ્રણવ ધનાઢ્ય, સંસ્કારી અને ઉચ્ચ અભ્યાસ કરીને કોઈ સેવાભાવી સંસ્થામાં પોતાની રસરુચિ પ્રમાણે કાર્ય કરતી સંગીતા સાથે પ્રેમસંબંધથી જોડાય છે. પ્રણવ કિન્નરીથી આ આખી વાત છૂપાવવાનો ડોળ કરે છે, તો માલવિકાને અંધારામાં રાખે છે - જૂઠ્ઠું બોલે છે. આ ગંભીર ઘટનાની જ્યારે માલવિકાને જાણ થાય છે ત્યારે તે આઘાતથી દિગ્મૂઢ થઈ જાય છે. આખુ જીવન મહિલાવિકાસમાં ગાળ્યું અને હવે પાછલી ઉમરમાં પોતાના જ ઘરમાં - પોતાનો જ પુત્ર સમસ્યા સર્જે છે ત્યારે તેમને ખૂબ લાગી આવે છે. પોતાના જ ઘરમાં ઉદ્‌ભવેલ આ સમસ્યાને લીધે કિન્નરી-પ્રણવનું તૂટતું ઘર બચાવવા માલવિકા ખૂબ પ્રયાસ કરે છે.

માલવિકા લગ્નેતર પ્રેમસંબંધને કારણે ઉદ્‌ભવેલી આ સમસ્યાના નિરાકરણ માટે સંગીતાને મળવાનું વિચારે છે. તે સંગીતાને મળે પણ છે, તેના મનમાં સંગીતા વિશે સારો અભિપ્રાય બંધાય છે. સંગીતાને પ્રણવ વિશે બધી જ ખબર છે - તેને કિન્નરી નામની સુશીલ અને સંસ્કારી પત્ની છે, નીલ નામનો પુત્ર છે અને લગ્નજીવનથી કોઈ જ ફરિયાદ નથી, છતાં પ્રણવ પોતાનાથી આકર્ષાઈને લગ્નેતર પ્રેમસંબંધથી જોડાયો છે. પ્રણવ આ પ્રેમસંબંધમાં એટલે સુધી આગળ વધ્યો છે કે તે સંગીતાને તેના જન્મદિવસે નિસર્ગનગરમાં નવા બનેલ આલીશાન ફ્લેટની ભેટ ધરે છે, જ્યાં સંગીતા હવે પછીનું પોતાનું જીવન કંઈપણ પ્રકારની અગવડ ન પડે એ રીતે ખૂબ આરામથી વ્યતીત કરી શકે. લગ્નેતર સંબંધની આ કથા વિશે ભરત મહેતા નોંધે છે, "'ક્યારીમાં આકાશપુષ્પ' લગ્નેતર સંબંધની કથા છે. લગ્નેતર સંબંધની કથામાં જોવા મળતી ભાવુકતાથી આ કૃતિ દૂર છે. પ્રેમલગ્ન કરેલી સ્ત્રી જ્યારે જાણે છે કે એનો પતિ પુનઃ કોઈના પ્રેમમાં પડયો છે ત્યારે એ સ્વ-સ્થતા દાખવી પીડાને પચાવે છે. અહીં વાર્તાનાયિકા કિન્નરીની સાસુ માલવિકા કિન્નરીને, જેણે આ પીડા પછી ગૃહત્યાગ કર્યો છે તેને સહકાર આપે છે. કિન્નરીના પતિ પ્રણવની પ્રેમિકા સંગીતા પણ કિન્નરીને મળે છે. એ પણ પછી સમસંવેદન અનુભવે છે."[૮૮]

સુખી દામ્પત્યજીવન ભોગવી રહેલો પ્રણવ અન્ય સ્ત્રી સાથે પ્રેમસંબંધથી જોડાઈને અત્યંત પ્રેમાળ, સુશીલ અને સંસ્કારી પત્ની કિન્નરી અને વિધવા હોવા છતાં સંસારની તમામ સમસ્યાઓ અને દુઃખોને સહન કરીને પુત્રની ઉન્નતીના સપના જોતી મા-માલવિકા સાથે **વિશ્વાસઘાત** કરે છે. મહિલા ઉત્થાનમાં સમગ્ર જીવન ખરચી નાખનાર માલવિકાને પોતાનો જ દીકરો વિશ્વાસઘાત કરે છે તે અસહ્ય લાગે છે. જીવનની પાછલી વયે દીકરા તરફથી મળેલ આ કારમા ઘાથી તે પીડા અનુભવે છે. તેને પ્રણય પર ખીજ ચડે છે. આટલું ભવ્ય અને આધ્યાત્મિક સ્પર્શવાળું નામ પાડવા બદલ માલવિકાને પોતાની જાત સામે જ ફરિયાદ છે. તે વિચારે છે, "પ્રણવે વિશ્વાસઘાત કર્યો, એવું વાક્ય સાંભળવામાં કેવું લાગે છે ? વિશ્વાસઘાત જ કહેવાય. ધામધૂમથી હજાર માણસની હાજરીમાં, સૂર્યચંદ્રની સાક્ષીએ પ્રણવે કિન્નરીનો સાથ ઝંખેલો. હાથ પકડીને, વચન આપીને, ફેરા ફરીને, મંગળસૂત્ર પહેરાવીને મૃત્યુ છૂટાં પાડે ત્યાં લગી આ સાથ નિભાવવાનો હતો. બે ભવ પહેલાંની નહીં, નવેક વરસ પહેલાંની જ ઘટના."[૮૯]

પ્રણવ માલવિકાનો બહુ વહાલો છોકરો છે. એ કશું ખોટું કરે જ નહીં એનો સંપૂર્ણ ભરોસો છે એને, છતાં આવા ભરોસાની આલીશાન ઈમારતના પાયામાં પોલાણ થઈ ચૂક્યું હતું. પ્રણવે માલવિકાના માથા પર હાથ મૂકી સોગંધ ખાઈને કહ્યું કે તેઓ ધારે છે તેવો કોઈ જ સંબંધ અન્ય સ્ત્રી સાથે નથી. વળી માલવિકા પણ આશ્વસ્થ છે કે પોતાના કુટુંબમાં પુરુષોનું આ પ્રમાણેનું વર્તન હોઈ જ ન શકે. દાદા, વડદાદા, કાકા, પાપા - બધાંના જીવન ઉજ્જવલ, ઝળહળતાં. ઘરના કોઈ પણ પુરુષ મનના નિર્બળ નહીં, બધા ટકોરાબંધ. છતાં પ્રણવના અન્ય સ્ત્રી સાથેના સંબંધ છે એવી પાકી જાણકારી તેને કિન્નરી તરફથી મળે છે ત્યારે તેના પગ તળેથી જમીન ખસી જાય છે. જુઓ - "ધડ્... ધડ્... એક ઝાટકે શિરચ્છેદ. હાથમાંથી રિસીવર ક્યારે સરી પડયું એનું માલવિકાને ભાન ન રહ્યું. પ્રણવ સામે હોત તો કદાચ એક થપ્પડ મારી દીધી હોત. એમાં જેટલું વ્યક્ત થઈ શકાયું હોત એટલું બીજી કોઈ રીતે ન થાત. પોતાના દેહમાંથી જ જન્મેલો એક જીવ આવો નિષ્ઠુર, લબાડ, પ્રપંચી હોઈ શકે એ સત્ય હવે તો સ્વીકાર્યા વિના છે કોઈ ઉગાર ?"[૯૦] ટૂંકમાં, માલવિકા કે કિન્નરીનો કોઈ જ દોષ ન હોવા છતાં પ્રણવે કરેલા અનૈતિક કાર્યને કારણે જ બંનેને ચારેબાજુથી ટીકા-ટીપ્પણી સાંભળીને દુઃખી થવું પડે છે.

આ લઘુનવલમાં લગ્નેતર સંબંધની સમસ્યાની પડછે **નારીસંવેદના** પણ આલેખાઈ છે. પ્રણવ અન્ય સ્ત્રીના પ્રેમમાં પડયો છે એ વાત કિન્નરી દુઃખતા હૃદયે માલવિકાને કહે છે. નારીઓના પ્રશ્ન

ોને, તેમની સમસ્યાઓનું અત્યાર સુધી નિરાકરણ લાવતાં માલવિકા પોતાની જ પુત્રવધુના મુખે તેને થયેલ અન્યાય વિશે સાંભળે છે ત્યારે તે થથરી જાય છે - તેનું હૈયું વલોવાઈ જાય છે. તે પોતાની પુત્રવધુ પ્રત્યે સમસંવેદન અનુભવે છે અને તેની દીકરી સમાન એવી કિન્નરીને મળવા બોલાવે છે. માલવિકા વિચારે છે કે ચિત્તરંજન જીવતા હોત તો તે પ્રણવને નિર્ણય લેવાની ફરજ પાડી શક્યા હોત પણ પોતે એવું કરી શક્તી નથી. અહીં માલવિકા માને છે કે પુરુષપ્રધાન આપણા સમાજમાં તે પોતે સ્ત્રી હોવાના કારણે જ પ્રણવને નિર્ણય લેવા ફરજ પાડી શક્તાં નથી.

માલવિકાને સંગીતા પ્રત્યે પણ સ્ત્રી સહજ સંવેદના છે. તે કહે છે કે એક પરણેલા પુરુષને અન્ય સ્ત્રી સાથે લગ્નેતર સંબંધ ન જ રાખવો જોઈએ. પ્રણવે સંગીતા સાથે સંબંધ રાખ્યો એમાં સંગીતાનો કોઈ જ વાંક ગુનો નથી. બીજી બાજું કિન્નરીએ તો પ્રણવ સાથે પ્રેમ લગ્ન જ કર્યા હતાં ને ! તેણે પોતાની જાત ઘસીને, પોતાના પુત્ર નીલ માટે મનગમતું કામ છોડયું એનું શું ? માલવિકાને મન પ્રણવનો આ અન્ય સ્ત્રીઓ સાથે કરેલો અન્યાય જ કહેવાય. એક સ્ત્રી હોવાને નાતે માલવિકા અન્ય સ્ત્રીઓની વહારે આવે છે અને તેમના પ્રત્યે પોતાની સંવેદના પ્રગટ કરે છે.

કિન્નરી અને સંગીતાની સાથે-સાથે અન્ય સ્ત્રીઓની વાત પણ લેખિકાએ અહીં કરી છે. જેમાં સુભદ્રા પોતાની વાત માલવિકાને કહે છે કે તેના પતિ રજનીકાન્ત મોટા ઈન્ડસ્ટ્રીઆલિસ્ટ હતા અને કોઈ લતા નામની સ્ત્રીના પ્રેમમાં પડયા હતા. આઘાત અને અપમાનનો કડવો ઘૂંટડો પીને પણ સુભદ્રા પોતાની દીકરી સાથે લતાને મળવા જાય છે. એક સ્ત્રીની લાગણી એક સ્ત્રી જ સમજી શકે એ ન્યાયે લતા રજનીકાન્ત સાથેના અનૈતિક સંબંધો પર પૂર્ણવિરામ મૂકી દે છે. અહીં લતાનું સુભદ્રા સાથેનું સંવેદન વ્યક્ત થયું છે. જુઓ આ શબ્દો - "લતાને લાગ્યું કે આટલી જહેમતથી ઊભા કરેલા જીવનને ફેંદી ન નખાય. ઘરમાંથી ચકલીનો માળો બહાર ફેંકી દેતી વખતે જે ખચકાટ થાય એવો જ એને થયો હશે એમ માનું છું."[૯૧]

પ્રણવના કાકા ન્યુજર્સીથી માલવિકાને ફોન કરે છે અને પ્રણવને સમજાવવાનું કહે છે. તેમના મતે આપણાં કુટુંબમાં આવા તાયફા ન ચાલે. બાપ જીવતો હોત તો આવું કરત ? પ્રણવના કાકાના આ પ્રશ્નથી માલવિકાની અંદર રહેલ નારી જાગે છે. તે વિચારે છે કે, "વાત તો બાપની જ છે, માનું નામ તો કોઈ લેતું નથી. બાપ જીવતો હોત તો આવું ન થયું હોત એમ વિશ્વાસથી બોલાય છે. છોકરાએ બાપની આમન્યા રાખી હોત. મા તો બિચારી-બાપડી શું કરવાની કરી-કરીનેય તે!"[૯૨] આપણા સમાજની વ્યવસ્થા જ એ રીતે ઘડાયેલી છે કે સ્ત્રીને બિચારી-બાપડી બનાવી દેવામાં આવી

છે. પુરુષપ્રધાન સમાજમાં નારીની આમન્યા શી રીતે જળવાતી નથી એ વિશે અહીં અછડતો ઉલ્લેખ થયો છે.

નારીનિકેતનમાં પોતાની સમસ્યાઓ, પોતાને થયેલ અન્યાય કે મારપીટ જેવી બાબતોને લઈને આવતી અસંખ્ય સ્ત્રીઓને હૈયાધારણા આપતાં માલવિકા પોતે જ આ સમસ્યાથી ઘેરાયાં છે. વળી, માલવિકા પોતે જ નહિ, એવાં ઘણાં સમદુખિયાં છે કે જેના પ્રત્યે આપણી સંવેદના જાગી ઉઠે. જસુના વરને અનેક સ્ત્રીઓ સાથે સંબંધ રાખવાની આદત હતી પરિણામે જસુ ચેપી રોગનો ભોગ બની હતી, સુમન જે છોકરીને ઉછેરી રહી હતી તે એની નહોતી, શાંતા એના વરથી કંટાળીને એના દિયર જોડે ભાગી ગઈ હતી, ચંપાના બાપે એક કુમળી છોકરી પર બળાત્કાર કર્યો હતો... આવી અનેક ઘટનાઓ પોતાની સાથે બનતી હોવા છતાં સ્ત્રી પોતાના તકલાદી સંબંધો સાચવવા માટે જીવતરને થીંગડા દીધે જ રાખે છે.

માલવિકાના ફુઆને હવે ફોઈ સાથે ગોઠતું નથી, પરિણામે વૃદ્ધાશ્રમમાં રહેવા જવાનું વિચારે છે. વૃદ્ધાશ્રમમાં ખોબા જેવડી ઓરડીમાં એકબીજાની હાજરીને સહન કરવા તૈયાર ફુઆને વગડા જેવા વિશાળ ઘરમાં ફોઈ સાથે ફાવતું નથી. પુરુષ ધારે તે કરી શકે - સ્ત્રી નહિ. અહીં માલવિકાની સંવેદના ફોઈ સાથે જ છે. તે ફુઆને જ્યાં જવું હોય ત્યાં જવા દેવાનું જણાવે છે. તે ફોઈને સમજાવે છે કે મન વિનાના માણસને ખેંચી રાખવામાં માલ નથી. તો, આવો જ બીજો કિસ્સો છે વંદના જાનીનો. વંદનાને તેના પતિ ભદ્રેશનું વર્તન બદલાયેલું લાગે છે - કોઈના પ્રેમમાં હોય એમ લાગે છે. ઘરમાં બે દીકરીઓ હોવા છતાં તેમનામાં એને રસ નથી રહ્યો, અકારણ ગુસ્સે થયા કરે છે. પસંદગીથી લગ્ન થયેલા હોવા છતાં ભદ્રેશને હવે પોતાના પ્રત્યે લાગણી નથી તેથી આવા સત્વ વિનાના સંબંધને વળગી રહેવાનું વંદનાને પસંદ નથી. આ સમસ્યાના નિરાકરણ માટે આગળ શું કરવું એ સંદર્ભે તે માલવિકાને પત્ર લખે છે. ટૂંકમાં, માલવિકા હોય, કિન્નરી હોય, સંગીતા હોય, ફોઈ હોય કે વંદના દરેક સ્ત્રીની સંવેદનાઓ એક સરખી છે અને તેનું કારણ પુરુષ જાત છે.

આ લઘુનવલમાં **કિન્નરીની સહનશીલતા અને સંગીતાની ઉદારતા** પણ આપણે જોઈ શકીએ છીએ. કિન્નરી અને પ્રણવનું દામ્પત્યજીવન સુખી હોવા છતાં તેમાં પ્રચંડ ઝંઝાવાત સર્જાય છે. તેમનાં સુખી દામ્પત્યજીવનને વર્ણવતું આ કથન જુઓ - "પ્રણવ ફરિયાદનું કારણ આપે નહીં એવો, ને કિન્નરી ફરિયાદ કરે નહીં એવી. આને લીલી વાડી કહેવાય, ડાળે - ડાળે પંખીનાં ગીત ને અઢળક ફળફૂલે લચેલી ડાળીઓ."[૯૩] આમ છતાં તેમના સુખી દામ્પત્યજીવનમાં દાવાનળ ક્યારે ફાટી

નીકળ્યો એની કોઈને ખબર ન પડી. સંગીતાને મળ્યા પછી, પૂરી ખાતરી કરી તે સાસુ-માલવિકાને જણાવે છે કે પ્રણવ સંગીતાના પ્રેમમાં પડયો છે. કિન્નરી કશો પણ હોબાળો કર્યા વગર જરૂરી સામાન તથા પુત્ર નીલને લઈને પિયર ચાલી જાય છે. એટલું જ નહિ, પ્રણવ સાથેય વાતચીત કરે છે, સંગીતાનેય ફોન કરે છે અને માલવિકાને મળવા પણ આવે છે. અહીં કિન્નરીની સહનશીલતાના આપણને દર્શન થાય છે. કિન્નરીની જગ્યાએ કોઈ અન્ય સ્ત્રી હોત તો કદાચ પ્રણવ અને સંગીતા સાથે ઝગડો કર્યો હોત કે તેમને અપશબ્દો કહ્યા હોત. પણ અહીં કિન્નરી આક્રોશ દબાવીને, પીડા પચાવી જાણે કશું બન્યું જ ન હોય અને પિયરમાંથી કશે ગઈ જ ન હોય તેમ જીવન પસાર કરે છે. વળી, માલવિકા કિન્નરીને પિકનીકમાં આવવાનું નિમંત્રણ મોકલાવે છે ત્યારે પણ તેનો સહર્ષ સ્વીકાર કરે છે. એટલું જ નહિ, સંગીતા સાથે મળે છે ત્યારે પણ તેનું વર્તન સહજ અને સરળ જ હોય છે.

સંગીતા આકર્ષક વ્યક્તિત્વ ધરાવતી સંવેદનશીલ નારી છે. જ્યારે તે કિન્નરીને મળી ત્યારે તે કિન્નરી પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ કરે છે, તેને આવકારે છે અને તેના અને પ્રણવ વચ્ચેના સંબંધોનો નિખાલસપણે સ્વીકાર કરે છે. સંગીતા પ્રણવ સાથે કરેલા પ્રેમ બદલ અપરાધભાવ અનુભવે છે - "એક સ્ત્રી એના પતિનું ઘર છોડીને એના મા-બાપને ત્યાં પહોંચી છે. એને ઘર છોડવાની કોઈએ દેખીતી ફરજ નથી પાડી તોયે બન્યું છે કંઈ એવું કે એને અહીંથી ચાલી નીકળવાનું જ મન થાય."[૯૪] આ પ્રકારનો અપરાધભાવ અનુભવવાને લીધે જ તે કિન્નરીના ભર્યાભાદર્યા સંસારમાંથી ખસી જવાનું મન બનાવીને ઉદારતા બતાવે છે. કિન્નરીને મળ્યા પછી સંગીતા પ્રણવથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તેના જન્મદિવસે જ્યારે માલવિકા તેને ઘરે બોલાવે છે ત્યારે તે ત્યાં આવે છે. સંગીતા સૌને ત્યાં પ્રેમથી મળે છે અને પ્રણવે રાખેલા ફ્લેટમાં એની સાથે એકલી રહેવા જવાને બદલે કિન્નરી, નીલ અને માલવિકા સાથે ત્યાં રહેવા જશે એમ જણાવે છે. આમ, સંગીતાની ઉદારતાથી કિન્નરીનું ઘર તૂટતા બચે છે.

૩.૩.૨.૨. 'ક્યારીમાં આકાશપુષ્પ'માં પાત્રાલેખન

કોઈપણ નવલકથા કે લઘુનવલના સર્જક માટે પાત્રાલેખન કેટલું મહત્ત્વનું છે તે વિશે ભરતકુમાર ઠાકર નોંધે છે, "સર્જકની રુચિ પ્રમાણે સર્જન આકાર લે છે. પાત્રાંકન એ સર્જકની આગવી મૂડી છે. પાત્રમાનસમાં થતું પરિવર્તન મનોવૈજ્ઞાનિક હોવું જોઈએ અને વાસ્તવિક લાગવું જોઈએ. વસ્તુ અને પાત્ર બંને નિકટતમ સંબંધથી સંલગ્ન છે. પાત્રોથી પ્રસંગો સર્જાય છે. પ્રસંગો

પાત્રોના વ્યક્તિત્વનું ઘડતર કરે છે. પાત્રો અને કથાવસ્તુનો અવિનાભાવી સંબંધ છે. વસ્તુસંકલન અને પાત્રવિધાન પરસ્પરના મેળથી વિકસતાં સહતત્ત્વો છે.

વસ્તુમાંથી પાત્ર સર્જાતું જાય અને પાત્રમાંથી વસ્તુ ઉકેલાતું જાય એવો લગભગ લઘુનવલનો ક્રમ હોય છે. પ્રયોગશીલ સર્જકોએ ભિન્નભિન્ન પ્રયોગો કર્યા છે, છતાંય લઘુનવલ માટે પાત્રો સજીવ હોય એ જરૂરી છે."[૯૫]

'ક્યારીમાં આકાશપુષ્પ' લઘુનવલમાં માલવિકા, કિન્નરી, સંગીતા અને પ્રણવ એ પ્રથમ હરોળના કહી શકાય તેવાં પાત્રો છે. અહીં માલવિકાનું પાત્ર મુખ્ય છે. માલવિકાના પતિ ચિત્તરંજનનું અવસાન થયું છે. માલવિકાને એક પુત્ર પ્રણવ - જે એક કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર છે. પ્રણવને સંસ્કારી, સુશીલ અને પ્રેમાળ પત્ની - કિન્નરી અને એક પુત્ર - નીલ છે. માલવિકાએ પોતે એક શિક્ષિકા તરીકે બાળકો સાથે દસ વર્ષ ગાળ્યાં છે. હવે સુખી-સમૃદ્ધ પરિવારથી નિશ્ચિંત થયેલા તે 'નારીનિકેતન' નામની સંસ્થામાં સમાજસેવાનું કામ કરે છે. સમાજમાંથી તરછોડાયેલી, અપમાનિત થયેલી કે પારાવાર સમસ્યાઓથી ઘેરાયેલી સ્ત્રીઓની સમસ્યાઓને દૂર કરવાના અર્થાત્ મહિલા ઉત્થાનના કાર્યમાં વ્યસ્ત રહે છે.

માલવિકાના સુખી અને સમૃદ્ધ પરિવારમાં બધું સમુસૂતરું ચાલી રહ્યું હતું ત્યાં અચાનક જ એક મૂંઝવણભરી સમસ્યા ઉદ્ભવે છે જે માલવિકાના જીવનને તળેઉપર કરી દે છે. માલવિકાનો પુત્ર પ્રણવ કોઈ ધનાઢય અને સંસ્કારી એવી સંગીતા નામની યુવતી જોડે પ્રેમ કરી બેસે છે. શાંત પાણીમાં જેમ પથરો પડતા ખળભળ મચી જાય તેમ માલવિકાના જીવનમાં પણ ખળભળાટ મચી જાય છે. પુત્રવધુ કિન્નરીને પ્રણવની આ લગ્નેતર બાબતની જાણ થાય છે, તે પોતાના પુત્ર-નીલને લઈને પોતાના પિયર ચાલી જાય છે. અસંખ્ય સ્ત્રીઓની સમસ્યાઓનું નિરાકરણ લાવનાર માલવિકાના પોતાના જ પરિવારમાં આવી પડેલી સમસ્યાથી તે પોતે અસ્વસ્થ થાય છે, પરંતુ ધીરજ ગુમાવ્યા વગર તેનો હલ કાઢવામાં લાગી જાય છે. માલવિકાનું વ્યક્તિત્વ જ એ પ્રકારનું છે કે તે આત્મવિશ્વાસ ગુમાવતાં નથી. અહીં તે કિન્નરી સાથે વાતચીત કરી પૂરી ઘટના વિશે જાણી લે છે, છતાં કિન્નરી પર આંધળો વિશ્વાસ કરવાને બદલે પ્રણવ સાથે પણ વાત કરે છે. જોકે, પ્રણવ તેને પણ છેતરે છે અને તેના માથે હાથ મૂકી કોઈપણ સ્ત્રી સાથે સંબંધ હોવાનો સાફ ઇન્કાર કરે છે. પુત્ર અને પુત્રવધુ બંનેમાંથી કોણ સાચું છે એમાં મૂંઝવણ અનુભવતી માલવિકા સંગીતાને પણ મળે છે. પ્રણવના સંગીતાની સાથે પ્રેમસંબંધ વિશે ખબર પડતા જ માલવિકાના માથે આભ તૂટી પડે છે. જે

વહાલસોયાના ઉછેર અને શિક્ષણ પાછળ જાત ઘસી નાખનાર સાથે તેના દ્વારા જ વિશ્વાસઘાત થતો જોઈ તેને ખૂબ ગુસ્સો આવી જાય છે. છતાં જાત પર કાબૂ રાખી પીઢ સમાજસેવિકા માલવિકા કિન્નરી અને સંગીતાને નજીક લાવે છે. સંગીતાને પોતાના કર્યા પર ગ્લાનિ થાય છે ને તે કિન્નરીનું ઘર તૂટતા બચાવી લે છે. અહીં લેખિકાએ માલવિકાના પાત્રને એક આદર્શ પત્ની, આદર્શ મા, આદર્શ સાસુ અને એક સમર્પિત સમાજસેવિકા તરીકે આલેખ્યું છે.

લઘુનવલનું બીજું મહત્વનું પાત્ર કિન્નરીનું છે. એક આદર્શ - પત્ની અને સંપૂર્ણ ભારતીય નારી એવી કિન્નરીએ માલવિકાના પુત્ર - પ્રણવ સાથે પ્રેમલગ્ન કર્યા છે. સુખી દામ્પત્યજીવનના ફળ સ્વરૂપ તેને નીલ નામનો સાત વર્ષનો મજાનો દીકરો છે. નીલને શાળાએ મૂકવા-લેવા જવાનું કાર્ય તે ખૂદ કરે છે. જોકે, કિન્નરીના સુખી દામ્પત્યજીવનને કોઈની નજર લાગી હોય તેમ પ્રણવ કોઈ સંગીતા નામની સ્ત્રીના પ્રેમમાં પડે છે. પ્રણવના લગ્નેતર સંબંધથી વ્યથિત કિન્નરી પોતાનો સરસામાન અને પુત્ર નીલને લઈને પિયર ચાલી જાય છે. સુશીલ અને સંસ્કારી કિન્નરી કોઈપણ પ્રકારની ફરિયાદ કરવાને કે ઝગડવાને બદલે ચૂપચાપ રાજીખુશીથી ચાલી જાય છે. પિયરમાં પણ પોતાના પુત્ર નીલના અભ્યાસમાં તે એટલી ઓતપ્રોત થઈ જાય છે કે જાણે ક્યારેય માતા-પિતાના આ ઘરમાંથી ક્યાંય ગઈ ન હોય.

કિન્નરી ફોન પર માલવિકા સાથે સંવાદ ચાલુ રાખે છે. પ્રણવ સાથેય તેને અબોલા નથી. વળી સંગીતા સાથે પણ તેને એક-બે વાર મળવાનું થાય છે અને દોસ્તી બંધાય છે. કિન્નરીને જો કોઈ ચિંતા હોય તો તેના પુત્ર નીલની. બાળમાનસને જે ધક્કો પહોંચશે તેની. માલવિકા જેમ કિન્નરીને પોતાની દીકરી માને છે તેમ કિન્નરી પણ માલવિકા સાથે સાસુને બદલે પોતાની મા જેવા સંબંધો રાખે છે. લેખિકાએ કિન્નરીના પાત્રને અહીં સંસ્કારી પુત્રી, સુશીલ પત્ની, સમજુ માતા અને આજ્ઞાંકિત પુત્રવધુ તરીકે આલેખ્યું છે.

ત્રીજા મુખ્ય પાત્ર તરીકે અહીં સંગીતા આવે છે. આ લઘુનવલમાં સંગીતાનો પ્રવેશ પ્રણવની પ્રેમિકા તરીકે થાય છે. સંગીતા પ્રણવ કરતા અગિયારેક વર્ષ નાની, એકદમ નિખાલસ, બુદ્ધિમાન અને સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતી નીડર નારી છે. આકર્ષક વ્યક્તિત્વ ધરાવતી સંગીતાના માતા ગુજરાતી અને પિતા મરાઠી હતા. સંગીતાના પિતાજી કેન્દ્ર સરકારમાં ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયા હતા. સંગીતાને મળતાં જ સામેની વ્યક્તિ અંજાય જાય તેવો તેમનો સ્વભાવ હતો. દેશ-વિદેશમાં ફરેલી હોવાને નાતે તેનામાં શાલીનતા અને વાણીમાં મિઠાસ જેવા ગુણો. વળી, પર્યાવરણ ક્ષેત્રે

તેમના કામની ખાસ નોંધ લેવાતી હતી. એક અગ્રેજી અખબારમાં ફોટા સાથે તેનો ઈન્ટર્વ્યુ પણ છપાયો હતો. આવું પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતી હોવાને કારણે જ પ્રણવ સંગીતાથી આકર્ષાયો હતો.

સંગીતા પોતાના કામ પ્રત્યે અત્યંત વફાદાર, ધૂની, તરંગી અને મેધાવી હોવાની સાથે સંવેદનશીલ હતી, અને એટલે જ જ્યારે તેને ખબર પડે છે કે જે પ્રણવથી તે આકર્ષાઈ છે તેને એક કિન્નરી નામની સુશીલ અને સંસ્કારી પત્ની અને નીલ નામનો રૂપાળો દીકરો છે, ત્યારથી તેને કિન્નરી પ્રત્યે સંવેદના જાગે છે. કિન્નરીનો ભર્યોભર્યો માળો પિંખાઈ ન જાય એની સાવધાની રાખી તે પ્રણવથી અંતર જાળવે છે. સંગીતા સ્પષ્ટવક્તા છે, તે પ્રણવને કહે છે, "- એમ નથી પ્રણવ, કોઈનોયે વિચાર કર્યા વિના નિસર્ગનગર પહોંચી હોત એ કાયરતા કહેવાય. મને થોડું ઓછું દેખાતું હતું શરૂઆતમાં, હવે બધું દેખાય છે. એટલો બદલાવાનો મારો અધિકાર ખરો જ."[૯૬] અંતે સંગીતા કિન્નરીના સુખી દામ્પત્યજીવનમાંથી ખસી જઈને એક સંવેદનશીલ નારીના દર્શન કરાવે છે.

આ લઘુનવલમાં પુરુષ પાત્ર તરીકે પ્રણવનો સમાવેશ થાય છે. પ્રણવ માલવિકા અને ચિત્તરંજનનું એક લાડકું સંતાન હતું. પ્રણવ ભણીગણીને એક કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર નોકરી કરે છે. પ્રણવે કિન્નરી નામની સુશીલ અને સંસ્કારી યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. સુખી દામ્પત્યજીવનના પરિણામ સ્વરૂપ તેમને સાત વર્ષનો પ્રેમાળ દીકરો-નીલ હતો. પ્રણવ-કિન્નરીના સુખી દામ્પત્યજીવનનો સંકેત કરતું આ વિધાન જુઓ – "પ્રણવ ફરિયાદનું કારણ આપે નહીં એવો, ને કિન્નરી ફરિયાદ કરે નહીં એવી. આને લીલી વાડી કહેવાય, ડાળે-ડાળે પંખીનાં ગીત ને અઢળક ફળફૂલે લચેલી ડાળીઓ."[૯૭] આવું સુખી લગ્નજીવન હોવા છતાં પ્રણવ તેનાથી અગિયાર વર્ષ નાની સંગીતા નામની યુવતીથી આકર્ષાય છે. હોટેલમાં ને પ્રવાસમાં તેઓ એકબીજાને મળતાં રહે છે. આ વાતથી નારાજ કિન્નરી પોતાના પુત્રને લઈ તેના પિયર ચાલી જાય છે, છતાં પ્રણવ તેને ગેરસમજ થઈ છે એવું માલવિકાને જણાવે છે. જ્યારે પ્રણવ ખરેખર સંગીતાના પ્રેમમાં છે અને તેને ખાનવેલમાં જેરામભાઈએ પણ જોયો હતો એવું માલવિકા કહે છે ત્યારે પણ તે મા-માલવિકાના માથે હાથ મૂકી ખોટા સોગંધ ખાય છે. સંગીતાએ પણ કબૂલ્યું હોવા છતાં તે જૂઠું બોલે છે. પરંતુ જ્યારે માલવિકા સંપૂર્ણ હકીકત જાણે છે ત્યારે તેના પગતળેથી ધરતી ખસી જાય છે. માલવિકા પોતાને જ દોષી માને છે અને પોતાના જ દેહમાંથી જન્મેલા આવા નિષ્ઠુર, લબાડ, પ્રપંચી જીવ પ્રત્યે તેને નફરત થાય છે. પોતાની સાથે કરેલ વિશ્વાસઘાત બદલ માલવિકા તેને મળીને થપ્પડ મારી દેવા સુધી ગુસ્સે થાય છે.

કિન્નરીને તરછોડી સંગીતાના પ્રેમમાં અંધ બનેલ પ્રણવ સંગીતાને એના જન્મદિવસે ભેટ નિમિત્તે એક આલીશાન ફ્લેટ આપવાનું નક્કી કરે છે. જોકે સંગીતા કિન્નરીને દુ:ખી ન કરવા પ્રણવના જીવનમાંથી ખસી જવાનું અને જો ફ્લેટ ભેટરૂપે આપવો જ હોય તો સૌ સાથે રહીશું એવી શરત મૂકે છે. ધૂંધવાયેલો પ્રણવ ત્યારે સંગીતાને ધમકાવે છે.

અહીં પ્રણવનું પાત્ર ઉચ્ચ અભ્યાસ કરીને કંપનીના ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન હોવા છતાં વિશ્વાસઘાતી, અવિશ્વાસુ, સ્વાર્થી, જલ્દીથી ગુસ્સે થઈ જનાર, નિષ્ઠુર, લબાડ અને પ્રપંચી તરીકે આલેખાયું છે. અહીં પ્રણવ પુત્ર, પત્ની અને માતાને છેતરનાર એક બેજવાબદાર કહી શકાય તે પ્રકારના પુરુષ તરીકે આલેખાયો છે.

માલવિકા, કિન્નરી, સંગીતા અને પ્રણવના પાત્રો ઉપરાંત આ લઘુનવલમાં કેટલાંક ગૌણ પાત્રો પણ આલેખાયાં છે. જોકે આ ગૌણ પાત્રો વિશે અછડતો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આથી કહી શકાય કે તેમના હોવા ન હોવાની લઘુનવલ પર કંઈજ અસર થાય તેમ દેખાતું નથી. આ ગૌણ પાત્રોમાં પ્રણવનો પુત્ર નીલ, નારીનિકેતન સંસ્થાની કેટલીક મહિલાઓ - ચંદ્રપ્રભાબહેન, બેપ્સી વાડિયા ઉપરાંત અભિનેત્રી સુભદ્રા, કામવાળી કાશીબાઈ, જેરામભાઈ, લતાકાકી, પલ્લવી, મોટાકાકા, ભાનુમતિ, દેવશ્રી, માલવિકાની ફોઈ, ડૉ.દેસાઈ, ડૉ.રાધિકા વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

૩.૩.૨.૩. 'ક્યારીમાં આકાશપુષ્પ'ની રચનારીતિ

'ક્યારીમાં આકાશપુષ્પ' એ લગ્નેતર સંબંધને કેન્દ્રમાં રાખી ફક્ત ૯૦ પૃષ્ઠોમાં લખાયેલી લઘુનવલ છે. પ્રસ્તુત લઘુનવલની રચના એ રીતે થયેલી છે કે તેની કથા મુખ્યત્વે ચાર પાત્રોની આસપાસ જ ફરતી રહે છે. ગુજરાતી કથાસાહિત્યમાં પરિચિત કહી શકાય એવું આ લગ્નેતર સંબંધનું કથાવસ્તુ આલેખવા માટે લેખિકાએ અહીં સર્વજ્ઞ કથનકેન્દ્ર પસંદ કર્યું છે. કથનકેન્દ્ર નવલકથા કે લઘુનવલનું મહત્ત્વનું ઘટકતત્ત્વ છે. તેના દ્વારા વસ્તુ, પાત્ર, વર્ણન, સંવાદ અને ભાષા વગેરે તત્ત્વોને નિર્ણીત કરી શકે, પાત્રની ભીતર પ્રવેશીને તો ક્યારેક કૃતિની બહાર રહી પાત્રના કે પોતાના વિચારો આપણી સમક્ષ પ્રગટ કરી શકે, ઘટના કે બનાવનું પોતે વર્ણન કરી શકે તે હેતુથી લેખિકાએ અહીં સર્વજ્ઞ કથનકેન્દ્રની પસંદગી કરી છે. પ્રસ્તુત લઘુનવલમાં લેખિકા સરળતાથી પોતાના ઈચ્છિત ગંતવ્ય સુધી પહોંચી શક્યાં છે. તે માટે તેમણે ચિંતનસભર અને બોધાત્મક તેમજ

કલ્પન-પ્રતીક મિશ્રિત ભાષાનો પ્રયોગ કર્યો છે. સાથે-સાથે ટૂંકા છતાં અસરકારક સંવાદો દ્વારા તેમણે પોતાની વાત રજૂ કરી છે.

આ લઘુનવલની કથનકલાનો પરિચય આપણને લેખિકાએ કરેલા ત્રણેય નારીપાત્રોનાં નિરૂપણ દ્વારા થાય છે. સંપૂર્ણ આત્મનિર્ભર નારીનું સ્વપ્ન જોનાર હિમાંશી શેલતે સમાજમાં સ્ત્રીઓ જે સમસ્યાનો સામનો કરે છે તેવી લગ્નેતર સંબંધની સમસ્યાને અહીં મૂકી છે. સમાજસેવિકા માલવિકા પ્રણવની પત્ની અને પ્રેયસી બંને વચ્ચે કુનેહથી લાગણીભર્યા સંબંધો પ્રસ્થાપિત કરે છે અને ધીરે ધીરે સંગીતાના મનમાં પોતે એક સ્ત્રીનું ઘર કેવી રીતે ભાંગી રહી છે તે ઠસાવે છે. કિન્નરીનો ઘરસંસાર રૂપી હર્યો-ભર્યો માળો પીંખાઈ ન જાય તેથી તે પ્રણવથી દૂર રહે છે અને કિન્નરીનું ઘર તૂટતું બચાવે છે. અહીં લેખિકા એક સમસ્યા મૂકી તેના સુખદ નિરાકરણ તરફ જે રીતે લઘુનવલને લઈ જાય છે તે ખરેખર પ્રશંસનીય છે. લેખિકાએ આ કથામાં પત્રશૈલી ઉપરાંત Flashback technique નો પણ પ્રયોગ કર્યો છે. માલવિકા સમાજસેવિકા હોઇ ઘણી સ્ત્રીઓ પોતાની સમસ્યાના માટે તેમને રૂબરૂ મળતી અથવા તો પત્ર લખીને નિરાકરણ માટે કહેતી. આવી જ એક સ્ત્રી-વંદના જાનીના પત્રનો લેખિકાએ અહીં ઉલ્લેખ કર્યો છે. અત્યારે પોતે અને વંદના - બંને સમદુઃખિયા છે અને પોતે પણ આવી જ સમસ્યામાંથી પસાર થઈ રહ્યાં છે તે સંવેદન માલવિકાના પાત્ર દ્વારા વ્યક્ત કર્યું છે. તો ન્યૂ જર્સીથી આવેલા મોટા કાકાના ફોનથી વ્યથિત માલવિકા પોતાના અતીતમાં ચાલ્યાં જાય છે...તેઓ વિચારે છે કે જો તેમના પતિ ચિત્તરંજન હાલમાં જીવતા હોત તો હાલ તેમને કોઈનું આવું સાંભળવાનું ન થયું હોત, તેઓ કદાચ પ્રણવને આવું કરતા રોકી શક્યા હોત. આ વાત કહેવા લેખિકાએ અહીં Flashback techniqueનો પ્રયોગ કર્યો છે.

કથાનો આરંભ અને અંત આ કૃતિની રચનામાં મહત્વનો ભાગ ભજવે છે. કથાની શરૂઆતમાં ટી.વી. સિરિયલનું એક દશ્ય મૂકી સ્ત્રીઓ દ્વારા થતી પ્રપંચલીલા અને દરેક કુટુંબોમાં થતાં આવાં વાહીયાત નાટકો દ્વારા સ્ત્રી જ સ્ત્રીને કેવી રીતે પાયમાલ કરે છે તે મૂકી આવનારી કથા સામે Jaxtapose કરે છે. જુઓ : “અને આ કોઈ બેચાર સ્ત્રીઓની વાત નથી. આ દસ ઈંચમાં તમે જેટલાં કુટુંબો જુઓ છો તે દરેકમાં સરેરાશ પાંચથી છ પાત્રો આવાં મળશે. વિષવેલ, વિષકન્યા, વિષકૂંપી - જે કહો તે. માત્ર સ્ત્રીઓની પ્રપંચલીલા દેખાડવાની. યુવાનપુત્રને કબ્જે રાખવા મથતી આક્રમક માતાઓ, એક પુરુષને મેળવવા ન્હોર કાઢીને ઝગડતી બે સ્ત્રીઓ, ઘરમાં રાજ કરવા જંગે ચડેલી મહિલાઓ, પેંતરા ગોઠવતી પડોશણો અને ઈર્ષ્યામાં મરણિયા બનતી બહેનપણીઓ કે

બહેનો. કોણ સર્જે છે આવું બીભત્સ, જુગુપ્સાપ્રેરક નાટક ? કોણ આળોટે છે આ ગંદગીમાં રોજેરોજ? ”[૯૮] કથામાં આગળ લેખિકા શું કહેવાના છે તેને આ દશ્ય દ્વારા સુસંગત કરવાનો પ્રયત્ન કર્યો છે.

આ લઘુનવલના અંત વિશે જોઈએ તો, સંગીતા પ્રણવને કહે છે, “ - તું જો મને એ ભેટ આપતો હોય તો લઉં ખરી, પણ અમે બધાં જ ત્યાં જઈશું. તું પણ આવી જ શકે છે. સાંભળ્યું છે કે વિશાળ છે, પાંચ-છ જણ આરામથી સમાઈ જશે...”[૯૯] સંગીતાના આવા બદલાયેલા વ્યવહારથી પ્રણવ ધૂઆંપૂઆં થઈ જાય છે અને ફ્લેટની ચાવી ફેંકી દે છે. માલવિકા, કિન્નરી અને સંગીતા દ્વારા સમસ્યા ઉકેલાઈ જાય છે અને કથાનો અંત કિન્નરી દ્વારા અપાયેલી ભેટ દ્વારા લાવે છે. જુઓ આ વર્ણન : “એક સરસ લંબચોરસ કૂંડું, કાંગરી પર સોનેરી રંગ, લાલ-લીલા રંગે આલેખેલું. એમાં ચારેક રૂપાળા છોડ, પાંદડાનો રંગ ચમકતો પોપટી, ચારેય પર કળીઓ હતી, સાવ નાનકડી ને નાજુક, છોડ એકદમ નજીક-નજીક, ને તોયે એકમેકથી અલગ-અલગ, પોતાનાં મૂળ ફેલાવીને ટટ્ટાર ઊભેલા, ઊંચે વધતા, પૂરી તાકાતથી.”[૧૦૦]

અંતે માલવિકા પોતાના બે હાથ એક કિન્નરી તરફ, અને બીજો સંગીતા તરફ લંબાવી પોતાનામાં સમાવી લે છે, અને કથાનો સુખદ અંત આવે છે.

૩.૩.૨.૪. ‘ક્યારીમાં આકાશપુષ્પ’ની ભાષાશૈલી અને વર્ણનો

ટૂંકી વાર્તા હોય, નવલકથા હોય કે લઘુનવલ પરંતુ તેની સામગ્રીને યોગ્ય કલાઘાટ આપવામાં ભાષાનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે. કૃતિમાં આલેખાયેલ ઘટનાઓ, પાત્રો અને અપેક્ષિત વાસ્તવનું યોગ્ય નિરૂપણ થાય તે માટે ભાષાનો ઉપયોગ સર્જક માટે ચીવટ માંગી લે છે. આ વિશે ડૉ. પ્રવીણ દરજી નોંધે છે, “કૃતિમાં જે કાંઈ સિદ્ધ થાય છે તે ભાષા વડે જ સિદ્ધ થાય છે. પાત્ર, પાત્રનો આંતરલોક, એની વિભિન્ન સ્થિતિઓ, ઘટનાઓની સંયોજના, ઉચિત સંનિવેશ, લેખકનો સૂર એ બધું ગુંફિત થાય છે ભાષાના ઉત્તમ પ્રકારના ઉપયોગથી જ.”[૧૦૧]

‘ક્યારીમાં આકાશપુષ્પ’માં હિમાંશી શેલતે લાઘવભર્યા ઉચિત શબ્દો દ્વારા પાત્રો અને ઘટનાનું ઉત્કૃષ્ઠ આલેખન કર્યું છે. કેટલાંક ઉદાહરણ જોઈએ...

- પ્રણવ ફરિયાદનું કારણ આપે નહીં એવો, ને કિન્નરી ફરિયાદ કરે નહીં એવી. આને લીલી વાડી કહેવાય, ડાળે-ડાળે પંખીના ગીત ને અઢળક ફળફૂલે લચેલી ડાળીઓ.[૧૦૨]

- કોઈ સુખ્યાત ગાયકના દમદાર આલાપના શ્રવણ માટે આતુર સંગીતપિપાસુની અદામાં પ્રણવ મમ્માની સામે બેઠો.[૧૦૩]

- માલવિકાએ ઉતાવળે રિસિવર જકડયું.[૧૦૪]

- માલવિકાનો અવાજ સાંભળતાં જ રિમોટની સ્વિચ પર આંગળી દબાઈ અને પડદા પરનો કકળાટ સમેટાઈ ગયો.[૧૦૫]

- નીલની બદામી કીકીમાં આનંદ આશ્ચર્યની ભરતી જોઈ કિન્નરીએ એને બાથમાં લીધો.[૧૦૬]

- નીલે ડોક ઢાળી, એના પ્રત્યેક હલનચલનની લાચારી, એમાંથી પ્રસ્વેદ પેઠે ઝમતી તરસ જે જોઈ શકે એને તો દેખાય. સંગીતાની નજર ભાગ્યે જ કશું ચૂકે.[૧૦૭]

- પ્રણવનો ધસમસતો આવેગ તાણી જશે સંગીતાને, જેમ એ જ આવેગ ક્યારેક કિન્નરીને તાણી ગયો હશે...

અને લમણાં તપી ગયાં માલવિકાનાં. પારિજાતનાં ફૂલો સાવ કરમાઈ ગયાં.[૧૦૮]

- અવાજમાં કંપ આવી જ ગયો, લાખ કાળજી રાખ્યા છતાં. ઉંમરનો પ્રભાવ. કશું અઘટિત બની ગયું હશે તો શું કરી શકાશે ? લાગણીના સંબંધોયે આવો આતંક ફેલાવી શકે એની પહેલાં ખબર નહોતી. કાગળોનો થડકલો થયો હતો. જવાબો લખવાના હતા. હવે ઊંઘ આવે એવી કોઈ શક્યતા નહોતી. માલવિકા કામે વળગી. પત્રોમાં હૃદય બંધ પડી જાય એવી સંકડામણો, સંબંધના લીરેલીરા, વિનાશકારી ભૂકંપના આંચકાઓ અને એવું બીજું ઘણું હતું.[૧૦૯]

હિમાંશી શેલતે આ લઘુનવલમાં કલ્પન, પ્રતીક, રૂઢિપ્રયોગ અને કહેવતોનો પણ પ્રયોગ કર્યો છે. ભાષાના આવાં આભૂષણોના ઉપયોગ દ્વારા સર્જક શબ્દો પાસેથી ધાર્યું કામ લઈ શકે છે. આ વિશે ડૉ. પવીણ દરજી કહે છે, “ભાષાને પ્રત્યાયનક્ષમ રાખીને પણ તે કલ્પન - પ્રતીક કે રૂપકને સહારે એનું સૈંદર્ય પ્રકટાવી શકે છે, એને વધુ રહસ્યગર્ભ ને વ્યંજનાપૂર્ણ બનાવી શકે છે.”[૧૧૦] હિમાંશી શેલતે અહીં ઉપયોગમાં લીધેલ કલ્પન - પ્રતીકના કેટલાંક ઉદાહરણ જોઈએ...

- આ તો અમથું એક કાળું વાદળ. હમણાં ચાલ્યું જશે. ફરી પાછો ઝળહળ સૂરજ અને સુરભિત વાટિકા.[૧૧૧]

- નર્યાં કચવાટ અને કડવાશ માલવિકાના રોમેરોમ ઝેર પેઠે ફેલાયાં.[૧૧૨]

- નીલની ચંચળ ભાગદોડથી ઘર છલકાઈ ગયું.[૧૧૩]

- એ ક્ષણ કલ્પનામાં પકડાય એવી નહોતી.[૧૧૪] - ધગધગતા વઘારમાંથી ઊડેલા રાઈના દાણા જેમ આંખે ચોંટી.[૧૧૫]

- પડદા પર બે સ્ત્રીઓ પોતાના ડંખીલા સ્મિતથી એકમેકને વીંધતી ઊભી હતી.[૧૧૬]

- માથું ભમવા લાગ્યું. લમણામાં આગ ફેલાઈ ગઈ.[૧૧૭]

- દરિયો સાવ સુસ્ત પડયો હતો, રાખોડી ચાદર ઓઢીને.[૧૧૮]

- નીલની જીભ મોકળી થઈ ગઈ હતી.[૧૧૯]

- લાચારીમાં ડૂબતી માલવિકાનું ધૈર્ય તૂટી પડયું.[૧૨૦]

- એક શૂળ પેસી ગઈ ઊંડે. માલવિકાને ધગધગતા ડામની બળતરા ઊપડી.[૧૨૧]

- માલવિકા આખેઆખી કળણમાં ગરક થઈ ગઈ.[૧૨૨]

- તપેલા કપાળ પર પારિજાતનાં ફૂલોની ઢગલી.[૧૨૩]

- ત્યાં લાવા ખદબદતો હશે, ઠેઠ પેટાળમાં. બહાર ન બુદ્‌બુદ્‌, ન અવાજ.[૧૨૪]

લઘુનવલમાં કેટલીક જગ્યાએ અગ્રેજી અને હિન્દી ભાષાનો પણ ઉપયોગ થયો છે. તેમાં અંગ્રેજી ભાષામાં થયેલ સંવાદના કેટલાંક ઉદાહરણો...

- વી કેન ટેઇક કેર ઓવ અવરસેલ્વઝ્...[૧૨૫]

- શાનદાર મોટરમાંથી પ્રસન્ન દેવશ્રી બહાર આવી, સુગંધિત હવામાં તરતી હોય એવી છટાથી. માલવિકા એને ભેટી પડી.

- કિન્નરી, માય ડોટર ઇન લો...

- ઓ ! યા... આઈ સ્ટીલ રીમેમ્બર હર સ્વીટ સ્માઇલ...[૧૨૬]

- ધેર ઇઝ નો રીઝન... હાર્ટ હેઝ ઇટ્સ ઓન રીઝન...[૧૨૭]

- હેલ્થ શુડ બી યોર પ્રાયોરિટી. શરીર ખોટકાઈ જશે તો કશું જ નહીં થાય. રીમેમ્બર ધેટ.[૧૨૮]

- કેટલાંયે આવું ફેઈસ કરવું પડયું છે અને કરતાં હશે. વી આર નોટ અલોન... ટેઈક કેર...[૧૨૯]

- ઈટ ઇઝ હીઝ પ્રોબ્લેમ.[૧૩૦]

- ધ બેસ્ટ ધેટ ધીસ કન્ટ્રી કેન ઓફર...[૧૩૧]

- જસ્ટ કમ એન્ડ સી... મેં એક ગજબનાક વ્યૂવાળો રૂમ તૈયાર કરાવ્યો છે, ફોર યુ એન્ડ યુ અલોન...[૧૩૨]

- મારા ગિફ્ટ ટુ હર. અવર કોર્નર ઇન ધીસ વર્લ્ડ...[૧૩૩]

- પોકળ દલીલો ! યુ પ્લેઇડ વીથ માય ફીલિંગ્ઝ... ઈઝ ધીસ યોર ફાઈનલ આન્સર ? નથી આવતી નિસર્ગનગર ?[૧૩૪]

તો હિન્દી ભાષામાં બોલાયેલ આ સંવાદ જુઓ ...

- ઈસ ઘર મેં તેરા કોઈ નાટક નહીં ચલેગા, મેરી બાત ન સૂનને કા નતીજા ક્યા હૈ, અબ પતા ચલેગા...[૧૩૫]

આ ઉપરાંત સર્જક કૃતિમાં કોઈ નાવીન્ય લાવવા કે એકધારા પ્રવાહને ખાળવા જે તે પાત્રોની વાતચીતની ભાષાનો ઉપયોગ કરે છે. અહીં પારસી ઉપરાંત મરાઠી ભાષા પણ પ્રયોજવામાં આવી છે. ડો. પ્રવીણ દરજી નવલકથામાં પ્રયોજાયેલ સર્જકના આ પ્રકારના કૌશલ્ય વિશે લખે છે, "ભાષાના અનેકવિધતાના પડને ભેદવા ઘણીવાર સર્જક લોકબોલી કે વાતચીતની ભાષાને પણ લઈ આવતો હોય છે. એમાંના નર્મ, કટાક્ષ કે વક્રતા જેવા તત્ત્વો એના એક સ્વાભાવિક અને જીવંતરૂપનો પરિચય કરાવી રહે છે. નવલકથાની ભાષાને પારદર્શક ને સૂચક રાખવા માટે લેખકે આમ અનેક પ્રકારે પ્રયત્નશીલ રહેવું પડે છે."[૧૩૬]

પ્રસ્તુત લઘુનવલમાં પ્રયોજાયેલ આ પ્રકારની ભાષાના કેટલાક ઉદાહરણો...

- ઓ... કે... થોરા દા' ના આવો. રિલેક્સ થાવો. ફરી આવો. કોઈને મલવા-કરવાની પંચાટ બી છોરો.[૧૩૭]

- સું થેઈ ગીયું ? સહેજ બી રેસ્ત લે નહીં તે વરી સું થાય ?[૧૩૮]

- જેતલી જીભ એતલા બોલ. ફરગેત... જસ્ત ફરગેત...[૧૩૯]

- અરે ! તમુંને ઊંઘ બી આવી ગેઈ ![૧૪૦]

- આતા કાય કરણાર ? માલા અસા વાટતે કી તુમ્હીં...[૧૪૧]

પ્રસ્તુત લઘુનવલમાં સર્જકે જરૂર જણાઈ ત્યાં વર્ણનનો પણ આશરો લીધો છે. લેખિકાએ અહીં નિરૂપાયેલ વર્ણનો દીર્ઘસૂત્રી બની વાચકને કંટાળારૂપ ન બને તે માટે પૂરતું ધ્યાન આપ્યું છે. જોઈએ કેટલાંક ઉદાહરણો...

"પોપચાં પર આછો ગુલાબી રંગ અને આંખો ઘૂંટીને કાળી કરેલી. પાંપણો કૃત્રિમ ચોંટાડી હશે ? હોઠ જાંબલીમાં લાલ ભેળવ્યો હોય એવા રંગના. વાળ ન સફેદ, ન સોનેરી, ન લાલ. બધાનું મિશ્રણ. જરી ભરતની રેશમી લીલી સાડી. ડોક દેખાય નહીં એટલી માળા, હાર, મંગળસૂત્ર, અછોડા. હાથે બંગડીના થડકલા, કાને મોટી મોટી બુટ્ટીઓ."[૧૪૨]

"ભરત ભરેલી આસમાની સાડીમાં, ધીમી ઠસ્સાદાર ચાલમાં સામ્રાજ્ઞી જેવાં શોભતાં. ગૌર કપાળમાં કાળો ચાંદલો. એક જમાનામાં તાળીઓના ગડગડાટ વચ્ચે રંગમંચ પર પ્રવેશવા ટેવાયેલાં એ હજી આજેયે બધે એમ જ પ્રવેશતાં, દબદબાભેર."[૧૪૩]

"એક સરસ લંબચોરસ કૂંડું, કાંગરી પર સોનેરી રંગ, લાલ-લીલા રંગે આલેખેલું. એમાં ચારેક રૂપાળા છોડ, પાંદડાનો રંગ ચમકતો પોપટી, ચારેય પર કળીઓ હતી, સાવ નાનકડી ને નાજુક, છોડ એકદમ નજીક-નજીક, ને તોયે એકમેકથી અલગ-અલગ, પોતાનાં મૂળ ફેલાવીને ટટ્ટાર ઊભેલા, ઊંચે વધતા, પૂરી તાકાતથી."[૧૪૪]

ટૂંકમાં, લેખિકાએ અહીં નાવીન્ય સભર અને પાત્રોચિત ભાષાનો પ્રયોગ કર્યો છે. તો જ્યાં જરૂર જણાઈ ત્યાં તેમણે પ્રસંગોચિત વર્ણનનું પણ આલેખન કર્યું છે, જેમાં તેમની સર્જક પ્રતિભાના દર્શન થયા વગર રહેશે નહિ.

૩.૩.૨.૫. 'ક્યારીમાં આકાશપુષ્પ'માં આલેખાયેલ સંવાદ

પાત્રાલેખન અને ભાષાશૈલીની જેમ સંવાદ પણ લઘુનવલ/નવલકથાનું મહત્ત્વનું અંગ છે. કૃતિમાં સંવાદના યથોચિત પ્રયોગથી સર્જકની સર્જકતાનો સાચો પરિચય મળી જાય છે. ભરતકુમાર ઠાકુર નવલકથામાં આલેખાતા સંવાદ વિશે નોંધે છે, "સંવાદની સમર્થતા લેખકની પ્રતિભાની દ્યોતક છે. ભાષાનો વિનિયોગ લેખક કેવી રીતે કરી શકે છે અને વક્તવ્ય સંવાદાત્મકની કક્ષાએ ઊંચકી તેને નાટયાત્મકતા શી રીતે અર્પે છે તે તપાસીએ તો આપણને નવલકથાકારના સત્ત્વનો સાચો પરિચય મળે. પાત્રોના આલેખનમાં વાર્તાકાર અડધી સફળતા તો ભાષા કે સંવાદના સફળતાપૂર્વકના ઉપયોગથી જ મેળવી લે છે. સંવાદો વાર્તાની ઘટના, પાત્રો, વાતાવરણ, જીવનદર્શન ઈત્યાદિને અનુરૂપ હોય છે એ આવશ્યક છે. એ પાત્રોચિત અને અકૃતિમ સ્વાભાવિકતાવાળા પણ હોવા જોઈએ. પાત્રનિરૂપણમાં, દશ્યો ઉત્પન્ન કરવામાં અને પરિસ્થિતિને આસ્વાદ્ય બનાવવામાં કે નિર્મેલી પરિસ્થિતિને આટોપી લેવામાં સંવાદો ધાર્યું કામ આપે છે. સંવાદની ભીતરમાં જ નવલકથાનું કાર્ય રહેલું છે."[૧૪૫] આમ, સર્જક માટે સંવાદનું યથોચિત નિરૂપણ કેટલું જરૂરી છે તે ભરતકુમાર ઠાકુરના આ વિધાન પરથી સમજી શકાય છે. પ્રસ્તુત લઘુનવલમાં નિરૂપાયેલ સંવાદના કેટલાક ઉદાહરણ જોઈએ...

માલવિકા તેના પુત્ર પ્રણવ સાથે સંગીતા વિશે વાત કરવા ઈચ્છે છે ત્યારનો સંવાદ...

- પ્રણવ, મારે જરા તારી સાથે વાત કરવી છે...

- લો ! મેં કયે દિવસે તારી જોડે વાત કરવાની ના પાડી છે ? તું તો એમ બોલે છે જાણે તારી વાત સાંભળવાનો મારી પાસે વખત નથી !

- એમ નહીં. આ જરા ગંભીર... એટલે કે મારે થોડી નિરાંત જોઈએ.

- ઓ... કે એ એ... ચાલ, બોલ, તને સાંભળીએ.[૧૪૬]

માલવિકાના પોતાની પુત્રવધુ અને પૌત્ર સાથેના સૌમ્ય સંબંધને દર્શાવતો આ સંવાદ...

- કાર્ટૂન જોવા બેસું ?

- ના, આપણે નાના પાસે જઈએ છીએ. ત્યાં જ જો જે, નાનીની સાથે.

- ચા પીશને કિનુ ?

- અફકોર્શ ! લીલી ચા અને આદુ નાખેલી, તમારા હાથની સ્પેશ્યલ !

- આ ગોળપાપડીનો ડબ્બો લેવાનું યાદ રાખજે.

- નીલ કંઈ છોડે એવો નથી.

- પેલો દુપટ્ટો તારા માટે ભરાવ્યો છે ભાવના પાસે. એયે લઈ જવાનો છે. તને ભરતવાળા દુપટ્ટા બહુ ગમે છે એટલે...[૧૪૭]

નૈતિકતાના ધોરણે માલવિકા નારીનિકેતનમાંથી રાજીનામું આપે છે ત્યારે તેને સમજાવવા આવેલી કેટલીક મહિલાઓ સાથેની વાતચીત...

- વ્હાય શૂડ યુ રિઝાઈન ? તમુંને રિઝાઈન કરવાનું કોઈ કારન જ નથી.

- પણ મને મનથી જ ખરાબ લાગે છે.

- જો માલવિકા, તારો કશો વાંક નથી. પ્રણવના વર્તન માટે તું કઈ રીતે જવાબદાર છે એ મને સમજાવ.

- પણ નૈતિક રીતે મને આવી સ્થિતિમાં કોઈ પન હોદ્દા પર બેસી રહેવાનું પસંદ નથી.

- ઓ... કે... થોરા દા'રા ના આવો. રિલેક્સ થાવો. ફરી આવો. કોઈને મલવા-કરવાની પંચાટ બી છોરો.[૧૪૮]

માલવિકાનો પુત્રવધૂ કિન્નરી સાથેનો સંવાદ...

- કિનુ, હું એમ કહેતી હતી કે... સાંભળે છે તું ?

- બોલો, બોલો, મમ્મા... શું કહેતાં'તાં તમે ?

- આપણે સંગીતાને મળવા ના જઈ શકીએ ?

સામે મૌન.

- કેમ બોલી નહીં ? આપણાથી સંગીતાને મળવા જવાય કે નહીં ?

- જવાય. પણ તમે શું કહેશો એને ?

- ખબર નથી, છતાં મળવાનું મન છે. તું એને ઓળખે છે એટલે...

- એને પૂછીને કહું. એની પાસે ક્યારે સમય છે...

- પણ જરા જલદી. આજે રાતે એની સાથે ફોન પર વાત કરીશ તું ?

- ભલે. પ્રયત્ન કરું.[૧૪૯]

કિન્નરીનું ઘર તૂટતું બચાવવા માલવિકા સંગીતાને સમજાવવા તેના ઘરે જવાનું વિચારે છે, ત્યારે એક પીઢ સમાજસેવિકાની જેમ સંગીતા સાથે થયેલો સંવાદ...

- તમને મળવાની ઇચ્છા છે.

- કોઈ ખાસ કામ ?

- ના, ના, કામ નથી. આમ જ ઇચ્છા થઈ. તમારાં કામો વિશે છાપામાં વાચ્યું એટલે થયું કે...

- એટલે તમે એ ઇન્ટરવ્યૂ વાંચી લીધો, એમ ?

- હા, થોડી વાતો કરીએ. ક્યારે ફાવે તમને ?

- કાલે ફાવે ? સાંજે સાતેકની આસપાસ ?

- ફાવે. શ્રી અપાર્ટમેન્ટ, વીસ, સ્ટેડિયમ રોડ, બરાબર ?

- તમને તો ઍડ્રેસ પાકું યાદ છે. કિન્નરીબહેને આપ્યું હશે.

- હા, કદાચ એ પણ આવશે સાથે.

- જરૂર કહેજો એમને...[૧૫૦]

ન્યૂ જર્સીમાં રહેતા મોટાકાકાનો માલવિકા સાથેનો સંવાદ...

- આ શું સાંભળું છું ? પ્રણવ છે આસપાસમાં ? હોય તો ફોન આપ. મારે વાત કરવી છે.

- એ તો બેંગ્લોર ગયો છે, કંપનીના કામે.

- કિન્નરી નીલ જોડે પિયર ગઈ છે તે સાચું ?

- હા, હમણાં તો ત્યાં જ છે.

- કેટલો વખત થયો ? બે મહિના કે વધારે ? એ કેમ ગઈ તેની મને અહીં રહ્યે ખબર પડી ગઈ છે. પછી તેં શો વિચાર કર્યો ? ક્યાં લગી આ ખેલ ચાલવા દેવાનો છે, હેં ?

- કાકા, એમાં એવું છે કે...

- એવુંબેવું કંઈ નહીં. પ્રણવને ચોખ્ખું કહી દેવાનું કે મિલકતનો વારસો લેવાનો હોય તો સીધી રીતે રહે. આપણા કુટુંબમાં આવા તાયફા ? છોકરા પર કેવી અસર થાય એટલુંયે નહીં વિચારવાનું ? બાપ જીવતો હોત તો કરત કે આવું ? કહેજે એને કે કાકો બેઠો છે હજી... ચિત્તરંજનનું ફરજંદ કેવું હોવું જોઈએ ?[૧૫૧]

આત્મવિશ્વાસથી ભરપૂર માલવિકાએ પ્રણવનું મન જાણવા તેની સાથે કરેલો સંવાદ...

- સંગીતા કેમ છે ?

પ્રણવને ભડકાવવા માટે આટલું પૂરતું હોય.

- મઝામાં જ હશે. મને ખબર નથી. કેમ ?

- ના, આ તો ઘણા દિવસથી એના સમાચાર નથી એટલે આમ અમસ્તું જ પૂછું છું...

- એ કંઈ બધું મને પૂછી-પૂછીને કરે છે ? ગઈ હશે કામ માટે ક્યાંક બહારગામ.

- તું આવ્યો ને એ તરત ગઈ એટલે થયું કે...

- હા, તેનું શું છે ?

- તમારે કંઈ ઝગડો કે વિવાદ...

- ઝગડો શા માટે ? શી ઈઝ ફ્રી... જ્યાં જ્યારે જવું હોય ત્યાં ત્યારે જાય...[૧૫૨]

પિતા-પુત્ર વચ્ચે થતો ઉમળકાભર્યો સંવાદ...જ્યાં પિતાને પુત્ર માટે સમય ન હોવાનો નીલ ઠપકો આપે છે...

- હેય... યંગ મેન, કેમ છો ?

- મોમ કહે છે કે તમને ટાઈમ નથી. તમે તો અહીં દાદી જોડે ગપ્પાં મારો છો !

પ્રણવે કાન પકડયા.

- સોરી... હવે તારી સાથે ગપ્પાં મારીશ. પણ અત્યારે નહીં. પાછો આવું ત્યારે.

- સાંજે ?

- યસ, સાંજે.[૧૫૩]

આમ, ટૂંકા અને આકર્ષક સંવાદો પ્રયોજીને લેખિકાએ પાત્રોની આંતરચેતનાને વાચા આપી છે અને લઘુનવલના પાત્રાલેખનમાં સફળતા મેળવે છે.

૩.૩.૨.૬. 'ક્યારીમાં આકાશપુષ્પ'માં નિરૂપાયેલ જીવનદર્શન

"માનવીના મનોગતનું મર્મદર્શન કરાવવાનો પ્રયાસ લઘુનવલમાં હોય છે. કેટલીક લઘુનવલો સ્ત્રી-પુરુષોના સંબંધોને, સામાજિક સમસ્યાઓને વ્યક્ત કરતી હોય છે. પ્રત્યેક ઉત્તમ કૃતિમાં કોઈ જીવનદષ્ટિ, કોઈ જીવનસત્ય પટાંતરે રહેતાં હોય છે જ. એને ઘાટ આપવામાં આવું સત્ય નિર્ણાયક હોય છે. લેખકના જીવનપરામર્શમાંથી એ ઈષ્ટ રહસ્ય પ્રગટ થાય છે અને લઘુનવલનું એ જ નિયામકબળ છે. સનાતન જીવનમૂલ્યો, જીવનમર્મ, જીવનરહસ્ય અને સૌંદર્યના અભાવવાળી કોઈપણ કૃતિની જેમ લઘુનવલ પણ પ્રાણ વિનાના હાડપિંજર જેવી બની રહે છે."[૧૫૪]

'ક્યારીમાં આકાશપુષ્પ'માં સમાજમાં જોવા મળતી અન્ય સમસ્યાઓની જેમ લગ્નેતર સંબંધની સમસ્યા આલેખાઈ છે. માલવિકા કે જેમણે આખું જીવન મહિલાવિકાસમાં ગાળ્યું અને હવે જીવનની પાછલી વયે પોતાના જ ઘરમાં, પોતાનો જ દીકરો અન્ય સ્ત્રી સાથે લગ્નેતર સંબંધથી જોડાયો છે ત્યારે તેને આઘાત લાગે છે. જીવનભર અન્ય સ્ત્રીઓની સમસ્યાઓનો ઉકેલ લાવનાર માલવિકા પોતાની જ પુત્રવધુની સમસ્યાને કારણે દુઃખી થાય છે. સમાજ હવે તેમની સામે પ્રશ્ન કરે છે ! વારંવાર પૂછે છે ! ત્યારે માલવિકાને પોતાની જાત સામે જ ફરિયાદ છે કે પોતાની કૂખે જન્મ લેનાર પુત્રે અન્ય સ્ત્રી સાથે લગ્નેતર સંબંધ રાખી એક સુશીલ અને સંસ્કારી પત્નીના જીવનને ડહોળી નાખ્યું.

પ્રસ્તુત લઘુનવલમાં નિરૂપાયેલ આ સમસ્યા સામાન્ય રીતે સમાજના ઘણાં સ્ત્રી-પુરુષોમાં જોવા મળે છે. લગ્નેતર સંબંધની આ સમસ્યાને લીધે સ્ત્રી-પુરુષ અને તેના આખા કુટુંબનાં વ્યક્તિઓના સંબંધમાં જે તિરાડ પડે છે તે સામાજીક માળખાને ઘણું નુકશાન પહોંચાડે છે. આ પ્રકારના સંબંધોને સમાજ ક્યારેય સ્વીકારતો નથી. અને તેથી જ માલવિકા પોતાની પુત્રવધુ અને પોતાના પુત્રની પ્રેયસી વચ્ચે લાગણીભર્યા સંબંધો પ્રસ્થાપિત કરી તેમનો સુખી સંસાર ફરી પૂર્વવત્ થાય તે દિશામાં અથાગ પ્રયત્નો કરે છે. લેખિકા માલવિકાના પાત્ર દ્વારા પોતાના ઈચ્છિત લક્ષ્યાંક સુધી પહોંચે છે. કારણ કે માલવિકા પોતાના પુત્ર અને પુત્રવધુનું સંસારજીવન પૂર્વવત્ કરવામાં સફળતા મેળવે છે. હિમાંશી શેલતનું એક સ્વપ્ન રહ્યું છે કે આપણા આ પુરુષપ્રધાન સમાજમાં - કે

જ્યાં સ્ત્રી-પુરુષ બંને સંસારરૂપી રથના બે પૈડા સમાન હોય છે, ત્યાં સ્ત્રી પોતે પણ માનભર જીવન જીવી શકે. આ સ્વપ્નને પૂર્ણ કરવા માટેના તેમના પ્રયત્નને આપણે અહીં જોઈ શકીએ છીએ.

૩.૩.૨.૭. 'કાળાં પતંગિયાં'માં વિષય આલેખન

'કાળાં પતંગિયાં'માં રૂપજીવિનીઓ તથા તેમનાં બાળકોનું મજબૂર છતાં પ્રેમ અને માણસાઈથી ભરેલું જીવન આલેખાયું છે. અહીં મુંબઈ પાસેના કોઇ અજાણ્યા શહેરમાં 'નેપાલી હાઉસ' નામે હારબંધ ઓરડીઓમાં બુદ્ધિ મૌસીની છત્રછાયા હેઠળ દેહવિક્રયનો વ્યવસાય કરતી કેટલીક સ્ત્રીઓ અને તેમનાં બાળકોની કથા કહેવાઈ છે. નેપાલી હાઉસની બદનામ વસ્તીમાં કલાની કૂખે જન્મેલ સારંગાને કોઇ સેવાભાવી સંસ્થાની મદદથી મુંબઈ ભણવા જવાની તક મળે છે. સારંગા હોસ્ટેલમાં રહી મીડિયા ઇન્સ્ટિટયૂટમાં અભ્યાસ કરે છે. મુંબઈમાં અભ્યાસ કરતી સારંગાને નેપાલી હાઉસના ડીમોલીશનના સમાચાર મળે છે. આ સમાચારથી ખૂબ જ આઘાત લાગ્યો હોવા છતાં અભ્યાસના ભાગરૂપે રિપોર્ટ તૈયાર કરવા તે વિષય તરીકે નેપાલી હાઉસને જ પસંદ કરે છે. ત્યાં જઈને સારંગા પોતાની માતા, અન્ય સ્ત્રીઓ અને તેના ખાસ મિત્રો - બબલુ અને રોઝીના સંઘર્ષમય જીવન વિશે જાણે છે. ડીમોલીશન પછીના તેમનાં જીવનને જાણી સારંગા જે દુઃખ અનુભવે છે તેની આખી વાત અહીં આલેખાઈ છે. આ કથા વિશે મણિલાલ હ. પટેલ નોંધે છે, "આપણે ત્યાં રેડલાઈટ એરિયા વિશે તથા વેશ્યાઓના ભીતરી જીવન વિશે - આટલી વિગતે; ઊંડાણ અને સચ્ચાઈથી માત્ર હિમાંશી શેલતે લખ્યું છે, પૂરા અભ્યાસથી અને સહજ રીતે તથા શિષ્ટ ભાતે લખ્યું છે. આ દોઝખમાંથી કાળાં પતંગિયાંને બચાવી લેવાની દિશામાં આ કથા આશાભર્યો સંકેત કરે છે."[૧૫૫]

આ લઘુનવલની કથાના કેન્દ્રમાં **દેહવિક્રયનો વ્યવસાય કરતી સ્ત્રીઓ અને તેમના બાળકો** છે. હિમાંશી શેલતે દેહવિક્રયનો વ્યવસાય કરતી સ્ત્રીઓને કેન્દ્રમાં રાખી ઘણી વાર્તાઓ લખી છે, પરંતુ આ જ વિષયને કેન્દ્રસ્થ કરતી તેમની આ પ્રથમ લઘુનવલ છે. 'કાળાં પતંગિયાં'માં દેહવ્યાપાર કરતી એવી સ્ત્રીઓનું જીવન વર્ણવાયું છે કે જેઓ મજબૂરીવશ આ વ્યવસાય સાથે સંકળાયેલી છે. તેઓ મુંબઈ પાસેના કોઈ અજાણ્યા શહેરમાં 'નેપાલી હાઉસ' નામના જુના-પુરાણા મકાનમાં બુદ્ધિ મૌસી, કલા, ચંદા, રઘુની મા, બબલુની અમ્મા, ડોલી, કાલી, રોઝીની મા, સાયરા, નંદા અને મનોરમા જેવી સ્ત્રીઓ રાતની રોનકમાં તૈયાર થઈ, ફૂલફટાક બની બારણે ઊભાં રહી આવનાર ગ્રાહકને આકર્ષતી. સતત સંઘર્ષમાં ઝઝૂમતી અને જીવન ગુજારવા મજબૂરીવશ આ વ્યવસાય કરતાં

કેટલીક વખતે કોઈ ગ્રાહકના સંસર્ગથી થયેલા ગર્ભાધાનને લીધે બાળકનો જન્મ થતો. કથાનું મુખ્ય પાત્ર એવી સારંગાનો જન્મ પણ આ જ રીતે નેપાલી હાઉસમાં કલાવતીની કૂખે થયો હતો. લેખિકાએ આ કથામાં નેપાલી હાઉસમાં આવનાર સ્ત્રીઓ કેવી કેવી મજબૂરીને લીધે આ અણગમતા વ્યવસાય સાથે જોડાય છે તેની પણ વાત કરી છે.

સારંગાની મા કલાની ઉંમર બાર-તેર વર્ષની હતી ત્યારે કોઇ હત્યારાએ કલાની માની નિર્મમ હત્યા કરી હતી. માતાની ગળુ કપાયેલી લાશ જોઈને તે ભાગીને એક રેલ્વે સ્ટેશને પહોંચી જાય છે. ત્યાંથી આવી નિરાધાર બાળકીને બુઢ્ઢિ મૌસી નેપાલી હાઉસ લઈ આવે છે, જ્યાં જુવાન થયેલી તે દેહવ્યાપારમાં જોડાય છે. તો પેટનો ખાડો પૂરવા મજબૂર ચંદા કોઈ ગ્રાહક દ્વારા જ ગર્ભવતી થાય છે ને તેની કૂખે ચીમકી જન્મે છે. ચંદા પોતાની દીકરી ચીમકી કે જે રાંટા પગવાળી, કંતાયેલું શરીર ધરાવતી, પગથી દુબળી અને ભોંય પર ઘસડાઇને ચાલે છે, તેવી દીકરીની હાજતનું ઘણીવાર ધ્યાન રાખતી. ઘણીવાર ઘડી-ઘડી સાફ કરવાનો વખત ન મળતા ચંદા ચીમકી પર ક્યારેક ગુસ્સે તો થાય છે, પરંતુ આખરે તેને તે ખૂબ વહાલી હોય છે. જોકે આ સ્ત્રીઓને તેમના બાળકો પ્રત્યે ખૂબ જ પ્રેમ છે. કલા તો મૌસીના કહેવાથી સારંગાને મુંબઈ ભણવા મોકલીને દીકરીનું ભવિષ્ય બચાવી લે છે.

શરીર તોડીને ખવડાવતી બિન્નીની માને પોતાની અત્યંત દેખાવડી પરંતુ બહેરી અને મૂંગી બિન્ની પ્રત્યે ખૂબ જ ચિંતા રહેતી કે કોઈ ઉઠાવી જાય તો! અને એટલે જ તે બિન્નીને ગળે વળગાડીને રાખતી. આ ઉપરાંત ઘરાકીના સમયે જ નહિ પરંતુ આખો દિવસ ફૂલફટાક થઈને ફરતી, ચકચકિત-ઝગારા મારતી રઘુની માની કૂખે જન્મેલ રઘુનું માથું જન્મ વખતે દબાઈ ગયેલું પરિણામે તેનું મગજ સંકોચાઈ ગયેલું આથી તેને કશાનું ભાન રહેતું નહોતું. આવા રઘુને તેની મા ખૂબ જ કાળજીપૂર્વક સાચવે છે. તો, કલકત્તાના કોઈ વિસ્તારમાંથી આવેલી વર્ણે શ્યામ છતાં આકર્ષક આંખોવાળી કાલી રોજ સુંદર વસ્ત્રો પરિધાન કરી હાથમાં પર્સ અને પગમાં સેન્ડલ પહેરી, અત્તરનો મઘમઘાટ કરી આવનાર કોઈ સફેદ મારુતિમાં જતી. કાલીને જોઈ સૌ તેના નસીબ પર ઈર્ષ્યા કરતા અને તેને અહોભાવથી જોઈ રહેતા. જોકે કાલી ક્યાં જાય છે, કોને મળે છે તે વિશે અજાણ સૌ કોઈ તેના અચાનક થયેલા મૃત્યુ - રહસ્યમય હત્યાથી આઘાતમાં સરી પડે છે. અન્ય સ્ત્રીઓની વાત કરીએ તો, નેપાલી હાઉસના મસમોટા દાદર નીચે જ એક ઘરડી બાઈ પડી રહેતી. ગુમચા જેવી દેખાતી આ બાઈ હલે કરે તો જ ખ્યાલ આવતો કે તે કોઈ માણસ છે. આખો દિવસ બબડયા કરતી આ બાઈ એક દિવસ વરસાદના દિવસે ક્યાંક ગાયબ થઈ જાય છે.

બુદ્ધિ મૌસી નેપાલી હાઉસની દરેક સ્ત્રીઓનું ધ્યાન રાખતાં. તેમાંય જો કોઈ સ્ત્રી ઉંમરને લીધે ધંધો કરવાને લાયક ન હોય ત્યારે તેમનો જીવનગુજારો સારી રીતે થાય તે હેતુથી તેમને બનારસના કોઈક આશ્રમમાં મોકલવાની વ્યવસ્થા કરતાં. મૌસી સાંજના સમયે દરેક બાળકોનું ધ્યાન રાખે. ધંધાના સમયે સૌ કોઈ પોત પોતાની ઓરડીઓમાં મોડે સુધી હોય ત્યારે બુદ્ધિ મૌસી જ તેમને જમાડી કરીને સુવડાવતાં. વળી ક્યારેક બાળકો બિમાર હોય ત્યારે તેમને શરીર પર બામ ઘસતાં અને તેઓ આરામથી ઊંઘી ન જાય ત્યાં સુધી સાચવતાં. આવાં અત્યંત દયાળું અને નેપાલી હાઉસની દરેક સ્ત્રીઓ તથા બાળકોની અત્યંત પ્રેમથી કાળજી રાખનાર મૌસીને જાણે નેપાલી હાઉસના ડીમોલીશનના સમાચારથી આઘાત લાગ્યો હોય તેમ આ ફાની દુનિયાને છોડીને ચાલી નીકળે છે. હવે નેપાલી હાઉસમાં જાણે ધંધો ઠરી ગયો હોય તેમ લાગે છે.

રોઝીની માથી હવે કામ થતું નથી, તબિયતથી નબળી પડવાને કારણે હવે રોઝીને તૈયાર કરીને ધંધે વળગાડે છે. જોકે, રોઝીને પણ ભણવું નહોતું અને વગર મહેનતના કામની ઈચ્છા રાખતી હતી. તેથી રોઝી આ ધંધાને આસાનીથી સ્વીકારી મુંબઈ ચાલી જાય છે. તો મધ્યપ્રદેશથી આવેલી સદા આનંદિત એવી બિંદી નેપાલી હાઉસમાં કામે વળગે છે. સદા તાજગીથી ભરેલા ચહેરાવાળી નવીસવી આ બિંદી કલાને મૌસી તરીકે ઓળખે છે. બુદ્ધિ મૌસીની ગેરહાજરીમાં કલા હવે મૌસી બની ગયાં છે. બબલુની મા બબલુ હવે કોઈ ધંધામાં વળગે અને ઠરીઠામ થાય તેવી ઈચ્છા હંમેશા રાખતી. બબલુ ઠરીઠામ તો ન થયો પરંતુ કોઈ ગરાજમાં પેટીયું ભરાય તેટલું કમાઈ લે છે. જાત તોડીને ટુકડા વહેંચતી સ્ત્રીઓએ પોતાના બાળકો કોઈ રીતે સુખી જીવન ગુજારે તે માટેના પ્રયત્નો કરતી જોવા મળે છે. તો, ઉત્તરપ્રદેશના કોઈ ગામથી આવેલી મનોરમા રાત્રે ટયૂશનથી છૂટતી ત્રણેક નાદાન છોકરીઓનું જીવન કોઈ રખડેલ આદમીથી પોતાની જાતે સહીને કેવી રીતે બચાવે છે તેની અસરકારક વાત કરી છે. આ ઉપરાંત રાની, નંદા, શ્યામાબાઈ, ડોલી અને સાયરા સૌ કોઈ પોતપોતાની રીતે શરીર આપીને પૈસા મેળવતાં અને જીવન ગુજારો કરતાં. નેપાલી હાઉસના ડીમોલીશન પછી કલા મુસ્તાકચાચાના ઘરની નીચે ઓરડીમાં, કેટલાંક ટેસન પર, કેટલાંક ધરમશાળામાં તો કેટલાંક અન્ય છૂટક ધંધો કરીને પોતાનું આ જીવન ગુજારવાનો પ્રયત્ન કરે છે. અહીં એક વાતની અવશ્ય નોંધ લેવી પડે કે, નેપાલી હાઉસમાં દેહના વ્યાપાર સાથે સંકળાયેલી સ્ત્રીઓને અજાણ્યા ગ્રાહકના સંસર્ગથી જન્મેલ બાળકો હોવા છતાં આ સ્ત્રીઓને તેમનાં બાળકો અત્યંત વહાલા હતાં.

તો **નેપાલી-હાઉસનું પરિસર** 'કાળાં પતંગિયાં' લઘુનવલના કેન્દ્રમાં છે, આ લઘુનવલની સમગ્ર કથા તેની આસપાસ ફરે છે. સારંગા, બબલુ અને રોઝી જ્યાં મોટાં થયાં છે તેવા આ નેપાલી-હાઉસનો સમગ્ર પરિસર હિમાંશી શેલતે આબેહૂબ ચિત્રિત કર્યો છે. નેપાલી-હાઉસ મુંબઈ પાસેના કોઈ શહેરમાં આવેલ અજબ રંગરૂપવાળું - ગુલાબી દીવાલો વાળું મોટું મકાન. જેને બે માળ અને અગાશી. જૂનાજમાનાનું બાંધકામ હોવાથી તે ખાસ્સું મજબૂત. બે માળના આ મકાનને અવનવા રંગથી રંગવામાં આવ્યું હતું ! ઝરૂખાની જાળી પીળી, હળદરિયા તેમજ બારી-બારણાં ભડક ભૂરા રંગનાં. વળી અંદર રહેનારાં પણ એવાં રંગરસિયા કે એકેએક બારી અને બારણા પર ભાતભાતના રંગીન પડદા લટકાવ્યા હતા. લેખિકા કહે છે કે માત્ર પડદાઓનું વૈવિધ્ય જોવા માટેય નેપાલી-હાઉસ પહોંચી શકાય એવાં ચોકડીયાળા, જાંબલી-પીળાં ફૂલોવાળાં, લીલાં ઝાડવાળા, સફરજન અને દ્રાક્ષના ઢગલાવાળા, હાથી-ઘોડા, ઊંટના સરઘસવાળા, હરણ અને વાઘ એક જ તળાવમાંથી પાણી પીતાં હોય એવાં ચિત્રવાળા સુંદર પડદા લગાડેલા હતા. તો કલાની ઓરડીનો પડદો સાવ જુદો જ હતો - પોપટી ઘાસ પર ઊડતાં કાળાં પતંગિયાંવાળો. આ પતંગિયાં ફક્ત પડદા પર જ જોવા મળતાં કારણ કે નેપાલી-હાઉસની આસપાસ ખાસ કોઈ લીલોતરી નથી. જોકે થોડે દૂર બે પીપળા છે અને ચોકમાં ડબ્બા-ડૂબલામાં તુલસી-બારમાસીના કરમાયેલા ફૂલ છોડ છે.

સારંગા, બબલુ અને રોઝીને નેપાલી-હાઉસની ગુલાબી દીવાલો ખૂબ ગમતી. ક્યારેક સારંગા આ દીવાલ પર ગાલ ચોંટાડી અન્યમનસ્ક બની જતી. ત્રણેય બાળકો જન્મ્યાં ત્યારથી અહીં જ રહ્યાં છે અને તેથી જ તેમણે નેપાળી-હાઉસનો ખૂણેખૂણો પગ તળે કરી દીધો છે. નેપાળી-હાઉસનું લેખિકાએ કરેલું જુઓ આ વર્ણનઃ "નેપાલી-હાઉસના ઝરૂખા રસ્તા પર પડે પણ અંદર પેસવાનાં બારણાં પાછળ ગલીમાં. એમાં દાખલ તો થવું જ પડે. નાકાની કચરાપેટી પસાર કર્યા વિના દાખલ ન થવાય. કચરો કચરાપેટીમાં હોય એથી બમણો બહાર વેરણછેરણ પડયો હોય. સ્વચ્છતા અભિયાન સિવાય આ કચરો સાફ કરવામાં કોઈને ખાસ રસ નથી. ઈંડાંનાં ફોતરાં, મરઘીનાં પીંછાં, ચોળાયેલાં કોન્ડોમ, ચૂસાયેલાં હાડકાં, બગડેલું અનાજ, કેળાં સંતરાની છાલ અને (ત્રણેક વાર તો ગર્ભના લોચા જેવુંય) બીજો બગાડ અહીં મળી આવે. એને ઓળંગી આગળ જવાથી નેપાલી-હાઉસની ગલી દેખાય. કમાન પર કોતરેલું નામ. હારબંધ ઓરડીઓ, છ નીચે, છ ઉપર. આગળના રસ્તા પર જે ઝરૂખા પડે તેની નીચે પહોળો ઓટલો પથરાયેલો - સવાર પડે કે પેલાં ત્રણની શેતાની રમતોથી ગાજતો."[૧૫૬] આ તો થઈ નેપાલી-હાઉસના બાહ્ય દેખાવની વાત. તેના ભીતરના દશ્યની

વાત કરીએ તો..."નેપાલી-હાઉસમાં રાતની રોનક. વાહનો ધમધમાટ આવે. કોઈને ફુરસદ નહીં. છોકરાં મોટે ભાગે બુદ્ધિ મૌસીની ઓરડીમાં ભરાય. દીવાલ પર ટાંગેલા એકેએક ભગવાનનાં અને તીરથનાં નામ યાદ કરતાં કરતાં ઊંઘી જવાનું હોય. મક્કા, અજમેરની દરગાહ, ગુરુદ્વારા, ચર્ચ અગિયારી, બદરીકેદાર, કોઈની પાદુકા, ક્યાંક પવિત્ર શિખર, નદી, ગુફા - સઘળું એક કતાર. શરદીમાં નાક બંધ થઈ ગયાં હોય, મૌસીએ બહુ દિલથી તેજતર્રાર બામ છોકરાંઓની પીઠ, ગળાં અને છાતી પર ચોપડયો હોય. નેપાલી-હાઉસ આખું એ દવાની ગંધથી તરફડતું હોય."[૧૫૭]

એક સમયે, જ્યારથી નેપાલી-હાઉસથી પસાર થતાં રસ્તાનું નામ ચકલાબજારથી બદલી ગાંધીમાર્ગ થશે એવું કોર્પોરેશનમાં નક્કી થયું ત્યારથી નેપાલી-હાઉસનો વિરોધ થવા લાગ્યો. જ્યાં અનૈતિક કામો છડે ચોક ચાલતા હોય ત્યાંના રસ્તાને ગાંધીનું નામ ? સરઘસ નીકળ્યાં, હો-હા અને ઊથલપાથલ થવા લાગી. જોકે તેનો એક ફાયદો એ થયો કે કેટલીક સંસ્થાના સારા માણસો નેપાલી-હાઉસ તરફ આવતાં થયાં અને સારું જીવન કોને કહેવાય એવું ત્યાંના નિવાસીઓને સમજાવવા લાગ્યાં. અનૈતિક ધંધો છોડાવવા માટે સીવણના ક્લાસની ફી ભરવાની, મીણબત્તી-અગરબત્તી બનાવવાના ગૃહઉદ્યોગો સ્થાપવાની કે ફોલ-સ્ટીચ કરવા માટે પ્રોત્સાહન અને તે માટે પૈસાની મદદ આપવાનું આશ્વાસન પણ આપવા લાગ્યાં. આમને આમ થોડો સમય આ નાટક ચાલ્યું ને પછી તેના પર પડદો. આમ છતાં કેટલાંક વર્ષો પછી નેપાલી-હાઉસનું ડીમોલીશન થાય છે. ડીમોલીશન પછી નેપાલી-હાઉસ ખંડેર બની ગયું હતું! તેના પર પડતા હથોડાના ઘા જાણે ત્યાંના રહેવાસીઓના દીલ પર સીધા વાગતા હતા! ડીમોલીશ થયેલા નેપાલી-હાઉસનું જુઓ આ વર્ણનઃ "નેપાલી-હાઉસની જગ્યાએ ફસકી પડેલી દીવાલોનાં ગચિયાં હતાં. ટેકા વિના લટકતી બારીઓ અને પડુંપડું થતાં નમી પડેલાં બારણાં, લટકી પડેલા ઝરૂખા અને આડીઅવળી અભરાઈઓ, ડોબરાઈ ગયેલાં અને ભંગાર લેખેય કોઈ હાથ ન અડાડે એવાં એલ્યુમિનિયમનાં વાસણો, કટાઈ ગયેલી પતરાંની પેટીઓ, ચાંદલાના જૂનાં પકેટ, પાઉડરના ખાલી ડબ્બા, અત્તરની ફેંકાઈ ગયેલી શીશીઓ, તૂટેલી બંગડીઓના અર્ધગોળ કાચ, ફાટેલાં અને ઉપયોગ પછી ફંગોલાઈ ગયેલાં વસ્ત્રો."[૧૫૮]

નેપાલી-હાઉસ એટલે એ જગ્યા કે જ્યાં બુદ્ધિ મૌસી કલાને રેલવે સ્ટેશનથી અહીં લઈ આવી હતી. જ્યાં કલા યુવાન થઈ દેહવિક્રયના વ્યવસાયમાં જોડાય છે અને તે દરમિયાન કોઈ અજાણ્યા ગ્રાહકના સંસર્ગથી તેની કૂખે સારંગા જન્મે છે. નેપાલી-હાઉસમાં કલાની સાથે બીજી ઘણી સ્ત્રીઓ રહે છે જે દેહવ્યાપારની સાથે સંકળાયેલી છે. અહીં સારંગા અન્ય સ્ત્રીઓના બાળકો - રોઝી અને

બબલુ જેવા મિત્રો સાથે મોટા થાય છે. અહીં બુદ્ધિ મૌસી જ આ નેપાલી-હાઉસની માલિક, મેનેજર કે માતા જે ગણો તે. મૌસીની સલાહ માનીને જ કલા તેને કોઈ સમાજસેવી સંસ્થાના માધ્યમથી મુંબઈ ભણવા મોકલે છે. આમ, નેપાલી-હાઉસમાં સૌ કોઈ - રૂપજીવી સ્ત્રીઓ, એમનાં સંતાનો, મૌસી અને દલાલો જીવનસંઘર્ષ કરી રહ્યાં છે.

મુખ્ય પાત્ર **સારંગાના અભ્યાસ અને તેના વતનરાગ** વિશે લઘુનવલમાં વિગતે આલેખન થયું છે. નેપાલી-હાઉસના વાતાવરણ અને ત્યાંના બાળકોના ભવિષ્યથી સારી પેઠે વાકેફ બુદ્ધિ મૌસી કલાને સમજાવીને સારંગાને અભ્યાસ માટે મુંબઈ મોકલવાનું કહે છે. તે સમજાવે છે કે, સારંગા હવે કિશોરવયની થઈ છે, નેપાલી-હાઉસમાં તેનું ભવિષ્ય બરબાદ થઈ જશે. વળી ખર્ચ તો સમાજસેવી સંસ્થા ઊઠાવવાની હોવાથી તેની કોઈ સમસ્યા નથી. કલા પોતાની દીકરીને આટલે દૂર મોકલવા ન ઈચ્છતી હોવા છતાં, તેના ઉજળા ભવિષ્ય માટે, આખરે બુદ્ધિ મૌસીની સમજાવટથી રાજી થાય છે અને સારંગાને મુંબઈ ભણવા માટે મોકલે છે. સારંગાને હોસ્ટેલમાં તેના જેવી જ સામાજિક પશ્ચાદ્ભૂ ધરાવતી વિજયા જેવી સખી મળે છે. અહીં તે નેપાલી-હાઉસને ભૂલી અભ્યાસમાં મન પરોવવાનો પ્રયત્ન કરે છે.

સારંગા અભ્યાસ નિમિત્તે નેપાલી-હાઉસથી નીકળી મુંબઈ ગઈ તેને બિપિન પટેલ અંધારિયા ખૂણામાંથી અજવાળાંની દુનિયામાં ગઈ હોવાનું કહે છે. છતાં પણ સારંગાને પોતાનું વતન ભુલાતું નથી તે વિશે તેઓ નોંધે છે, “તે અંધારિયા ખૂણામાંથી અજવાળાંની દુનિયામાં પહોંચી છે. નેપાલી-હાઉસ કરતાં સગવડ વધારે સારી તોય ઊંઘ ન આવે. બધી વાતો યાદ આવે. બબલુ, રોઝી અને એ ત્રણેયનું સ્વર્ગ નેપાલી-હાઉસ યાદ આવે. ત્યાંની અગવડ, અવદશા જેમને અડે નહિ એવાં નિર્દોષ બાળકો, ઘરડી મૌસીનો લાડ-પ્યાર પામતાં, ‘એક ઘિરાક કિતના ટિક પાવે’ એની શરતો લગાવતાં, સાપબાજી રમતાં, નેપાલી-હાઉસને બદનામ ગણતો સમાજ, એ રોડને ‘ગાંધીમાર્ગ’ નામ આપવાનું વિચારતો હાસ્યાસ્પદ સમાજ, એમને સુધારવાના મિથ્યા પ્રયાસ કરતા સુધારકો - એવી બધી વાતો યાદ કરે છે. આમ પ્રથમવાર નેપાલી-હાઉસ યાદ આવે છે એમાં વતનરાગ, એનો અને નેપાલી-હાઉસનો ભૂતકાળ, ત્યાં રહેતાં સહુનાં જીવન અને એ સહુ સમાજનો ભાગ નહિ, પણ અલગ ભૂખંડમાં રહેતાં હોય એવી છાપ ઊભી થાય છે.”[૧૫૯]

હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી સારંગાને બુદ્ધિ મૌસીના મૃત્યુના સમાચાર મળે છે. બુદ્ધિ મૌસીના સમાચાર સાંભળી ભારે હૈયે તે પોતાના વતન - નેપાલી હાઉસ બે-ત્રણદિવસ માટે જાય છે.

ત્યાં બબલુ સારંગાને બીજા એક માઠા સમાચાર આપે છે કે કોર્પોરેશન હવે નેપાલી-હાઉસને તોડી પાડવાની છે. સારંગાને આ બીજા સમાચારથી વધુ આઘાત લાગે છે, તે વિચારે છે કે કદાચ આ સમાચારથી જ દુઃખી થયેલાં બુદ્ધિ મૌસીએ આ ફાની દુનિયા છોડી દીધી હશે. હવે નેપાલી-હાઉસમાં ધંધો પણ ઠપ થતો જાય છે, ચહલપહલની રોનક ખતમ થઈ ગઈ છે. સારંગાને જાણવા મળે છે કે, મૌસીની અવેજીમાં હવે કલા નેપાલી-હાઉસની કમાન સંભાળે છે. તો તેની મિત્ર રોઝી કાચીવયે જ ધંધા માટે મુંબઈ જતી રહી છે. આમ, વતનની પરિસ્થિતિથી દુઃખી થયેલી સારંગા ફરી પાછી મુંબઈ આવી જાય છે.

મીડિયા હાઉસમાં ભણતી સારંગાને અભ્યાસના ભાગરૂપે એક Assignment તૈયાર કરવાનું આવે છે, આ માટે તે વિષય પસંદ કરે છે 'નેપાલી-હાઉસ'. સારંગાને તેની મિત્ર વિજયા તેને વારંવાર ભૂતકાળ તરફ ન જવાનું કહે છે છતાં વતનપ્રેમી સારંગાને તેના નેપાલી-હાઉસને જોવું છે, ત્યાંના લોકોને મળવું છે, તેમનું દુઃખ હળવું કરવું છે. અને તેથી જ બીજીવાર તે નેપાલી-હાઉસની મુલાકાત લે છે. ફોન પર થયેલ વાતચીત દરમિયાન બબલુ તેને સમાચાર આપે છે કે કોર્પોરેશને નેપાલી-હાઉસ તોડી પાડયું છે. તેની મા કલા હવે મુસ્તાકચાચાના ઘરની નીચે એક ઓરડીમાં રહે છે. અન્ય સ્ત્રીઓમાંથી કેટલીક ધર્મશાળામાં તો કેટલીક વસતીમાં ઘર ભાડે રાખીને રહે છે. પોતાના જન્મસ્થળ-વતનની વાતો સાંભળી દુઃખી થયેલી સારંગા તરત પોતાના વતન પહોંચે છે. ત્યાં જઈને જુએ છે કે નેપાલી-હાઉસનું હવે ડીમોલીશન થઈ ચૂક્યું છે. બબલુ સારંગાને તૂટતું નેપાલી-હાઉસ, એનું ખંડેર બતાવે છે. લેખિકા વર્ણવે છે, "નેપાલી-હાઉસની જગ્યાએ ફસકી પડેલી દીવાલોનાં ગચિયાં હતાં. ટેકા વિના લટકતી બારીઓ અને પડુંપડું થતાં નમી પડેલાં બારણાં, લટકી પડેલા ઝરૂખા અને આડીઅવળી અભરાઈઓ, ડોબરાઈ ગયેલાં અને ભંગાર લેખેય કોઈ હાથ ન અડાડે એવાં એલ્યુમિનિયમનાં વાસણો, કટાઈ ગયેલી પતરાંની પેટીઓ, ચાંદલાના જૂનાં પકેટ, પાઉડરના ખાલી ડબ્બા, અત્તરની ફેંકાઈ ગયેલી શીશીઓ, તૂટેલી બંગડીઓના અર્ધગોળ કાચ, ફાટેલાં અને ઉપયોગ પછી ફંગોલાઈ ગયેલાં વસ્ત્રો."[૧૬૦] નેપાલી-હાઉસનું ખડેર જોઈ એનું હૃદય બેસી જાય છે. કારણ તેની દીવાલો પર પડતા હથોડા જાણે તેને સીધા દીલ પર વાગતા હતા.

તો, મણિલાલ હ. પટેલ સારંગાના વતનરાગ વિશે રોઝીના સંદર્ભે કહે છે, "અને અંતે, સારંગાની રોઝી માટેની શોધ કંઈ એને ધંધામાંથી બચાવવા કે સાથે લઈ જવા માટે નથી. એને તો વાત કરવી છે, નેપાલી-હાઉસના અવાજ સાંભળવા છે, મૂળ ભણી ફરી એકવાર જવું છે. આ

નવલકથામાં મૂળિયાંની વિભાવના બદલાય છે. સામાન્યતઃ મૂળિયાં તરફ જવું સુખકારક હોય છે, રાગયુક્ત હોય છે. અહીં મૂળિયાં તરફ જવામાં પીડા સિવાય કશું પ્રાપ્ત નથી થતું. વેરાતા વિનાશની સંમુખ થવાની પીડા વેઠવી પડે છે."[૧૬૧]

નેપાલી-હાઉસના મિત્રો સાથે સારંગાની મુલાકાત લઘુનવલનો મોટો ભાગ રોકે છે. નેપાલી-હાઉસમાં કલાની કૂખે જન્મેલી સારંગાનો ઉછેર દેહવિક્રયનો વ્યવસાય કરતી અન્ય સ્ત્રીઓ અને તેમના બાળકો સાથે જ થાય છે. સારંગા તેનાં બાળપણનાં દોસ્તો બબલુ, રોઝી અને અન્ય બાળકો રઘુ, બિન્ની અને ચીમકી સાથે રમતાં-રમતાં કિશોરાવસ્થામાં પહોંચે છે. કોઈ સમાજસેવી સંસ્થાની સહાયથી મુંબઈ ભણવા ગયેલી સારંગા બીજી અસામાન્ય પરિસ્થિતિમાંથી ભણવા આવેલી અન્ય સખીઓ સાથે હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે. સારંગા પોતાના અભ્યાસકાળ દરમિયાન પોતાના જન્મસ્થળ નેપાલી-હાઉસની, ત્યાં રહેતી સ્ત્રીઓની તેમજ તેનાં બાળદોસ્તોની વારંવાર ખબર લેતી રહે છે. સારંગાની નજીકના જો કોઈ બાળમિત્રો હોય તો તે છે - બબલુ અને રોઝી. હૉસ્ટેલમાં બુદ્ધિ મૌસીના અવસાનના આઘાતજનક સમાચાર સાંભળી સારંગા બે-ત્રણ દિવસ માટે નેપાલી-હાઉસ આવે છે. ત્યાં આવ્યા પછી બબલુ પાસેથી જ તેને જાણકારી મળે છે કે તેની બાળપણની મિત્ર રોઝીને તેની માએ ધંધામાં નાખી છે અને તેને મુંબઈ લઈ જવામાં આવી છે. તો નેપાલી-હાઉસનું હવે ડીમોલીશન થવાનું છે એવા બીજા આઘાતજનક સમાચાર બબલુ જ સારંગાને આપે છે. પોતાનું બાળપણ જ્યાં વીત્યું છે એવા નેપાલી-હાઉસના ડીમોલીશનના સમાચાર સાંભળીને સારંગાને ખૂબ દુઃખ થાય છે.

સારંગા મિત્ર-બબલુને મળીને જાણે છે કે મુસ્તાકચાચાને કેન્સર છે, દામજીકાકાને હવે સરનામું યાદ નથી રહેતું એટલે તેને સૌ ઘરની બહાર નીકળવા નથી દેતાં. નેપાલી-હાઉસથી પાછા ફરતી વેળા સારંગા બબલુ સાથે હળવાશભરી વાતો કરે છે. આખરે ભરાયેલા હૈયે તે નેપાલી-હાઉસથી વિદાય લે છે. હોસ્ટેલ પહોંચ્યા પછી મિત્રો-રોઝી અને બબલુ વિશે તે વિચારે છે કે આ મીડિયા ઇન્સ્ટિટયૂટમાંથી અભ્યાસ કરી નીકળશે તો તેને એક સારા પગારની નોકરી તો અવશ્ય મળી જશે અને નોકરી મળવાથી તેનું જીવન પણ બદલાઈ જશે ! પરંતુ વીસ વરસ પછી એકાદ રસ્તે બબલુ મળી જાય તો એ એને નથી ઓળખતી એવો ઢોંગ કરશે ? રોઝી ધંધો કરવા કોઈ બસ-સ્ટેન્ડ પર કે રેલ્વે-પ્લેટફોર્મ ઊભી હશે એને જોઈને આઘીપાછી થઈ જાત સંતાડવા મથશે ? આવાં વિચારો સારંગાના મનનો કબજો લઈ લે છે.

સારંગાને અભ્યાસના ભાગરૂપે એક એસાઇન્મેંટ તૈયાર કરવાનું આવે છે ત્યારે પોતાની મા અને મિત્રોને ફરી મળી શકાશે એ હેતુથી વિષય તરીકે નેપાલી-હાઉસને પસંદ કરી ફરી ત્યાં જાય છે. ભૂતકાળ તરફ વારંવાર જતી સારંગાને રોકતી વિજયા તેને આમાંથી બહાર નીકળવાનું કહે છે, ઘાને રૂઝાવા દેવાનું કહે છે. તેના જવાબમાં સારંગા તેને જણાવે છે કે, તેને નેપાલી-હાઉસ એટલે જવું છે કે ત્યાં જઈને એ તેની મા-કલાને, બબલુને મળી શકે. બબલુ કોણ ? એવો વિજયાએ પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા સારંગા જણાવે છે, " - મારો દોસ્ત. હું, બબલુ અને રોઝી. અમે ત્રણ અને નેપાલી-હાઉસ. લાઈફ વોઝ કમ્પલીટ ધેન."[૧૬૨]

સારંગા બબલુને ફોન કરીને ત્યાં પહોંચી જાય છે અને સ્ટેશન પર તેને લેવા માટે બોલાવે છે. દાઢીવાળા બબલુને જોઈને સારંગાને આશ્ચર્ય થાય છે, ને બંને મજાક કરતાં-કરતાં નેપાલી-હાઉસ પહોંચે છે. નેપાલી-હાઉસને, કલાની ઓરડીને, મૌસીના પલંગને, તૂટેલી દીવાલ પર ટીંગાઈ રહેલી તસવીરો અને તેઓ જ્યાં સાપબાજી રમતાં હતાં એ ઓટલાના દશ્યો જોઈ તેનું હૃદય બેસી જાય છે. નેપાલી-હાઉસથી બે-ત્રણ કિલોમીટર દૂર રહેતી રાનીની મુલાકાત લેવા જાય છે, ત્યાં રસ્તામાં સારંગા, બબલુ અને રોઝીની પાળેલી બિમ્બો બિલાડી-સફેદ અને કાળાં ટપકાવાળી-નેપાલી-હાઉસની એક બેહદ ખૂબસૂરત હસ્તી જ્યાં મૃત્યુ પામી હતી તે તબેલો આવે છે. સારંગા અને રોઝી તે દિવસે ખૂબ રડેલા તે યાદ આવે છે. તબેલાથી આગળ તેઓ બંને રાનીની ખોલીમાં આવી ચડે છે. રાનીને જોઈ સારંગા શ્વાસ લેવાનું ચૂકી જાય છે - અત્યંત દુર્બળ, આંખે ઝાંખપ અને ગરીબ ચીંથરેહાલ રાનીને જોઈ દુ:ખી થાય છે. સારંગા અસાઇન્મેંટ પૂરું કરી મુંબઈ પાછી ફરે છે અને રોઝીની શોધખોળ શરૂ કરે છે. જોકે રોઝી તો મળતી નથી પરંતુ એકાદ મહિના પછી કોઈ ભંગાર ને બદનામ હોટેલમાં પડેલી રેઇડમાં ઝડપાયેલી સ્ત્રીઓના ફોટા છાપામાં જોયા. તેમાંનો એક ફોટો અદ્દલ રોઝી જેવો જ દેખાયો. નક્કી એ રોઝી જ હોવી જોઈએ એમ વિચારી તેને મળવાનું નક્કી કરે છે ત્યાં આ લઘુનવલ પૂર્ણ થાય છે.

૩.૩.૨.૮. 'કાળાં પતંગિયાં'માં પાત્રાલેખન

કથા સાહિત્યમાં પાત્રાલેખનનું વિશેષ મહત્વ છે. નવલકથા હોય કે લઘુનવલ પરંતુ પાત્રાલેખન કથાવસ્તુ પછી બીજું મહત્વનું અંગ છે. સારંગા 'કાળાં પતંગિયાં' લઘુનવલનું મુખ્ય પાત્ર છે. સારંગાના પાત્રની આસપાસ જ આ લઘુનવલનું કથાવસ્તુ ગૂંથાયું છે. પ્રસ્તુત લઘુનવલમાં સારંગાના અભ્યાસથી લઇ નેપાલી-હાઉસના ડીમોલીશન સુધીમાં બનેલ ઘટનાઓ અને સર્જાયેલી

પરિસ્થિતિઓને આલેખવામાં આવી છે. સારંગાના જન્મ પહેલાની વાત લેખિકાએ Flashback થી આલેખી છે. સારંગાની મા-કલાને બુઢ્ઢિ મૌસી એક રેલવે સ્ટેશનથી નેપાલી-હાઉસ લઈ આવી હતી. કલા ૧૦-૧૨ વર્ષની હતી ત્યારે જ કોઈ હત્યારાઓએ તેની માનું ગળું કાપી હત્યા કરી નાખી હતી. માની આવી ક્રૂર-નિર્મમ હત્યા જોઈ કલા ઘર છોડીને ભાગી જાય છે અને રેલવે સ્ટેશને બે-ત્રણ દિવસથી રખડતી ફરે છે. આવી નિરાધાર બાળકીને મૌસી પોતાના અઢ્ઢા-નેપાલી હાઉસ પર લઈ આવે છે. કલા અન્ય ધંધાદારી સ્ત્રીઓ સાથે જ રહીને યુવાન થાય છે ત્યારે મૌસી તેને દેહવિક્રયના વ્યવસાયમાં ધકેલી દે છે. દરમિયાન કોઈ અજાણ્યા ગ્રાહકના સંસર્ગથી ગર્ભવતી થાય છે ને એ રીતે સારંગાનો જન્મ થાય છે. સારંગા નેપાલી-હાઉસની અન્ય સ્ત્રીઓ તેમજ તેમના બાળકો સાથે ઉછરી કિશોરાવસ્થામાં દાખલ થાય છે. સારંગાનું ભવિષ્ય ન બગડે તે હેતુથી બુઢ્ઢિ મૌસી કલાને સમજાવીને કોઈ સેવાભાવી સંસ્થાના સહયોગથી મુંબઈ ભણવા મોકલી દે છે. સારંગાની જેમ વિષમ પરિસ્થિતિઓમાંથી આવેલી અન્ય છોકરીઓ સાથે તે હોસ્ટેલમાં રહી અભ્યાસ શરૂ કરે છે. શરૂઆતમાં નેપાલી-હાઉસ, તેની મા, તેના મિત્રો, બુઢ્ઢિ મૌસી વગેરે યાદ આવતાં પરંતુ પાછળથી તે ટેવાઈ જાય છે અને ભણવામાં મન પરોવે છે.

સારંગા હોસ્ટેલમાં રહી નેપાલી-હાઉસ અને ત્યાંના પોતાના મિત્રોની વારંવાર ખબરઅંતર પૂછે છે. દરમિયાન બુઢ્ઢિ મૌસીનું મૃત્યુ થતાં તે નેપાલી-હાઉસ જાય છે. ત્યાં પોતાના મિત્ર બબલુને, કલાને અને અન્ય સ્ત્રીઓને મળે છે. સારંગાને ત્યાં જ જાણકારી મળે છે કે હવે નેપાલી-હાઉસનું ડીમોલીશન થવાનું છે, મિત્ર રોઝી ધંધા માટે મુંબઈ ચાલી ગઈ છે, ત્યારે સારંગાને ખૂબ દુઃખ થાય છે. સારંગાને મીડિયા ઇન્સ્ટિટયૂટમાં અભ્યાસના ભાગરૂપે એક અસાઇન્મેંટ કરવાનું થાય છે ત્યારે ફરીથી તે નેપાલી-હાઉસ જાય છે. ખંડેર થઈ ગયેલા નેપાલી-હાઉસને જોઈ, તેના પર પડતા હથોડાને સાંભળી તેનું હૃદય બેસી જાય છે. તે બબલુ પાસેથી જાણે છે કે તેની મા-કલા હવે મુસ્તાકચાચાના ઘરની નીચે ઓરડીમાં રહે છે. અન્ય કેટલીક સ્ત્રીઓ ધર્મશાળામાં તો કેટલીક વસતીમાં ભાડે ઓરડી લઈ ધંધો કરે છે. મુસ્તાકચાચાને કેન્સર થયું છે તો દામજીકાકાને હવે યાદ નથી રહેતું. વળી રાની પણ શરીરે અતિ નિર્બળ અને ગરીબ-ચીંથરેહાલ જીવન જીવી રહી છે. સારંગા નેપાલી-હાઉસનું ખંડેર, ત્યાંના લોકોની પરિસ્થિતિ અને તેનાથી છૂટાં પડી ગયેલાં તેના મિત્રોથી દુઃખી તે મિત્ર રોઝીને મુંબઈ શોધવાની નેમ સાથે ભારે હૈયે મુંબઈ પાછી ફરે છે. આમ, અહીં સારંગાના જન્મથી લઈ યુવાવસ્થા સુધીના વિવિધ આયામોની ઝાંખી જોવા મળે છે. સારંગાની

સંવેદનશીલતા, મિત્રતા, મા તેમજ અન્ય સ્ત્રીઓ પ્રત્યેની લાગણી દ્વારા લેખિકાએ તેનું આકર્ષક વ્યક્તિત્વ અંકિત કર્યું છે.

કલા આ લઘુનવલનું બીજું મહત્ત્વનું પાત્ર છે. કલા સારંગાની મા છે. કલા વિશે ઝાઝી વિગતો નથી પરંતુ લેખિકાએ શક્યતઃ આ લઘુનવલની કથાને અનુરૂપ સુવાંગ સંપૂર્ણ શબ્દચિત્ર આલેખવાનો પ્રયત્ન કર્યો છે. કલાની માનું કોઈ હત્યારાએ ગળુ કાપીને હત્યા કરી છે એટલે ડરની મારી તે કોઈ રેલવે-સ્ટેશન પર દોડી આવે છે. બે-ત્રણ દિવસથી રખડતી આ નિરાધાર છોકરીને બુદ્ધિ મૌસી પોતાના અઢ્ઢા પર એટલે કે નેપાલી-હાઉસ લઈ આવે છે. ૧૦-૧૨ વર્ષની આ છોકરી નેપાલી-હાઉસમાં જ અન્ય સ્ત્રીઓ સાથે રહીને મોટી થાય છે. કલાને યુવાન થયેલી જોઈ બુદ્ધિ મૌસી તેને દેહવ્યાપારના ધંધામાં ધકેલી દે છે. વર્ષો અહીં જ ગાળ્યાં હોવાથી કલા આસાનીથી આ ધંધાને અપનાવી લે છે. દરમિયાન કોઈ ગ્રાહકના સંસર્ગથી તેને ગર્ભ રહે છે અને તેના પરિણામ સ્વરૂપ સારંગા નામની પુત્રીનો જન્મ થાય છે. બુદ્ધિ મૌસી જ કલા તેમજ અન્ય સ્ત્રીઓની માલિકણ હોવાથી તેને સહજ રીતે સૌની ચિંતા થતી. સારંગાના ભવિષ્યથી ચિંતિત મૌસી કલાને સમજાવે છે કે તે તેની પુત્રીને ભણવા માટે મુંબઈ મોકલી દે. મૌસીની આગ્રહભરી વિનંતી અને સારંગાના દેખાતા ઉજ્જ્વળ ભવિષ્યને લીધે કલા માની જાય છે અને તેને મુંબઈ મોકલી આપે છે.

કલા હાથમાં લાલપીળી લીલીસોનેરી ખણખણતી બંગડીઓ પહેરતી, કપાળે ચાંદલાના સ્ટીકર લગાડવાને બદલે ખીલી પર સુગંધિત મીણ લગાડી નિશાની કરી, લાલ કે જાંબલી કે શ્યામગુલાબી કોરા કંકુમાં બોળી પેલી નિશાની પર કાળજીથી ચોટાડતી. વળી ક્યારેક-ક્યારેક રસોઈ કરતી હતી. કળાના ચરિત્રને વર્ણવતા લેખિકા નોંધે છે, "કલાની જેમ બહુ ઓછી સ્ત્રીઓ આવેઃ ચહેરો મેકઅપ વગરનો, કપડાં સાવ સાદાં, ઘરેણાં બિલકુલ નહીં. પણ બહાર જતી વખતે સજવાધજવાની ટેવ સહુ છોડી નથી શક્તાં. દાખલ થાય ત્યારથી વોચમેનથી માંડી એકેએકની નજર પાછળ લેતાં આવે એ બધાં. કલાએ એની જિંદગીનાં ઉત્તમ વર્ષો ક્યાં ગાળ્યાં એ એને કોઈ પૂછતું નથી. એનો દેખાવ, વર્તન, શાલીન વાતચીત - ના, આ સ્ત્રીને રેડલાઈટ એરિયા સાથે કોઈ લેવાદેવા હોઈ ન શકે. કલા ભણી નથી એટલે બહુ ઓછું બોલે છે એ સાચું, વિવાદમાં પડતી નથી એ પણ ખરું, તોયે એ દેખાય છે આત્મવિશ્વાસથી ભરેલી. સારંગાને ભણવા છેક મુંબઈ મોકલી શકી છે. છોકરીનું ભવિષ્ય એણે કોઈને નથી લખી આપ્યું. મોટું સાહસ ખેડી શકી છે આ પાંચ ફૂટ એક ઈંચની સ્ત્રી, સતત સંઘર્ષમાં ઝૂઝતી, ભલભલું પચાવી ગયેલી."[૧૬૩] આવી કલા હવે બુદ્ધિ મૌસીના

અવસાન પછી મૌસી તરીકે ઓળખાય છે. જોકે નેપાલી-હાઉસના ડીમોલીશન પછી તે મુસ્તાકચાચાના ઘરની નીચેની ઓરડીમાં રહેવા ચાલી જાય છે. કલા નેપાલી-હાઉસની અન્ય સ્ત્રીઓ કરતાં ઘણી નસીબદાર છે. કારણ કલા એ બાબતે આશ્વસ્થ છે કે વૃદ્ધાવસ્થામાં તેની દીકરી તેનો સહારો બને તેવી સદ્ધર બની ગઈ હશે. તેને બીજા પર આધારિત નહિ રહેવું પડે. આમ અહીં કલાના પાત્રને લેખિકાએ ભલે વિગતે નથી આલેખ્યું પરંતુ કથાની નાયિકા સારંગાના પાત્રને ઉપસાવવામાં અને કથાને જોડી રાખવામાં તેનું પાત્ર ઘણું મહત્ત્વનું છે.

આ લઘુનવલના અન્ય પાત્રો વિશે જોઈએ તો તેમાં સૌપ્રથમ આવે છે સારંગાના મિત્રો બબલુ અને રોઝી. બંને મિત્રો સાથે જ સારંગા મોટી થઈ છે. સારંગા અને રોઝી અગિયાર વર્ષના હતા ત્યારે બબલુ તેર વર્ષનો થયો હતો. બુદ્ધિ મૌસીને આ ત્રણેય ખૂબ પજવતાં. પોપટનું પાંજરૂ ખોલવાની વાત હોય કે, 'એક ખોલીમાં એક ઘિરાક કીતના ટીક પાવે ?' જેવી વિચિત્ર શરત હોય - સારંગા, બબલુ ને રોઝી સાથે જ હોય. ચકરડીભમરડી રમી થાકતા ત્યારે સાપબાજી રમવા બેસતાં. આમ, તેઓનું બાળપણ સાથે જ વીત્યું. જ્યારે-જ્યારે સારંગાને નેપાલી-હાઉસ આવવાનું થતું કે કોઈ પૂછપરછ કરવાની થતી ત્યારે બબલુ જ સારંગાની સાથે રહેતો. બબલુને તેની મા રાજાબેટા, મુનવા, બબલિયા, બાબુ એવા જે ગમ્યું તે નામથી બોલાવતી. બબલુ ભલે તેનું શરદીવાળું સૈડસું નાક તેની માની સાડીના છેડાથી સાફ કરે, ધક્કા મારે, મુક્કા મારે, કપડાં તાણે, ભોંયે આળોટી ભેંકડા તાણે છતાં તેની મા હસતી ને હસતી, રાજા બેટા-રાજા બેટા કર્યા કરતી. પરંતુ બબલુ હવે શરીરે પાતળો થઈ ગયો છે, ન કામનો ન કાજનો...હવે એની મા પણ થાકી છે. પહેલા તો રાજાબેટા કહીને બોલાવતી હવે તેને મન તે એદી અને નીકમ્મો ! તેનાથી કંટાળી છે. બબલુ છેલ્લે સારંગાને મળ્યો ત્યારે દાઢી રાખી હતી અને એકનાથને ત્યાં ગેરેજમાં નોકરી કરી પેટીયું રળે છે. તો, રોઝી સારંગાની એકમાત્ર સરખી ઉંમરની સખી હતી. રોઝી શરીરે સાવ પાતળી હતી. એની મા હંમેશા બિમાર - ખાંસતી રહેતી, ગળફા કાઢતી રહેતી. ઓછી ઉંમર હોવા છતાં, જીવલેણ રોગને કારણે શરીર લોહી વિનાનું થઈ ગયું હતું. તેનો ધંધો બંધ થઈ ગયો હતો છતાં તે રોઝી ક્યાં-ક્યાં જાય છે તેનું ધ્યાન રાખી શક્તી નહોતી. રોઝીને વેશ્યાવૃત્તિમાં ધકેલવાના તેની માના નિર્ણયથી સારંગા નારાજ હતી. રોઝીને મુંબઈ લઈ ગયા છે તેવું જાણી તે તેને મુંબઈમાં શોધવાનું નક્કી કરે છે.

બુદ્ધિ મૌસી આ લઘુનવલનું મહત્વનું પાત્ર ગણી શકાય. બુદ્ધિ મૌસી જ નેપાલી-હાઉસની સર્વેસર્વા છે. અન્ય સ્ત્રીઓના ધંધા વિશેની વાત હોય, તેમની સુરક્ષાની વાત હોય કે તેમના આરોગ્ય

કે શિક્ષણની વાત હોય, દરેક પગથિયે મૌસી હાજર હોય. કલાને રેલ્વે સ્ટેશનથી નેપાલી-હાઉસ લાવનાર, સાંજે ધંધાના સમયે બાળકોને સાચવવા, તેમને ઊંઘાડવા, બિમાર થયે તેમની સારવાર કરવી વગેરે કામ બુદ્ધિ મૌસી જ કરતાં. નેપાલી-હાઉસનું ડીમોલીશન થવાનું છે એવા સમાચાર મળતા ધંધો ધીરે-ધીરે ઠપ થતો જાય છે. કદાચ આ સમાચારના આઘાતથી જ બુદ્ધિ મૌસીનું અવસાન થાય છે.

રાની નામની એક અન્ય રૂપજીવીની હવે શારીરિક કમજોરી અને હંમેશા બિમાર રહેવાને કારણે ધંધો કરી શકતી નથી. રાની એક ઝૂંપડપટ્ટીમાં રહે છે. બબલુ અને સારંગા તેને મળવા જાય છે ત્યારે અત્યંત દુર્બળ, આંખોથી કમજોર એવી રાનીને જોઈ તેઓ ખૂબ દુઃખી થાય છે. સારંગાને તેની આ દશા પર દયા આવે છે. કેમકે, આખો દિવસ લિપસ્ટીકથી હોઠ સજાવ્યા કરતી, નખ રંગ્યા કરતી, વાળને બ્રશ કરી-કરીને ચળકતા, સુંવાળા રાખતી હતી. રસ્તે ચાલે ત્યારે ઠસ્સો ને શણગાર અન્યની નજર બાંધી લે તેવો કરતી. વળી ઠાઠ કરવામાં એનો જોટો ન જડે. કમર પર ચાંદીનો કંદોરો પહેરતી, પગમાં ભરત ભરેલી મોજડી પહેરતી અને મોગરા-ગુલાબના ફૂલો સજાવીને નીકળતી. હવે તેની ઝૂંપડીમાં ખપ પૂરતાં પાંચ-દસ વાસણો હતાં, વળગણી પર થોડાં કપડાં, ખાટલા પર પાતળી ગોદડી અને ધોયા વગરની ચાદર હતી. પ્લાસ્ટિકની પાતળી પટ્ટીવાળા ચપ્પલ હતા. રાનીની નજર જેના પર ખાસ પડે છે તે એની પેટી પર કાળાં પતંગિયાંવાળો કાપડનો પડદો ઢાંકેલો હતો કે જે એક સમયે સારંગાની મા કલાની ઓરડીમાં જોવા મળતો. રાનીની આવી હાલત જોઈ સારંગા તેને આર્થિક મદદની પણ વાત કરે છે.

કાલી નામની અન્ય એક રૂપજીવીનીનું પાત્ર પણ કથામાં આવે છે. સરસ શણગાર કરી, સજીધજીને ખભે પર્સ અને પગે સેન્ડલ પહેરી, અત્તરનો મઘમઘાટ કરતી નીકળતી અને જેની નેપાલી-હાઉસની સ્ત્રીઓને ઈર્ષ્યા થતી એવી કાલી કોઈની મારુતિ ગાડીમાં બેસીને તો જાય ચે પરંતુ સાંજે કાલીનું શબ આવે છે. સાજીસમી કાલીનું કોઈએ ખૂન કર્યું કે પછી એક્સિડેન્ટ થયું તેનું રહસ્ય જ રહે છે.

પુરુષ પાત્રોમાં મુસ્તાક, દામજી અને ચંપક. આ ત્રણેયને ભલે સૌ કોઈ દલાલ કહીને બોલાવતાં. ઈલેક્શન વખતે, રેશન કાર્ડની માથાકૂટ વખતે, ઓળખપત્રો તૈયાર કરવાની ધમાલ વખતે મુસ્તાકચાચા જ ખપ લાગતા. મુસ્તાકચાચા દ્વારા જ સૌને જાણવા મળે છે કે કોર્પોરેશન હવે નેપાલી-હાઉસનું ડીમોલીશન થવાનું છે. નેપાલી-હાઉસના ડીમોલીશન પછી મુસ્તાકચાચા જ અન્ય

સ્ત્રીઓને વસ્તીમાં મકાન ભાડે અપાવે છે અને કલાને તેના ઘરની નીચેની ઓરડી આપે છે. આમ મિલનસાર સ્વભાવ ધરાવતા મુસ્તાકચાચા સૌને મદદરૂપ થતાં. તો દામજીકાકા બેંકમાં જવાનું હોય કે પોસ્ટ ઓફીસમાં જવાનું હોય ત્યારે હંમેશા હાજર રહેતા. તો ચંપક સૌના નાના-મોટા કામમાં મદદરૂપ થતો.

લઘુનવલમાં આ ઉપરાંત અન્ય કેટલાંક પાત્રો આવે છે જેમાં રઘુની મા, રાનીની મા, બબલુની અમ્મા, બિન્નીની અમ્મા, વિજયા, વિમલમના ભટનાગર, મનોરમા, જયાબહેન, ડોલી, ડૉ.પારેખ, ડૉ.દાસ, ચંદા, ચીમકી, બિન્ની, રઘુ, ઢોંગી બાવો, ઘરડીબાઈ, રાધિકા શ્રીવાસ્તવ, બિંદી વગેરે.

૩.૩.૨.૯. 'કાળાં પતંગિયાં'ની રચનારીતિ

'ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં' નામના પુસ્તકમાં સંગ્રહાયેલ 'કાળાં પતંગિયાં' નામની કથા માત્ર ૬૨ પૃષ્ઠ ધરાવતી લઘુનવલ છે. રૂપજીવીનીઓ અને તેમનાં બાળકોના જીવનસંઘર્ષને દર્શાવતી આ લઘુનવલ સર્વજ્ઞ કથનકેન્દ્રથી આલેખાઈ છે. આ લઘુનવલની કથા આલેખવા લેખિકાએ ગંદી ગલીઓ અને કચરાપેટી વળોટીને જવાય એવા બેહૂદા રંગોવાળા નેપાલી-હાઉસની પસંદગી કરી છે. મુંબઈ શહેરની આસપાસ આવેલા આ બદનામ વિસ્તારમાં રહીને દેહનો વ્યાપાર કરતી સ્ત્રીઓના જીવનની સચ્ચાઈને ધ્યાનમાં લઈ બહોળા જનસમુદાયમાં તેમને પણ માનભેર જીવન જીવવાનો અધિકાર મળે, તેમનાં બાળકો મોટાં થાય ત્યારે તેમને પણ રોજી-રોટી મળે એવી સ્વીકૃતિની અપેક્ષા રાખવામાં આવી છે. આ કૃતિની રચના વિશે બિપિન પટેલ નોંધે છે, "આ પ્રતિબદ્ધ નવલકથા છે. પરંતુ કોઈ વર્ગવિશેષની ભેર તાણવા તથા ચોક્કસ વિચારધારાનો પ્રચાર કરવા સારુ પક્ષ લેવાને બદલે વરવા વાસ્તવનું વર્ણન કરતાં એકાદ બે અપવાદોને - સારંગાની નાની પર દંગા-ફસાદ વખતે બળાત્કાર થાય છે એ પ્રસંગ અને નેપાલી-હાઉસના 'ગાંધીમાર્ગ' તરીકે થતા નવા નામકરણનો પ્રસંગ - બાદ કરતા સર્જક અભિપ્રાય આપવામાં, આગ્રહપૂર્વક પોતાનો મત રજૂ કરવા તથા સમાજ અને તંત્રના તાડનથી દૂર રહ્યાં છે. તેને બદલે ઘટનાઓ સામસામે મૂકીને કે પાત્રોનાં બદલાતાં વાણી-વર્તન દ્વારા એક જુદા જ સમાજ માટે આપણને વિચાર કરવા મજબૂર કરે છે. અહીં અનુભવજગત કળાકૃતિમાં રૂપાંતરિત થયું છે."[૧૬૪]

કૃતિના આરંભ અને અંતનો તેની રચનામાં મહત્વનો ફાળો હોય છે. આ લઘુનવલનો આરંભ હોસ્ટેલમાં રહીને કોલેજમાં ભણતી છોકરીઓની ચર્ચાથી થાય છે. આ છોકરીઓ જુદાં-જુદાં સામાજિક પરિવેશ અને વિષમ પરિસ્થિતિઓમાંથી આવીને અહીં ભેગી થયેલી છે. આ સ્પેશ્યલ હોસ્ટેલમાં રહેતી છોકરીઓ કોઈ સામાન્ય પરીવારમાંથી આવતી નથી અને તેથી જ તેમને મળવા આવનાર ઓરતો ઠેક ઠેકાણેથી આવે છે - કોઈકની મા, કોઈકની પહેચાનવાલી, કે પછી દૂર કી રિશ્તેદાર. સારંગાની કિશોરાવસ્થાથી આરંભાયેલ આ લઘુનવલમાં તેની યુવાવસ્થા સુધીના પાંચ-સાત વર્ષોમાં બદલાયેલ પરિસ્થિતિ અને તે દરમિયાન નેપાલી-હાઉસના લોકોએ જીવન જીવવા માટે કરેલો સંઘર્ષ આલેખાયો છે.

આ લઘુનવલના અંતે નેપાલી-હાઉસના ડીમોલીશન પછી ત્યાં રહેતી સ્ત્રીઓ જીવનનિર્વાહ માટે જુદી-જુદી જગ્યાએ સ્થિર થતી બતાવી છે. કોઈ વસતીમાં ઓરડી ભાડે રાખીને રહે છે, તો કોઈકે ધરમશાળામાં રહેઠાણ બનાવ્યું છે. અંતે, રાનીની શારીરિક સ્થિતિથી દુઃખી થયેલી સારંગા રોઝીને શોધવાનું નક્કી કરીને નીકળે છે ત્યાં આ લઘુનવલ પૂર્ણ થાય છે. સારંગાની રોઝી માટેની શોધ વિશે બિપિન પટેલ નોંધે છે, "અને અંતે, સારંગાની રોઝી માટેની શોધ કંઈ એને ધંધામાંથી બચાવવા કે સાથે લઈ જવા માટે નથી. એને તો વાત કરવી છે, નેપાલી-હાઉસના અવાજ સાંભળવા છે, મૂળ ભણી ફરી એકવાર જવું છે. આ નવલકથામાં 'મૂળિયાં'ની વિભાવના બદલાય છે. સામાન્યતઃ મૂળિયાં તરફ જવું સુખકારક હોય છે, રાગયુક્ત હોય છે. અહીં મૂળિયાં તરફ જવામાં પીડા સિવાય કશું પ્રાપ્ત નથી થતું. વેરાતા વિનાશની સંમુખ થવાની પીડા વેઠવી પડે છે."[૧૬૫]

પ્રસ્તુત કથામાં સર્વજ્ઞ કથનકેન્દ્રની સાથે સાથે સારંગા જેવું નિર્દોષ, સંસ્કારી અને પોતાના મિત્રોનું ભલું ઈચ્છનારી યુવતીનું પાત્ર તેમજ અન્ય કળાત્મક પાત્રોનું આલેખન કર્યુ છે. તો આ કથાને અનુરૂપ હિન્દી મિશ્રિત બમ્બૈયા બોલી અને હિન્દી-અંગ્રેજી મિશ્રિત ગુજરાતી ગદ્ય પ્રયોજાયુ છે. આ ઉપરાંત ઉચિત સંવાદો અને વર્ણનો દ્વારા લેખિકાએ કથાને વહેતી રાખી છે. અહીં Flashback Technique નો પણ પ્રયોગ કર્યો છે. આ કથા તો છે સારંગાની કિશોરાવસ્થાથી લઈને તેની યુવાની સુધીની પરંતુ તેની પડછે છેક સારંગાની નાનીની હત્યાથી લઈને નેપાલી-હાઉસના ડીમોલીશનને લીધે ત્યાં વ્યવસાય કરતી સ્ત્રીઓના જીવનમાં આવી પડેલ અણધારી પરિસ્થિતિ સુધીનું આલેખન થયું છે.

૩.૩.૨.૧૦. 'કાળાં પતંગિયાં'ની ભાષાશૈલી અને વર્ણનો

કોઈપણ કૃતિના આલેખનમાં ભાષાનો ફાળો મહત્વનો હોય છે. કૃતિમાં આલેખાયેલ ઘટના, પાત્રો કે વાતાવરણ દ્વારા ઇચ્છિત વાસ્તવનું નિરૂપણ કરવા સર્જક ઉચિત ભાષાનો ઉપયોગ કરે છે. ચરિત્ર ચિત્રણ અને વર્ણનાદિમાં ભાષાનો ઉપયોગ કેવો હોવો જોઈએ એ વિશે ડૉ.પ્રવીણ દરજી નોંધે છે, "ચરિત્ર ચિત્રણ અને વર્ણનાદિમાં પણ ભાષાનો ઉપયોગ અમુક રીતે જ કરવાનો રહે છે. ચરિત્ર કે વર્ણન ભાષા દ્વારા ઉઠાવ પામીને સિદ્ધ થતાં હોય છે. પાત્ર સ્ત્રી છે કે પુરુષ, કઈ ઉંમરનું છે, તેનો ધર્મ શો છે, ક્યા સ્તરમાંથી તે આવે છે, શિક્ષિત છે કે અશિક્ષિત, તેનું સામાજિક જીવન કેવું છે, કયા રાષ્ટ્રનું તે છે - આ બધાનો ખ્યાલ રાખીને જ તદનુકૂળ ભાષા યોજવાની રહે છે."[૧૬૬]

'કાળાં પતંગિયાં'માં હિમાંશી શેલતે લાઘવપૂર્ણ ભાષાકર્મથી કથાનું આલેખન કર્યુ છે. કેટલાંક ઉદાહરણ જોઈએ -

- વાચા પહેલાં તો પોતાને બરાબર સમજાયું છે એવા વ્હેમમાં ખાબકી ચર્ચામાં, પછી તરત પારોઠનાં પગલાં. ગલવાઈ, અટવાઈ અંતે ભેખડે ભરાઈ, શૈલી તો અમથીયે બોલવામાં વાર લગાડે અને લાંબુંલપસિંદર કરે.[૧૬૭]

- હજી ઓરડીઓ આળસ મરડતી હોય ત્યાં જાનકીબાઈનો તીણો અવાજ સહુનાં બારણાં ધમધમાવે.[૧૬૮]

- લાલપીળી લીલીસોનેરી બંગડીઓ ખણખણ નીચે આવી જાય.[૧૬૯]

- બોલી-બોલીને ખાલી થઈ ગઈ મૌસી.[૧૭૦]

- આ તારી મા પાસેથી લીધો. નેપાલી-હાઉસ તૂટી ગયું તો મેં બોલી કે આ પડદો મને આપી દે. એમ બી તો કલા બીજે રહેવા જવાની હતી. મેં કેવારની આ ઓરડી ભાડે લઈ લીધેલી. કામ થાય એમ નો'તું એટલે સોચા કી -[૧૭૧]

પ્રસ્તુત કથામાં મુંબઈ પાસેના કોઈ રેડલાઈટ એરિયાનું નિરૂપણ થયેલ હોવાથી બહુધા પાત્રોની વાતચીતમાં હિન્દી મિશ્રિત બમ્બઈયા બોલીનો પ્રયોગ થયો છે. કેટલાંક ઉદાહરણ જોઈએ -

- શેતાન કી ઓલાદો, ચૂપ હો જાવ. લગાવું સબ કો એક એક ? સાલે બૈઠને કા નામ નહીં લેતે, બદમાશ ![૧૭૨]

- યહાં ખાના અચ્છા ખાયેગા. દેખ ! ક્યા ક્યા રખ્ખા હૈ કટોરી મેં ! ખાને કે વાસ્તે જ ઊડતા હૈ ના વૈસે ભી ?[૧૭૩]

- કૌન હરામજાદા ચંદા કો પરેસાની મેં ડાલ કર ભાગ ગયા સાલા ! હાથ લગ જાયે તો ટાંગ તોડ ડાલૂં.[૧૭૪]

- બુદ્ધિ મૌસી ડાચાકૂટ કરે : ઈસકી ખાસ ઇસ્કૂલ મેં ભેજ દો, તેરે સે કુછ નહીં હોગા. ઔર બડી હોકર ક્યા કરેગી ?[૧૭૫]

- ભલે રહી અહીં જ, સબ કા હાલ દેખનેવાલા હૈ ઉપર.[૧૭૬]

- સૂનો, જો કહતે હૈ વો સબ સૂનો. બાત બરાબર હૈ, ઉમર જબ ઢલ જાયેગી તો કૌન યહાં આયેગા, બતાવો તો ? યે દેખો તુમ્હારી બુદ્ધિ મૌસી કો. હે કોઇ આ કે ઘર ચલાનેવાલા ? પેન્સન દેને વાલા ?

- સાલા આખ્ખી જિંદગી બોજ ઉઠાયા, કીતને આ કે ગોદ મેં રોયે અપની, યે કહા, વો કહા, બાદ મેં સબ છૂ.[૧૭૭]

- દામજીએ રસ્તામાં ખાવા બિસ્કિટનું પેકેટ આપ્યું : સંભાલ કે રહેના, કોઈ શરારત મત કરના.[૧૭૮]

- દામજી કહે કે એક્સિડેન્ટ હો ગયા. ગાડી કા દરવાજા ખૂલ ગયા ઔર કાલી ધડામ સે બહાર. માથે પર ચોટ ખાઈ, બેહોશ.[૧૭૯]

- મરે સાલે સબ ! છોકરીને ધકેલી આટલે, ઉસકા ખૂન બેચકર પૈસે ખાને કા, કોઈ દિવસ આયા હૈ કોઈ ખબર પૂછને કે વાસ્તે ? અચ્છી હૈ કે નહીં, પૂછયા કીસીને ? એ કરતાં દામજી અચ્છા, મુસ્તાક અચ્છા. ભલે કોઈ દલાલ બોલે તો દલાલ.[૧૮૦]

- મૈં બોલા કલા કો. આજ સારંગા આવેગી. કેમ દેરી થઈ આટલી ?[૧૮૧]

- લે ગયે યહાં સે. મેં ના બોલા, કોણ સાંભળે મારું ?[૧૮૨]

- દીદી, પઢાઈ કરતી હો બમ્બઈ મેં, ઐસા કલામૌસીને બતાયા.

- તૂ પઢતી થી પહેલે ?

- ફિલમ દેખની હૈ ?ચલોગી હમારે સાથ ?[૧૮૩]

- પોસ્ટવાલા સમજ્યા કે વ્હાં કા સેવિંગ હૈ. પાસબુક દેખ કે પતા ચલા કે યે ગલત જગા પર આવી ગયા. વાપસ ભેજ્યા તો બેન્કમાં જવાને બદલે સીધા નેપાલી-હાઉસ. કહે કે બેન્ક કા નામ-પતા દિમાગ સે આઉટ ! હા…હા…હા…[૧૮૪]

- પહેલે ભાઈ આતા થા, નેપાલી-હાઉસ. હવે નથી આવતો. પતા નહીં. મના કર દીયા કીસીને -[૧૮૫]

આ કથામાં કેટલાંક અંગ્રેજી અને બંગાળી શબ્દો/ વાક્યોનો પણ પ્રયોગ થયો છે. કેટલાંક અંગ્રેજી શબ્દો...જેવા કે -

- ફાઇનલ ઇયર, વૉટએવર, શી ઇઝ રિયલી ગ્રેટ, હૉસ્ટેલ, નોટિસ, કોરપોરેશન, ડીમોલીશન, નોટિસબોર્ડ.

- તમારે સહુએ એક રિપોર્ટ સ્થળ પર જઈને કરવાનો છે. આખી સ્ટોરીના ફોર્મમાં. આ એક અસાઇન્મેન્ટ છે. ફોર ઓલ ઑફ યૂ. સારંગા સિલેક્ટ યોર સબ્જેક્ટ.

- નેપાલી-હાઉસ : માય બર્થપ્લેસ.

- ઇઝ ઇટ સ્ટીલ ધેર ?[૧૮૬]

- લાઇફ વોઝ કમ્પ્લીટ ધેન.[૧૮૭]

કેટલાંક બંગાળી વાક્યોઃ

- 'સાબાર ઉપર માનુષ, તાહાર ઉપર નહીં'[૧૮૮]

- લાલ દુપટ્ટા નહીં, કાલા લે, યે ભાલો નાહીં આછે.[૧૮૯]

- અચ્છા, બડી અમ્મા ! લો, યે કાલા ઓઢા.[૧૯૦]

- આમિ - મેરેકુ નહીં આતા પઢના.[૧૯૧]

'કાળાં પતંગિયાં'માં કથાને અનુરૂપ કેટલાક વર્ણનો પણ આવે છે જેના દ્વારા લેખિકા પોતાની વાતને યોગ્ય રીતે ભાવકો સુધી પહોંચાડવામાં સફળ થયાં છે. નેપાલી-હાઉસનું લેખિકાએ કરેલ જુઓ આ વર્ણન -

"નામ જેવાં જ અજબ રૂપરંગ. ગુલાબી દીવાલોવાળું મોટું મકાન, બે માળ, અગાશી. બાંધણી જૂના જમાનાની તે ખાસ્સી મજબૂત. ઝરૂખાની જાળી પીળી, હળદરિયા. આટલો રંગ ઓછો પડયો હોય એમ બારી-બારણાં ભડક ભૂરા રંગનાં. રહેનારાં એવાં રંગરસિયાં કે એકએક બારી અને બારણાં પર ભાતભાતના રંગીન પડદા લટકે. ચોકડિયાળા, જાંબલી-પીળાં ફૂલોવાળાં, લીલાં ઝાડવાળા, સફરજન અને દ્રાક્ષના ઢગલાવાળા, હાથી-ઘોડા, ઊંટના સરઘસવાળા, હરણ અને વાઘ એક જ તળાવમાંથી પાણી પીતાં હોય એવાં ચિત્રવાળા."[૧૯૨]

તો કલા જે રેલ્વે સ્ટેશનેથી મૌસીને મળી આવી હતી તે રેલ્વે સ્ટેશનનું વર્ણન -

“શિયાળાની સાંજ હશે. સાતેકનો સમય. કોઈ ઉદાસ હોય અને એકલું હોય તો ચોક્કસ મરવાનું મન થાય એવી વજનદાર ક્ષણો. રેલવે પ્લેટફોર્મની આજુબાજુ જુનાં ધૂળ ઢાંક્યાં ઝાડ પર કાગડાઓનો કકળાટ. એ ઝાડ, જે લીલોતરી એટલે શું તે ભૂલી ગયાં છે. કાળો ધૂમાડો એનાં પાંદડેપાંદડાંને ચોંટી પડયો છે. પ્લેટફોર્મ પર જ પડયો રહેતો આંધળો ભિખારી લાકડી ઠોકતો ઠોકતો બાંકડા તરફ આગળ વધી રહ્યો છે. એક ચીંથરેહાલ બાઈના ખોળામાં એક છોકરું તારસ્વરે રડી રહ્યું છે. ખૂણામાં, ટિકિટબારી પાસે, બારેક વર્ષની એક છોકરી ચકળવકળ આંખે આમતેમ જોયા કરતી ઊભી છે. શું કરવું છે, ક્યાં જવું છે, કશી ગતાગમ એને નથી.”[૧૯૩]

ડીમોલીશ થયેલા નેપાલી-હાઉસનું જુઓ આ વર્ણનઃ

“નેપાલી-હાઉસની જગ્યાએ ફસકી પડેલી દીવાલોનાં ગચિયાં હતાં. ટેકા વિના લટકતી બારીઓ અને પડુંપડું થતાં નમી પડેલાં બારણાં, લટકી પડેલા ઝરૂખા અને આડીઅવળી અભરાઈઓ, ડોબરાઈ ગયેલાં અને ભંગાર લેખેય કોઈ હાથ ન અડાડે એવાં એલ્યુમિનિયમનાં વાસણો, કટાઈ ગયેલી પતરાંની પેટીઓ, ચાંદલાના જૂનાં પેકેટ, પાઉડરના ખાલી ડબ્બા, અત્તરની ફેંકાઈ ગયેલી શીશીઓ, તૂટેલી બંગડીઓના અર્ધગોળ કાચ, ફાટેલાં અને ઉપયોગ પછી ફંગોલાઈ ગયેલાં વસ્ત્રો.”[૧૯૪]

૩.૩.૨.૧૧. ‘કાળાં પતંગિયાં’માં આલેખાયેલ સંવાદઃ

ટૂંકી વાર્તા, લઘુનવલ અને નવલકથા જેવા ગદ્ય સ્વરૂપોમાં અન્ય ઘટક તત્ત્વોની જેમ સંવાદ પણ તેનું મહત્ત્વનું અંગ છે. સર્જક પાત્રના માનસને, તેના સંઘર્ષ કે વિચારને વ્યક્ત કરવા સંવાદ પાસેથી ધાર્યું કામ લે છે. વળી, સંવાદ દ્વારા જ પાત્રો અને પ્રસંગોનું નિરૂપણ કરી તેને રસપૂર્ણ બનાવવામાં આવે છે. ‘કાળાં પતંગિયાં’માં પણ લેખિકાએ ઉચિત સંવાદોનું નિરૂપણ કરી કથાને નિરંતર ગતિ આપી છે. આ લઘુનવલમાં નિરૂપાયેલ કેટલાંક ઉદાહરણો જોઈએ…

સારંગા અને તેની કેટલીક સખીઓ વચ્ચે અભ્યાસ વિશે થતી વાતચીત -

“ - એ આ લોકો આવું બધું અઘરું કેમ લખે ? સર પણ બચાડા દરેક વખતે જુદું જુદું કહેતા હોય એમ લાગે !

- ડોબી, એને તો તિરોધાન કહેવાય. તિ-રો-ધા-ન !

કલ્પનાએ બહુ વિશ્વાસપૂર્વક જાહેર કર્યું.

- ધૂળ ને ઢેફાં ! અંદર કશુંક અડકવું તો જોઈએ !

- ના, જરૂરી નથી."[૧૯૫]

કલા અને બુદ્ધિ મૌસી વચ્ચે દબાયેલા અવાજે થતો સંવાદ -

"- ઠીક હૈ મેરેકુ. બુખાર નહીં હૈ. કામ કર તારું.

- નહીં. કોઈ ઘરાક નથી. અમથી જ બેઠી છું તે કરતાં તને થોડો આરામ મળે. સવારે કેટલો તાવ હતો !

- હર મંગલવાર કો આતા હૈ વો, નહીં આયા આજ ?

- ના, એ લોકોનું શું કહેવાય ? ન પણ આવે.

- રામ! રામ! ચલ, જા અબ, થોડો આરામ કરી લે."[૧૯૬]

બુદ્ધિ મૌસી કલાને તેની દીકરી સારંગાને અભ્યાસ માટે મુંબઈ મોકલવા માટે સમજાવે છે તે સમયે થયેલો સંવાદ -

"- બરબાદ કરેગી બચ્ચી કો. ભેજ દે બમ્બઈ. પઢને દે વહાં. ખર્ચા વો લોગ ઉઠાને કે લિયે રાજી હૈ, પછી તારે કઈ ખીટપીટ છે તે નથી જવા દેતી.

- મુંબઈમાં એકલી ? ના, બાબા, મારો જીવ નથી ચાલતો.

- અરે, હાસ્ટેલ છે તાં.કીત્તી હી છોકરીયાં હૈ, સારંગા અકેલી તો નથી રહેવાની વ્હાં. ફીર આવેગી કભી રજાબજા હોવે તબ. તૂ બી મલવા જાના. થોડા તો પઢી હૈ, અબ આગે જાને દે. હુસિયાર હૈ સારંગા -

- મૌસી, ભેજું ખરાબ થઈ ગયું છે તારું !"[૧૯૭]

હોસ્ટેલમાં રહેવા ગયેલી સારંગાનો તેની રૂમમેટ સાથે થયેલ સંવાદ-

"- આજે બબલુ-રોઝીને ઊંઘ નહીં આવે. રાતે વાતો કરતાં કરતાં જ ઊંઘવાનું. રોજ એટલી બધી વાતો હોય કે -

- તને આવશે ઊંઘ ?

- આવશે જ. થાક લાગ્યો છે.

- મારી રૂમમાં ચાલ. ત્યાં કોઈ નથી આજે.

- ના. મૌસી કહે છે, રાતે હું બહુ નસ્કોરાં -

- એમાં શું ? મારાં બી બોલતાં હોય કદાચ, ખબર નથી.

- ઊંઘ ખરાબ થાય બંનેની. આટલે જ બરાબર છે.

- ભલે, ચાલ, જાઉં."[૧૯૮]

નેપાલી-હાઉસ આવેલી સારંગાને બબલુ નેપાલી-હાઉસના ડીમોલીશનના સમાચાર આપે છે તે સમયે થયેલી વાતચીતના અંશો -

"- તું તો અચ્છા અચ્છા ખાતી હશે !

- એવું નહીં, હોસ્ટેલમાં બધું સાદું અને એકસરખું. ત્યાં બહાર ખાવા જવાનું પોસાય નહીં આપણાં જેવાંને.

- પઢાઈ ગમે છે ? મને કભી ભી અચ્છી ના લગે.

- મારે તો ભણવું છે. સારી નોકરી કરવી છે. કલાને અહીંથી લઈ જવી છે.

- તો તો જલદી કરના પડેગા.

- કેમ ? એમ કેમ ?

- ચંપક કે'કે નોટિસ આવેલી છે. નેપાલી-હાઉસ તોડ ડાલને કા. કોરપોરેશન કુછ - ક્યા ડીમોલી - એવું જ કુછ. બરાબર પતા નહીં.

- ડીમોલીશન ?

- હાં, એ જ. વો કરને કા હૈ."[૧૯૯]

સારંગા નેપાલી-હાઉસથી પાછા ફરતી વેળા બબલુ સાથે હળવાશભરી જે વાતો કરે છે તે જુઓ-

" - રસ્તા પર એમ હો-હો ન કર. તારો કાકો આવીને પકડી લેશે. કહેશે અકેલી લડકીને લઈને ક્યાં જાય છે, બદમાશ !

- લે, આ કોઈ અકેલી લડકી થોડી છે ? આ તો અપની સારંગા છે. મોટા થયા છીએ સાથે, કોઈ ગલત બાત હૈ ?

- કોઈ સાંભળશે નહીં તારું. બદનામ જગ્યાએથી આવેલો આવારા. વેશ જો તારા, કપડાં જો, વાળ જો !

- તે દુનિયામાં બધા હીરો ન હોય. કોઈ મેરે જૈસા ભી હોવે ![૨૦૦]

નેપાલી-હાઉસના ડીમોલીશન પછી મા-દીકરી વચ્ચે ચાલતી હળવાશની પળો -

"- કેટલી વાર છે તને ઘર લેવાની ?

- ખબર નથી. કદાચ ત્રણ વરસ, કદાચ પાંચ.

- એટલું લાંબું જીવાશે મારાથી ? ખબર નથી.

- કલા, પાંચ વરસ કંઈ એવો લાંબો ગાળો નથી.

- બરાબર, પણ હાલત જો બધાંની. છે કોઈનુંયે ઠેકાણું. તો પછી કલાવતી કીસ ખેત કી મૂલી?

- એક બહાદુર, જબરદસ્ત ઓરત, યાની નાનીમા કે ખેત કી !"[૨૦૧]

જુદાં-જુદાં વિસ્તાર અને સમાજમાંથી આવેલ ઓરતો અને તેમનાં બાળકો વચ્ચે થયેલી ઉપરોક્ત વાતચીતમાં તેમનાં લય-લહેકા અને તેમનાં દ્વારા પ્રયોજાયેલ બમ્બૈયા બોલીનો પરિચય થાય છે.

૩.૩.૨.૧૨. 'કાળાં પતંગિયાં'માં નિરૂપાયેલ જીવનદર્શન

હિમાંશી શેલત હંમેશા શોષિત, વંચિત અને કચડાયેલ સમાજ તેમજ રૂપજીવીનીઓના વર્ગને પોતાનો હક મળે, તેઓ પણ સમાજમાં માનથી જીવન ગુજારી શકે તે માટેના પ્રયત્નો કરે છે. પ્રસ્તુત લઘુનવલમાં હિમાંશી શેલતે કહેવાતો ઉચ્ચ સમાજ જેમનાં પ્રત્યે તિરસ્કાર, નફરત અને ધૃણાની નજરથી જુએ છે એવાં દેહવિક્રયનો વ્યવસાય કરી જીવન ગુજારતાં સમાજનું પારિવારિક વાતાવરણ અને તેમના જીવનસંઘર્ષને આલેખ્યો છે. અહીં કથાની મુખ્ય નાયિકા સારંગાના કિશોરાવસ્થાથી લઈ યુવાવસ્થા સુધીના પાંચ-સાત વર્ષોના આલેખનની પડછે રૂપજીવીની સ્ત્રીઓ અને તેમનાં બાળકોના જીવનસંઘર્ષનું નિરૂપણ થયું છે. ૧૦-૧૨ વર્ષની કલાની માની કોઈ નિર્મમ હત્યારાએ ગળું કાપીને હત્યા કરી નાખી એ જોઈને જીવ બચાવી કોઈ રેલવે સ્ટેશને નાસી છૂટેલી કલા બુઢ્ઢિ મૌસી દ્વારા નેપાલી-હાઉસ આવી ચડે છે ને શરૂ થાય છે એનો જીવનસંઘર્ષ. અન્ય સ્ત્રીઓ સાથે રહીને યુવાન થયેલી કલા દેહવિક્રયના વ્યવસાયમાં પડે છે, ને કોઈ ગ્રાહકના સંસર્ગથી ગર્ભવતી થયેલી કલાની કૂખે જન્મે છે સારંગા નામની દીકરી. નાનીનાની ખોલીઓમાં દેહવિક્રય કરતી સ્ત્રીઓની કૂખે જન્મેલ આવી દીકરીઓના ભવિષ્યની તેમને ચિંતા હોવા છતાં મજબૂરીવશ તેઓ કઈ કરી શકતી નથી અને તેથી તેમની દીકરીઓ પણ આ જ ધંધામાં જોડાય છે. આવી સ્ત્રીઓનું જીવન એવી કશ્મકશથી ભરેલું હોય છે કે રોઝી જેવી કુમળી દીકરી પણ ન છૂટકે આ જ ધંધા માટે મુંબઈ ચાલી

જાય છે. રાની ગંભીર બિમારીનો ભોગ બને છે અને અતિશય ગરીબીમાં જીવન જીવી રહી છે. કલા આ બાબતે નસીબદાર રહે છે કે મૌસીની સમજાવટથી અને કોઈ સેવાભાવી સંસ્થાના સહયોગથી તેની દીકરી સારંગાને ભણવા માટે મુંબઈ મોકલી શકી છે. વળી સ્ત્રી પાત્રોની જેમ પુરુષપાત્રો પણ જીવન જીવવા માટે ઝઝૂમતા દેખાય છે જેમાં મુસ્તાકચાચા, દામજીકાકા, બબલુ અને ચંપક મુખ્ય છે. નેપાલી-હાઉસમાં રહેતાં લોકોના જીવનસંઘર્ષ વિશે મણિલાલ હ. પટેલ નોંધે છે, “જેમને દંભી સમાજ માણસ જ નથી ગણતો એવી વસતિમાં રહેતાં, નિર્દંભ, લાગણી તથા માણસાઈવાળાં માણસોની, એમનાં ગંદાં-ગોબરાં છોકરાંની દુનિયાની વાત આ કથામાં પ્રત્યક્ષ થાય છે. કૉલેજ ને હોસ્ટેલ (મુંબઈ)થી શરૂ થતી આ કથાનું કેન્દ્ર તો કોઈ દૂરનું ને મોટું શહેર છે, જ્યાં ગંદા વિસ્તારમાં, રંગરોગાન, પડદા, ઝરૂખા, બારીઓના દેખાવથી અલગ તરી આવતું ભવન છે - નામે ‘નેપાલી-હાઉસ’. અહીં રૂપજીવી સ્ત્રીઓ ને એમનાં સંતાનો, મૌસી અને દલાલો જીવનસંઘર્ષ કરી રહ્યાં છે. કલા અને સારંગા પર કથાનું ફોકસ જરૂર છે, પણ કથા તો એક આખા સમૂહની છે, જ્યાં ધનદોલત ખાણીપીણીની કે પર્વ-પાર્ટીઓની કશીય ઝલક ભલે નથી; પરંતુ આ લોકોમાં પ્રેમ અને માણસાઈ છે. છળકપટ નથી. જુઠ્ઠાણા નથી. મજબૂરીવશ ગંદકીમાં ને ગરીબીમાં જીવે છે, પણ મનનાં મેલાં નથી ને જે ખાવાનું મળે એમાંથી ભૂખ્યાંને તથા કૂતરાં-બિલાડાંને વ્હેંચીને ખાય છે. શરમાવાનું એમણે નથી. સભ્ય કહેવાતા સમાજે શરમાવાનું છે કે એને અંગે આવું ગૂમડું છે.”[૨૦૨]

આમ, નેપાલી-હાઉસમાં દેહવ્યાપાર કરતી સ્ત્રીઓ અને તેમનાં બાળકોનાં જીવનસંઘર્ષને આલેખતી આ ‘કાળાં પતંગિયા’ લઘુનવલ કળાની દૃષ્ટિએ ખરી ઉતરે છે. લેખિકાએ લઘુનવલનું વિષયવસ્તુ, પાત્રાલેખન, હિન્દી-અંગ્રેજી મિશ્રિત બમ્બૈયા બોલી, ટૂંકા છતાં આકર્ષક સંવાદો, પ્રસંગોચિત વર્ણનો, કથામાં નિરૂપાયેલ જીવનસંઘર્ષ અને તેની રચનારીતિ વગેરે તત્ત્વોનું કળાત્મક રીતે આલેખન કરી કૃતિને ઉચ્ચ શિખરે પહોંચાડી છે.

૩.૩.૩. ‘સપ્તધારા’

“યુદ્ધગ્રસ્ત દેશો અને અશાંતિગ્રસ્ત રાજ્યો, જ્ઞાતિપ્રથાનાં વેરઝેર અને કોમી રમખાણો, ગેરકાનૂની કામો અને માનસિક વિકૃતિઓ, નશાખોરી અને બેકારીએ સર્જેલી કૌટુંબિક સમસ્યાઓ- બધું જ બાળપણને છિન્નભિન્ન કરી નાખે છે. આપણાં અવિચારી અને મૂર્ખતાભર્યાં કાર્યોનાં પરિણામો વેંઢારીને જીવતાં બાળકો કેટલે અંશે મૃત્યુ પામ્યાં છે એ તો સહુ સમય કાઢીને વિચારે તો કદાચ સમજાય.”[૨૦૩]

"હિમાંશી શેલતની સપ્તધારા (૨૦૧૦)માં બાળપણમાં જ જેમનું બાળપણ ખરી પડયું હોય, આઘાતથી મૂઢ થઈ ગયા હોય તેવા, સામાજિક, પારિવારિક, રાજકીય નિષ્ઠુરતાનો ભોગ બનેલાં સાત બાળકોને આલેખે છે. માતાપિતાના ભગ્ન દામ્પત્યના કારણે વ્યથિત એવી સુચેતા વેદનાને વહેંચવાથી ઓછી થાય એમ માની આ બાળકોને હૂંફ આપતી સંસ્થા ચલાવે છે. આવા વિષય ઉપર આપણે ત્યાં જવલ્લે જ નવલકથા લખાઈ છે."[૨૦૪]

"'સપ્તધારા' નવલકથામાં વિક્ષિપ્ત બાળમનની ક્રિયા-પ્રતિક્રિયાઓ દર્શાવી છે. કુટુંબ અને સમાજમાં બનતી ઘટનાઓ બાળકોના મન પર કેવી અસર કરે છે, એમનું બાળપણ કેવું છિન્નભિન્ન થાય છે, તેઓ કેવી મનોયાતનાઓમાંથી પસાર થાય છે તેનું કરુણાસભર અને સંવેદનશીલ ચિત્ર પ્રસ્તુત નવલકથામાં પ્રાપ્ત થાય છે. વિખરાયેલાં મનવાળાં બાળકોને નવપલ્લવિત કરવા નાયિકા કેવા પ્રયત્નો કરે છે અને એનું યથોચિત પરિણામ લાવવા તેને કેવું મથવું પડે છે તેની કથા તે 'સપ્તધારા'." [૨૦૫]

હિમાંશી શેલતની 'આઠમો રંગ' તેમજ 'ક્યારીમાં આકાશપુષ્પ' અને 'કાળાં પતંગિયાં' પછીની ૨૦૧૨માં પ્રકાશિત થયેલ 'સપ્તધારા' નવલકથામાં આઘાતથી મૂઢ બનેલાં સાત બાળકોની ઊંડી કરુણા અને સંવેદના આલેખાઈ છે. માનવમનના ઊંડા અભ્યાસી હિમાંશી શેલતે સમાજના જુદાં-જુદાં વર્ગો સાથે કામ કર્યું છે. આ પ્રકારના કામને લીધે આવાં લોકોની પીડા, તેમની કરુણા અને સંવેદના તેમણે જોઈ છે, અનુભવી છે. હિમાંશી શેલતે ઉપેક્ષિત, શોષિત અને પીડિત બાળકો સાથે પણ કામ કર્યું છે. ક્યારેક માનવસર્જિત ઉત્પાતને કારણે નાના બાળકોને કેટલું વેઠવું પડે છે, તેમને કેટલો આઘાત લાગે છે એના ઉદાહરણરૂપ સાત બાળકોની વાત અહીં કહેવાઈ છે. પ્રસ્તાવનામાં લેખિકાએ જે કહ્યું છે તેના આધારે આ નવલકથા વિશેની આપણી સમજ વિસ્તૃત થશે. તેઓ નોંધે છે, "કાચી વયે જોયેલું-અનુભવેલું ભયાવહ વાતાવરણ કેટલાં બાળકોને તૂટયાં અને તરડાયાં વિનાનાં, આખેઆખાં રાખી શકે ? માનવસર્જિત ઉપદ્રવ અને ઉત્પાત ટાળવાનું, કંઈ નહીં તો એનું દબાણ ઓછું કરવાનો નિર્ણય લેવાનુંયે માણસની જાતને, ક્યાં ફાવ્યું છે ? ભોળી આંખોએ દીઠેલાં બળતાં ઘર, ઊછળતી તલવારો, સામૂહિક બળાત્કારો, ટોળાંના બેફામ અત્યાચારો કૂણાં ચિત્તમાં કેવો આતંક ફેલાવી શકે એનો અંદાજ મેળવવામાં કોઠે પડી ગયેલી પીડાની સમજ ઓછી પડવાની. આ વિષય શાસ્ત્રીય ચર્ચા અને આંકડાની ગૂંચગરબડ કરતાં ઊંડી કરુણા અને વ્યાપક સંવેદનાનો છે."[૨૦૬]

આઘાતથી મૂઢ બનેલાં બાળકોની કથા વાર્તારૂપે વેરવિખેર રહી જતી લાગી તેથી લેખિકાએ આ નવલકથાનું સાહસ કર્યું છે. આ કથાને તેના વિષયવૈવિધ્યને આધારે વિગતે જોઈએ...

૩.૩.૩.૧. 'સપ્તધારા'માં વિષય આલેખન

આ નવલકથામાં આલેખાયેલ વિષય સંદર્ભે મણિલાલ હ. પટેલ નોંધે છે, "આપણે આપણા સમાજે દુ:સહ બનાવી મૂકેલા રોજિંદા જીવનમાં, માબાપ કે પરિસ્થિતિઓના આઘાતક વર્તન-વલણથી, ઊંડે સુધી આહત થયેલાં, સાતેક બાળકોને પાછાં સહજ જીવનમાં લાવવાની મથામણ દર્શાવતી, ધૈર્યની કસોટી કથા છે... આ સાતેય બાળકોને હસતાં રમતાં જીવતાં કરવા સંઘર્ષ કરતી સુચેતાના જીવનની - એનાં મમ્મી પપ્પાના જીવનની કથની પણ ઘણા માર્મિક સંકેતો કરે છે."[૨૦૭]

વિષયવસ્તુની દષ્ટિએ અલગ તરી આવતી હિમાંશી શેલતની આ 'સપ્તધારા' નવલકથામાં એવાં **સાત બાળકોની વાત** કહેવાઈ છે કે જેઓ કોમી હુલ્લડના લીધે, વડીલો કે શિક્ષકોથી આઘાત પામીને સાવ મૂઢ થઈ ગયાં છે. સુચિતા આવા બાળકો આઘાતમાંથી બહાર નીકળીને તેઓ સામાન્ય જીવન જીવતાં થાય એ માટેની પ્રવૃત્તિ આદરે છે. આ સાત બાળકોમાં બુલ્લાં, દલવીર, રજત, રેણુ, સલમા, ગણેશ અને પૂરવનો સમાવેશ થાય છે.

બુલ્લાંનો દારૂડિયો બાપ રાત-મધરાતે ગમે ત્યારે ઘરે આવતો. એકવાર કોઈ પાંચ-સાત વર્ષની કુમળી છોકરીને ઘરે લઈ આવે છે અને થોડા સમય પછી આવેલી મોટર એને ઘસડી લઈ જાય છે. પતિ છોકરીઓને વેચી દેવાનો ધંધો કરે છે તેથી ક્યારેક લાલચમાં તે પોતાની દીકરી બુલ્લાંને પણ વેચી દેશે એવી આશંકાથી બુલ્લાંની મા તેને ભોજનમાં ઝેર પીવડાવી મારી નાખે છે. હત્યાની સાબિતી થતા બુલ્લાંની માને જેલ થાય છે. ખૂબ જ ગભરાયેલી બુલ્લાને તેની માને મળવા જેલમાં લઈ જવાય છે પરંતુ આઘાતથી મૂક બનેલી તે કાંઈ બોલતી જ નથી. ગંભીર અકસ્માત થવાથી **દલવીર**ના માતા-પિતાનું મૃત્યુ થાય છે. મોડી રાત્રે ઘરે આવેલા મા-બાપના શબ જોઈને દલવીરની આંખો ફાટી જાય છે. આઘાતથી મૂઢ થઈ ગયેલા દલવીરને તેના ચાચા ફરવા દીલ્લી લઈ જાય છે. ત્યાં કોઈ મોટા નેતાની હત્યા થતાં હુલ્લડ ફાટી નીકળે છે. દલવીર ઘરમાં હતો ત્યારે હુલ્લડખોર-ઝનૂની ટોળું તેનાં ઘરમાં ઘૂસી જાય છે ને ત્યાં તે તલવારોથી થતી કાપાકાપી ને લીધે ઉછળતી લોહીની છોળો જુએ છે. પોતાની આંખો સામે જોયેલી કત્લેઆમથી આઘાત પામેલો દલવીર ઘણાં સમય સુધી બોલતો નથી. મા-બાપની નજરમાં 'ડફોળ' એવા **રજત**ને લઈને તેના મા-બાપ એક રવિવારે ફરવા જવા માટે રેલ્વે સ્ટેશને ઉભાં છે. અત્યંત શાંત અને મૃદુ સ્વભાવ ધરાવતો રજત

આવતી ટ્રેન નીચે આપઘાત માટે અચાનક પડતું મૂકે છે. જોકે એક જવાનની સમય સૂચકતાને લીધે તે બચી જાય છે. ઘરનાં સ્પર્ધાત્મક વાતાવરણથી કંટાળેલો રજત આપઘાતમાંથી તો બચી જાય છે પરંતુ પછીથી જાણે તે એક કોચલામાં પૂરાઈ જાય છે. મધ્યમ પરિવારમાં જન્મેલી **રેણુ**ની મોટીબહેન કોઈ નીચા વર્ણના ધનુના પ્રેમમાં પડે છે. મોટીબહેનના ધનુ સાથેના પ્રેમથી પરિચિત રેણુની નજર સામે જ તેના પિતા અને કાકા તેની મોટી બહેનની તલવારથી હત્યા કરે છે. પોતાની નજર સામે જ પિતા દ્વારા થયેલી બહેનની હત્યાથી આઘાત પામેલી રેણુ એટલી ડરી જાય છે કે કાંઈ બોલતી જ નથી. હૈદરાબાદમાં કોમી રમખાણ ફાટી નીકળ્યું ત્યારે **સલમા**નું આખું કુટુંબ તેમાં બળીને રાખ થઈ જાય છે. બજારમાંથી તેલ અને લોટ લઈને આવવામાં મોડું થતાં ફક્ત સલમા જ બચી જાય છે. નિર્દોષ અને માયાળું એવાં મમ્મી-પપ્પાને શા માટે બાળી મૂક્યાં હશે? એનો જવાબ શોધતી સલમા રડી-રડીને પાગલ જેવી થઈ જાય છે. તો **ગણેશ**ના દોસ્ત પર શાળાના કોઈ જડ અને અણઘડ શિક્ષકે પંદર-વીસ રૂપિયાની ચોરીનો ખોટો આરોપ મૂકેલો. આવા ખોટા આરોપને લીધે લાગી આવતાં તે મિત્રએ નહેરમાં ડૂબી જઈને આપઘાત કરેલો. મિત્રના આપઘાતથી દુઃખી થયેલ ગણેશ પેલા શિક્ષકને ભરપેટ ગાળો બોલે છે અને આવા જૂઠા લોકો મને શું ભણાવવાના એમ બબડીને ચોપડીઓ સળગાવી મૂકે છે. ગણેશમાં હજુ પણ ગુસ્સો ઠાંસી-ઠાંસીને ભરેલો છે. **પૂરવ** એનાં મા-બાપને માટે વણજોઈતો હતો તેથી તેને ઓબ્ઝર્વેશન હોમમાં મૂકી દેવામાં આવે છે. પૂરવને તેના મા-બાપ જ પોતાનું સંતાન ગણતા નથી અને તેથી જ કોઈ સગાં-સંબંધીઓ પણ તેને દત્તક લઈ આ ઝમેલામાં પડવા માંગતાં નથી. પોતે પોતાના મા-બાપ માટેય અનવોન્ટેડ છે એવી પૂરવને ખબર પડતા તે મનથી ઉપેક્ષિત એવો એકલવાયો બની ગયો છે. આમ, મહામુશ્કેલીએ જીવનનો ભાર વેંઢારી રહેલા આ બાળકોને કેન્દ્રમાં રાખી આ કથાનું આલેખન થયું છે.

આઘાતથી મૂઢ બનેલાં સાત બાળકોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેનું ભગીરથ કાર્ય કરતી સુચેતાએ પણ તેના જીવનમાં આઘાત વેઠ્યા છે. તે પોતે આઘાતપીડિત હોવા છતાં જીવનથી હારવાને બદલે આ બાળકો સાથે રહી તેમને તેમની જુદી-જુદી યાતનાઓમાંથી બહાર કાઢવાની પ્રવૃત્તિને જીવનનું એક મિશન બનાવે છે. સુચેતાનો જન્મ પૈસાપાત્ર અને શિક્ષિત પરિવારમાં થયો હતો. તેનું બાળપણ તેની માથી અલગ રહેતા પિતા સાથે વીત્યું છે. સુચેતા લગભગ દસ વર્ષની હતી ત્યારે તેના માતા-પિતા વચ્ચે થયેલા વિખવાદને પરિણામે તેની મા સુચેતાને પિતા પાસે મૂકી ગૃહત્યાગ કરે છે. મમ્માના ગૃહત્યાગથી હતપ્રદ બનેલી સુચેતા ત્યારે ઓશીકામાં મોં દાબી રડાય

એટલું રડે છે, તેને મા-બાપની છૂટા પડવાની ઘટનાથી ખૂબ આઘાત લાગે છે. જોકે તેને અને તેના પિતાને શકુ નામની બાઈ ઘરકામમાં મદદરૂપ થાય છે. સુચેતાને તેના પપ્પાએ ભણવા માટે બધી સગવડો પૂરી પાડી હતી. શહેરની ઉત્તમ ગણાતી તેમજ શ્રેષ્ઠ શિક્ષકોવાળી શિક્ષણસંસ્થામાં સુચેતાને અભ્યાસ માટે મૂકી હતી. વળી તેને મિત્રા જેવી હોશિંયાર અને તેજસ્વી સખીનો સાથ મળ્યો હતો. પરંતુ મિત્રાએ તેની સાથે કરેલા વિશ્વાસઘાત પછી બહેનપણીઓથી સલામત અંતરે ખસી જાય છે. સુચેતાએ વિદેશમાં પણ અભ્યાસ કર્યો હતો. જ્યાંથી બાળમાનસશાસ્ત્રનો અભ્યાસ કરી આઘાતપીડિત આ સાત બાળકો સાથે જોડાય છે. એ સાચું કે સુચેતાને પણ આઘાત પહોંચે એવા કેટલાક બનાવો બન્યાં હતાં. જેમકે, શાળામાં યોજાયેલ વકતૃત્ત્વની સ્પર્ધામાં સુચેતા શિલ્ડ જીતી લાવી હતી તેને સેલિબ્રેટ કરવા માટે શાળાના આચાર્ય અને શિક્ષકોએ તેના માતા-પિતાને શાળાએ બોલાવ્યાં હતાં. તેમની હાજરીમાં ઉજવણી કરવાની હોવા છતાં છેવટ સુધી તેઓ દેખાયા નહોતાં. માતાપિતાના આ વર્તનથી સુચેતા રડી તો નહોતી પરંતુ તેની અંદરનો આનંદ છેક મરી ગયો હતો. વળી મા વગરનું બાળપણ પસાર કરતી સુચેતાથી જરા કંઈ આડુંઅવળું થાય કે તેના પિતા તરત જ તેને ટોકતા, “જઈને જોઈ આવ જરા બહાર. ટ્રાફિક સિગ્નલ પર તારા જેવી છોકરીઓ કેટકેટલી ચીજો વેચવા દોડાદોડ કરે છે અને આ શહેરમાં એવી કેટલીય ઘરકામ કરે છે. પૈસા એમ દોડી નથી આવતા. જે સગવડ મળે છે એની કદર કરતાં શીખો! આ દિવસો પાછા નથી આવવાના...”[૨૦૮] સુચેતાના પપ્પા ક્યારેક આવો ઠપકો આપતા તેવાં સમયે સુચેતાને તેની મમ્મીની ખૂબ યાદ આવતી.

સુચેતાની મમ્મીના ગૃહત્યાગ પછી **સુચેતાના પિતા**ને મળવા ઘરે તેમના દોસ્તો આવે, ડ્રિન્ક્સ ચાલે, ઘણાં ફોન આવતા રહેતા તો ક્યારેક મોટી-મોટી પાર્ટીઓ પણ થતી. પરિણામે મોડી રાત સુધી મોટરોની આવન-જાવન રહેતી. પૈસાની બાબતમાં છૂટો હાથ રાખતા સુચેતાના પિતાએ સુચેતાના હોસ્ટેલમાં દાખલ થવાના પ્રસંગે પાર્ટી પણ આપી હતી. સુચેતાના પિતાને ટોચ પર પહોંચવું હતું અને તે માટે તેમણે અનૈતિક સાધનોનો ઉપયોગ કરવાનો કે નીચે પડેલાંને રગદોળીને ઉપર ચઢવામાંય કોઈ સંકોચ ન હતો. પોતાની રીતે જીવન જીવેલા સુચેતાના પિતાને જીવનના ઉત્તરાર્ધમાં કેન્સર જેવી ભયંકર બિમારી લાગુ પડે છે. જીવનનો અંતિમ સમય પત્ની અને દીકરી સાથે ગાળવાના આશયથી તે પત્ની-દીકરી પાસે આવી જાય છે. ભરયુવાનીમાં પતિ અને દીકરીને મૂકી ગૃહત્યાગ કરનાર **સુચેતાની મમ્મા** ફોન પર તેમની વારંવાર પૃચ્છા કરતી, તો દીકરીને મળવા હોસ્ટેલ પર પણ જતી. પતિના વ્યવહારથી ગુસ્સે ભરાયેલ તે, ‘યૂ ડોન્ટ ડીઝર્વ માય લવ... યૂ આર

અ ક્રૂઅલ સેલ્ફ સેન્ટર્ડ બ્રુટ...'[૨૦૯] એમ સંભળાવી દે છે. તો બીજી બાજુ કેન્સરનું નિદાન થવાથી મદદ માંગતા પતિને તે પોતાને ત્યાં પણ લઈ આવે છે, જ્યાં મા-દીકરી બંને મળીને તેમની સેવા કરે છે.

સુચેનાની મમ્મા તેને લગ્ન કરી લેવાની સલાહ આપે છે ત્યારે તે હૈયાધારણા આપતા કહે છે, 'કબૂલ, ગ્રંથિઓ છોડવા મથીશ, આઈ વિલ ટ્રાય માય બેસ્ટ અને આવકારવા જેવું કોઈ મળશે તો ગમે તે વયે 'વેલકમ' કહીશ, બારણાં બંધ નહીં કરું.'[૨૧૦] સુચેતાની ગેરહાજરીમાં તેની મમ્મા સંસ્થામાં રહેતાં બાળકોને સાચવવાનું કામ પણ કરી લે છે. સુચેતા પોતાના જીવનકાર્ય પ્રત્યે પ્રતિબદ્ધ છે. જ્યારે પ્રમથેશભાઈ ગણેશને પોતાની પાસે લઈ જવાનું કહે છે ત્યારે તે ના પાડે છે અને 'ગણેશ મારી જવાબદારી છે' એમ જણાવે છે. અહીં તેની કામ પ્રત્યેની નિષ્ઠા અને બાળકો પ્રત્યેનો તેનો પ્રેમ-આદરભાવ જોઈ શકાય છે.

સુચેતા આઘાતપીડિત બાળકો માટે તેની સંસ્થાના માધ્યમથી ઘણી પ્રવૃત્તિઓ કરે છે. પોતાની સાથે ઘટેલી ઘટનાઓથી આઘાત પામેલાં બાળકોને સામાન્ય જીવનમાં પાછાં લાવવાં સુચેતા સૌપ્રથમ તેમને પાંખાળા ઘોડા પર બેસીને વાદળદેશમાં વિહરતી કુંવરીની વાર્તા કહે છે, પરંતુ વાદળ-દેશ કે પાંખાળા ઘોડા સાથે કોઈને લેવાદેવા ન હોવાથી તેઓ પોત-પોતાની ચિત્ર-વિચિત્ર ક્રિયાઓમાં મશ્ગૂલ હતાં. અહીં સુચેતાને એ સમજાઈ જાય છે કે પોતે કરેલ 'ચાઈલ્ડ સાઈકોલોજી'નો અભ્યાસ અહીં કામ આવે તેમ નથી. જોકે સુચેતા હિંમત હારવાને બદલે બીજા રસ્તાઓ શોધવામાં લાગી જાય છે. તે મદદ મળવાની આશાએ તેની મિત્ર મારીઆના કહેવાથી છેક બેંગ્લોરમાં ડૉ. ફ્રાન્કને પણ મળે છે. વર્કશોપ પછી મારીઆ સાથે છૂટથી વાતો થાય છે ત્યાં તે દરેક બાળકોના અલગ-અલગ ટ્રોમા હોવાની વાત કરે છે. મારીઆ સુચેતાને સલાહ આપતા કહે છે કે આવાં બાળકોને નોર્મલ બનાવવા ક્લાઉડ કિંગ્ડમમાં નહીં બલ્કે તેમને નક્કર દુનિયામાં લઈ જા. મારીઆની સલાહ અનુસાર સુચેતા પ્રયત્નો કરે છે. જેમાં કૂંડાઓ સાફ કરીને રંગવાનું કામ હોય કે, વટાણા ફોલવાનું, અંતકડી રમવાનું, બાગકામ કરવું કે શાકભાજીના વાડામાં મદદરૂપ થવાનું કાર્ય હોય, બાળકોને તેમાં જોડી દે છે.

બાળકોની સમસ્યાઓને હલ કરવા માટે ઝઝૂમતી સુચેતા વિચારે છે કે, "આ સાત જણ નહીં ભણે તો વાંધો નહીં. સરસ વાંચી શકે એટલું પૂરતું છે, ઓછામાં ઓછી બે ભાષા. લખવાનું ખપ પૂરતું ફાવે તો ચાલી રહે. જેને જે આવડે તેમાં એ આગળ વધે. દલવીર કદાચ સારો રમતવીર થાય, રજતને ઝાડપાન-પશુપંખીમાં રસ છે, બુલ્લાંને ઘરકામ ગમે છે એવું લાગે છે. સલમા, પૂરવ, રેણુ

અને ગણેશ વિશે વિચારવું પડે, એમના ઝોક હજી સુધી તો કળી નથી શકાયા."[૨૧૧] આ સમયે સુચેતાને તેના પિતાના મિત્ર પ્રમથેશભાઈ સલાહ આપે છે કે, "કોઈને પ્રવાહમાં ભેળવી દેવાની મથામણ કરવા કરતાં આપણે એમનો જ પ્રવાહ વેગવાન બનાવવો. જેમ કે એક એવું સ્થળ જ્યાં સાવ અલગ પ્રકારનું શિક્ષણ મળે, જુદી તાલીમ અને નવીન જીવનશૈલી વિકસાવવાની તક મળે. પછી ત્યાં જે તૈયાર થાય એ સહુ જીવનલક્ષી કેળવણી માટે પ્રયત્નશીલ સમુદાયો વચ્ચે કે સંસ્થાઓ સાથે કામ કરે."[૨૧૨] અહીં બાળકોની સમસ્યાને હલ કરવામાં સુચેતાને પ્રમથેશભાઈની સલાહની સાથે ડૉ.ફ્રાન્કની નવી થીયરી જેમાં બાળકોને રિયાલિટી - નક્કર દુનિયામાં લઈ જવાની વાત છે તે મદદરૂપ થાય છે.

સુચેતા આ દુનિયામાં પ્રેમ-નફરત, હિંસા-અહિંસા, સેવા, સાહસ અને સ્વાર્થ વગેરે ભાવોની પ્રત્યક્ષ સમજ આપવા તે બાળકોને એક દિવસ હોમથિયેટરમાં ડીવીડી દેખાડે છે. ત્યાં એક ડીવીડીમાં વ્હેલ માછલીને બચાવનારી ટીમનાં સમુદ્રના સાહસો હતાં, બીજીમાં દૂર દૂર આદિવાસીઓ વચ્ચે કામ કરતા એક ડૉકટરની વાત તો, ત્રીજીમાં જંગલો બચાવવા આખા દેશમાં ફરતા એક જૂથની વાત હતી. આ બધું દેખાડી સુચેતા બાળકોના નાનાં હૃદયમાં એક ચિનગારી જગાવવા માંગતી હતી જેમાં તે સફળ થાય છે - રજત અને પૂરવ સાથે બધાં તાળી પાડે છે, દલવીર જોરદાર સિસોટી વગાડે છે. સૌની સાથે સુચેતાને જાણે ઉડવાનું મન થઈ જાય છે.

સુચેતા હવે ધીરે ધીરે પોતાના પ્રયત્નોમાં સફળ થતી જતી હતી...હવે દલવીર રમતની તાલીમ માટે પંદર દિવસની શિબિરમાં જવાનો હતો, સલમા ડોકું ટટ્ટાર રાખીને બે-ચાર શબ્દો બોલી શક્તી હતી, રેણુને ભરતકામ ગમવા લાગ્યું હતું, ગણેશને બદરુ સાથે ખાસ્સો તાલમેલ હતો તો પૂરવ એકાદ અઠવાડિયાથી જૂની ચીજોના રંગરોગાનમાં ઘણો સમય ગાળતો હતો. એ રીતે તેઓ સૌ ધીરે ધીરે ગંભીર સ્થિતિમાંથી હવે હળવાશ અનુભવતાં હતાં.

સુચેતાને આવી સૌ પ્રવૃત્તિઓમાં સહાયરૂપ થાય છે તેની નાનકડી સંસ્થા. જે સુચેતાના પરાશર નામના મિત્રના પરિવારને વારસામાં મળેલી મિલકત હતી. જેમાં પરાશરે જ ખાસ ગોઠવણ કરાવી હતી. મોટો ડાઈનિંગ હોલ અને ડબલ ડેકર બેડ, ચાર બારણાંનું રસોડું. પ્રાથમિક સુવિધા ધરાવતી આ સંસ્થામાં રસોઈ તથા અન્ય કાર્યો માટે બે-ત્રણ સહાયકો છે. જોકે સમાજસેવા કરતાં અન્ય સહાધ્યાયી મિત્રો સાથે પણ સુચેતા સંપર્કમાં રહે છે. જેમાં પરાશર, મારીઆ, સરયૂ, દીપા, વિષ્ણુ અને સુતપા ખાસ હતાં.

સુચેતાએ કરેલી જુદી-જુદી પ્રવૃત્તિઓના પરિણામે તેને બાળકોના વર્તનમાં બદલાવ લાવવામાં સફળતા મળે છે. સુચેતાને તેના પપ્પાના મિત્ર પ્રમથેશભાઈ સાથેની ચર્ચાથી તેની પ્રવૃત્તિમાં એક નવી દિશા મળે છે. સુચેતાને બાળકોના વર્તન બદલવામાં પહેલી સફળતા ત્યારે મળે છે જ્યારે તે સૌ બાળકોને ચિત્ર બતાવવા હોમ થીયેટરમાં લઈ જાય છે. પહેલા ચિત્રમાં વ્હેલ માછલીને બચાવનારી ટીમે સમુદ્રમાં કરેલાં સાહસો, બીજા ચિત્રમાં દૂર-દૂર આદિવાસીઓ વચ્ચે કામ કરતા ડોકટર વિશે તો ત્રીજા ચિત્રમાં જંગલો બચાવવા સમગ્ર દેશમાં ફરતા જૂથ વિશે જાણી બાળકોમાં એક અજબ પ્રકારનો ઉત્સાહ જોવા મળે છે.

બાળકોના વર્તનમાં ઇચ્છિત બદલાવ લાવવાના પ્રયત્નોમાં સુચેતા ધીરે ધીરે સફળ થાય છે. સુચેતાના હૂંફભર્યા વર્તનથી દલવીર ક્રમશઃ તેની આઘાતજન્ય પીડાથી મુક્ત થતો જાય છે અને તેના પ્રયત્નોના કારણે જ તે રમતની તાલીમ માટે પંદર દિવસની શિબિરમાં જાય છે. સલમા હવે બોલવા લાગી છે. તે દલવીરને પોતાના અનુભવ વિશે થોડું જણાવે છે. રજતને તેના પિતાએ જ્યારથી દૂરના હિલસ્ટેશનની બોર્ડિંગમાં અભ્યાસ માટે મૂક્યો છે ત્યારથી તે ખૂબ બદલાઈ ગયો છે. રજતની સ્કૂલ દ્વારા સુચેતાની વસાહત પાસેના એક ગામને 'એકેય વ્યક્તિ અક્ષરજ્ઞાન વગરની ન રહે' એવા પ્રોજેક્ટ માટે ગામને દત્તક લીધું છે. આ પ્રોજેક્ટ પર કામ કરવા રજત આવે છે ત્યારે સુચેતાને મળે છે. સુચેતાનું મનોવિજ્ઞાન સાચુ ઠરે છે. કારણ કે, 'હવે કોચલું ફૂટી ગયું હતું.'

તો સલમાએ હુલ્લડ દરમિયાન તેની સગી આંખે જે-જે જોયેલું તેને કોર્ટમાં સાક્ષીરૂપે કહી સંભળાવ્યું જેનાં પરિણામે સલમાની તરફેણમાં ચૂકાદો આવ્યો. સલમા મીડિયામાં છવાઈ ગઈ. ટીવી ન્યૂઝ, છાપાંઓ અને સામયિકોમાં એનું નામ અને ફોટા છપાયા તો તેની હિમ્મત અને સચ્ચાઈને વખાણતાં લેખો પણ આવ્યા. અનેક પ્રયત્નોના અંતે સુચેતાની મહેનત રંગ લાવી હતી. સુચેતાને હવે આશા જાગે છે કે, સલમા કદાચ એની ફોઈ પાસે રહેવા જશે. રેણુ પણ આ સફળતાથી પ્રેરાઈને કદાચ સાચે સાચું કહી દે અને તેમાં સંડોવાયેલા તેના પિતા અને કાકાને સજા અપાવે. રેણુને હવે થોડું થોડું ભરતકામ ગમવા માંડયું હતું. પૂરવને જૂની ચીજ વસ્તુઓના રંગરોગાનમાં મજા આવતી હતી. એ રીતે હવે બાળકો એકબીજા સાથે છૂટથી હળીમળી શકતાં હતાં. તેમનાં ચહેરાં પર પણ ગંભીરતાની જગ્યાએ હળવાશ દેખાવા લાગી હતી. જેમકે, ગણેશને બદરુ સાથે ખાસ્સો મેળ પડી રહ્યો હતો અને તેથી જ તેઓ બંને બારી પર ખસની સાદડીઓ ટાંગીને એના પર પાણી છાટતા હતા. પૂરવ અને રેણુને પાણીની કૂંડીઓ સાફ કરી એમાં પાણી ભરવાનું કહેવાયું હતું. આ બધી ક્રિયાઓ

કરવામાં સૌ બાળકોને ગમ્મત થતી હતી. બાળકો સામાન્ય જીવન જીવવા શક્તિમાન થયા છે એનાથી ખુશ થયેલી સુચેતા તેમનાં ભાવિ અંગેના સપના જુએ છે. રેણુ કાયદાની રખેવાળ, સલમા રેડીમેઇડ ગારમેન્ટ્સના વ્યવસાયમાં અને બુલ્લાંની હાઉસ એન્ડ ઑફિસ ક્લીનિંગ કંપની. અદ્યતન સાધનો, પાંચેક કર્મચારીઓ અને જ્યાં હોઈએ ત્યાંથી ચાલી શકે એવું કામ. આમ, સુચેતાને તેણે કરેલી જુદી-જુદી પ્રવૃત્તિઓના પરિણામે તેને બાળકોના વર્તનમાં બદલાવ લાવવામાં સફળતા મળે છે.

૩.૩.૩.૨. સપ્તધારા'માં પાત્રાલેખન

નવલકથામાં પાત્રાલેખનનું વિશેષ મહત્ત્વ છે. પાત્રાલેખનના મહત્વ વિશે જણાંવતા ડૉ. ધીરૂભાઈ ઠાકર નોંધે છે કે, "ઘટનાના કરતાં તેના કર્તારૂપ માનવનું ચિત્ત વિશેષ ઉઠાવદાર અને રસપ્રદ નીવડે છે. વસ્તુ કરતાં પાત્ર પર લક્ષ વિશેષ કેન્દ્રિત થતાં નવલકથા ઝમકદાર બને છે. આવી નવલકથાને પાત્રપ્રધાન કે દશ્યપ્રધાન નવલકથા તરીકે પાશ્ચાત્ય વિવેચન ઓળખે છે. નવલકથામાં પાત્રનું આલેખન ત્રણ રીતે થાય છે. જેમાં પાત્રના સ્વભાવનું સીધું સવિગત વર્ણન થાય તે એક રીત, પાત્રને જ જેમાં પ્રત્યક્ષ કાર્ય દ્વારા પોતાનું વ્યક્તિત્વ પ્રગટ કરી બતાવવાની તક મળે તે બીજી રીત. આ બંનેના મિશ્રણરૂપ ત્રીજી રીત."[૨૧૩] ટૂંકમાં, નવલકથાને ઉત્તમ બનાવવા માટે સર્જકે પાત્રચિત્રણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

સુચેતા 'સપ્તધારા' નવલકથાનું મુખ્યપાત્ર છે. સુચેતા તેના માતાપિતાનું એક માત્ર સંતાન છે. તે પૈસાદાર અને શિક્ષિત પરિવારમાં જન્મી હોવા છતાં અન્ય સાત બાળકોની જેમ તેને પણ દસ વર્ષની ઉંમરની હતી ત્યારે આઘાત સહન કરવો પડયો હતો. મમ્મી-પપ્પા વચ્ચે થતાં અવારનવારના ઝગડાને પરિણામે તેની મમ્મા તેને દસ વર્ષની ઉંમરે પતિ પાસે છોડીને અડધી રાત્રે ગૃહત્યાગ કરે છે. આ સમયે મમ્મીથી છૂટા પડવાનો સુચેતાને ખૂબ આઘાત લાગે છે. મમ્મીના ગયા પછી તે ઓશીકામાં મોં દાબી રડાય એટલું રડી હતી. ઘરમાં તેની અને તેના પપ્પાની સારસંભાળ રાખનાર શકુબાઈ હોવા છતાં તેને મા વગર એકલાં જીવવાની, પોતાનું કામ જાતે કરી લેવાની અને કોઈના આગ્રહ વિના ચૂપચાપ ખાઈ લેવાની આદત પડી ગઈ હતી.

સુચેતાનો અભ્યાસ શહેરની ઉત્તમ ગણાતી શિક્ષણસંસ્થામાં ઉત્તમ શિક્ષકોના હાથ નીચે થયો હતો. અભ્યાસ દરમિયાન તેને મિત્રા નામની ખૂબ જ હોંશિયાર સહેલીનો સાથ મળ્યો હતો. જોકે મિત્રા તેને છોડીને અન્ય કોઈ શ્રીમંત પરિવારની મિત્ર જોડે ચાલી જતાં તેને ખૂબ આઘાત લાગ્યો

હતો. પોતાની સખીએ કરેલા આ પ્રકારના વિશ્વાસઘાતને પરિણામે તે હવે નવાં મિત્રો બનાવવાથી દૂર રહેતી હતી. સુચેતા અભ્યાસની બાબતમાં નસીબદાર હતી. ઉચ્ચ અભ્યાસ માટે હોસ્ટેલમાં દાખલ થવાના પ્રસંગે તેના પિતાએ તેને મોટી પાર્ટી આપી હતી. તો તેની મમ્મા અવારનવાર ફોન પર તેની સાથે વાત કરી લેતી, ક્યારેક રૂબરૂ મળવા પણ જતી. સુચેતાને તેની ઇચ્છા પ્રમાણે પિતાએ તેને વિદેશમાં અભ્યાસ અર્થે મોકલી હતી. જ્યાંથી તે બાળમાનસશાસ્ત્રની ઊંચી ડીગ્રી પ્રાપ્ત કરી હવે આઘાતથી પીડિત આ સાત બાળકોને સામાન્યજીવન જીવતાં કરવાનો પડકાર ઉપાડે છે.

નવલકથાની ધરી સમાન સુચેતા જાણે આઘાતપીડિત બાળકો માટે જ જન્મી હોય તેમ તેમના માટે અથાગ પ્રયત્નો કરે છે. ખૂબ જ ધીરજ અને સમજણ માંગી લેતાં આ કામમાં તે અન્ય સેવા-સંસ્થાઓમાં કાર્યરત તેના કેટલાંક સહાધ્યાયી મિત્રોની પણ સલાહ લે છે. ઘણીવાર તેને નિરાશા સાંપડે છે છતાં તે હારતી નથી, થાકતી નથી પરંતુ તેને એક મિશન ગણી અવિરત કાર્ય કરતી રહે છે. બાળકોને બોલતાં કરવાં, અન્ય બાળકો સાથે હળતાં-મળતાં કરવાં કે પછી કોર્ટ કેસ માટે તૈયાર કરવા જેવી અનેક પ્રવૃત્તિઓમાં તે સતત કાર્યરત રહેતી. તેના પિતાના મિત્ર પ્રમથેશભાઈની સલાહ અનુસાર તે બાળકોને એમનાં જ પ્રવાહમાં વિહરવા દે છે અને તેમાં તે સફળ થાય છે. હંમેશા બાળકોના યોગક્ષેમ માટે જ કાર્ય કરતી સુચેતામાં સંવેદનશીલતા અને કલ્પનાશીલતા જેવા ગુણો જોવા મળે છે. તે ગણેશને પોતાની જવાબદારી ગણે છે અને તેને પોતાની સાથે ઘેર લઈ જઈને ભણાવવાની તત્પરતા બતાવે છે. તો જીવનની પાછલી અવસ્થામાં તેના પિતાને કેન્સર જેવી ભયંકર બિમારી લાગુ પડે છે ત્યારે તે મમ્માના ઘરે આવે છે અને મૃત્યુપર્યંત તેમની સેવા કરે છે. વળી, પાંત્રીસ વર્ષની વયે પહોંચેલી સુચેતાને તેના મમ્મી લગ્ન કરવાની સલાહ આપે છે ત્યારે મમ્માને તે હૈયાધારણા આપતાં કહે છે, "કબૂલ. ગ્રંથીઓ છોડવા મથીશ, આઇ વીલ ટ્રાય માય બેસ્ટ અને આવકારવા જેવું કોઈ મળશે તો ગમે તે વયે 'વેલકમ' કહીશ, બારણાં બંધ નહીં કરું."[૨૧૪] અહીં સુચેતા સ્વભાવે ખુલ્લા મનની હોવાનો પરિચય મળે છે. અહીં સુચેતાનું પાત્ર ખૂબ જ મહત્ત્વનું છે. તે એક બાજું આઘાતપીડિત બાળકોની સારસંભાળ રાખવાની પોતાની ફરજ નિભાવે છે તો બીજી બાજું સંતાન તરીકે માતા-પિતાની સેવા કરવાની ફરજ નિભાવે છે. અહીં લેખિકાએ શિક્ષિત અને સંસ્કારી દીકરી તરીકે સુચેતાના પાત્રને આકર્ષક રીતે આલેખ્યું છે.

સુચેતાની સાથે સાથે આ નવલકથામાં સાત બાળકો - બુલ્લાં, દલવીર, રજત, રેણુ, સલમા, ગણેશ અને પૂરવ ઉપરાંત સુચેતાના માતાપિતા અને પ્રમથેશભાઈ જેવાં મહત્વના પાત્રો આલેખાયાં

છે. પૈસાની લાલચે અન્ય છોકરીઓને વેચી દેતો દારૂડિયો પતિ તેની સગી દીકરીને પણ વેચી દેશે એવી આશંકાથી બુલ્લાની માએ તેનું ખૂન કર્યું હતું. પતિનું ખૂન કર્યું હોવાથી તેને જેલની સજા થાય છે. પિતાનું ખૂન અને માને થયેલી કારાવાસની સજાથી હચમચી ગયેલી બુલ્લાં મૂંગી થઈ ગઈ છે. સુચેતા બુલ્લાંને લઈને તેની માને મળવા જેલમાં જાય છે ત્યાં પણ બુલ્લાં કંઈ પણ બોલતી નથી. અન્ય બાળકો એકબીજા સાથે હળીમળી ગયાં હોવા છતાં બુલ્લાં સામાન્ય થઈ શક્તી નથી.

દલવીર વાવાઝોડાની જેમ પલકવારમાં તો ક્યાંનો ક્યાં પહોંચી જાય એવો ઝડપી દોડવીર! નિશાળમાં ભણવા જતો ત્યારે રમતના મેદાનમાં અવ્વલ આવતો. અને એટલે જ ઘરનાં લોકોએ તેનું મિલ્ખાસિંગ એવું લાડકું નામ પાડયું હતું. ખાવાપીવામાં અવ્વલ અને સાવ ભલોભોળો લાગતો દલવીર શરારતી પણ એટલો જ હતો. જેમ કે, રોયલ ચેરની લાકડી કાઢી લીધી હોય અને આવનાર બેસે તેવો ભોં ભેળો થાય છતાં વાંક બીજાનો જ નીકળે. આવા આનંદી જીવના મા-બાપ એક બસ અકસ્માતમાં મૃત્યુ પામે છે. મોડી રાતે ઘરે આવેલાં શબને જોઈ દલવીર સજ્જડ થઈ ગયો હતો; તેની આંખો ફાટી ગઈ હતી; જીભ ઠરી ગઈ હતી. આઘાતપીડિત દલવીર એક વર્ષ પછી ચચ્ચા સાથે દિલ્લી ફરવા આવેલો ત્યારે કોઈ મોટા માણસનું મૃત્યુ થવાથી દિલ્લીમાં હુલ્લડ ફાટી નીકળ્યું હતું. કેટલાક હિંસાખોરોએ એની આંખ સામે જ - દસ મિનિટથીયે ઓછા સમયમાં તલવારથી બે વ્યકિતના માથા ધડથી અલગ કરી નાખ્યાં તે તેણે જોયું હતું. ગોદડાં અને પટારા વચ્ચે ભરાયેલા દલવીરે બે વાળ જેટલી ફાટમાંથી લાલ રંગનો ધસમસતો પ્રવાહ જોયો ત્યારથી ભયભીત થયેલો તે બોલી નહોતો શકતો. હવે સુચેતાની પ્રેમાળ સારસંભાળને પરિણામે તે આઘાતમાંથી બહાર આવ્યો છે અને અન્ય બાળકો સાથે બોલતો થયો છે. સુચેતાના પ્રયત્નોથી દલવીર મેદાની રમતોની તાલીમ આપતા એક ઇન્સ્ટિટ્યૂટમાં તાલીમ લેવા જવાનો છે. જ્યાં દેશભરમાંથી ઉત્તમ રમતવીરો સામે રમીને તે પોતાની રમતમાં આગળ વધશે.

પહેલા ચપળ, બુદ્ધિશાળી અને જીવંત લાગતો રજત હવે ગીચ જંગલમાં ભૂલા પડેલા અબૂધ બાળક જેવો, પૂરેપૂરો ખોવાયેલો અને તેથી જ ગભરાયેલો લાગે છે. બાર-તેર વર્ષનો છોકરો મરવાનો વિચાર કરી શકે ? અને એ માટે ચોક્કસ ક્ષણ સુધ્ધાં પસંદ કરી શકે ? એ સવાલ સુચેતાને રજત વિશે વિચારવા મજબૂર કરે છે. રજત પૈસાદાર પરિવારમાં ઉછર્યો છે. પૈસાની કોઈ જ અગવડ નથી, પરંતુ તેને કુટુંબના બાળકોમાં અકારણ થતી સ્પર્ધા પસંદ નથી અને એટલે જ તેના પિતાએ તેને ‘ડફોળ’ ધારી લીધો છે. પિતાના આ વલણથી ક્રોધિત રજત એક દિવસ પરિવાર સાથે રેલ્વે

સ્ટેશને ઉભો હોય છે ત્યારે, આવતી ટ્રેન નીચે આપઘાત માટે અચાનક જ કૂદકો મારે છે. જોકે એક સાવધ સોલ્જરે તેનો હાથ ઝાલીને તેને ખેંચી લીધોને તે બચી જાય છે. પિતા સામેના વિદ્રોહને કારણે રજત મનમાં ખૂબ ઠાસીને બેઠો છે, પણ બોલતો નથી. આખરે રજતના પિતાએ તેને દૂરના એક હિલસ્ટેશનની બોર્ડિંગમાં અભ્યાસાર્થે મોકલ્યો ત્યારથી તેનામાં પરિવર્તન આવે છે. રજતને તેની સ્કૂલ તરફથી એક પ્રોજેક્ટ મળે છે જેમાં તે સુચેતાની સંસ્થા પાસેના એક ગામને 'ગામની એકેય વ્યક્તિ અક્ષરજ્ઞાન વગરની ન રહે' તે માટે દત્તક લે છે. સુચેતાને મળવા આવેલો રજત ખૂબ બદલાઈ ગયો હતો. કદાચ તેના પિતાએ તેને પોતાની પાસે જ રાખ્યો હોત તો તેનું વ્યક્તિત્વ ભીતરમાં સંકોચાઈને ઠીંગરાઈ ગયું હોત.

પોતાની નજર સામે જ પોતાની સગી બહેનની પિતા અને કાકાએ કરેલી હત્યાથી ડરી ગયેલી રેણુ આઘાતમાં સરી પડે છે, કંઈ જ બોલતી નથી. રેણુની મોટીબહેન સેવંતી તેની સાથે ભણતા ધનુના પ્રેમમાં પડી છે. નીચલી જાતિના છોકરા સાથે પ્રેમસંબંધથી જોડાયેલી સેવંતીને તેના પિતા ઘરમાં જ પૂરી રાખે છે, પરંતુ અઢાર વર્ષની સેવંતી લગ્ન માટે કાયદાનો સહારો લે છે. દીકરી પોતાની ઉપરવટ જઈને કોઈ નીચલી જ્ઞાતિના છોકરા સાથે લગ્ન કરે એ તેના પિતા અને કાકાને અસ્વીકાર્ય હોવાથી સેવંતીનો ઘરમાં જ તલવાર વડે શિરચ્છેદ કરે છે. પિતા અને કાકાને સેવંતીનો શિરચ્છેદ કરતા રેણુએ જોયા હોવાથી કોર્ટમાં તેની જુબાની ખૂબ જ મહત્વની બને છે. સુચેતા રેણુને જુબાની માટે તૈયાર કરે છે. એકવાર ધનુ જ્યારે રેણુને મળવા આવે છે ત્યારે તે હીબકે ચડે છે, તેને પિતા-કાકાએ મોટીબહેનનો ક્રૂરતાપૂર્વક કરેલો શિરચ્છેદ યાદ આવે છે. રેણુ અત્યંત ડરેલી હોવા છતાં કોર્ટમાં તેના પિતા અને કાકા વિરૂદ્ધ જુબાની આપવા તૈયાર થાય છે.

રેણુ જેવું જ બીજું પાત્ર છે સલમા. કોમી રમખાણમાં સલમાના માતાપિતાને હુલ્લડખોરોએ ઘરમાં જીવતાં સળગાવી દીધાં હતાં. બજારમાંથી તેલ અને લોટ લેવા ગયેલી તેને આવતા મોડું થાય છે ને તે બચી જાય છે. પોતાના માબાપ સમેત આખી ચાલી સળગીને ખાખ થયેલી જોઈ તે રડી રડીને પાગલ જેવી થઈ જાય છે. પોતાના નિર્દોષ માતાપિતાએ ક્યારેય કોઈનું ખોટું ન કર્યું હોવા છતાં તેમને શા માટે બાળી મૂક્યાં હશે ? તે સલમાને સમજાતું નથી. રાહત કેમ્પમાં સલમા અન્ય બાળકો સાથે રહે છે છતાં તે તેમની જેમ સામાન્ય જીવન જીવી શકતી નથી. સુચેતાના પ્રયત્નોને કારણે જ સલમા હવે બોલવા તો લાગે છે, પરંતુ અન્ય બાળકો સાથે હળવા-ભળવામાં સંકોચ અનુભવે છે. સલમા કોર્ટમાં જુબાની આપી શકે તે માટે સુચેતા તેને તૈયાર કરે છે. સુચેતાના પ્રયત્નો ફળે છે અને

કોર્ટમાં સલમાએ પોતે સગી આંખે જે જોયેલું તે સાક્ષીરૂપે કહી સંભળાવે છે. કોર્ટનો ચુકાદો સલમાની તરફેણમાં આવવાથી તેની હિંમત અને બહાદૂરીના વખાણ કરતા લેખો ફોટા સાથે ન્યૂઝ, છાપાંઓ અને સામયિકોમાં આવે છે. અહીં સંવેદનશીલ સ્વભાવની સલમા કોર્ટમાં જુબાની આપીને નીડર અને હિંમતવાન બને છે અને પોતાનો હક્ક મેળવે છે.

ગણેશ ગુજરાત-રાજસ્થાનની સરહદેથી આવેલો આઘાતપીડિત છોકરો છે. ગણેશનો કિસ્સો વિચિત્ર કહી શકાય તેવો છે. નિશાળમાં કોઈ જડ અને અણઘડ શિક્ષકે ગણેશના દોસ્ત પર ચોરીનો આરોપ મૂક્યો કે તેણે ક્લાસમાંથી કોઈના પંદર-વીસ રૂપિયાની ચોરી કરી છે. શિક્ષક દ્વારા પોતાના પર મૂકાયેલા આક્ષેપથી દુઃખી થયેલ ગણેશનો મિત્ર ખિસ્સામાં પથ્થર ભરી નહેરના પાણીમાં પડીને આપઘાત કરે છે. ગણેશને આ બનાવથી ખૂબ આઘાત લાગે છે તેથી સાઈકલ પર જતા શિક્ષકને પછાડી તેને ભરપેટ ગાળો દે છે. આવા શિક્ષકો પાસેથી શું ભણવા મળે એમ બબડી ગણેશ પોતાની ચોપડીઓ સળગાવી મૂકે છે. ગણેશમાં ઠાંસી-ઠાંસીને ગુસ્સો ભરાયેલો છે અને આ ગુસ્સાને ખતમ કરવાનો પડકાર હવે સુચેતાના શિરે છે. સુચેતા ગણેશને પોતાની જવાબદારી સમજી તેને ભણાવવાનું બીડું ઝડપે છે. ટૂંકમાં, સુચેતા હવે ગણેશને ઉત્સાહભર્યો અને કંઇક કરતો જોવા માંગે છે.

પૂરવ ઓબ્ઝર્વેશન હોમમાંથી સુચેતા પાસે આવ્યો છે. પૂરવ એના માબાપ માટે વણજોઈતું સંતાન હતો. પૂરવના પિતાને એમ લાગે છે કે પૂરવ તેનો પુત્ર નથી તેથી સાડાચાર વર્ષના પૂરવને તેમણે અનવૉન્ટેડ ગણી ઓબ્ઝર્વેશન હોમમાં મૂકી દીધો હતો. પૂરવના મામા-મામી અને ફોઈ પણ નિઃસંતાન હોવા છતાં તેને દત્તક લઈ ઝમેલામાં પડવાં માંગતાં નથી. તેની માને વાઈનું દર્દ છે, ગમે ત્યારે ખેંચ આવે એમ હોવાથી તે પૂરવને પોતાની પાસે રાખી શકે તેમ નથી. પોતે પોતાના માબાપ માટેય અનવૉન્ટેડ છે એવી ખબર પડતા પૂરવ મનથી ઉપેક્ષિત એવો તે એકલવાયો બની ગયો છે. આમ, મરણતોલ ઘા વેઠતા આ છોકરાની સુચેતા ખૂબ પ્યારથી સારસંભાળ રાખે છે.

સુચેતા અને આ સાત બાળકોના પાત્રો ઉપરાંત સુચેતાના માતા-પિતા અને પ્રમથેશભાઈના પાત્રો પણ નોંધનીય છે. સુચેતાના પિતા પોતાના નિશ્ચિત ધોરણોને આધારે જીવન જીવતા સ્વકેન્દ્રી અને મહત્વાકાંક્ષી વ્યક્તિ છે. તેમને ટોચ પર પહોંચવા માટે અનૈતિક સાધનોનો ઉપયોગ કરવામાંય ખચકાટ નહોતો. આવા પતિ સાથે વૈચારિક સમાધાન ન કરી શકવાને કારણે સુચેતાની મમ્મી ગૃહત્યાગ કરે છે. જોકે સુચેતાના પિતાએ સુચેતા માટે ઘણું કર્યું હતું. શહેરની ઉત્તમ શિક્ષણસંસ્થામાં

તેને ભણાવી હતી. ઉચ્ચ અભ્યાસ માટે હોસ્ટેલના પ્રવેશથી માંડી વિદેશમાં ઉચ્ચ ડિગ્રી માટે સુચેતાને મોકલે છે. જીવનના અંતિમ પડાવે તેમને કેન્સર જેવી જીવલેણ બિમારી લાગુ પડે છે ત્યારે તે પત્ની અને દીકરી પાસે અંતિમ દિવસે વિતાવવાનું જણાંવે છે. મિત્રો સાથે ડ્રિન્ક્સ લેતા, પાર્ટી કરતા અને મોડે સુધી જાગતા પિતાના વર્તન સાથે મેળ ન હોવા છતાં સુચેતા અને તેની મમ્મી તેમના જીવનના અંતિમ તબક્કે સાથે રહે છે. અહીં સુચેતાના પિતાનું પાત્ર નવા જમાનાના લોકોની વિચારરણીનું પ્રતિનિધિત્વ કરે છે.

સુચેતાની મમ્માને પતિના વર્તન અને વિચારો સાથે મેળ ન ખાતા દસ વર્ષની સુચેતાને મૂકીને ગૃહત્યાગ કરે છે. પતિના વ્યવહારથી ગુસ્સે ભરાયેલ તે, 'યુ ડોન્ટ ડીઝર્વ માય લાવ... યુ આર અ ક્રૂઅલ સેલ્ફ સેન્ટર્ડ બ્રૂટ...'[૨૧૫] એમ સંભળાવી દે છે. હોસ્ટેલમાં રહેતી સુચેતાને તે અવારનવાર ફોન કરી લેતી તો કોઈવાર રૂબરૂ પણ મળવા જતી. તે સુચેતાને લગ્ન કરી લેવાની સલાહ આપે છે. તો 'ગંધાતો માણસ' એવા પતિને જીવનની સંધ્યાએ કેન્સર છે એવી જાણ થતાં તે પોતાને ત્યાં લઈ આવે છે અને આખરી સમય સુધી તેની સેવા કરે છે. અહીં સુચેતાની માનું પાત્ર એક સ્વમાની, અણગમતા વ્યવહારથી પરહેજ રાખનાર અને દીકરી પ્રત્યે પ્રેમાળ માની ગરજ સારનાર તરીકેનું આલેખાયું છે.

પ્રમથેશભાઈ સુચેતાના પિતાના ખાસ મિત્ર હતા. તેઓ જુદે જુદે ઠેકાણે, નકસલવાદીઓના અને એમના દ્વારા માર્યા ગયેલા પોલીસકર્મીઓનાં છોકરાંઓ સાથે ત્રણ વર્ષ કાઢે છે. આસામ અને હિમાચલપ્રદેશ જેવા અનેક રાજ્યોમાં તેઓ આવું કામ કરતા રહે છે. માતાપિતાના પેટે એકમાત્ર સંતાન એવા પ્રમથેશભાઈને પત્ની ખરી પણ બાળકો નથી. સુચેતાના પિતાના સમાચાર જાણીને તે ખબરઅંતર કાઢવા તેમના ઘરે આવે છે. દરમિયાન સુચેતા સાથે મુલાકાત થતાં સુચેતા પણ તેમની જેમ આઘાતપીડિત બાળકો માટે કામ કરે છે એવું જાણી ખુશ થાય છે. તેઓ સુચેતાને સલાહ આપતા જણાવે છે કે બાળકોને તેમના જ પ્રવાહમાં ભળવા દેવાં. જે સલાહથી સુચેતાને ફાયદો પણ થાય છે. ગણેશને પોતાની સાથે લઈ જઈ ભણાવવાની જવાબદારી સ્વીકારવાનું કહે છે. જ્યારે પણ સુચેતાને સલાહની જરૂર પડે ત્યારે તેઓ તરત જ સલાહકારના રૂપમાં હાજર થઈ જતા. આવા પ્રમથેશભાઈના પત્ની બાસઠ વર્ષની વયે આપઘાત કરે છે. પ્રમથેશભાઈ એકમાત્ર સહારો એવી પત્નીના આપઘાતથી તૂટી જાય છે. અહીં પ્રમથેશભાઈનું પાત્ર પરગજુ સ્વભાવવાળા સેવાભાવી વ્યક્તિની છાપ ધરાવે છે.

આ નવલકથાના અન્ય ગૌણ પાત્રોમાં મારીઆ, ડૉ.ફ્રાન્ક, બબીફોઈ, ડૉ.રત્ના જયકર, બદરુ, ચંપા, અનુપમા, બુલ્લાંની મા, દિવ્યબાળા, ધનુ, ગોપાલ, સરયૂ, પરાશર, દીપા, વિષ્ણુ વગેરેનો સમાવેશ થાય છે, જેમનો આ નવલકથામાં અછડતો ઉલ્લેખ થયો છે.

૩.૩.૩.૩. 'સપ્તધારા'ની રચનારીતિ

આઘાતથી મૂઢ બનેલાં સાત બાળકોની વાત હિમાંશી શેલતે 'સપ્તધારા' નવલકથામાં ૧૦૫ પાનામાં વણી લીધી છે. બુલ્લાં, દલવીર, રજત, રેણુ, સલમા, ગણેશ અને પૂરવની આઘાતક પરિસ્થિતિથી ઉત્પન્ન થયેલી સમસ્યાઓની સાથે લેખિકાએ કથાના સંઘટનસૂત્ર એવી સુચેતાના બાળપણને પણ ગૂંથી લઈ કૃતિને દસ્તાવેજી બનતા અટકાવી છે. નવલકથામાં આ સાત બાળકોનાં બાળપણ, તેમની સાથે ઘટેલી ઘટનાઓ, આ ઘટનાઓને કારણે તેમનાં જીવનમાં ઉત્પન્ન થયેલી સમસ્યાઓની સાથે સાથે સુચેતાનું બાળપણ પણ પડઘાતું રહે છે. સુચેતાને પણ બાળપણમાં ખૂબ જ આઘાત સહન કરવો પડયો હતો. મમ્મી-પપ્પા વચ્ચેના ઝઘડાની સાથે સાથે મમ્મીના ગૃહત્યાગ અને અને પપ્પા દ્વારા મમ્મીને ન રોકી શકાયાની અસમર્થતાની તે સાક્ષી બની હતી. રડી કરીને એકલતામાં દિવસો પસાર કરનાર સુચેતાને મા વિના પિતા સાથે એકલા રહીને બાળપણ પસાર કરવું પડયું હતું. પૈસાની કોઈ અગવડ ન હોવા છતાં, છતી માએ નમાયું બાળપણ વીતાવવાનું સુચેતાને ભારે દુઃખ હતું.

લેખિકાએ અહીં સાત બાળકોના વર્તમાનની સાથે સુચેતાના અતીતને સાંકળી - Juxta Position ની પ્રયુક્તિ દ્વારા પાત્રોની વેદના સંવેદનાને આલેખી છે. સલમાની જુબાનીના લીધે કોર્ટનો ચૂકાદો તેની તરફેણમાં આવે છે તેથી સલમાને અભિનંદન આપવા સુચેતાના મમ્મી-પપ્પા ફોન કરે છે. આ સમયે સુચેતાને પોતાનો ભૂતકાળ યાદ આવે છે કે જ્યારે તેને વકતૃત્ત્વસ્પર્ધામાં શિલ્ડ મળ્યું હતું તેની ઉજવણીમાં તેના માતા-પિતાને શાળામાં બોલાવ્યાં હોવા છતાં તેઓ નહોતા આવ્યાં ત્યારે સુચેતાને ખુબ લાગી આવે છે અને તેનો અંદરનો ઉમળકો મરી જાય છે. એ વાતને અહીં સલમાની જીતની ખુશી સાથે સાંકળવા લેખિકાએ Juxta Position ની પ્રયુક્તિનો પ્રયોગ કર્યો છે. તેવી જ રીતે પરિકથામાં ભાગ ન લેતાં બાળકોને જોઈ સુચેતાને રાતે ઊંઘ આવતી નથી ત્યારે તેના આ વર્તમાન સાથે લેખિકા સુચેતાના ભૂતકાળને જોડે છે. સુચેતા દસ વર્ષની હતી ત્યારે તેની મમ્મા તેને છોડીને જઈ રહી હતી અને તેના પપ્પા તેનો રસ્તો રોકવાના વ્યર્થ પ્રયત્નો કરી રહ્યા હતા.

અહીં માતાથી વિખૂટા પડવાની ક્ષણને જોડવા લેખિકાએ Juxta Position ની પ્રયુક્તિનો પ્રયોગ કર્યો છે. લેખિકાએ પ્રયોજેલી આ પ્રકારની રચનારીતિ સંદર્ભે ઈલા નાયક નોંધે છે, "પરીકથામાં રસ ન લેતાં બાળકોને જોઈ તેને રાત્રે ઊંઘ આવતી નથી ત્યારે તેને માતાથી વિખૂટા પડવાની ક્ષણ યાદ આવે છે અને એમ નાયિકાની પૂર્વકથા બાળકોની વાત સાથે વણાતી રહે છે. સમગ્ર નવલકથા આ રચનારીતિથી ગૂંથાઈ છે. કથાનું આવું રૂપ એનું આગવું વ્યક્તિત્વ પ્રગટ કરે છે. કથા સમયના ચાર સ્તરે વિહરે છે : બાળકોનો વર્તમાન, નાયિકાનો વર્તમાન, બાળકોનો ભૂતકાળ, નાયિકાનો ભૂતકાળ - એમ સહજ રીતે એકમાંથી બીજી ડાળી ફૂટે એવી રીતે કથા રચના થઈ છે, અને એક સુંદર ભાત ઊપસી છે."[૨૧૬]

નવલકથાની રચનામાં તેનો આરંભ અને અંત ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ નવલકથાનો આરંભ સુચેતા બાળકોને પાંખાળા ઘોડા પર બેસીને વાદળના દેશમાં પહોંચી જતી રાજકુંવરીની વાર્તા કહે છે ત્યાંથી થાય છે. સુચેતા આઘાતમૂઢ બનેલાં આ સાત બાળકોને રસપૂર્વક પરીકથા કહેવામાં ઓતપ્રોત છે પરંતુ આ પરીકથા બુલ્લાં અને રેણુ જેવાં બાળકોને આકર્ષી શકતી નથી. સુચેતા પંદર મિનિટનો વિરામ જાહેર કરે છે. છૂટ મળવાથી ખુશ થયેલાં બાળકો - 'સાત આકાર કુંડાળામાંથી અલગ થયા, આમ તેમ, વેરવિખેર.' - હાશકારો અનુભવે છે. આવાં દશ્યથી કથાનો ઉઘાડ થાય છે એ સાથે જ લેખિકા બાળકોના વર્તન-વ્યવહારથી માંડી સુચેતા સામે આવનારા પડકાર વિશે ભાવકને માહિતગાર કરી દે છે.

નવલકથાને અંતે સુચેતા અને તેની મમ્મીની વાતચીત થાય છે. સુચેતાના પિતાનું અવસાન થવાથી એકલી પડેલી મમ્માને સધિયારો આપવા તે મમ્મા સાથે હોય છે. થોડા દિવસો પછી બાળકો પાસે પાછી ફરતી વખતે સુચેતાને તેની મમ્મા સમજાવતા કહે છે કે તે ભલે બાળકો ન રાખે પરંતુ એક સાથીદાર અર્થાત્ પોતાનો સંસાર હોવો જોઈએ. ત્યારે સુચેતા મમ્માને હૈયાધારણા આપતા કહે છે કે, "કબૂલ. ગ્રંથીઓ છોડવા મથીશ, આઇ વીલ ટ્રાય માય બેસ્ટ અને આવકારવા જેવું કોઈ મળશે તો ગમે તે વયે 'વેલકમ' કહીશ, બારણાં બંધ નહીં કરું."[૨૧૭] સુચેતાના આ જવાબથી તેની મમ્મી ખુશ થાય છે. સુચેતામાં થયેલ આ રૂપાંતરને જોઈ તેને આશ્ચર્ય થાય છે ત્યાં નવલકથા પૂર્ણ થાય છે.

સર્વજ્ઞ કથનકેન્દ્રથી લખાયેલ આ નવલકથામાં સુચેતાના ચરિત્રને આલેખવામાં લેખિકાનો અનુભવ અને તેને અભિવ્યક્ત કરવા માટે પ્રયોજાયેલ ભાષા અને શબ્દનું સંયોજન મહત્ત્વપૂર્ણ બની

રહે છે. કથન, વર્ણન અને સંવાદની સાથે ભાષાના ઉચિત પ્રયોગથી લેખિકાએ અહીં કથાની સુરેખ ગૂંથણી કરી છે. આ સંદર્ભે ઈલા નાયક નોંધે છે, “અહીં વર્ણન કરતાં કથન અને સંવાદ વધુ છે. કથનની જુદી જુદી તરાહો અને તેના કાકુઓ, વાક્યલય, અને એમાં નિહિત દૃશ્યાત્મકતા આ કથાનું નાટયરૂપાંતર કરવા માટે સક્ષમ છે.”[૨૧૮]

ટૂંકી વાર્તામાં મહત્ત્વપૂર્ણ પ્રદાન કરનાર લેખિકાએ આ દરેક બાળકની વાતને વાર્તારૂપે કહી શક્યાં હોત, પરંતુ તે વાર્તારૂપે વેરવિખેર રહી જતી લાગી તેથી જ તેમણે આ નવલકથાનું સર્જન કર્યું. આ નવલકથાની રચના વિશે બાબુ દાવલપુરા નોંધે છે, “નવલકથામાં પ્રસંગોપાત વણી લેવાયેલ સુચેતાનાં શૈશવ, શિક્ષણ, સંસ્કાર-ઘડતર અને આઘાતપીડિત બાળકોને સમધારણ સાહજિક જીવનની દિશામાં લઈ જવાની તેની સુચિંતિત યુક્તિ-પ્રયુક્તિઓ, યોજનાઓ અને પ્રવૃત્તિઓના તાણાવાણા સુપેરે ગંથાયેલા છે. સાતેય સમસ્યાગ્રસ્ત બાળકોની સામાજિક-આર્થિક-પારિવારિક પરિસ્થિતિ અને તેમને વેઠવા પડેલા આઘાતો પાછળ રહેલાં ભિન્ન-ભિન્ન કારણો યથાસ્થાને સવિગત દર્શાવાયાં છે.”[૨૧૯]

૩.૩.૩.૪. ‘સપ્તધારા’ની ભાષાશૈલી અને વર્ણનો

આ નવલકથામાં નિરૂપાયેલ ભાષા સંદર્ભે ઈલા નાયક નોંધે છે, “આ કથામાં જે તીવ્રતાથી સંવેદન નિરૂપાયું છે તેમાં ભાષાનો બહુ મોટો ફાળો છે. ટૂંકા ટૂંકા વાક્યોનાં સંયોજનો દ્વારા લેખિકા સંવેદનો અસરકારક રીતે વ્યક્ત કરે છે. ક્યારેક આવી શૈલી વાસ્તવને દશ્યાત્મક બનાવવામાં ઉપકારક બને છે. જેમકે, ‘સાત આકાર કુંડાળામાંથી અલગ થયા આમતેમ, વેરવિખેર. સુચેતા એમને જોઈ રહી. ચૌદ પગ ખરા પણ ન દોડાદોડ, ન ચંચળતા. ધીમા. અક્કેક ડગલું મણબંધી ભારવાળું.’[૨૨૦] અહીં ડરામણી વાસ્તવિકતાથી થીજેલાં બાળકો સાક્ષાત્ થઈ રહે છે.”[૨૨૧]

લાઘવપૂર્ણ ભાષાકર્મ પાસેથી ઉચિત કામ લેનારા હિમાંશી શેલતે અહીં કેટલાંક રૂઢિપ્રયોગો અને કહેવતોનો પણ પ્રયોગ કર્યો છે. જોઈએ કેટલાંક ઉદાહરણો...

- સુચેતા સહેજ ભોંઠી પડી.[૨૨૨]
- એનો ચહેરો કશા ભાવ વિનાનો, કોરો કટ્ટ હતો. સુચેતા ઓલવાઈ ગઈ.[૨૨૩]
- મોડી રાતે શબ ઘેર આવ્યાં. દલવીર સજ્જડ થઈ ગયો. આંખ ફાટી ગઈ. જીભ ઠરી ગઈ.[૨૨૪]
- બેચેની જાણે હૈયું ફાડીને નીકળતી હતી.[૨૨૫]

- સુચેતા સળગતી રહી.[૨૨૬]
- રજત દાંત ભીંસીને એના ક્રોધને વળ ચડાવતો રહ્યો.[૨૨૭]
- ગુસ્સામાં ધનુનો અવાજ ફાટી ગયો હતો.[૨૨૮]
- : હવે તું એમ માને છે કે આ બધી દીકરીઓનાં ભાઈ-બેન રેણુની જેમ પથ્થર બની ગયાં હશે?

  મારીઆના સવાલમાં વજન તો હતું જ.[૨૨૯]
- સુચેતાને જાત પર ખીજ ચડી.[૨૩૦]
- મમ્માનું મોં કરમાઈ ગયું.[૨૩૧]
- સુચેતાનું લમણું તમતમી ગયું.[૨૩૨]

  લેખિકાએ 'સપ્તધારા'માં લાઘવપૂર્ણ વાક્યરચનાની સાથે સાથે કલ્પન, પ્રતીક અને પુરાકલ્પન જેવી ભાષાની જુદી જુદી તરેહનો ઉપયોગ કર્યો છે. જોઈએ કેટલાક ઉદાહરણો...
- સુચેતા એ વેરણછેરણ કાળાશ જોઈ રહી.[૨૩૩]
- એકાએક સુચેતા જુદા ગ્રહ પર ફેંકાઈ ગઈ.[૨૩૪]
- કાનમાં પ્રહાર થયો હોય એમ ચચરતું હતું.[૨૩૫]
- કેવળ બદરુનો આનંદભર્યો અવાજ એ લીલાશમાં આમથી તેમ ઊડતો હતો.[૨૩૬]
- સાત જણનો કિલ્લો અભેદ્ય હતો. કોના સ્પર્શે દરવાજા ખૂલી શકશે ? ચૂરચૂર થયેલા આત્મવિશ્વાસની રજેરજ ભેગી કરવાનું કામ કપરું હતું.[૨૩૭]
- દરિયો સમેટાયો અને અજવાળું થયું ત્યારે સહુથી પહેલી તાળી રજતની પડી.[૨૩૮]
- તોયે સહેજસાજ મલકાટ તો ચહેરા પર રમવા લાગ્યો હતો. ધમાલમસ્તી નહોતાં તોયે હળવાશ આવી ગઈ હતી.[૨૩૯]
- સરંજામ બહાર ખડકાયો અને ગાડીમાં ગોઠવાયો.[૨૪૦]
- સુચેતાએ ઊંડા ઊંડા શ્વાસમાં ખૂણે ખૂણાની ગંધ સમેટી.[૨૪૧]
- એમના ખડખડાટ હાસ્યથી સાંજનો અવકાશ છલકાઈ જતો. એ ખાલી ખૂણો ફરી ભરી ન શકાયો.[૨૪૨]

નવલકથામાં કેટલીક જગ્યાએ હિન્દી તેમજ અંગ્રેજી મિશ્રિત ગુજરાતી ભાષાનો પણ પ્રયોગ થયો છે…

- : દલવીર કા રહેણા કપુરથલા. માબાપ તો હૈ નહીં. ચચ્ચા કે સાથ ઘુમને આયા થા દેલ્લી. અબ નીકલને સે પહેલે હી દંગા હો ગયા જી. આપ કો તો પતા હૈ ન સબ ?[૨૪૩]
- : બાદ મેં દલવીર કો દૂર કે રીશ્તેદાર લે ગયે. દલવીર ગયા તબ ભી એસે હી ચૂપ સા. જૈસે કીસીને જબાન કાટ દી હો…[૨૪૪]
- : અબ મારતે ક્યૂં હો બચ્ચે કો ?[૨૪૫]
- : છોકરીઓને પઢાઈ કરવા જ ન દો ! ગામમાં જાહેર કરી દો.
  : પાંચ ચોપડીની પઢાઈ ઠીક છે, આગે કંઈ નહીં. કામ કરો ઘરનાં.[૨૪૬]
- : સાલી, કજાત રંડી, કુલછની, મર તૂ… ભુગત તેરી કરની…[૨૪૭]
- : રજત કો હી પૂછો. અચ્છા લગે તો યહાં આવે… મરજી ઉસકી.[૨૪૮]
- જો ડર ગયા, સો મર ગયા ![૨૪૯]

અંગ્રેજી ભાષાનો પ્રયોગ થયો હોય તેવાં કેટલાંક ઉદાહરણો…

- : યુ ડૉન્ટ ડીઝર્વ માય લવ…યુ આર અ ક્રૂઅલ સેલ્ફ સેન્ટર્ડ બ્રૂટ…[૨૫૦]
- : યુ મસ્ટ કમ એન્ડ મીટ હર… એણે ખૂબ કામ કર્યૂં છે. યુ મે ગેટ સમ આઇડિયાઝ ફ્રોમ હર… અનયુઝવલ વિચારો હોય છે એના. શી ખબર તને બી ડિરેકશન મળી જાય કોઈ![૨૫૧]
- હી વોન્ટ્સ ટુ કમ બેક…[૨૫૨]
- : સો… માય યંગ લેડી, વોટ ડુ વી ડુ નાઉ ?[૨૫૩]
- આ છોકરો - આપણો પૂરવ - ત્યારે માત્ર સાત-આઠનો હશે, સ્ટીલ હી નોટીસ્ડ ઈટ એન્ડ ફેલ્ટ વેરી અનકમ્ફર્ટેબલ. આપણે બાળકોની મરક્યુરીઅલ સેન્સીટીવિટીનો વિચાર કેમ નથી કરતાં ?[૨૫૪]

લેખિકાએ આ નવલકથામાં જરૂરી હોય એવી કેટલીક જગ્યાએ વર્ણનોનો પણ પ્રયોગ કર્યો છે જેથી તેઓ પાત્ર અને પ્રસંગની વાસ્તવિકતાનું દર્શન કરાવી શકે…

સુચેતાની મમ્મા તેને નોંધારી છોડીને ગૃહત્યાગ કરે છે તે સમયનું વર્ણન…

"દસેક વર્ષની એક છોકરી, ડઘાયેલી, બેબાકળી, ડૂસકાં દબાવીને સોફા પાછળ ઊભી ઊભી પોતાની માને ચકળવકળ જોયા કરે છે. પુરુષ રસ્તો રોકવાના ઠાલા પ્રયાસ કરી રહ્યો છે."[૨૫૫]

- જેલમાં બુલ્લાં અને તેની મા સાથે થયેલ મુલાકાત સમયનું વર્ણન...

"બુલ્લાંની મા ટેબલ પર ચપ્પટ હથેલી રાખીને ટટ્ટાર બેસે. ક્યારેક લિંપણ કરતી હોય એમ હથેલીને અર્ધગોળાકારમાં ફેરવે. સામે બુલ્લાં એના સ્કર્ટને ખેંચતી રહે કે પછી કાનમાં પહેરેલા ચાંદીના પાતળા તારને ગોળ ગોળ ઘુમાવે. એની આંખો સામેની દીવાલ પર ચોંટેલી રહે. માના ધાબડધીંગા શ્વાસ આખા ઓરડામાં સંભળાયા કરે. એ શ્વાસનું અલગ અસ્તિત્વ હોય એવું સુચેતાને લાગતું. દેહથી સ્વતંત્ર."[૨૫૬]

- સુચેતાની સંસ્થામાં કૂંડાઓ સાફ કરીને તેને રંગવાના સમયે...

"ઈંટો પરથી કૂંડાં ખસ્યાં કે નીચેની કીડી-વસાહતમાં ધમાલ મચી ગઈ. કાળી કીડીઓનાં ઝૂંડ, નિર્દોષ, કરડી ન શકે. કોઈના હાથ પર ચડી ગઈ, તો કોઈના પગ પર, કૂંડા આમતેમ ગોઠવાય કે ઈંટો જરાતરા ખસે એમાં તો કેટલીયે મરી ગઈ. કશાયે કોલાહલ વગર."[૨૫૭] કોમી રમખાણ સમયે સળગાવેલી ચાલીનું સલમાની આંખે જોયું વર્ણન...

"આખેઆખી ચાલ ભડકે બળતી હતી. મોટી આગના ભડકા અને ધુમાડાના ગોટેગોટા ડરામણા લાગતા હતા, આગળ વધી ન શકાય એવા વિકરાળ. સલમા અબ્બુ-અમ્મીના નામની પોક પાડી પાડીને પાગલ થઈ ગઈ, તોયે ઘર અને ચાલ બળતા જ રહ્યાં. આગ ઓલવવા માટે બંબા આવ્યા ત્યારે બચાવવા જેવું કંઈ બાકી નહોતું રહ્યું."[૨૫૮]

- પડદા પર દશ્ય-શ્રાવ્ય કલ્પના વડે આલેખાયેલું સેવંતીનું વર્ણન...

"સામે પડદો, તે પર દોડતી, નાચતી, કૂદતી એક રૂપકડી છોકરી. અરીસામાં ચહેરો જોતી, માને મદદ કરતી, દફતર લઈને ભણવા જતી, બસની રાહ જોતી, રેણુને ભણાવતી, બાપુને ફાળિયું અને લાકડી ધરતી, ખિલખિલાટ હસતી."[૨૫૯]

આમ, પ્રસ્તુત નવલકથામાં લેખિકાએ ટૂંકા ટૂંકા વાક્યોના સંયોજન દ્વારા પાત્રોના પ્રગટતાં સંવેદનો અસરકારક રીતે નિરૂપ્યાં છે. તો સાથે સાથે દશ્યાત્મક વર્ણનો નવલકથાની રજૂઆતને અસરકારક બનાવે છે.

૩.૩.૩.૫. 'સપ્તધારા'માં આલેખાયેલ સંવાદઃ

નવલકથામાં પાત્રાલેખન પછી સંવાદ મહત્ત્વનું અંગ છે. ટૂંકી વાર્તા હોય, નવલકથા હોય કે નાટક હોય પરંતુ પાત્રોમાં જીવંતતા લાવવા સર્જક સંવાદનો જ આધાર લે છે. પાત્રોની એકબીજા વચ્ચે થતી વાતચીતના આધારે જ તે પોતાના હૈયા ખોલે છે. આથી પાત્રના વ્યક્તિત્વને ઉપસાવવા, તેના વિચાર કે વિરોધને વ્યક્ત કરવા સર્જક સંવાદ પાસેથી ધાર્યું કામ લે છે. 'સપ્તધારા'માં આઘાતપીડિત સાત બાળકોની વાત કહેવાઈ છે. આ સાતેય બાળકોના આઘાતની પીડા હળવી કરી તેમને મુખ્ય પ્રવાહમાં લાવી શકાય તે માટે નવલકથાની નાયિકા સુચેતા તેમની સાથે વારંવાર વાતચીત કરવાનો પ્રયત્ન કરે છે. આ નવલકથામાં પ્રયોજાયેલ સંવાદોના કેટલાંક ઉદાહરણ જોઈએ...

હૉસ્ટેલમાં ખબરઅંતર પૂછવા આવેલી સુચેતાની મમ્મા અને સુચેતા વચ્ચે થયેલ મા-દીકરી વચ્ચેનો વહાલથી ભર્યો સંવાદ...

: ફાવી ગયું અહીં ?

: સારું છે... ગમે છે.

: રજાઓમાં આવીશ ને ?

: અઠવાડિયું મળે તો જ... બે-ત્રણ દિવસની જ રજા હોય તો નહીં.

: અત્યારે ક્યાંયે જવું છે ? મોટર છે. કંઈ ખરીદવું છે ?

: ના, બધું લઈને આવી છું.[૨૬૦]

પૂરવ વિશેની માહિતી એકઠી કરવા સુચેતા ઑબ્ઝર્વેશન હોમ જાય છે ત્યારે ત્યાંના ઓફિસર સાથે થયેલ સંવાદ...

: હાં, તો બોલો સુચેતાબેન, શા ખબર છે ?

: મારે જરા પૂરવ વિશે થોડી, ખાસ કહેવાય એવી...

: પૂરવ ? કયો પૂરવ ?

: મારી સાથે આવ્યો તે, એક જ પૂરવને હું તો જાણું છું.

: ઓ...! પેલો અનવૉન્ટેડ છોકરો, યાદ આવી ગયું. એની ફાઇલ તો તમે જોયેલી, બરાબર ? સ્ટડી કરીને ગયેલા તમે, ઈફ આઇ રીમેમ્બર રાઇટ...

: હા,સ્ટડી કરેલી છતાં એક બાબતની ખબર ન પડી. પૂરવને એનાં મામા-મામી દત્તક લઈ શક્યાં હોત, ફોઈ પણ એમ કરી શક્યાં હોત, એમ કેમ ન થયું?

: સિમ્પલ. જે છોકરો મા-બાપ માટે અનવૉન્ટેડ તે આખા કુટુંબ માટે અનવૉન્ટેડ. સીધી વાત છે.[૨૬૧]

રજતને તેના માબાપ પાછો લેવા આવે છે ત્યારે ફોન પર સુચેતાનો રજત સાથે થયેલ સંવાદ...

: બેટા, તારે જવું છે અહીંથી ? સાચેસાચું કહેજે.

કશો ઉત્તર નહીં.

: રજત, તને પૂછું છું. બોલીશ તો મને સમજાશે. નહીં તો...

: શું કરું ? ખબર નથી પડતી.

રજતનો ખચકાતો સ્વર.

: અહીં અમારી સાથે નથી ગમતું ?

: ગમે છે, પણ કદાચ બીજેયે ગમે, મને ખબર નથી.

એટલે રજતનાં માબાપને કશું કહેવાનો અર્થ નહીં. વચ્ચે પડાય એવી સ્થિતિ નથી આ.

: ભલે, જા ! ઓલ ધ બેસ્ટ. ફોન કરતો રહેજે.[૨૬૨]

અદાલતમાં પોતાને વેચી દીધા વિશે જુબાની આપવા આવેલી એક ચૌદ વર્ષની છોકરી સાથે આવેલ એક તેજ છોકરો-ગોપાલ સાથે સુચેતાની થયેલી વાતચીત...

: નામ ક્યાં તેરા ?

: ગોપાલ.

: રહેના કહાં ?

: બમ્બઈ. પાંચ તક પઢા, બાદ મેં કામ. ચાય કી દુકાન પે.

: પઢના પસંદ હૈ ?

: પસંદ હૈ, બાબુજી બોલે કી જો રોજ અસ્સી રૂપૈયા દેવે ઉસે બોલ કે તેરેકુ સ્કૂલ ભેજે.

: અસ્સી રૂપૈયા ?

: યે મેરી કમાઈ રોજ કી. મહિને ભર કી કીત્તી ? સોચો, સાથ ખાનાપીના સો અલગ. સેઠ અચ્છે હૈં. કપડેબીપડે ભી દે. દેવે અગર ખુશ હો જાવે તો ![૨૬૩]

પ્રમથેશભાઈના પત્નીએ આપઘાત કર્યો એ સમાચાર વિશે સુચેતા અને તેની મમ્મી વચ્ચે થયેલ સંવાદ…

: કંઈ થયું મમ્મા ?

: હા, ભયાનક બની ગયું. વિશ્વાસમાં ન આવે એવું.

: કહે તો ખરી !

: પ્રમથેશની પત્નીએ - શી વોઝ સિક્સટી ટુ - આપઘાત કર્યો.

: ઓ માય ગોડ ! પણ કેમ ? આઈ મીન…

: કશી ખબર નથી. અહીં સમાચાર આવ્યા અને પ્રમથેશને જવું પડયું. આમ તો લાંબા સમયથી બંને ખાસ સાથે નહોતાં રહેતાં…

: ટેરીબલ થિંગ ટુ હેપન ! પ્રમથેશભાઈને તો કેટલો આઘાત લાગ્યો હશે ! એટલે કે આપઘાતનો.[૨૬૪]

આમ, લેખિકાએ અહીં ટૂંકા અને સાદા વાક્યોથી સંવાદોને આકર્ષક બનાવ્યા છે. તો કેટલીક જગ્યાએ હિન્દી અને અંગ્રેજી મિશ્રિત વાક્યો દ્વારા પાત્રોને નિખાલસતાથી પ્રગટવા દીધાં છે.

૩.૩.૩.૬. 'સપ્તધારા'માં નિરૂપાયેલ સમાજદર્શન

હિમાંશી શેલતે સમાજના જુદાંજુદાં વર્ગનાં લોકો સાથે કામ કર્યું છે. તેમણે તરછોડાયેલ-શોષિત-ગરીબ બાળકો, રૂપજીવીની સ્ત્રીઓ તેમજ વંચિત સમાજ અને વૃદ્ધો માટે પણ કામ કર્યું છે. આથી સમાજના આ બહોળા વર્ગનો તેમને ઊંડો પરિચય છે. આ નવલકથામાં એવાં બાળકોની વાત કહેવાઈ છે, જે બાળકો માતા-પિતા, કુટુંબ, સમાજ કે શિક્ષકોને કારણે કારમો આઘાત પામ્યાં છે, પીડા વેઠવી પડી છે, કુમળી વયે જીવનનો બોજ વેંઢારવો પડયો છે. નવલકથામાં આવાં અસામાન્ય બાળકોને મુખ્ય ધારામાં પાછાં લાવવા કથાની નાયિકા સુચેતા ઘણાં પ્રયત્નો કરે છે. જે સમાજને કારણે આ સાત બાળકોને આઘાત સહન કરવો પડે છે તેવા સમાજની હકીકતના દર્શન કરાવતાં મણિલાલ હ. પટેલ નોંધે છે, "આ સાતેય બાળકોના ટ્રોમાની વાત, આછી અમથી રીતે કહેતાં કહેતાં હિમાંશી શેલતે આપણા સાંપ્રત સમાજનું ચિત્ર આપી દીધું છે. સ્વાર્થી, જડ, બેજવાબદાર,

અનૈતિક, લોલુપ-લાલચી, સડેલો-ગંધાતો, સત્તાના મદમાં ચકચૂર મૂલ્યહીન આ સમાજ આપણને અજંપ કરી દે એવો છે. તો એમાં આ બાળકોનું તો શું ગજું ?!"[૨૬૫]

આ નવલકથામાં જે સાત બાળકોની વાત કરવામાં આવી છે તેઓ કઈ સામાજીક પરિસ્થિતિમાંથી આવ્યાં છે તે વિશે જાણવાથી તેમના વિશેનો ખ્યાલ વધુ સ્પષ્ટ થશે. -

૧.બુલ્લાંનો બાપ છોકરીઓને વેચવાનું કામ કરે છે. દારૂડિયો પતિ રખેને તે કદાચ બુલ્લાંને પણ પૈસા સારુ વેચી દે ! એવી ચિંતાને કારણે બુલ્લાંની મા તેના પતિનું ખૂન કરે છે, પરિણામે તેને જેલની સજા થાય છે.

૨.દિલ્હીમાં કોઈ મોટા નેતાની હત્યા થતાં હુલ્લડ ફાટી નીકળે છે ને તેમાં અરાજકતા ફેલાય છે. તલવારથી કાપાકાપી થાય છે, તેમાં દલવીરે પોતાની આંખે જોયેલી હત્યાથી દિગ્મૂઢ બની જાય છે.

૩.પૈસાપાત્ર પરિવારમાં જન્મેલ રજતને તેના માતા-પિતા સતત દબાણ હેઠળ રાખે છે. પરિવારનાં અન્ય બાળકોની સાથે તેને સ્પર્ધાત્મક જીવન જીવવું નથી પરિણામે ટ્રેનની નીચે આપઘાત કરવાનો પ્રયત્ન કરે છે.

૪.મધ્યમ પરિવારમાં જન્મેલ રેણુની મોટી બહેન સેવંતી કોલેજમાં અભ્યાસ દરમિયાન ધનુ નામના છોકરા જોડે પ્રેમમાં પડે છે. રેણુના પિતા અને કાકા સેવંતી કોઈ નીચી જાતિના છોકરા સાથે પ્રેમમાં છે તે તેમને પસંદ નથી તેથી એક દિવસ તલવારથી સેવંતીની હત્યા કરે છે.

૫.તો હૈદારાબાદમાં કોમી તોફાનોમાં કેટલાંક તોફાનીઓ સલમાના ઘરને આગ ચાંપી દે છે. જેમાં તેના નિર્દોષ માતા-પિતા સળગીને ભડથું થઈ જાય છે. મજાના મમ્મી-પપ્પાએ ક્યારેય કોઈનું ખોટું નથી કર્યું છતાં લોકોએ તેમને કેમ સળગાવી દીધાં હશે ? એવા સવાલ સાથે સલમા આઘાતમાં સરી જાય છે.

૬.સમાજ જેની પાસે શિખવાની અને સુધારવાની અપેક્ષા રાખે છે એવા શિક્ષણ જગતને શરમાવે તેવું કામ એક અણઘડ શિક્ષકે કર્યું. પંદર-વીસ રૂપિયાની ચોરીનો આરોપ જેના પર લગાડયો એવા ગણેશના મિત્રને ખૂબ લાગી આવતા પાણીની નહેરમાં ડૂબીને આત્મહત્યા કરે છે.

૭.પૂરવ પોતાનો દીકરો નથી જેથી પોતાના માટે તે અનવોન્ટેડ ચાઈલ્ડ હોવાથી તેને ઓબ્ઝર્વેશન હોમમાં મૂકી આવે છે. સગાં પણ આવાં ઝમેલાંમાં પડવા ન માંગતાં હોવાથી કોઈ તેને સ્વીકારવા તૈયાર નથી.

ઉપર આલેખાયેલ આ સાત બાળકો કેવી કેવી અવસ્થાનો ભોગ બન્યાં છે અને તેમના બાળપણને છિન્નભિન્ન કરવામાં સમાજ કેવી રીતે કસૂરવાર ઠરે છે તે આપણે જોઈ શકીએ છીએ. બાળકોનાં જીવન અને તેમને વેઠવી પડતી હાડમારીનું આલેખન કરતી આ નવલકથા સંદર્ભે ભરત મહેતા નોંધે છે, "આ નવલકથામાં વર્ગ, વર્ણ, કોમ સમસ્યા સંદર્ભે જુદાં જુદાં બાળકોની વાત થઈ છે. રશિયન સ્મરણકથા - 'દિલ મેં બાળકોને દીધું' જેવી રચના સુજ્ઞોને આ વાંચતા યાદ આવશે. રાજકુમાર કે પરીની વાર્તા આ બાળકોને આનંદ નથી આપતી ! અહીં બાળપણ ગુમાવી ચૂકેલાં બાળકો છે. સત્યાર્થી જેવાનાં સંશોધનો ચેતવે છે કે આવા બાળકોની સંખ્યા વધતી જાય છે. સલમા, દલવીર, બુલ્લાં, રજત, રેણુ જેવાં બાળકોને બાળપણમાં જ ખૌફનાક અનુભવો થયાં છે. ટૂંકમાં, એક અરૂઢ અને પ્રસ્તુત સમસ્યાની સુવાચ્ય નવલકથા તરીકે 'સપ્તધારા' યાદ રહેશે."[૨૬૬]

આ સાત બાળકોની જેમ કથાની નાયિકા સુચેતા પણ આઘાતપીડિત છે. તે સુખી-સંપન્ન પરિવારમાં ઉછરી હોવા છતાં તેને મા વિનાનું બાળપણ પસાર કરવું પડે છે. પિતા સાથેના ઝઘડાને કારણે તેની મા પોતાને દસ વર્ષની મૂકીને પિતાથી અલગ થાય છે એ ઘટનાની સુચેતા સાક્ષી રહી છે. સુચેતાના પિતા પોતાના નિશ્ચિત ધોરણોને આધારે જીવતા સ્વકેન્દ્રી અને મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ હતા. તેમને ટોચ પર પહોંચવું હતું અને તે માટે ખચકાયા વગર અનૈતિક સાધનોનો પણ ઉપયોગ કરતા. આ જ બાબત સુચેતાની મમ્મીને પસંદ ન આવતા તેણે ગૃહત્યાગ કર્યો અને એના પરિણામે સુચેતાને મા વિના બાળપણ પસાર કરવાનું આવ્યું હતું. વળી, બાળપણમાં જેણે સુચેતાને નોંધારી છોડી મૂકી હતી તેવી મમ્મા પણ હવે સુચેતાને સાથે રહેવા જણાવે છે. કરમની કઠણાઈ તો જુઓ કે જીવનની પાછલી અવસ્થામાં સુચેતાના પિતાને કેન્સરની જીવલેણ બિમારી લાગુ પડે છે તેથી જીંદગીના છેલ્લા દિવસો વિતાવવા તે વિચ્છેદ હોવા છતાં પત્ની પાસે રહેવા આવે છે. ભૂતકાળને ભુલીને સુચેતાની મમ્મી પણ તેનો આધાર બને છે અને અવસાન સુધી તેમને સાચવે છે.

ભદ્રવર્ગના લોકોનું સામાજીક જીવન કેવું હોય છે તેનું વર્ણન પણ લેખિકાએ અહીં કર્યુ છે. સુચેતાના પિતાને મળવા તેમનાં દોસ્તો આવતા, ડ્રિન્કસ લેતા, રાત્રે ક્યારેક મોડે સુધી પાર્ટી ચાલતી રહેતી. તો સુચેતાને તેના પિતાએ શહેરની ઉત્તમ ગણાતી અને શ્રેષ્ઠ શિક્ષકોવાળી શિક્ષણસંસ્થામાં અભ્યાસ માટે દાખલ કરાવી હતી અને હોસ્ટેલમાં દાખલ થવાના પ્રસંગે મોટી પાર્ટી આપેલી. સુચેતાને મિત્રા જેવી હોંશિયાર અને તેજસ્વી મિત્ર મળી હતી. જો કે મિત્રાને અન્ય કોઈ શ્રીમંત પરિવારની સખી મળવાથી સુચેતાને છોડી દે છે. પોતાની સાથે થયેલા વિશ્વાસઘાતથી સુચેતા હવે

બહેનપણીઓથી દૂર રહે છે. તો રજતના ઘરમાં ડાઈનિંગ ટેબલ ઉપર તાજાં ફળ, અનેક પ્રકારના જ્યૂસ, ચીઝ, માખણ, બિસ્કીટનાં પૅકેટ, કોર્નફ્લેક્સ, દૂધ, ટોસ્ટ અને ગરમાગરમ ઉપમા જેવી ખાવાની અવનવીન ચીજ વસ્તુઓ હોવા છતાં આમાંનું કશું રજતને આકર્ષી શક્યું નહોતું. પૈસાદાર પરિવારમાં પોતાના માટે દરેક વસ્તુ હાજર હોવા છતાં તેને ઘરનું સ્પર્ધાત્મક વાતાવરણ ગૂંગળાવી નાખે છે.

આમ, 'સપ્તધારા' નવલકથામાં આપણા સમાજનાં વાસ્તવિક અને વરવાં ચિત્રો આલેખાયાં છે.

૩.૪. ઉપસંહાર

અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાક્ષેત્રે જાણીતાં વાર્તાકાર હિમાંશી શેલતનું વાર્તાઓની જેમ નવલકથા/લઘુનવલ ક્ષેત્રે પણ મહત્વનું પ્રદાન રહેલું છે. તેમણે નવલકથાઓમાં પણ આઘાતગ્રસ્ત બાળકોની અકથ્ય વેદનાઓ, વ્યથિત નારીઓની પીડા અને રેડલાઈટ એરિયામાં લાચારીભર્યું જીવન જીવતી સ્ત્રીઓની સંવેદનાઓને વિષય તરીકે આલેખી છે. હિમાંશી શેલતને માનવમનનો ઊંડો પરિચય હોવાથી તેમના કથા સાહિત્યમાં પીડિત, શોષિત તેમજ વંચિત લોકોની પીડા જ મોટે ભાગે વિષય તરીકે આવે છે.

હિમાંશી શેલતે 'આઠમો રંગ', 'ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં' તથા 'સપ્તધારા' એમ કુલ ચાર નવલકથા/લઘુનવલો આપી છે. તેમણે પ્રસિદ્ધ ચિત્રકાર અમૃતા શેરગિલના ચરિત્રને આધારે 'આઠમો રંગ' નવલકથા આપી છે. આપણાં સાહિત્યમાં ચરિત્રને આધારે નવલકથા લખવી એ એક સાહસ ગણાયું છે, જે સાહસ હિમાંશી શેલતે આ નવલકથા લખવામાં કર્યું છે. તેમની 'ક્યારીમાં આકાશપુષ્પ' લઘુનવલમાં લગ્નેતર સંબંધ નિમિત્તે ઉદ્ભવતી સમસ્યા અને તેના સુખદ ઉકેલનું આલેખન થયું છે. જ્યારે 'કાળાં પતંગિયાં'માં રૂપજીવિનીઓ તથા તેમનાં બાળકોનું મજબૂર છતાં પ્રેમ અને માણસાઈથી ભરેલું જીવન આલેખાયું છે. 'સપ્તધારા'માં તેમણે આઘાતથી મૂઢ બનેલાં સાત બાળકોની ઊંડી કરુણા અને સંવેદના આલેખી છે. આમ, હિમાંશી શેલતની આ ચારેય નવલકથા / લઘુનવલોમાં જુદાં - જુદાં વિષયો કળાત્મક રીતે આલેખાયા છે.

અન્યની પીડાને પોતાની કરનાર હિમાંશી શેલતની આ નવલકથાઓના પાત્રો સમાજના જુદાં - જુદાં વર્ગસમૂહમાંથી આવે છે. તેમણે 'આઠમો રંગ'માં માત્ર ઓગણત્રીસ વર્ષનું ટૂંકું આયુષ્ય ભોગવનાર પ્રસિદ્ધ ચિત્રકાર અમૃતાના ચિત્રો અને તેના જીવનના સપ્તરંગી ઈન્દ્રધુષ્યોની વાત કરતાં - કરતાં આઠમો રંગ - ઉદાસીનો - ભૂખરો રાખોડી રંગ આલેખ્યો છે. 'ક્યારીમાં આકાશપુષ્પ'ની માલવિકાએ મહિલા ઉત્થાનમાં સમગ્ર જીવન ખરચી નાખ્યું હોવા છતાં પોતાનો જ દીકરો અન્ય સ્ત્રીના પ્રેમમાં પડી તેની પત્નીને દગો દે છે. પોતાના દીકરાએ કરેલો આ વિશ્વાસઘાત માલવિકાને અસહ્ય લાગે છે અને તેના દ્વારા વર્ષોથી કરાતા મહિલા ઉત્થાનના કાર્યમાં હવે નીચાજાણું થાય છે. આ લઘુનવલમાં કિન્નરીનું પાત્ર સહનશીલતાનું અને સંગીતાનું પાત્ર ઉદારતાનું દ્યોતક બને છે. 'કાળાં પતંગિયાં'માં સારંગાના પાત્રની આસપાસ જ કથાની ગૂંથણી થઈ છે. અહીં અન્ય નારી પાત્રો હોવા છતાં સારંગાનું પાત્ર જ કેન્દ્રસ્થ થતું જોવા મળે છે. 'સપ્તધારા'માં હિમાંશી શેલતે આઘાતથી મૂઢ બનેલાં સાત બાળકોને મુખ્યપ્રવાહમાં લાવવાનું ભગીરથ કાર્ય કરતી સુચેતાનું પાત્ર આલેખ્યું છે. સુચેતા પૈસાદાર અને શિક્ષિત માતા-પિતાનું એકમાત્ર સંતાન હોવા છતાં અન્ય બાળકોની જેમ તેને પણ દસ વર્ષની ઉંમરે આઘાત સહન કરવો પડયો હતો. આ નવલકથામાં લેખિકાએ સુચેતા સિવાય અન્ય સાત ઉપેક્ષિત, પીડિત અને છિન્નભિન્ન બાળકોના જીવનની કઠીન પરિસ્થિતિ આલેખી છે. ટૂંકમાં, હિમાંશી શેલતે તેમની આ નવલકથાઓનાં મોટાભાગનાં પાત્રોમાં જીવનનો સંઘર્ષ આલેખ્યો છે.

લાઘવ એ હિમાંશી શેલતના સર્જનમાં મહત્વનું લક્ષણ ગણાયું છે. આ કથાઓમાં તેમણે લાઘવભર્યા ઉચિત શબ્દો દ્વારા પાત્રો અને ઘટનાનું ઉત્કૃષ્ઠ આલેખન કર્યું છે. મનુષ્યજીવનની વિવિધ સંકુલતાઓ અને તેમની વિવિધ ગતિવિધિઓને ભાષાકર્મના ઝગમગાટથી આંજી દેવાને બદલે તેને સરળ શબ્દોમાં આલેખે છે. કથાના આલેખનની વચ્ચે-વચ્ચે કલ્પન, પ્રતીક, રૂઢિપ્રયોગ અને કહેવતો જેવાં ભાષાનાં આભૂષણો પાસેથી એમણે ધાર્યું કામ લીધું છે. પાત્રો વચ્ચે થતાં સંવાદમાં અંગ્રેજી અને હિન્દી-મરાઠી ભાષાનું કરેલું મિશ્રણ તેમની રજૂઆત ને આકર્ષક અને ધારદાર બનાવે છે. વળી, કૃતિમાં આવતાં એકધારાપણાંને ટાળવા હિમાંશી શેલતે પાત્રોની પોતાની વાતચીતની ભાષાનો ખાસ પ્રયોગ કર્યો છે. જેમાં મરાઠી તેમજ પારસી જેવી ભાષાઓનો પ્રયોગ મુખ્ય છે. આ ઉપરાંત કથાને ગતિ આપવા જ્યાં-જ્યાં જરૂર જણાંઈ ત્યાં તેમણે વાચકોને કંટાળો ન આવે એ રીતે વર્ણનો અને યથોચિત સંવાદોનો પણ ઉપયોગ કર્યો છે.

હિમાંશી શેલતની નવલકથાઓની રચનારીતિ તેમને સમકાલીન કથાસર્જકોથી જુદાં પાડે છે. તેમની ‘આઠમો રંગ’ નવલકથામાં અમૃતાના જીવનસંવેદનો અને તેમનાં જીવનસંઘર્ષને કળાત્મક રીતે આલેખવા આત્મકથનાત્મકશૈલીનો ઉપયોગ કર્યો છે. અહીં તેમનું લક્ષ્ય નવલકથાનું આલેખન હોવાથી ક્યાંક-ક્યાંક હકીકતોને આલેખવા કલ્પનાનો સહારો લીધો છે. ‘ક્યારીમાં આકાશપુષ્પ’ અને ‘કાળાં પતંગિયાં’ ને આલેખવા એમણે સર્વજ્ઞ કથનકેન્દ્ર પસંદ કર્યું છે. આ ઉપરાંત નવલકથાની રચનામાં તેમણે Flashback Techniqueનો પણ ઘણી જગ્યાએ પ્રયોગ કર્યો છે.

હિમાંશી શેલતે પાત્રોના જીવનસંઘર્ષને અહીં કળાત્મકતાથી નિરૂપ્યો છે. અનાથ બાળકો, રૂપજીવિની સ્ત્રીઓ, રહિત-વંચિત સમાજના લોકો, લાચાર વૃદ્ધો તેમજ ભદ્રસમાજનો અણગમો વેઠતા વંચિતોના જીવનસંઘર્ષને બખૂબી આલેખ્યો છે. ‘આઠમો રંગ’માં એક કલાકારના જીવનમાં વ્યાપેલ વિષાદને, તો ‘ક્યારીમાં આકાશપુષ્પ’માં દરેક સમાજ જે સમસ્યાથી ત્રસ્ત છે તેવી લગ્નેતરસંબંધની સમસ્યા આલેખાઈ છે. લગ્નેતરસંબંધની સમસ્યાને કારણે સામાજિક સંબંધોમાં તિરાડ પડે છે, જે તિરાડને કારણે આપણાં સામાજિક માળખાને ઘણું નુકશાન પહોંચે છે તે તરફ લેખિકાએ આપણું ધ્યાન દોર્યું છે. તો ‘કાળાં પતંગિયાં’માં કહેવાતો ઉચ્ચ સમાજ જેમનાં પ્રત્યે તિરસ્કાર અને ધૃણાની નજરથી જુએ છે એવાં દેહવિક્રયના વ્યવસાય સાથે સંકળાયેલ સ્ત્રીઓના પારિવારિક વાતાવરણ અને તેમના જીવનસંઘર્ષને આલેખ્યો છે. હિમાંશી શેલતે સમાજના ગરીબ-શોષિત-વંચિત લોકો સાથે કામ કર્યું હોવાથી આ વર્ગના લોકોનો એમને બહોળો પરિચય છે. એ કારણે જ આઘાતપીડિત આ સાત બાળકોને જીવનમાં વેઠવી પડતી હાડમારીઅને તેમને ભોગવી પડતી પીડાનું આલેખન કર્યું છે. સાથે સાથે એમણે ભદ્રવર્ગના લોકોનું સામાજિક જીવન પણ આલેખ્યું છે.

આમ, હિમાંશી શેલતની ચારેય કથાઓમાંથી પસાર થતાં અંતે એટલું અવશ્ય કહી શકાય કે, તેમની નવલકથાઓમાં જોવા મળતાં સાચુકલાં પાત્રો અને તેમનાં જીવનદર્શનને અહીં વિગતે આલેખ્યું છે. વિષયાલેખન અને પાત્રાલેખનની સાથે સાથે હિમાંશી શેલતે નવલકથામાં પ્રયોજેલી ભાષા તેમની સર્જકતાની આગવી મુદ્રા ઉપસાવી આપે છે.

: પાદટીપ :

૧. ‘પરબ’, તંત્રી. યોગેશ જોષી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, જૂનઃ ૨૦૦૭, પૃ.૫૬

૨. ‘આધુનિકોત્તર સાહિત્ય’, સં. સુધા નિરંજન પંડયા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્ર.આ.૨૦૦૬, પૃ.૧૪૯

૩. ‘પરબ’, તંત્રી. ભોળાભાઈ પટેલ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, એપ્રિલઃ ૨૦૦૦, પૃ.૨૮

૪. એજન, પૃ.૨૭

૫. ‘નવલકથા સ્વરૂપ’, પ્રવીણ દરજી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, તૃ.આ. ૨૦૧૫, પૃ.૮૯-૯૦

૬. ‘કથામંથન’, ભરત મહેતા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૧૯૯૩, પૃ.૩૫

૭. ‘કથાશ્લેષ’, ઈલા નાયક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૪, પૃ.૧૭૨

૮. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૮, પૃ.૧૯૫

૯. ‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પ્રસ્તાવના પૃ.૪

૧૦. એજન, પ્રસ્તાવના પૃ.૧૩

૧૧. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૧૮૬

૧૨. ‘સપ્તધારા’, હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, બી.આ. ૨૦૧૩, પૃ.પ્રસ્તાવના

૧૩. ‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૧૫

૧૪. એજન, પૃ.૪

૧૫. એજન, પૃ.૧૩

૧૬. એજન, પૃ.૨૧

૧૭. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૧૯૧

૧૮. ‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૪

૧૯. ‘અણસાર’, સં. મોહન પરમાર, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બી.આ.૨૦૦૬, પૃ.૪૪

૨૦. ‘ફાર્બસ ત્રૈમાસિક’, ‘અમૃતા શેરગિલ : એનો વારસો’ - નીલિમા શેખ (અનુ. કરમશી પીર), જાન્યુઆરી - માર્ચ ૧૯૯૨

૨૧. ‘અણસાર’, સં. મોહન પરમાર, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બી.આ.૨૦૦૬, પૃ.૫૧

૨૨. ‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૭૧
૨૩. એજન, પૃ.૫૩
૨૪. એજન, પૃ.૨૯
૨૫. એજન, પૃ.૩૧
૨૬. એજન, પૃ.૫૦
૨૭. એજન, પૃ.૫૦
૨૮. એજન, પૃ.૮૩
૨૯. એજન, પૃ.૫૮
૩૦. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૧૭૮
૩૧. ‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૫૬
૩૨. એજન, પૃ.૧૨૯
૩૩. ‘અણસાર’, સં. મોહન પરમાર, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બી.આ.૨૦૦૬, પૃ.૫૦
૩૪. ‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૧૩૧
૩૫. એજન, પૃ.૧૩૪
૩૬. એજન, પૃ.૯
૩૭. એજન, પૃ.૧૦૧
૩૮. એજન, પૃ.૮૧
૩૯. એજન, પૃ.૧૭
૪૦. એજન, પૃ.૧૭
૪૧. ‘અણસાર’, સં. મોહન પરમાર, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બી.આ.૨૦૦૬, પૃ.૪૯
૪૨. ‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૧૨૪
૪૩. ‘અણસાર’, સં. મોહન પરમાર, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બી.આ.૨૦૦૬, પૃ.૧૪૯
૪૪. ‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૧૩
૪૫. એજન, પૃ.૩૯
૪૬. એજન, પૃ.૫૮
૪૭. એજન, પૃ.૫૮
૪૮. એજન, પૃ.૧૨૯
૪૯. ‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૧૭૮

૫૦.	‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૧૫

૫૧.	‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૧૯૦

૫૨.	‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૮૨

૫૩.	‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૧૯૧

૫૪.	એજન, પૃ.૧૨૨

૫૫.	આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૧૩

૫૬.	એજન, પૃ.૧૫

૫૭.	એજન, પૃ.૧૭

૫૮.	એજન, પૃ. ૯

૫૯.	એજન, પૃ.૧૩

૬૦.	‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૧૭૯-૧૮૦

૬૧.	‘અણસાર’, સંપાદકઃ મોહન પરમાર, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, બી.આ.૨૦૦૬, પૃ.૫૩

૬૨.	‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૧૨૯

૬૩.	‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૮, પૃ.૧૯૩

૬૪.	‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૩૮

૬૫.	એજન, પૃ. ૭૯

૬૬.	એજન, પૃ.૧૨૯

૬૭.	એજન, પૃ.૧૫૩

૬૮.	એજન, પૃ.૧૫૮

૬૯.	એજન, પૃ.૧૬૩

૭૦.	‘હિમાંશી શેલત અધ્યયનગ્રંથ’, સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૧૯૦

૭૧.	‘આઠમો રંગ’, હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પુનર્મુદ્રણ ૨૦૦૯, પૃ.૧૮

૭૨.	એજન, પૃ.૧૮

૭૩.	એજન, પૃ.૧૯

૭૪.	એજન, પૃ.૨૧

૭૫. એજન, પૃ.૨૬

૭૬. એજન, પૃ.૫૦

૭૭. એજન, પૃ.૫૫

૭૮. એજન, પૃ.૧૫૩

૭૯. એજન, પૃ.૧૫

૮૦. એજન, પૃ.૧૭

૮૧. એજન, પૃ.૧૬

૮૨. એજન, પૃ.૧૪૯

૮૩. એજન, પૃ.૧૪૯

૮૪. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૧૯૬

૮૫. એજન, પૃ.૧૯૬

૮૬. એજન, પૃ.૨૦૭

૮૭. 'કયારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૭

૮૮. 'હિમાંશી શેલતનો વાર્તાલોક', સં. ભરત મહેતા, ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ, પ્ર.આ. ૨020, પૃ.૩૧

૮૯. 'કયારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૬

૯૦. એજન, પૃ.૧૦

૯૧. એજન, પૃ.૨૬

૯૨. એજન, પૃ.૩૩

૯૩. એજન, પૃ.૬

૯૪. એજન, પૃ.૪૮

૯૫. 'નવલકથાઃ શિલ્પ અને સર્જન', ડૉ.ભરતકુમાર ઠાકર, ભારત પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૯, પૃ.૮૧

૯૬. 'કયારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૯૧

૯૭. એજન, પૃ.૬

૯૮. એજન, પૃ.૩

૯૯. એજન, પૃ.૯૧

૧૦૦. એજન, પૃ.૯૨

૧૦૧. 'નવલકથા સ્વરૂપ', પ્રવીણ દરજી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, તૃ.આ. ૨૦૧૫, પૃ.૬૬

૧૦૨. 'કયારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૬

૧૦૩. એજન, પૃ.૭

૧૦૪. એજન, પૃ.૧૫

૧૦૫. એજન, પૃ.૩૫

૧૦૬. એજન, પૃ.૪૦

૧૦૭. એજન, પૃ.૪૩

૧૦૮. એજન, પૃ.૬૫

૧૦૯. એજન, પૃ.૫૩

૧૧૦. 'નવલકથા સ્વરૂપ', પ્રવીણ દરજી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, તૃ.આ. ૨૦૧૫, પૃ.૬૮

૧૧૧. 'કયારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૧૩

૧૧૨. એજન, પૃ.૧૪

૧૧૩. એજન, પૃ.૧૪

૧૧૪. એજન, પૃ.૧૪

૧૧૫. એજન, પૃ.૨૧

૧૧૬. એજન, પૃ.૩૫

૧૧૭. એજન, પૃ.૩૮

૧૧૮. એજન, પૃ.૪૦

૧૧૯. એજન, પૃ.૪૦

૧૨૦. એજન, પૃ.૫૬

૧૨૧. એજન, પૃ.૬૦

૧૨૨. એજન, પૃ.૬૦

૧૨૩. એજન, પૃ.૬૪

૧૨૪. એજન, પૃ.૭૦

૧૨૫. એજન, પૃ.૧૩
૧૨૬. એજન, પૃ.૪૭
૧૨૭. એજન, પૃ.૫૮
૧૨૮. એજન, પૃ.૬૩
૧૨૯. એજન, પૃ.૬૭
૧૩૦. એજન, પૃ.૭૧
૧૩૧. એજન, પૃ.૭૮
૧૩૨. એજન, પૃ.૮૨
૧૩૩. એજન, પૃ.૮૬
૧૩૪. એજન, પૃ.૯૧
૧૩૫. એજન, પૃ.૩
૧૩૬. 'નવલકથા સ્વરૂપ', પ્રવીણ દરજી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, તૃ.આ. ૨૦૧૫, પૃ.૬૮
૧૩૭. 'ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૨૦
૧૩૮. એજન, પૃ.૬૧
૧૩૯. એજન, પૃ.૬૨
૧૪૦. એજન, પૃ.૪૪
૧૪૧. એજન, પૃ.૨૩
૧૪૨. 'ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૩
૧૪૩. એજન, પૃ.૨૪
૧૪૪. એજન, પૃ.૯૨
૧૪૫. 'નવલકથાઃ શિલ્પ અને સર્જન', ડૉ.ભરતકુમાર ઠાકર, ભારત પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૯, પૃ.૧૭
૧૪૬. 'ક્યારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૭
૧૪૭. એજન, પૃ.૧૭
૧૪૮. એજન, પૃ.૧૯
૧૪૯. એજન, પૃ.૨૧

१५०. એજન, પૃ.૩૦

१५१. એજન, પૃ.૩૨

१५२. એજન, પૃ.૬૮

१५३. એજન, પૃ.૮૭

१५४. 'નવલકથાઃ શિલ્પ અને સર્જન', ડૉ.ભરતકુમાર ઠાકર, ભારત પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૯, પૃ.૮૩

१५५. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૮, પૃ.૨૦૧

१५६. 'કયારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૧૦૧

१५७. એજન, પૃ.૧૦૭

१५८. એજન, પૃ.૧૪૪

१५९. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૮, પૃ.૨૦૮

१६०. 'કયારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૧૪૪

१६१. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૮, પૃ.૨૧૦

१६२. 'કયારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૧૪૨

१६३. એજન, પૃ.૯૭

१६४. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૮, પૃ.૨૧૦

१६५. એજન, પૃ.૨૧૦

१६६. 'નવલકથા સ્વરૂપ', પ્રવીણ દરજી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, તૃ.આ. ૨૦૧૫, પૃ.૬૯

१६७. 'કયારીમાં આકાશપુષ્પ અને કાળાં પતંગિયાં', હિમાંશી શેલત, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૬, પૃ.૯૬

१६८. એજન, પૃ.૧૦૨

१६९. એજન, પૃ.૧૧૪

૧૭૦. એજન, પૃ.૧૨૨

૧૭૧. એજન, પૃ.૧૪૮

૧૭૨. એજન, પૃ.૧૦૧

૧૭૩. એજન, પૃ.૧૦૨

૧૭૪. એજન, પૃ.૧૦૪

૧૭૫. એજન, પૃ.૧૦૫

૧૭૬. એજન, પૃ.૧૦૯

૧૭૭. એજન, પૃ.૧૧૨

૧૭૮. એજન, પૃ.૧૧૬

૧૭૯. એજન, પૃ.૧૨૦

૧૮૦. એજન, પૃ.૧૨૧

૧૮૧. એજન, પૃ.૧૨૯

૧૮૨. એજન, પૃ.૧૨૯

૧૮૩. એજન, પૃ.૧૩૫

૧૮૪. એજન, પૃ.૧૩૬

૧૮૫. એજન, પૃ.૧૫૦

૧૮૬. એજન, પૃ.૧૪૨

૧૮૭. એજન, પૃ.૧૪૩

૧૮૮. એજન, પૃ.૧૦૯

૧૮૯. એજન, પૃ.૧૧૮

૧૯૦. એજન, પૃ.૧૧૮

૧૯૧. એજન, પૃ.૧૨૩

૧૯૨. એજન, પૃ. ૯૯

૧૯૩. એજન, પૃ.૧૦૮

૧૯૪. એજન, પૃ.૧૪૪

૧૯૫. એજન, પૃ. ૯૬

૧૯૬. એજન, પૃ.૧૦૭

૧૯૭. એજન, પૃ.૧૧૪

૧૯૮. એજન, પૃ.૧૧૭

૧૯૯. એજન, પૃ.૧૩૧

૨૦૦. એજન, પૃ.૧૩૬

૨૦૧. એજન, પૃ.૧૫૩

૨૦૨. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૮, પૃ.૨૦૦

૨૦૩. 'સપ્તધારા', હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, બી.આ. ૨૦૧૩, પૃ.પ્રસ્તાવના

૨૦૪. 'સમકાલીન ગુજરાતી નવલકથા', ભરત મહેતા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ.૨૭

૨૦૫. 'કથાશ્લેષ', ઈલા નાયક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૪, પૃ.૧૬

૨૦૬. 'સપ્તધારા', હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, બી.આ. ૨૦૧૩, પૃ.પ્રસ્તાવના

૨૦૭. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૮, પૃ.૧૯૬

૨૦૮. 'સપ્તધારા', હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, બી.આ. ૨૦૧૩, પૃ.૫૦

૨૦૯. એજન, પૃ.૧૦૪

૨૧૦. એજન, પૃ.૧૦૪

૨૧૧. એજન, પૃ. ૪૪

૨૧૨. એજન, પૃ. ૪૪

૨૧૩. 'રસ અને રુચિ ', લે. ધીરૂભાઈ ઠાકર, પોપ્યુલર બુક સ્ટોર, પ્ર.આ. ૧૯૬૩, પૃ.૮૧

૨૧૪. 'સપ્તધારા', હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, બી.આ. ૨૦૧૩, પૃ.૧૦૪

૨૧૫. એજન, પૃ. ૪

૨૧૬. 'કથાશ્લેષ', ઈલા નાયક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૪, પૃ.૧૭૩

૨૧૭. 'સપ્તધારા', હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, બી.આ. ૨૦૧૩, પૃ.૧૦૪

૨૧૮. 'કથાશ્લેષ', ઈલા નાયક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૪, પૃ.૧૭૬

૨૧૯. 'શબ્દસૃષ્ટિ', સંપાદકઃ હર્ષદ ત્રિવેદી, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ફેબ્રુઆરીઃ ૨૦૧૩, પૃ.૮૧

૨૨૦. 'સપ્તધારા', હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, બી.આ. ૨૦૧૩, પૃ.૨

૨૨૧. 'કથાશ્લેષ', ઈલા નાયક, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૪, પૃ.૧૭૫

૨૨૨. 'સપ્તધારા', હિમાંશી શેલત, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, બી.આ. ૨૦૧૩, પૃ.૨

૨૨૩. એજન, પૃ. ૨

૨૨૪. એજન, પૃ. ૯

૨૨૫. એજન, પૃ.૧૬

૨૨૬. એજન, પૃ.૧૮

૨૨૭. એજન, પૃ.૨૦

૨૨૮. એજન, પૃ.૨૯

૨૨૯. એજન, પૃ.૨૯

૨૩૦. એજન, પૃ.૩૦

૨૩૧. એજન, પૃ.૫૭

૨૩૨. એજન, પૃ.૫૯

૨૩૩. એજન, પૃ.૨૩

૨૩૪. એજન, પૃ.૩૦

૨૩૫. એજન, પૃ.૩૧

૨૩૬. એજન, પૃ.૩૪

૨૩૭. એજન, પૃ.૩૪

૨૩૮. એજન, પૃ.૩૭

૨૩૯. એજન, પૃ.૫૮

૨૪૦. એજન, પૃ.૬૩

૨૪૧. એજન, પૃ.૬૩

૨૪૨. એજન, પૃ.૬૭

૨૪૩. એજન, પૃ.૯

૨૪૪. એજન, પૃ.૧૧

૨૪૫. એજન, પૃ.૧૯

૨૪૬. એજન, પૃ.૨૭

૨૪૭. એજન, પૃ.૨૮

૨૪૮. એજન, પૃ.૪૮

૨૪૯. એજન, પૃ.૬૦

૨૫૦. એજન, પૃ. ૪

૨૫૧. એજન, પૃ. ૬

૨૫૨. એજન, પૃ.૩૧

૨૫૩. એજન, પૃ.૩૨

૨૫૪. એજન, પૃ.૧૦૧

૨૫૫. એજન, પૃ. ૪

૨૫૬. એજન, પૃ.૧૫

૨૫૭. એજન, પૃ.૨૨

૨૫૮. એજન, પૃ.૩૫

૨૫૯. એજન, પૃ.૯૩

૨૬૦. એજન, પૃ. ૬

૨૬૧. એજન, પૃ.૫૧

૨૬૨. એજન, પૃ.૫૬

૨૬૩. એજન, પૃ.૯૬

૨૬૪. એજન, પૃ.૫૩

૨૬૫. 'હિમાંશી શેલત અધ્યયનગ્રંથ', સં. શરીફા વીજળીવાળા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૧૮, પૃ.૨૦૪

૨૬૬. 'હિમાંશી શેલતનો વાર્તાલોક', સં. ભરત મહેતા, ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૨૦, પૃ.૩૦